અચલગચ્છ રત્ન, વાણીદત્તવર
શ્રીમદ્ જયશેખરસૂરિ વિરચિત

# સંબોહ સત્તરિ

લેખિકા


તપ ચક્રવર્તી, અનંત ઉપકારી, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા
સા. જયદર્શિતાશ્રીજી (M.Sc., Ph.d.)


સંપાદિકા


શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
પ્રશિષ્યા સા. હિમાંશુશ્રીજી



પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી - ચાલીસ ગામ

સૌજન્ય

શ્રી પ્રમોદભાઈ વીરચંદ મોમાયા
(સાંયરા)-ઘાટકોપર

**પ્રકાશન**
સુદિર્ઘ તપસ્વી અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના
સુવર્ણ વરસીતપ મહોત્સવ નિમિત્તે

**લેખિકા**
તપસ્વી સમ્રાટના આજ્ઞાનુવર્તી શાસન પ્રભાવિકા
પ.પૂ. **જયલક્ષ્મીશ્રીજી** મ.સા.ના
સુશિષ્યા **સા. જયદર્શિતાશ્રીજી**

**સંપાદિકા**
શાસન પ્રભાવિકા
પ.પૂ. **જયલક્ષ્મીશ્રીજી** મ.સા.ના
પ્રશિષ્યા **સા. હિમાંશુશ્રીજી**

**પ્રત :** ૧૦૦૦
**પ્રકાશન :** સં. ૨૦૭૩ * ઈ.સ.૨૦૧૭

**પ્રાપ્તિ સ્થાન**
**શ્રી શત્રુંજય એકેડમી**
**ચાલીસ ગામ**

**મુદ્રક :**
**અશોક પ્રિન્ટરી-** પાલીતાણા.



સંબોહ સત્તરિ રચયિતા અચલગચ્છ રત્ન વાણીદત્તવર

પ.પૂ.આ.ભ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.

અંતરના અનુગ્રહ દાતા



પ્રાતઃ સ્મરણીય, તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ

પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**



## પાવન સ્મૃતિમાં

અ.સૌ. પ્રમિલાબેન પ્રમોદ મોમાયા

સાંયરા – ઘાટકોપર

## સુકૃતના
## સહભાગી



**શ્રી પ્રમોદભાઇ વીરચંદ મોમાયા**

અ.સૌ. રશ્મી કિલ્લોલ

અ.સૌ. હેતલ અમર

અ.સૌ. સ્મિતા અજય

ચિ. યશપાલ, ચિ. પુણ્યા, ચિ. રચિત,

ચિ. માનવ, ચિ. મિહિર

(સાંયરા) ઘાટકોપર)

# સુવર્ણ વરસીતપે સમર્પણ

જિનાજ્ઞા આરાધક છે...

વિષયોથી વિરામ પામેલા છે...

કષાયને કાઢનારા છે...

આત્માને નિર્મળ બનાવનારા છે...

સદ્બોધને આપનારા છે...

સ્વ-પર કલ્યાણ સાધનારા છે...

રાગ-દ્વેષને જીતનારા છે...

સહુના તારણહારા છે...

તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ

સુવર્ણ ૫૦ વરસીતપારાધક

પ.પૂ.આ.ભ.

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના**

હસ્ત કમળમાં

**સુવર્ણ વરસીતપે સમર્પણ**

સા.જયદર્શિતાશ્રીજી.

# સંબોહ સત્તરિના રચયિતા,
# ''કવિ ચક્રવતિ'' ''વાણીદત્તવર''
# પ.પૂ. જયશેખરસૂરીશ્વરજી મ.સા.

નરસિંહ મહેતાના જન્મ પહેલા ''કવિ ચક્રવર્તિ'' જેવું ઉચ્ચ બિરુદ પામેલા એવા પ્રતિભા સંપન્ન કવિનો પરિચય કરાવવો અહિં પ્રસ્તુત છે. માત્ર એક જ ગુજરાતી પદ્યકૃતિ દ્વારા એમણે મહાકવિનું દૈવત દાખવ્યું છે. એમનું નામ છે : જયશેખરસૂરિ. તેઓ ક્યાં જન્મ્યા ? ક્યારે જન્મ્યા ? તેમણે કોની પાસે અભ્યાસ કર્યો ? ઇત્યાદિ વિશે કશું જ જાણી શકાતું નથી. કવિએ પોતાના ગ્રન્થોની પ્રશસ્તિઓમાં એ વિશે કશું જ જણાવ્યું નથી. ''ત્રિભુવનદીપક પ્રબંધ''માં ''ગુજરાત તિહાં આંબા પીઇ'' વગેરે વર્ણન વિલોકતાં એમની જન્મભૂમિ ગુજરાત હોવાનો બહુધા સંભવ છે. એ ગ્રન્થ દ્વારા ગુજરાતી ભાષા પરનું એમનું પ્રભુત્વ છતું થયા વિના રહેતું નથી. કવિ ગુજરાતમાં સવિશેષ વિચર્યા અને ત્યાં અનેક ગ્રન્થોની રચના કરી હતી એમ એમના ગ્રન્થોની પ્રશસ્તિઓ દ્વારા સ્પષ્ટ થાય છે એ હકીકત પણ આ સંદર્ભમાં સૂચક ગણાવી શકાય.

**કવિ પોતાનું ગુરુનું નામ મહેન્દ્રપ્રભસૂરિ જણાવે છે.** ''ઉપદેશ ચિન્તામણિ''(રચના વિ.સં.૧૪૩૬ માં નૃસમુદ્ર એટલે કે પાટણમાં)ની પ્રશસ્તિમાં તેઓ અંચલગચ્છાધિપતિ આર્યરક્ષિતસૂરિથી પોતાના ગુરુ સુધીની પાટપરંપરા વર્ણવ્યા પછી જણાવે છે કે મહેન્દ્રપ્રભસૂરિના ત્રણ મુખ્ય શિષ્યો આ પ્રમાણે થયા : મુનિશેખરસૂરિ, જયશેખરસૂરિ અને મેરુતુંગસૂરિ એ પૈકી તેઓ ''વચટ શિષ્ય'' હતા. આ રીતે કવિએ પોતાનો દીક્ષા-સમય મુનિશેખરસૂરિ પછી અને મેરુતુંગસૂરિ પહેલાં સૂચવ્યો છે. મેરુતુંગસૂરિનો દીક્ષા-સમય વિ.સં.૧૪૧૦ અંચલગચ્છની પ્રાચીન પટ્ટાવલીઓમાં જણાવ્યો છે એટલે કવિ તે પૂર્વે દીક્ષિત થયા હોવા જોઇએ. દીક્ષા-સમયથી જન્મ-સમયનું અંતર વિચારતાં કવિનો જન્મ વિક્રમની ૧૪મી શતાબ્દીના અંતમાં અથવા તો ૧૫ મી શતાબ્દીના પ્રારંભમાં માનવો અયુક્ત ન ગણી શકાય.

અંચલગચ્છાધિપતિ મહેન્દ્રપ્રભસૂરિએ અનુગામી પટ્ટધર તરીકે મેરુતુંગસૂરિને નિયુક્ત કરતાં પટ્ટાવલીમાં કવિનું વિશેષ ચરિત્ર ન હોય એ સમજી શકાય છે. **જયશેખરસૂરિ શાખાચાર્ય હતા એમ પટ્ટાવલીમાં કહ્યું છે તથા એમના ગ્રન્થોની તેમાં સૂચિ અપાઇ છે.** એમ છતાં પ્રાચીન પ્રમાણ-ગ્રન્થોમાં કવિના જીવન વિશે ઠીક ઠીક માહિતી સંગૃહીત છે. ''જયશેખરસૂરિનો ફાગ'' પણ ઉપલબ્ધ થાય છે.

કવિએ ''જૈન કુમારસંભવ'' નામક સંસ્કૃત મહાકાવ્યમાં લગ્ન-વિધિ સંબંધમાં ઘણું રસમય અને તાદશ્ય વર્ણન કર્યું હોઇને કેટલાક સાંપ્રત વિદ્વાનો એમને પરિણિત માનવા પ્રેરાય છે પ્રથમ દષ્ટિએ એવું લાગે પણ ખરું, કિન્તુ કવિએ નાની વયમાં દીક્ષા લીધી હતી એવો મત સ્વીકાર્ય ઠરેતો આ અનુમાનમાં વજાુદ ન રહે. કવિની વિદ્યમાનતા વિ.સં. ૧૪૯૩ સુધી નક્કી કરવામાં મૂર્તિ-લેખ ઉપયોગી થાય છે. કવિ લાંબું જીવન જીવ્યા હશે એમ સ્વીકારીએ તો પણ એમનો જન્મ-સમય વિક્રમની ૧૪મી શતાબ્દીના અંતિમ ચરણમાં અથવા તો ૧૫મી શતાબ્દીના પ્રારંભથી વહેલો સ્વીકારી શકાય નહિ. આપણે આગળ જણાવી ગયા તેમ તેઓ મેરુતુંગસૂરિ પહેલાં - એટલે કે વિ.સં. ૧૪૧૦ પહેલાં દીક્ષિત થયા હતા. એટલે જન્મ તથા દીક્ષાનાં વર્ષ વચ્ચે ઝાઝો ગાળો રહેતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો યૌવનવય પામ્યા પહેલાં જ કવિ દીક્ષિત થયા હતા.

મહેન્દ્રપ્રભસૂરિનો ધર્મોપદેશ સાંભળીને કવિએ દીક્ષા ગ્રહણ કરી એ પછી તેઓ જૈન શ્રુતના અધ્યયનમાં ખંત પૂર્વક લાગી ગયા. જૈનાગમોનું એમનું અગાધ જ્ઞાન એમના વિચારો, એમનું દર્શન એમની અનેકવિધ સાહિત્ય-રચનાઓમાંથી પ્રતિબિંબિત થાય છે. એમના ઉપદેશ અને તત્ત્વચિંતન વિષયક મુખ્ય ગ્રન્થો આ પ્રમાણે છે : 'પ્રબોધ-ચિન્તામણિ', 'ઉપદેશ-ચિન્તામણિ', 'સંબોધ-સપ્તતિકા', 'નવતત્ત્વ','સંબોધ-પ્રકરણ', 'સમ્યક્ત્વ-કૌમુદી', 'ઉપદેશમાલા-અવચૂરિ', 'આરાધન સાર', 'આત્માવબોધ કુલક' વગેરે.

ઉક્ત ગ્રન્થો પૈકી 'ઉપદેશ-ચિન્તામણિ' કવિની પ્રારંભિક મુખ્ય રચના છે. મહેન્દ્રપ્રભસૂરિના ઉપદેશથી તેની રચના થઇ એમ કવિ ગ્રન્થ-પ્રશસ્તિમાં જણાવે છે. વિ.સં. ૧૪૩૬માં પાટણમાં એ ગ્રન્થની રચના થઇ એ પૂર્વનો કાળ કવિનો અધ્યયનકાળ ગણાવી શકાય. એ દરમિયાન કવિ જે કાંઇ શીખ્યા, જે જે ગ્રન્થોનું અધ્યયન કર્યું, જે કાંઇ વિચાર્યું તે બધું તેમણે ઠાંસી ઠાંસીને આ ગ્રંથમાં ભરી દીધું. મૂળ ગ્રન્થની અવચૂરિ પણ કવિએ રચી જે ૧૨૦૦૦ શ્લોક - પરિમાણની છે. પ્રસ્તુત આકર ગ્રન્થમાં કવિના અધ્યયન-કાળનો નિચોળ આવી જાય છે.

કવિનું અધ્યયન માત્ર જૈનશ્રુત પુરતું જ મર્યાદિત નહોતું. એમણે પુરાણો, સ્મૃતિઓ ઉપનિષદો વગેરે જૈનેતર ગ્રન્થોનો અભ્યાસ પણ કર્યો હતો એમ એમણે રચેલા 'સર્વસ્વાધિકાર' નામક ગ્રન્થ દ્વારા જાણી શકાય છે. આ ગ્રન્થમાં એમણે અનેક જૈનેત્તર ગ્રન્થોનાં અવતરણો ટાંકીને સિદ્ધ કર્યું કે જૈન શાસ્ત્રોની જેમ જૈનત્તર શાસ્ત્રોમાં પણ હિંસા, માંસ તથા કંદમૂળ ભક્ષણ, રાત્રિભોજન, અણગાળેલ પાણીનું સેવન વગેરેનો ઉગ્ર નિષેધ છે.

કવિના અન્ય ગ્રન્થોની નામાવલી આ પ્રમાણે છે : ત્રિભુવન-દીપક પ્રબંધ, પ્રબંધકોશ,

ધમ્મિલ ચરિત્ર, જૈન કુમારસંભવ, અજિતશાંતિ સ્તવ, અજિતશાંતિ સ્તવ ટીકા, નેમિનાથ ફાગુ, જંબૂસ્વામી ફાગુ, ક્ષેત્રસમાસ, જંબૂસ્વામી ચરિત્ર, સંબોધ પ્રકરણ, ક્રિયાગુપ્ત સ્તોત્ર, નલદમયંતી ચંપૂ, કલ્પસૂત્ર સુખાવબોધ, ન્યાયમંજરી, બૃહદ અતિચાર, છંદ શેખર, વિવિધ વિનતીઓ, સ્તવનો, પ્રવાડીઓ, કુલકો વગરે.

સારસ્વત પૂરૂં હિયએ, જીહ કરઇ કલ્લોલો;
પ્રતક્ષી દેવી ભારતીએ, તીંહ માંડઇ રોલો.
આગમ-લક્ષણ-છંદ, સવે જાણઇ અલંકાર ;
મૂલ ગ્રન્થ છ છેદ ગ્રન્થ, કર્મ ગ્રન્થ વિચાર.
નિદ્રઈં પઉઢિયા ઇમ ભઇએ; પ્રભુ કાંઇ ન ચિંતો ;
ઉત્તર દિસિઇ કોસિલાએ, ઇતિ કરું કવિત્તો.

ફાગના કર્તા કહે છે તેમ કવિને સરસ્વતી દેવી પ્રત્યક્ષ થયાં હતાં. પરિણામે સમગ્ર જ્ઞાને એમના હૈયામાં વાસ કર્યો હતો. એમની જીહ્વા સદૈવ જ્ઞાન-કલૌલ કરતી હતી. આગમ, લક્ષણ, છંદ, અલંકાર, મૂળ ગ્રન્થો, છેદ ગ્રન્થો, કર્મ ગ્રન્થો વગેરેના તેઓ જ્ઞાતા હતા. તેઓ કુશળતાપૂર્વક બધા પ્રશ્નોના ઉત્તરો વાળતા- મોઢા ઉપર તંગ રેખાઓ લાવ્યા વિના - જાણે ઊંઘમાં પોઢ્યા ન હોય એવી સરળતાથી !! ફાગકારે રજૂ કરેલું આ ભાવ ચિત્ર ખરેખર પ્રતીતિકર છે.

મહેન્દ્રપ્રભસૂરિએ કવિને યોગ્ય જાણીને આચાર્યપદે વિભૂષિત કરવાનું નક્કી કર્યું. કવિવર કાહને 'ગચ્છનાયક ગુરુરાસ'માં એ વિશે નોંધ લીધી છે. તેમણે જણાવ્યું છે કે જયશેખરસૂરિ ઉપરાંત ધર્મતિલકસૂરિ, સોમતિલકસૂરિ, મુનિશેખરસૂરિ, મુનિચંદસૂરિ અને અભયતિલકસૂરિ એ છ શિષ્યોને એકી સાથે આચાર્ય પદ પ્રદાન થયું.

વિ.સં. ૧૪૨૦ ના આષાઢ સુદિ ૫ ના દિને શુભ મુહૂર્તમાં ઉક્ત છ શિષ્યોને ગુરુએ એકી સાથે આચાર્યપદે અલંકૃત કર્યા. જેમાં જયશેખરસૂરિ સૌથી નાના હતા. સંભવતઃ એ વખતે એમની ઉંમર વીસેક વર્ષની હશે.

કવિની જીભમાં સરસ્વતીનો વાસ હતો. એમની સુકોમળ જીભમાંથી પ્રત્યેક ક્ષણે કાવ્ય નવા નવા છંદો ધારણ કરીને વહેતું રહેતું. ફાગકારનું આ વર્ણન પણ કવિની કાવ્ય-પ્રતિભાને જ્વલંત અંજલિરૂપ છે.

કવિને સરસ્વતી દેવીએ વર પ્રદાન કર્યું હતું એમ એમના ''જૈન કુમાર સંભવ'' (રચના વિ.સં.૧૪૬૪ પહેલાં) નામક મહાકાવ્યના અંતિમ શ્લોકમાં આપેલા ''વાણીદત્તવરઃ''

વિશેષણથી સૂચિત થાય છે. આ રીતે કવિની સ્વોક્તિ ''વાણીદત્તવરઃ'' ફાગકર્તાએ જણાવેલ ''પ્રતક્ષી દેવી ભારતી'' એ ઉક્તિને બરોબર મળતી આવે છે એ બાબત ખાસ નોંધનીય ગણાય. ફાગમાં જણાવેલ ''સરસઇ કીય વાસો'' એ વિશેષણ પણ આ સંદર્ભમાં સૂચક છે.

''કવિચક્રવર્તિ અથવા તો ''કવિચક્રધર''ને મળતું બિરુદ ''કવિશક્ર'' ''જૈન કુમારસંભવ'' મહાકાવ્યની ટીકા રચનાર ધર્મશેખરસૂરિ એ ગ્રન્થની પ્રશસ્તિમાં જણાવ્યું છે. એટલે કવિને એ બિરુદ પ્રાપ્ત થયું હશે એમાં શંકા રહેતી નથી. તત્કાલીન સમાજે અથવા તો વિદ્વત્સમાજે કવિને જે બિરુદથી સવિશેષ ઓળખાવ્યા હોય એ એનું બિરૂદ બની રહે છે. કવિનું આ બિરુદ અત્યંત ચલણી બન્યું હશે અને એટલે જ કવિએ સ્વયં પોતાના જ ગ્રન્થમાં પણ તેનો ઉપયોગ કર્યો એમ કહેવામાં જરાય હરકત નથી.

જયશેખરસૂરિનું સાહિત્યિક વર્તુલ ઘણું વ્યાપક હતું. અનેક પ્રતિભાશાળી, નામી-અનામી સાહિત્ય-સર્જકો એમની અસર હેઠળ ઉછર્યા હતા. ગચ્છ કે સંપ્રદાયની વાડાબંધીને આ વર્તુલે ભેદી નાખી હતી. કવિ-ચક્રવર્તિ માત્ર અંચલગચ્છના કે જૈન સંઘના જ હતા એમ કોણ કહી કે માની શકે ?

જયશેખરસૂરિની વિદ્વત્તા તથા સાહિત્ય-પ્રતિભા માટે મેરુતુંગસૂરિને ઘણું માન હતું. જયશેખરસૂરિ કૃત ''ઉપદેશ ચિન્તામણિ'' ગ્રન્થ પર તેમણે ૧૧૬૪ શ્લોક-પરિમાણની વૃત્તિ સંસ્કૃતમાં રચી. પોતે ગચ્છાધિપતિના ઉચ્ચ સ્થાને બિરાજતા હોવા છતાં તેમના આજ્ઞાવર્તિ આચાર્યની રચના પર તેમણે વૃત્તિ રચી અને એ રીતે મૂળ ગ્રન્થકર્તાનું બહુમાન કર્યું એ બાબત અહીં ખાસ ઉલ્લેખનીય છે.

મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્યસુંદરસૂરિ જયશેખરસૂરિને વિદ્યાગુરુ કહે છે. જયશેખરસૂરિના સાહિત્ય-વર્તુલમાં માણિક્યસુંદરસૂરિ પણ આગવું સ્થાન ધરાવતા હતા. તેમની ગણના ઉચ્ચ કોટીના સાહિત્યકાર તરીકે થઇ છે. ''શ્રીધરચરિત્ર'' (રચના વિ.સં.૧૪૬૩) ના મંગલાચરણમાં તેમણે પોતાના વિદ્યા-ગુરુ જયશેખરસૂરિને કૃતજ્ઞતાપૂર્વક નમસ્કાર કરીને જણાવ્યું છે કે તેમના પ્રસાદથી એ ગ્રન્થ રચાયો. માણિક્યસુંદરસૂરિએ જયશેખરસૂરિ પાસે વિદ્યાભ્યાસ કર્યો હોઇને તેમજ જયશેખરસૂરિના લઘુગુરુ-બન્ધુ મેરુતુંગસૂરિના તેઓ શિષ્ય હોઇને ઉંમરમાં ઘણા નાના હશે એમાં શંકા નથી. માણિક્યસુંદરસૂરિએ વિવિધ વિષયક અનેક ગ્રન્થોની રચના કરી.

વિ.સં. ૧૪૯૩ના અષાઢ સુદિ ૧૦ ને ગુરુવારે પ્રતિષ્ઠિત થયેલી ધાતુમૂર્તિના લેખમાં શાંતિસૂરિએ 'ભાવગુરુ' તરીકે જયશેખરસૂરિનો ઉલ્લેખ કર્યો છે. જુઓ : 'અંચલગચ્છીય પ્રતિષ્ઠા-લેખો' લેખાંક ૫૪૩ લેખોક્ત આચાર્યોનો નિર્ણય થઇ શકતો નથી. કિન્તુ જયશેખરસૂરિ પાસે

શાંતિસૂરિએ વિદ્યાભ્યાસ કર્યો હોઇને તેમનું ઋણ સ્વીકારવા 'ભાવગુરુ' કહેવાયા હોય એ ચોક્કસ વાત છે. લેખમાં ગચ્છનું નામ પણ નથી, કિન્તુ સમયક્રમની, તેમજ અન્ય દૃષ્ટિએ વિચારતાં ચરિત્રનાયકનો જ તેમાં ઉલ્લેખ છે એમ અનુમાન થઇ શકે છે.

જયશેખરસૂરિએ રચેલ રૂપક કાવ્ય : 'પ્રબોધ ચિન્તામણિ'નું વસ્તુ લઇને વૃદ્ધતપાગચ્છીય કવિવર નયસુંદરે 'શંખેશ્વર પાર્શ્વનાથ છંદ' (રચના વિ.સં.૧૬૫૬)માં 'વિવેક' અને 'મોહ'ના મહાયુદ્ધનું વર્ણન કર્યું ; તપાગચ્છીય વિજયસેનસૂરિના શિષ્ય હીરાએ વિ.સં.૧૬૬૪ માં 'ધર્મબુદ્ધિરાસ' રચ્યો. ખરતરગચ્છીય વિદ્યાકીર્તિએ વિ.સં.૧૬૭૨માં, અને મતિકીર્તિએ વિ.સં.૧૬૯૭માં ધર્મબુદ્ધિ મંત્રી ચોપાઇઓ રચી.

વિક્રમના ૧૬મા સૈકામાં વિદ્યમાન આગમગચ્છીય પં. ઉદયધર્મે 'ત્રિભુવનદીપક પ્રબન્ધ'ના નિમ્નોક્ત દૂહાને પોતાના 'કલ્પદ્રુમ' ગ્રન્થમાં ઉદ્ધૃત કર્યો છે.

નરનર સિઉં બહુ બુલ્લણી, ઘરિ ઘરિ ગોઠિ ભમંતિ;
સહિયાં મિસિ બાહરિ વસઇ, તે સુસીલ કિમ હુંતિ ? (૧૯૫)

ઠેઠ વિક્રમની ૧૮ મી સદી સુધીના કવિઓ આ રીતે જયશેખરસૂરિની કલ્પનાઓનું અનુસરણ કરતાં રહ્યા. ઉદાહરણાર્થે ખરતરગચ્છીય સુમતિરંગે વિ.સં.૧૭૨૨માં 'પ્રબોધ ચિન્તામણિ રાસ' રચ્યો. તેના અપર નામ 'જ્ઞાનકલા ચોપાઇ' તથા 'મોહવિવેકની ચોપાઇ' છે. કવિ ધર્મમંદિરે વિ.સં.૧૭૪૧માં ''પ્રબોધ ચિન્તામણિ રાસ'' અપર નામ ''મોહ વિવેકનો રાસ'' રચ્યો. કવિ લાભવર્દ્ધને વિ.સં.૧૭૪૨માં, કુશલલાભે વિ.સં.૧૭૪૮માં અને ઉદયરત્ને તેમજ નેમવિજયે રચેલ ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિ રાસ આદિ કૃતિઓ એક યા બીજી રીતે જયશેખરસૂરિની ઉક્ત રૂપક કૃતિનું અનુસરણ જ છે.

આ રીતે જયશેખરસૂરિની કલ્પનાઓનું અનુસરણ પછીની ત્રણ-ચાર શતાબ્દીઓ સુધી થતું રહ્યું હોઇને તે વિશે જણાવવું પણઅહીં પ્રસ્તુત ગણાશે. એ વખતે કૃષ્ણમિશ્ર નામના એક સન્યાસીએ સંસ્કૃતમાં રચેલ 'પ્રબોધચન્દ્રોદય' નાટકના ત્રીજા અંકમાં દિગંબર ક્ષપણકનું નિન્દ્ય દશ્ય દર્શાવીને જૈન ધર્મનો ઉપહાસ કરેલો. એ જોઇને જયશેખરસૂરિએ 'પર પ્રવાદીઓના મિથ્યા વાક્પ્રહારોના પ્રતિકારરૂપ, લોકપ્રચલિત પાખંડ અને લોકોત્તર ધર્મના સત્ય સ્વરૂપને પ્રકાશિત કરનાર સંસ્કૃત 'પ્રબોધચિન્તામણિ'ની અને ગુજરાતી આ 'ત્રિભુવનદીપકપ્રબંધ'ની રચના કરી હોય એમ એ ગ્રન્થોનું તુલનાત્મક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં જણાઇ આવે છે.' પંડિત લાલચંદ્ર ભ. ગાંધીએ પોતાના ઉક્ત કથનની પુષ્ટિ માટે 'પ્રબોધચન્દ્રોદય' અને જયશેખરસૂરિના ઉક્ત ગ્રન્થોનાં

અવતરણો ટાંક્યાં છે.

જયશેખરસૂરિએ સંસ્કૃતમાં 'પ્રબોધચિન્તામણિ' કાવ્ય રચ્યું છે.

સંસ્કૃત કવિ તરીકે જયશેખરસૂરિનું જે સ્થાન હોય તે હો, ગુજરાતી કવિ તરીકે તો તેનો દરજ્જો ઊંચો છે. આ એક જ ગુર્જર કાવ્યથી જૈન કવિ પ્રથમ પંક્તિનો સાહિત્યકાર બને છે.

જયશેખર વિશે છેલ્લામાં છેલ્લો ઉલ્લેખ વિ.સં. ૧૪૯૩ની ઉક્ત ધાતુમૂર્તિના લેખમાં છે. એ પછી પણ કવિ જીવ્યા હશે. વિક્રમના ૧૫મા સૈકાના પ્રારંભમાં જન્મેલા કવિનો દેહવિલય એ સૈકાના અંતમાં થયો હશે એમ અનુમાન કરી શકાય છે. કવિ સિંધ, માળવા, ગુજરાત, સોરઠ, મરુમંડલ વગેરે પ્રદેશોમાં વિચર્યા હતા એમ ફાગકર્તા વર્ણવે છે :

સિંધુ સવાલાખ માલવઈએ, ગુજરાત વિચારો;<br>
સોરઠ મંડલિ મરુ પમુહ દેસઇ, પ્રભુ કરઇ વિહારો.

કવિ પોતાની પાછળ સાહિત્યનો મોટો વારસો આપણા માટે મૂકતા ગયા છે, જેને માટે અંચલગચ્છકે જૈન સંઘ જ નહિ, કિન્તુ સમગ્ર ગુજરાત ગૌરવ લઇ શકે એમ છે. જૂની ગુજરાતી ભાષાના તેઓ અગ્રયાયી કવિ મનાયા છે. આપણી જૂની ભાષાના મૂર્ધન્ય કવિ તરીકે પણ જયશેખરસૂરિને ઓળખાવી શકાય. ગરવી ગૂર્જરગિરાનું આવું અણમોલ રત્ન આપણને ફરી ફરી મળો એ જ અભ્યર્થના.

# આગમના અજવાળા

**''સંબોહ સત્તરિ''** જિનશાસનનો એક અમુલ્ય, અતિ મહત્વનો અને સર્વમાન્ય ગ્રંથ છે. આજે પણ અધ્યયન - સ્વાધ્યાયાદિ માટે સર્વ ગચ્છો એનો ઉપયોગ કરે છે. વિ.સં. ૧૪૨૦ની આસપાસ અચલગચ્છ રત્ન, કવિ ચક્રવર્તી પ.પૂ.આ.ભ. શ્રીમદ્ **જયશેખરસૂરિજી**એ આ ગ્રંથની રચના કરી છે. વધારે સ્પષ્ટ કહીએ તો આગમમાંથી ઉદ્ધર્યો છે. ગ્રંથમાં જે છે તે તો માત્ર આગમનું જ છે. આગમ સિવાયનું કશું જ નથી.

**અચલગચ્છ આગમિક ગચ્છ છે.** આજે પણ આગમ પરંપરાને સંપૂર્ણ વફાદાર છે. જિનાજ્ઞાને સદા સ્વીકારનાર ગચ્છ છે. આપણે આ વાતના પુરાવા રૂપે વિચારીએ. નીચે કેટલાક પ્રશ્ન મૂક્યા છે. એનો સ્પષ્ટ હા કે ના માં જવાબ લખો તો તમને ખબર પડે કે તમે આગમને કેટલા વફાદાર છો.

* જિનાગમો જિનાલય એવં જિન પ્રતિમાને માન્યતા આપે છે.
* જિનાગમો સત્તર ભેદિ પૂજાને માન્યતા આપે છે.
* જિનાગમો વિશિષ્ટ કારણ વિના સાધુ-સાધ્વીજી ભગવંતને સાથે વિહાર અને ચાતુર્માસની અનુમતિ આપતા નથી.
* જિનાગમો તિથિની વૃદ્ધિને માન્યતા આપતા નથી.
* જિનાગમો અને પ્રાચીન પરંપરા શ્રાવકના અને સાધુના પ્રતિક્રમણ જુદા જુદા જણાવે છે.
* જિનાગમો વસ્ત્રાંચલના ઉપયોગે ક્રિયા જણાવે છે.
* જિનાગમો શ્રાવકના બાર વ્રતના પંચ્યાશી અતિચાર જણાવે છે.
* જિનાગમો ચતુઃપર્વીને માન્યતા આપે છે.
* જિનાગમો પર્વ તિથિએ પૌષધની વાત જણાવે છે.
* જિનાગમો સંવત્સરી પર્વ ભાદરવા સુદ પાંચમના જણાવે છે.
* જિનાગમો ચોમાસી પ્રતિક્રમણ પૂનમના જણાવે છે.
* જિનાગમો પક્ષાંતે (પક્ષના અંતે એટલે પૂનમ-અમાસના) પક્ખી જણાવે છે.
* જિનાગમો દેવસિક પ્રતિક્રમણ સમયની તિથિને દિવસની તિથિ તરીકે માન્યતા આપે છે.

આજે પણ અચલગચ્છ આ બધી જિનાજ્ઞાઓને સુંદરતાથી પાળે છે એટલે જ એ **'આગમિક**

**ગચ્છ'** છે.

પૂજ્યપાદ જયશેખરસૂરિનું નામ ગ્રંથની છેલ્લી ગાથામાં સ્પષ્ટ પણે લખવામાં આવ્યું છે. વાત સ્પષ્ટ હોવા છતાં કેટલાક અજ્ઞાની - મોહાંધ જીવો **પૂજ્યપાદ જયશેખરસૂરિ**એ ગુરુનું નામ છે અને પોતાના ગુરુના નામે શિષ્ય રત્નશેખરસૂરિ મ.સા. એની રચના કરી છે. એમની રચના માટેનો સંસ્કૃત શ્લોક પણ લખે છે. જે મહાત્માએ આખો ગ્રંથ પ્રાકૃતમાં લખ્યો હોય એ મહાત્મા પોતાના નામની ગાથા સંસ્કૃતમાં લખે ખરા ? એ અજ્ઞાની જીવોને ખબર નથી કે જયશેખરસૂરિ રચિત 'સંબોહ સત્તરી' ગ્રંથ ઉપર ચૌદ ગુણ સ્થાનક ગ્રંથના રચયિતા પૂજ્યપાદ રત્નશેખરસૂરિએ વૃત્તિ લખી છે.

વિ.સં. ૧૬૫૧માં આ ગ્રંથ ઉપર લગભગ પચ્ચીસસો (૨૫૦૦) શ્લોક પ્રમાણ વિવેચન ખરતર ગચ્છીય પ.પૂ. ગુણવિજયજી ગણિવર્યે કર્યું છે એમાં મૂળ ૭૫ ગાથા ઉપર વિવેચન છે. એમાં પણ બે - ચાર ગાથાઓ વધારવામાં આવી હોય એવી શક્યતા અસ્થાને નથી.

તપાગચ્છ એવં ખરતર ગચ્છના મહાત્માઓએ આ ગ્રંથ ઉપર વૃત્તિ અને વિવેચન લખ્યા છે એ જ આ ગ્રંથની મહાનતાનો પૂરાવો છે.

ગ્રંથકારના નામ અને કામ સાથે ચેડા કરીને... **આગમોત્તર ગાથાઓ વધારીને** મોહ વાસિત જીવો મહામોહનીય અને જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કરી રહ્યા છે.

આ ગ્રંથની હસ્તલિખિત પ્રતોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે જેના પૂરાવા એ જ પ્રતોમાંથી મળી રહ્યા છે. શ્રી અનંતનાથજી મહારાજ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એવં શ્રી વીરબાઇ પાઠશાળાના ટ્રસ્ટીવર્ય શ્રી ડિનેશભાઇ નાયક દંડ (કોઠારા - મુલુંડ) નો આભાર માનીએ છીએ જેમણે સંશોધન માટે હસ્તલિખિત પ્રતો ઉપલબ્ધ કરી આપી. અમે એમના ઋણી છીએ.

પ્રાંતે આ ગ્રંથમાંથી સાર પામી સાધુ, સાચો સાધુ બની અને શ્રાવક સાચો શ્રાવક બની વીતરાગના પંથે ચાલી વીતરાગતાને પામે એ જ અંતરની અભિલાષા.

તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના **સુવર્ણ વરસીતપ** મહોત્સવે

૪૨ માં પુષ્પ તરીકે એનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ.

લાભાર્થી પરિવારની હાર્દિક અનુમોદના.

સા. જયદર્શિતાશ્રીજી.

# મંગલાચરણ

नमिऊण तिलोयगुरुं, लोआलोअप्पयासयं वीरं ।
संबोहसत्तरिमहं, रएमि उद्धारगाहाहिं ।।१।।

**અર્થઃ** સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણ લોકના ગુરુ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને સૂત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને હું આ સંબોધસત્તરી નામનો ગ્રંથ રચું છું. ॥૧॥

ત્રણ લોક...

દેવલોક... મનુષ્ય લોક... અને પાતાળ લોક...

ઉર્ધ્વલોક... મધ્ય લોક... અને અધો લોક...

ઉર્ધ્વ અથવા દેવલોક જ્યાં સુખ ભરપૂર અને દુઃખ અલ્પ છે...

મધ્ય અથવા મનુષ્યલોક જ્યાં સુખ અને દુઃખનું મિશ્રણ છે...

અધો અથવા પાતાળલોક જ્યાં દુઃખ અને દુઃખ જ છે...

દેવો ઉર્ધ્વલોક વાસી છે... મનુષ્ય અને તિર્યંચ મધ્યલોકવાસી છે જ્યારે નારકી અધોલોક વાસી સામાન્યતાથી કહેવાય છે. આ ત્રણે લોકના ગુરુ એવી જેમને પદવી આપવામાં આવી છે એવા પ્રભુ મહાવીર સ્વામિ છે. જેમના વિના ત્રણ લોક અનાથ છે. ગુરુ એ મોક્ષ નગરના સાથી છે... મોક્ષ નગરના માર્ગદર્શક છે. દુઃખ હર્તા અને સુખકર્તા છે. સર્વ જીવોનું ક્ષેમ-કુશળ અને મંગલ કરવાવાળા છે. વિશ્વના જીવોના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને એમને દેશનાના અમૃતપાન દ્વારા જ્ઞાનનો પ્રકાશ આપનારા છે.

આવા વીર પરમાત્મા લોક અને અલોકને પ્રકાશિત કરવાવાળા છે. દીપક ઘરને પ્રકાશિત કરે... સૂર્ય મધ્યલોકને પ્રકાશિત કરે પરંતુ દેવાધિદેવ તો ત્રણ લોક અને અલોક બધાને પ્રકાશિત કરનારા છે. સૂર્યનો પ્રકાશ દેવલોકને પ્રકાશિત ન કરી શકે... અધોલોકમાં પ્રકાશ ન ફેલાવી શકે. પરંતુ દેવાધિદેવના પાંચ કલ્યાણકોમાં સર્વત્ર પ્રકાશ... પ્રકાશ થઈ જાય છે. માટેજ તો આપણે ગાઈએ છીએ.

**સાતે નરકે થયા અજવાળા, સ્થાવરને પણ સુખકારી,**

**સખી ! આજ અનુપમ દિવાળી....**

પ્રભુ કેવળ બાહ્ય પ્રકાશ ફેલાવતા નથી, પરંતુ અભ્યંતર પ્રકાશ પણ પાથરે છે. બાહ્ય પ્રકાશથી... ક્ષણવાર મળેલા સુખથી નારકીના જીવો અવધિજ્ઞાનથી એનું કારણ વિચારે છે... ચિંતન કરે છે. પરમાત્માના જન્મનો પ્રભાવ જાણી કેટલાક પુણ્યાત્માઓ અનુમોદનાથી સમ્યગ્દર્શન પામી જાય છે.આવા અદ્ભૂત મહિમાના સ્વામિ એવા પ્રભુ મહાવીર સ્વામિને આ ગ્રંથના કર્તા પૂજ્યપાદ આ.ભ.શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજા નમસ્કાર કરી રહ્યા છે. ગ્રંથનું મંગલાચરણ કરી રહ્યા છે. ગ્રંથની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ અને એના દ્વારા સ્વપર કલ્યાણ સધાય આ હેતુથી મંગલાચરણ કરવામાં આવે છે.

**પ્રભુ કૃપાથી ગુરુ મળે...**

**ગુરુ કૃપાથી જ્ઞાન મળે...**

**દેવ,ગુરુ અને જ્ઞાનની કૃપાથી આવા અમર ગ્રંથોની રચના થાય છે.**

દેવ-ગુરુને નમસ્કાર કરીને ગ્રંથકર્તા નિખાલસ ભાવે જિનવાણીને આગળ કરતાં કહે છે-**''સૂત્રોમાંથી ગાથા ઉદ્ધરીને હું આ સંબોધસિત્તરી નામના ગ્રંથની રચના કરું છું.''**

આ ગ્રંથમાં મારું કશું જ નથી, પરમાત્માએ આગમોમાં જે કહ્યું છે,એમાંથી જ વિશેષ મહત્વની ગાથાઓ ઉદ્ધરીને આ ગ્રંથની રચના કરું છું. ગ્રંથકર્તાની આ નિખાલસતા-સરળતા અત્યંત અનુમોદનીય... પ્રશંસનીય છે. આવા વિશિષ્ટ કોટિના ગ્રંથને પણ દિવસે દિવસે ગાથાઓ વધારીને વિકૃત કરવા માટેનો તેમજ પોતાની વાતને સાચી બનાવવા માટેના પ્રયત્નો જ્યારે શાસનમાં આજે થઇ રહ્યા છે ત્યારે ગ્રંથકર્તાની પ્રથમ ગાથાનું મહત્વ ઘણું જ વધી જાય છે. એમણે ગ્રંથનું નામ જણાવ્યું છે- **संबोह सत्तरि ।** આ નામમાં બે શબ્દ છે **संबोह** અને **सत्तरि. संबोह** નો સામાન્ય અર્થ છે સારો બોધ અથવા સમતાનો બોધ અને **सत्तरि** એટલે સિત્તેર (૭૦). જે ગ્રંથમાં સમતાના સુંદર બોધને આપતી સિત્તેર ગાથાનો સમુહ છે તે ગ્રંથ **संबोह सत्तरि** છે. આજે આ ગ્રંથમાં એકસો પચ્ચીસ ગાથાઓ બતાડવામાં આવે છે. એટલું જ નહિં આ ગાથાઓમાં પણ જે વ્યવસ્થિતતા હોવી જોઇએ એ જોવા મળતી નથી. પ્રાચીન હસ્તલિખિત પ્રતમાં પહેલા સિત્તેર ગાથા હોવાના પૂરાવા મળે છે. સંવત ૧૬૫૧ માં આ ગ્રંથ ઉપર લગભગ પચ્ચીસસો શ્લોક પ્રમાણ વિવેચન ખરતરગચ્છીય પ.પૂ.ગુણવિજયજી

ગણિવર્યે કર્યું છે. એમાં મૂળ ૭૫ ગાથા ઉપર વિવેચન છે. એમાં પણ ગાથાઓ વધારવામાં આવી હોય એવી શક્યતા અસ્થાને નથી.

પૂજ્યપાદ જયશેખરસૂરિ મહારાજા અચલગચ્છની પરંપરામાં થયા હોવાથી એમણે આગમ પરંપરાને મજબૂત કરવાજ આ ગ્રંથની રચના કરી છે. તેઓશ્રી આગમ પરંપરાને વફાદાર રહ્યા છે. એમણે જે આગમ પરંપરાને આગળ ચલાવવા પ્રયત્ન કર્યો છે એની સાથે કોઈ બાંધછોડ ન જ થઈ શકે. જે ગાથાઓ એમણે આ ગ્રંથમાં નથી સમાવી આવી ગાથાઓને એમના નામે આ ગ્રંથમાં સ્થાન ન જ આપી શકાય. આપણે અહિં એમની ભાવનાઓને સંપૂર્ણ ન્યાય આપવાનો પ્રયત્ન કરવાનો છે.

આગમો પછી જે જે આચાર્યો આગમ પરંપરાને વળગી રહ્યા એમનાજ ગ્રંથોને એમની જ આગમાનુસારી ગાથાઓને આ ગ્રંથમાં સ્થાન આપવામાં આવ્યું છે. કારણ પણ સ્પષ્ટ છે. આચાર્ય ભગવંત ભવભીરૂ છે. ભવ પરંપરાની વૃદ્ધિ થાય એવું કોઈ વચન સ્વીકારવા તૈયાર નથી. પરમાત્માના આશય વિરૂદ્ધ કોઈપણ પ્રરૂપણા તે ઉત્સૂત્ર પ્રરુપણા છે. જે અનંત સંસારમાં રખડાવનાર છે. યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજે પણ ચૌદમાં શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે -

**પાપ નહિં કોઈ ઉત્સૂત્ર ભાષણ જીસ્યો,**
**ધર્મ નહિં કોઈ જગ સૂત્ર સરીખો.**

આપણે પણ આપણી ભવભીરૂતા જાળવીને આ ગ્રંથના સ્વાધ્યાયમાં આગળ વધવાનું છે.

## સમતાનું મહત્વ

सेयंबरो आसं-बरो य बुद्धो य अहव अन्नो वा ।
समभावभाविअप्पा, लहेइ मुक्खं न संदेहो ॥२॥

**અર્થ :-** ચાહે શ્વેતાંબર પક્ષનો હોય, અથવા દિગંબર હોય, બૌદ્ધ હોય અથવા અન્ય કોઈપણ પક્ષનો રાગી હોય, પરંતુ જેનો આત્મા સમભાવથી ભાવિત હોય, રાગદ્વેષથી મુક્ત હોય, તે મોક્ષ પામે જ, એ નિઃસંદેહ છે. ॥૨॥

સેયંબર એટલે શ્વેતાંબર... શ્વેત છે અંબર (વસ્ત્ર) જેના તે.

શ્વેત વસ્ત્રવાળા એટલે જ ઉપલક્ષણથી ઓઘો-મુહપત્તિ આદિ ઉપકરણોને ધારણ કરનારા સ્થવિરકલ્પી સંયમી જાણવા, શ્વેતાંબર પણું ભગવાન મહાવીરસ્વામિના તીર્થની અપેક્ષાએ જાણવું. બીજાથી ત્રેવીસમાં તીર્થંકરના વારાના સાધુઓને વિવિધ રંગના વસ્ત્રો કહેલા છે.

આસંબરા એટલે વસ્ત્રરહિત એટલે જ દિગંબર. દિશાઓજ જેમનું વસ્ત્ર છે તે.

બૌદ્ધમતને માનનારા એટલે નૈયાયિક વગેરે...

અથવા અન્ય-બીજા કોઈપણ પંથને માનનારા હોય... વલ્કલચીરી આદિ હોય અથવા સ્વલિંગ સિદ્ધ અને અન્યલિંગ સિદ્ધ સિવાય ગૃહસ્થલિંગ સિદ્ધ મરુદેવા માતા કે ભરત મહારાજા જેવા હોય...

આવા જે કોઇ આત્મા મોક્ષને પામે છે... પામ્યા છે... અથવા પામશે ત્યાં મહત્વ કોનું ? વિવિધ પંથ કે દર્શનનું ?... એમના બાહ્ય વેશનું ?... એમની આત્મદશાનું ? આ પ્રશ્નનો સુંદર જવાબ આપતાં કહે છે કે ન તો પંથ કે દર્શનનું મહત્વ છે... ન તો વસ્ત્રોનું મહત્વ છે... એમાં તો મહત્વ એકમાત્ર સમભાવનું છે તે **'समभावभाविअप्पा'** શબ્દથી જણાવે છે. **સમભાવથી ભાવિત આત્મા જ મોક્ષનો અધિકારી છે.**

કેવી ઉદારતા છે ? જ્યાં સુધી તારા મારાના ભેદ છે ત્યાં સુધી રાગ દ્વેષની પરિણતિ રહેવાની જ. ત્યાં સુધી આપણે મોક્ષથી દૂર રહેવાના જ છીએ. એ પ્રગટ સત્ય છે.

## સમભાવની પ્રાપ્તિ ક્યારે થાય ?

જ્યાં સુધી રાગ-દ્વેષની પરિણતી છે ત્યાં સુધી નથી માધ્યસ્થભાવ અને ત્યાં સુધી નથી સમતાનો ભાવ. સમતાના ભાવને પામવા અને ટકાવવા રાગ-દ્વેષ વિજેતા બનવાની અત્યંત આવશ્યકતા છે. જેઓ પણ કેવળજ્ઞાન પામ્યા છે. એમની અંતિમ અવસ્થાનું ચિંતન કરો...

ગજસુકુમાલના મસ્તકે અંગારા મુકાયા... મસ્તક બળવા માંડયું... સામે બાળનાર ઉભો છે... પરંતુ ગજસુકુમાલને પોતાના દેહ પ્રત્યે રાગ નથી... મમત્વ કે આસક્તિ નથી... એટલે જ બાળનાર સોમિલ પ્રત્યે દ્વેષ પણ નથી. જો દેહ પ્રત્યે રાગ હોત તો સોમિલ પ્રત્યે દ્વેષ ઉઠ્યા વગર ન જ રહેત, ન રાગ હતો... ન દ્વેષ હતો એટલે જ તેઓ સમતા ભાવમાં રમી શક્યા અને ટકી શક્યા. આ સમતા ભાવ સમતા છે.

સમતાના પણ ચાર નિક્ષેપોની અપેક્ષાએ ચાર પ્રકાર છે. (૧) નામ સમતા (૨) સ્થાપના

સમતા (૩) દ્રવ્યસમતા અને (૪) ભાવસમતા.

કોઈનું નામ 'સમતા' હોય તે નામસમતા છે.

કોઈ સમતાધારોની મુર્તિ કે ફોટો હોય તે ''સ્થાપના સમતા'' છે.

અંદરમાં ક્રોધાદિ હોય પરંતુ બાહ્યથી સમતાનો દેખાવ હોય તે ''દ્રવ્ય સમતા'' છે.

જ્યાં અંતરમાં રાગ-દ્વેષની પરિણતિ ઉઠતીજ ન હોય... જ્યાં સતત માધ્યસ્થ ભાવમાં લીનતા હોય તેજ **''ભાવ સમતા''** છે. આ ભાવ સમતા જ મોક્ષનું કારણ બને છે. ભાવ સમતાનું સ્વરૂપ સમજાવતા કહે છે કે-

आउवमाए परदुक्खमकरणं रागदोसमज्झत्थं ।
नाणाइतिगं तस्सायपोयणं भावसामाई ।।

પોતાની જેમ બીજાને દુ:ખી નહિં કરવાના પરિણામ...

રાગદ્વેષને નહિં સેવવાથી માધ્યસ્થભાવના પરિણામ...

જ્ઞાન-દર્શન-ચારિત્રનું સારી રીતે મોક્ષનું સાધકપણું હોવાથી તેના પરિણામ...

આ બધું જ ભાવસમતા છે.

તેથી જ સરળતાથી 'સામાયિક' શબ્દનો અર્થ સમ અને આય એટલે સમ ભાવની આવક તેજ સામાયિક છે. સામાયિક તેજ આત્મા છે.તેથી એમ પ્રતિપાદિત થાય છે કે મોક્ષ પ્રાપ્તિમાં વેષની ક્યાંય પ્રધાનતા નથી. સમભાવની જ પ્રધાનતા છે.

**પંચેન્દ્રિયપણું મળ્યું... મનુષ્ય ભવ મળ્યો...**
**આર્ય દેશ... અને ઉચ્ચકુળની પ્રાપ્તિ થઈ...**

સદ્ધર્મની પ્રાપ્તિ સાથે સદ્ ધર્મ સામગ્રી પામ્યા પછી એની સફળતા માટે મોક્ષના કારણરૂપ જ્ઞાન-ચારિત્રના આધારભૂત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જ પુરૂષાર્થ કરવાનો છે. ધર્મનું સંપૂર્ણ ફળ સમ્યગ્દર્શન પૂર્વક જ પામી શકાય છે. એ માટે આચારાંગ નિયુક્તિમાં જણાવવામાં આવ્યું છે કે -

तम्हा कम्माणीयं, जे उ मणो दंसणाम्मे पययेज्जा ।
दंसणवतो हि सफलाणि, हुन्ति तव-नाण-चरणाणि ।।

કર્મ સૈન્યને જીતવા માટે સમ્યગ્દર્શનમાં પ્રયત્ન કરવો આવશ્યક છે. કારણ જેની પાસે સમ્યગ્દર્શન છે એના જ જ્ઞાન-ચારિત્ર-તપ સફળ છે. સુદેવ-સુગુરૂ અને સુધર્મના

સ્વીકારથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

રાગ-દ્વેષથી રહિત વીતરાગ પરમાત્મા જ સુદેવ છે.

મિથ્યાત્વરૂપી ગ્રંથી રહિત, કંચન-કામિનીના ત્યાગી નિર્ગ્રંથ જ સુગુરુ છે.

કેવલિ ભગવંત પ્રરૂપિત, દયામય ધર્મ જ સુધર્મ છે.

આવા સુદેવ-સુગુરૂ,સુધર્મનો સ્વીકાર તેજ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન મોક્ષ નગરીનું પ્રવેશ દ્વાર છે. સમ્યગ્દર્શન વિના સમભાવ નથી અને સમભાવ વિના મોક્ષ નથી. સમભાવ આવે તો જ રાગ દ્વેષ ટળે. **રાગ-દ્વેષ સંસારનું મૂળ છે. તેથી જ રાગ-દ્વેષ ટળે તો જ મોક્ષ મળે.** બાહ્ય સંસારનો વ્યવહાર પૈસા વિના ન ચાલે તેવી જ રીતે અભ્યંતર સંસાર રાગ-દ્વેષ વિના ન ચાલે. ન ટકે. પૈસા માટે પૈસાવાળાની શરણાગતિ સ્વીકારવી પડે છે તેમ રાગ-દ્વેષ ટાળવા જેમણે રાગ-દ્વેષ ટાળ્યા છે. જેઓ વીતરાગી થયા છે એમની શરણાગતિ જીવને સ્વીકારવી પડે છે. જેમણે વીતરાગની શરણાગતિ વીતરાગી બનવા સ્વીકારી તેઓ વીતરાગી બનીને જ રહ્યા છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પણ એટલેજ સુદેવનું સ્થાન પ્રથમ છે. આવા સુદેવ એજ વીતરાગ... એજ જિનેશ્વર... એજ તીર્થંકર... એજ અરિહંત છે. આવા અરિહંત પરમાત્મા બધા જ દોષોથી મુક્ત છે અને ગુણોના ભંડાર છે. અનંત ગુણોના સ્વામિ છે. સમ્યગ્દર્શન પામવા કેવા દેવ-ગુરુ-ધર્મની શરણાગતિ સ્વીકારવાની છે તે વાત જણાવે છે.

## દેવ, ધર્મ અને ગુરુનું સ્વરૂપ

अट्ठदसदोसरहिओ, देवो धम्मोवि निउणदयासहिओ ।
सुगुरुवि बंभयारी, आरंभपरिग्गहा विरओ ॥३॥

**અર્થ :-** અઢાર દૂષણે રહિત હોય તે દેવ સમજવા, શુદ્ધ દયાથી યુક્ત હોય તે ધર્મ સમજવો, તેમજ બ્રહ્મચારી અને આરંભ પરિગ્રહથી મુક્ત હોય તેને સુગુરૂ જાણવા. ॥ ૩ ॥

આપણે જ્યારે જ્યારે પણ મુહપત્તી પડિલેહણ કરીએ છીએ ત્યારે ત્યારે આપણે **સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું અને કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું.** એમ બોલીએ છીએ. પરંતુ આ

નાની દેખાતી ક્રિયામાં આપણે સમ્યગ્દર્શનનો સ્વીકાર અને મિથ્યાદર્શનનો ત્યાગ કરીએ છીએ. એની આપણને જાણકારી ખરી ને ? કેટલી મહત્વપૂર્ણ આરાધના છે આ ?

સુદેવ... સુગુરુ... અને સુધર્મ એ તત્વત્રયી છે. નિર્બળ વ્યક્તિ જેમ લાકડીના આધારે માર્ગ ઉપર ચાલે તેમ મોક્ષમાર્ગે નિર્બળ જીવ આ તત્વત્રયીરૂપી લાકડીના આધારે આગળ વધી શકે છે અને પોતાની જાતને પડતાં બચાવી શકે છે.

સામાન્યતાથી દિવ્યતિ એટલે જ **પરમાનંદ પદમાં વિલાસ કરે તે દેવ છે.** પરંતુ આવા દેવોમાં હરિહર-બ્રહ્મા આદિનો પણ સમાવેશ થઇ જાય છે. આ સામાન્ય દેવોથી સુદેવની વિશેષતા જણાવવા અહીં **અઢાર દુષણથી રહિત તેજ સાચા દેવ.** એમ જણાવ્યું. એજ સુદેવ છે. એમનીજ આંગળી પકડીને... એમના જ ચિંધેલા માર્ગે ચાલીને અનંત આત્માઓ સિદ્ધપદને પામ્યા છે... પામે છે અને પામશે.

આજ દિવસ સુધી આપણે દેવની શરણાગતિ સ્વીકારી હશે પરંતુ સુદેવની શરણાગતિમાં પાછા પડ્યા છીએ. તેથી જ અથાગ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છીએ.સાચા દેવના સ્વરૂપને જાણવાની અને સાચા દેવને ઓળખવાની અત્યંત આવશ્યકતા છે. એમને ઓળખ્યા વગર આપણું આત્મકલ્યાણ સંભવિત નથી. રાગ-દ્વેષ સહિત અને અનેક દુષણ સહિત દેવો સમતાધારી નથી હોતા. તેઓ આપણને સમતાવાન નથી બનાવી શકતા. એમની સાધના-આરાધના વ્યર્થ છે. આત્મકલ્યાણમાં ક્યાંય સહાયક નથી. એવા બધા દેવોનો સમાવેશ કુદેવમાં થાય છે. એમનો સંગ આપણા માટે કર્મબંધનું કારણ બને છે. એમના સંગે જ આપણે સત્ય માર્ગને છોડીને ખોટા માર્ગે ચઢયા છીએ. રત્નાકર પચ્ચીસીમાં સત્ય જ કહેવાયું છે -

**નવકારમંત્ર વિનાશ કિધો અન્ય મંત્રો જાણીને;**
**કુશાસ્ત્રના વાક્યો વડે હણી આગમોની વાણીને,**
**કુદેવની સંગત થકી કર્મો નકામા આચર્યા;**
**મતિભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કકડા મેં ગ્રહ્યા.**

કુદેવના સંગથી આજ દિવસ સુધી આપણે ઘણું ગુમાવ્યું છે. હવે જો ગુમાવવું ન હોય તો સવેળાએ જાગૃત બની કુદેવનો ત્યાગ કરી સુદેવની સેવામાં તત્પર બનીએ. સુદેવનું વિશેષ વિવેચન આગળ જણાવવામાં આવશે.

હવે ધર્મનું સ્વરૂપ જણાવતાં કહે છે- **''દુર્ગતિમાં પડતાં જીવને ધારી રાખે તે ધર્મ**

**છે.''** અહિં સામાન્ય ધર્મની વાત જણાવી. દુર્ગતિમાં પડતાને ધારી રાખે અને સદ્ગતિમાં... શુભસ્થાનમાં સ્થાપે તે ધર્મ છે. આવો લોક રૂઢિવાળો દ્રવ્ય ધર્મ પણ ધર્મ જ કહેવાય છે. પરંતુ ધર્મની વિશેષતા જણાવતાં **'નિપુણદયાસહિત'** વિશેષણ જોડીને લૌકિક ધર્મથી એને જુદો પાડ્યો છે. દયામય ધર્મ સાચો પરંતુ દયા સામાન્ય દયા નથી નિપુણદયા છે. **નિપુણ એટલે જિનાજ્ઞા પૂર્વકની દયા.** જ્યારે દયાનું પાલન જિનાજ્ઞા પૂર્વક થાય છે ત્યારે તે લાભદાયી બને છે. પરંતુ જો જિનાજ્ઞા ભંગ કરવામાં આવે તો તે લાભદાયીના બદલે દુઃખદાયી-કષ્ટદાયી બને છે.

सव्वे जीवा वि इच्छन्ति, जीविउ न मरिज्झिऊ ।
तम्हा पाणिवहं घोरं, निग्गन्था वज्जयन्ति णं ।।

સર્વ જીવો જીવવાને ઇચ્છે છે... મરવાને કોઇ ઇચ્છતું નથી... તેથી ઘોર એવા પ્રાણિવધને નિર્ગ્રન્થ પુરુષો વર્જે છે.

દયા ધર્મનું મૂળ છે તેથી દયામય અને એમાં પણ નિપુણ દયામય ધર્મની વાત જણાવી છે. સામાન્ય લૌકિક ધર્મોમાં મનુષ્ય અને તિર્યંચ (પશુ-પક્ષી) ની દયા ચિંતવવામાં આવી છે. જ્યારે લોકોત્તર જિન શાસનમાં પાણી-અગ્નિ આદિ એકેન્દ્રિય જીવોની દયા પણ ચિંતવવામાં આવી છે. તેમજ જો બીજાને વચનાદિ દ્વારા દુઃખ આપવામાં આવે તો પણ તેને હિંસા ગણીને ત્યાજ્ય કહેવામાં આવી છે. આપણે દુર્ગતિમાંથી સદ્ગતિ અને સદ્ગતિમાંથી સિદ્ધગતિ તરફની આરાધનામાં આ ધર્મ અતિ સહાયક તત્વ બને છે. એવા આ લોકોત્તર ધર્મની આરાધના કરવા તત્પર થવાનું છે. લૌકિક ધર્મ ઘણો કર્યો એનાથી મોક્ષ પ્રાપ્તિ ન થઇ. લોકોત્તર ધર્મને સારી રીતે જાણી-સમજી જીવનમાં ઉતારવામાં આવે તો અવશ્ય આત્મકલ્યાણ સાધી શકાય છે. આ લોકોત્તર ધર્મનું વિશેષ સ્વરૂપ આગળ જણાવવામાં આવ્યું છે.

દેવ અને ધર્મ તત્વ જણાવ્યા પછી હવે ગુરુ તત્વ જણાવે છે.

**''ધર્મશાસ્ત્રના અર્થનો ઉપદેશ આપે તે ગુરુ...''**

બધા ધર્મોમાં દુઃખે પાળી શકાય એવું બ્રહ્મચર્ય વ્રત છે... એના સમાન કોઇ ધર્મ નથી. આવા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા સાથે જે આરંભ-પરિગ્રહાદિથી વિરામ પામેલા છે, તે સદ્ગુરુ-સુગુરુ છે.

બ્રહ્મચર્ય વ્રતમાં ક્યાં પણ ઉત્સર્ગ-અપવાદ નથી. એમાં એક જ માર્ગ છે. તેથી તેના

પાલનને અહિં મુખ્ય રાખવામાં આવેલ છે. બધા વ્રતોનો રાજા પણ શીલવ્રત છે. શીલવ્રતના પાલનથી તિર્યંચો પણ ઉચ્ચ સ્થાનને પામ્યા છે. આવા વ્રતાધિરાજનું પાલન કરતા ગુરુઓને સુગુરુ કહ્યા છે. તેની સાથે જ બીજી વાત આરંભ-પરિગ્રહની જણાવેલ છે.

સુગુરુ પાસે મહાહિંસા થાય એવા આરંભાદિતો ન જ હોય સ્વયં તો ન જ કરે પરંતુ બીજા પાસેથી પણ ન જ કરાવે... અનુમોદના પણ ન જ હોય આવા સુગુરુ પાપભીરુ હોય... પાપથી ભય પામતા હોય છે. તેથી ક્યારેય આરંભ સમારંભમાં ન પ્રવર્તે. આવા સુગુરુ નિષ્પરિગ્રહી હોય છે. એમની પાસે સંયમના ઉપકરણો સિવાય કોઈજ પરિગ્રહ ન હોય.

**જ્યાં પરિગ્રહ ત્યાં મૂરછાં - આસક્તિ.**

**જ્યાં મૂર્ચ્છા અને આસક્તિ ત્યાં કર્મબંધ.**

જો પરિગ્રહથી મુક્ત થવાય તો કર્મબંધ... પરિગ્રહ... મુર્ચ્છા આસક્તિ બધામાંથી મુક્તિ મેળવી શકાય છે. એટલે જ સુગુરુના સ્વરૂપમાં આરંભ પરિગ્રહથી વિરામ પામેલા અને બ્રહ્મચર્યના આરાધક જણાવ્યા છે. આવા સુગુરુની શરણાગતિજ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને ભવસાગરથી પાર ઉતારે છે.

આવી રીતે સુદેવ-સુધર્મ અને સુગુરુનું સંક્ષિપ્ત સ્વરૂપ જણાવ્યા પછી હવે એકેકનું વિસ્તારથી સ્વરૂપ જણાવે છે.

સુદેવ! અઢાર દોષ રહિત છે... આ અઢાર દોષ ક્યા છે તે જણાવતાં કહે છે -

## અઢાર દોષ રહિત દેવ

अन्नाण[१] कोह[२] मय[३] माण[४] लोह[५] माया[६] रई[७] अ अरई[८] अ ।<br>
निद्दा[९] सोय[१०] अलियवयण[११] चोरिया[१२] मच्छर[१३] भया[१४] य ।।४।।<br>
पाणिव[१५] पेम[१६] कीलापसंग[१७] हासा[१८] य जस्स इय दोसा ।<br>
अट्ठारस वि पणट्ठा नमामि देवाहिदेवं तं ।।५।।

અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, મૃષાભાષણ, ચોરી, મત્સર, ભય, પ્રાણિવધ, પ્રેમ, ક્રિડા પ્રસંગ અને હાસ્ય આ અઢાર દોષ જેના નાશ પામ્યા છે તે દેવાધિદેવને હું નમસ્કાર કરું છું.

દેવાધિદેવ અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન સહિત છે. આ કેવળજ્ઞાન લોકાલોકપ્રકાશક છે તેમજ સર્વ જીવોના સર્વ કાળના સર્વ પર્યાયોને સમકાળે જાણનારા છે. આવા જ્ઞાની ભગવંતની પાસે અજ્ઞાન ટકી શકે ખરૂં ? ત્યાં સંશય... અનધ્યવસાય અને વિપરીતતા રૂપ મૂઢતા સંભવી શકે ખરી ? અર્થાત આવું કશું જ ન હોવાથી અરિહંત પરમાત્મા અજ્ઞાનદુષણ રહિત છે.

**ક્રોધ એટલે ગુસ્સો... કોપ... રોષ...**

**મદ એટલે કુલ, બળ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા આદિનો જે અહંકાર-ગર્વ તે મદ છે.**

**માન એટલે દુરાગ્રહનો અત્યાગ અથવા યુક્ત વચનનો અસ્વીકાર.**

**લોભ એટલે લુબ્ધતા આસક્તિ**

**માયા એટલે દંભ-કપટ**

જ્યાં મોહનીય કર્મ છે ત્યાં કષાયોની હાજરી છે. અરિહંત પરમાત્મા કેવળજ્ઞાની છે તેથી તેઓ મોહવિજેતા છે એમના જીવનમાં ઉપરોક્ત કષાયોની કોઇ સંભાવના જ હોતી નથી. જ્યાં કષાય છે ત્યાં સંસાર છે... પ્રભુ સિદ્ધ-બુદ્ધ અને મુક્ત છે... મોક્ષપદને પામેલા છે એમની પાસે પણ કષાય કે ઉપરોકત દોષોની સંભાવના જણાતી નથી, તેથી દેવાધિદેવ આ બધા જ દોષો-દુષણોથી રહિત છે.

**રતિ એટલે ઈષ્ટ પદાર્થો ઉપર મનની પ્રીતિ.**

**અરતિ એટલે અનિષ્ટ સંયોગથી ઉત્પન્ન થતું માનસિક દુઃખ.**

**નિદ્રા એટલે ઉંઘ... શયન કરવું તે**

**શોક એટલે ચિત્તની વિહ્વળતા.**

નિદ્રાએ દર્શન મોહનીય કર્મનું ફળ છે તો રતિ-અરતિ-શોક એ નો કષાય છે. મોહનીય કર્મ વિજેતા એવા દેવાધિદેવ અરિહંત પરમાત્મામાં આવા કોઇપણ દુષણ હોતા નથી.

**અલિક વચન એટલે અસત્ય વચન** અથવા **મૃષાવાદ**

**ચોરિકા એટલે ચોરી કર્મ એટલે જ બીજાના દ્રવ્યનું હરણ કરવું... રજા લીધા વિના બીજાની વસ્તુ લેવી.**

પ્રાણિવધ એટલે પ્રાણીઓનો વધ કરવો... પ્રાણોનો નાશ કરવો. તેજ હિંસા છે.

ક્રિડામાં આસક્તિ, જ્યાં મોહ છે ત્યાં જ સંભવે અન્યત્ર એની સંભાવના હોતી નથી.

અરિહંત પરમાત્મા જ્યારે દીક્ષાનો સ્વીકાર કરે છે, સ્વયં પોતાનો પંચમુષ્ટિ લોચ કરીને **'કરેમિ સામાઈયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ'** નું પચ્ચક્ખાણ સ્વીકારે છે. ત્યારે જ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરી પાંચ દોષોને ટાળે છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ આ વ્રતોની પૂર્ણતા સૂચવે છે. તેથી પ્રભુ આ દુષણોથી રહિત છે.

**મત્સર એટલે ઈર્ષ્યા એટલે જ બીજાની સંપત્તિને સહન ન કરવી.**

**ભય એટલે બીક... ડર**

**પ્રેમ એટલે વિશેષ સ્નેહ હાસ્ય એટલે હસવું.**

આ બધા પણ નોકષાયનાજ પ્રકાર છે. જે કેવળજ્ઞાનીમાં સંભવતા જ નથી. આવા અઢાર દોષો દેવાધિદેવમાં ઘટતા નથી. તેથી જ દેવાધિદેવ અરિહંત પ્રભુ અઢાર દોષ રહિત છે તેજ સુદેવ છે.

સુદેવનું સ્વરૂપ જણાવ્યા પછી હવે સુધર્મનું સ્વરૂપ જણાવે છે. સુધર્મનું સ્વરૂપ જણાવતાં અહિંસાને જ જણાવે છે.

## સુધર્મ સ્વરૂપ

सव्वाओ वि नईओ, कमेण जह सायरम्मि निवडंति ।
तह भगवइं अहिंसं, सव्वे धम्मा समल्लिंति ।।६।।

જેવી રીતે બધી નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવે છે... તેમ બધા જ ધર્મો ભગવતી અહિંસાને આવી મળે છે.

ગંગા... સિંધુ આદિ નદીઓ જેમ લવણ સમુદ્રને જઇને મળે છે તેવીજ રીતે બધાજ છ એ છ દર્શનો દયાને જ સ્વીકારે છે. છ એ છ દર્શન દયામાંજ ધર્મ સમાવી લે છે.

જે ધર્મમાં અહિંસા નથી તે તો ખરેખર ધર્મજ નથી. લાખો કે કરોડો ગ્રંથોનું અધ્યયન કર્યા પછી પણ જો **'બીજાને પીડા ન કરવી'** એ ભણવામાં કે જાણવામાં ન આવે તો ભણેલું બધું જ વ્યર્થ છે.

અહિંસા સર્વ પ્રાણીઓની માતા સમાન છે... સર્વ જીવોનું હિત કરનારી છે. **'અહિંસા સંસારરૂપી મરૂભૂમિમાં અમૃતની નિક સમાન છે.'** સંસારના સર્વ પ્રકારના દુઃખરૂપી દાવાનળને બૂઝાવવામાં વર્ષાકાળના વાદળાઓની ઘટા સમાન છે. અહિંસા એ ચાર ગતિમય

સંસારમાં જન્મ-મરણ અને ભવભ્રમણ રૂપી રોગથી પીડાતા મનુષ્યોને માટે શ્રેષ્ઠ ઔષધિ સમાન છે.

સંત તુકારામ... એકદા એમને કામ મળ્યું ચકલીઓને ઉડાડવાનું. ખેતર પાકથી ભરેલું છે. ચકલીઓ ચણવા આવે છે. તુકારામ સંત છે. હૈયામાં દયા ભરેલી છે. ચકલીઓને ઉડાડવા એમના હાથ જ ચાલતાં નથી. એ તો મસ્તીથી ગાઇ રહ્યા છે -

**રામકી ચિડીયા, રામકા ખેત**

**ખાલે ચિડીયા, ભર ભર પેટ.**

જ્યાં જીવદયાના પરિણામ છે ત્યાંજ ધર્મ છે.

એક શ્રાવકે... સંસારની અસારતા જાણી સંયમનો સ્વીકાર કર્યો. પરંતુ સંયમ સ્વીકાર્યા પછી જ્યાં જાય ત્યાં અપયશ મળે. જ્ઞાની ભગવંત મળ્યા. એમને અપયશનું કારણ પૂછ્યું. જ્ઞાની ભગવંતે કહ્યું-''પૂર્વ ભવમાં જીવદયાના પાલનમાં ખામી રહી ગઇ હતી.તેનું આ પરિણામ છે.''

હવે કોઇ જીવને જરાપણ તકલીફ ન થાય એવું સંયમ પાળે છે. એમના સંયમ જીવનની અને જીવદયાના પરિણામની દેવલોકમાં પ્રશંસા થઇ. પ્રશંસા સાંભળી એક મિથ્યાત્વીદેવ પરીક્ષા માટે નીચે આવ્યો. દેવ હાથીનું રૂપ વિકુર્વી સુંઢમાં પકડી એને ઉંચે આકાશમાં ઉછાળે છે. આપણને કોઇ હાથી ઉછાળે તો આપણે શું વિચાર કરીએ ? હાથીનો.. આપણો... કે જીવદયાનો ?

મુનિરાજ આકાશમાંથી નીચે પડી રહ્યા છે ત્યારે એમને પોતાનું શું થશે ? એનો વિચાર નથી પરંતુ હું નીચે પડીશ તો જમીન ઉપરના નાના જીવ જંતુઓ ઉપર પડીશ તો એમનું શું થશે ? કેવા અદ્ભૂત જીવદયાના પરિણામ જીવનમાં વિકસાવ્યા હશે ? રોમ રોમમાં કેવી જીવદયા વસેલી હશે ? અત્યંત ચિંતનીય... મનનીય બાબત છે.

દેવ મુનિરાજના ભાવ જોઇ રહ્યા છે. મુનિરાજના ભાવ જોતાંજ મુનિરાજની મહાનતા અને પોતાની પામરતા સમજાણી. મુનિ ચરણોમાં નમી પડી ક્ષમાપના... માફી માંગી.

ધર્મ જીવદયા પ્રધાન જીવન જીવવાનો માર્ગ બતાવે છે. સંસારના ભોગો-એશ-આરામ એમાં હિંસાની પ્રધાનતા છે.

સાધુના પાંચ મહાવ્રત હોય કે શ્રાવકના બાર વ્રતો હોય.... બધાના જ પાયામાં અહિંસા છે. સાધુના પ્રથમ મહાવ્રતમાં અને શ્રાવકના પ્રથમ વ્રતમાં અહિંસા છે. અન્ય બધા

જ વ્રતો અહિંસાના પરિણામોને મજબૂત કરવા માટે છે.

દુનિયા સાથે મેચ થવું હશે તો ધર્મનો સાથ છોડવો પડશે અને ધર્મ સાથે મેચ થવા દુનિયાનો સાથ છોડવો પડશે.

અહિંસાના પાણી જિનવાણીમાંથી જ પ્રગટ થશે.

ખોટું બોલીએ... સામાવાળાનું દિલ દુભાય તો હિંસા થાય...

ચોરી કરીએ... સામાવાળાનું દિલ દુભાય... હિંસાનું પાપ લાગે...

અબ્રહ્મના એક વખતના સેવનમાં નવ લાખ જીવોની હિંસા થાય છે.

જેટલો પરિગ્રહ વધારે તેટલી હિંસા વધારે. પરિગ્રહ જો મર્યાદિત તો હિંસામાં પણ મર્યાદા આવે છે. અહિંસાની જ સાધના કરવા જેવી છે. બાકી બધું વ્યર્થ છે તેથી જ કહેવાયું છે કે -

क्रिडाभू: सुकृतस्य दुष्कृतरज, संहारवात्या भवो–
दन्वन्नो र्व्यसनाग्नि मेघपटली संकेतदूती श्रिया: ।
नि:श्रेणिस्त्रिदिवौकस: प्रियसखी मुक्ते: कुगत्यर्गला,
सत्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषै: परै: ।।

અહિંસા - દયા પુણ્યને ક્રીડા કરવાની પૃથ્વી છે...

અહિંસા - દયા પાપરૂપી રજનો નાશ કરવા પવન સમાન છે...

અહિંસા - દયા સંસારરૂપી સમુદ્રને તરવામાં વહાણ સમાન છે...

દયા - સંકટરૂપી અગ્નિને શાંત કરવામાં મેઘમંડળ સમાન છે...

દયા - લક્ષ્મી સાથે સંકેત કરી મેળવી આપવામાં દૂતી સમાન છે...

દયા - એ સ્વર્ગમાં આરોહણ કરવા માટે નિસરણી સમાન છે...

દયા - એ મુક્તિની વહાલી સખી અને કુગતિને અટકાવવામાં અર્ગલા સમાન છે. આવી દયા હે આત્મન્! સર્વ જીવો પ્રત્યે ધારણ કર.

## શુદ્ધ ગુરુનું સ્વરૂપ

ससरीरे वि निरीहा, बज्झब्भितरपरिग्गहविमुक्का ।
धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ।।७।।
पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धांतगहियपरमेत्था ।
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ।।८।।

**અર્થઃ-** પોતાના શરીરને વિષે પણ મમતા વિનાના, ધન ધાન્યાદિ બાહ્ય અને રાગ-દ્વેષાદિ અભ્યંતર પરિગ્રહથી મુક્ત થયેલા, માત્ર વસ્ત્રાદિ ધર્મસાધનોનો પણ ચારિત્રની રક્ષા માટે જ ઉપયોગ કરનારા, તથા પાંચેય ઇન્દ્રિયોને દમન કરવામાં સદા તત્પર, જિનેશ્વરદેવે કહેલા સિદ્ધાંતથી જેઓએ પરમાર્થ રૂપ આત્માને જાણ્યો છે, વળી પાંચ સમિતિએ કરી યુક્ત અને ત્રણ ગુપ્તિએ કરી ગુપ્ત, એવા સદ્ગુરુનું મને શરણ થાઓ. (૭-૮)

સંસાર સાગરથી તારનાર તારક તત્વત્રયીનો પરિચય કરાવતાં, સુદેવ અને સુધર્મનો પરિચય કરાવ્યા પછી હવે સુગુરુનો પરિચય કરાવે છે. સુગુરુનું સ્વરૂપ જણાવતાં પ્રથમ શરીર પ્રત્યેની નિસ્પૃહતા જણાવે છે. સુગુરુના ગુણો અને લક્ષણો નીચે મુજબ જણાવે છે -

(૧) **પોતાના શરીર પ્રત્યે નિઃસ્પૃહ -** વિશ્વના બધા જ પદાર્થો અને જીવો ઉપરથી રાગ કે મમત્વભાવ ઓછો થાય પરંતુ અંતે એ શરીરની ઉપર આવે છે. શરીર ઉપરની આસક્તિનો ત્યાગ અતિ દુર્લભ છે... કઠિન છે. સુગુરુ દેહના સ્વરૂપને જાણે છે. આ શરીર માટે આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે **"આ શરીર ભિન્ન (આત્માથી ભિન્ન) થવાના સ્વભાવવાળું છે... અધ્રુવ છે... અનિત્ય છે... અશાશ્વત, ચય-અપચય સ્વભાવવાળું અને ફેરફાર થવાના સ્વભાવવાળું છે."** આવું આ શરીર આસક્તિ કરવા જેવું નથી ગમે તે સમયે તે છોડીને ચાલ્યું જાય એવું છે.

માંસ, હાડકા, લોહી, સ્નાયુ મઢેલું તેમજ વીર્ય-મલ-મેદ-મજ્જાથી અને અપવિત્રતાથી બીભત્સ... દુર્ગંધિ-ચામડાના કોષરૂપ અશુચિના કારણભૂત આ દેહમાં ખરેખર રાગ કરવા જેવું કશું જ નથી. નિષ્કારણ આ જીવ રાગ કરીને સ્વયં દુઃખી થાય છે. આ સત્યને જાણનારા સુગુરુ આ શરીર ઉપર રાગ રાખતા નથી.

સુગુરુનું બીજું લક્ષણ જણાવતાં (૨) **પરિગ્રહ મુક્ત -** મૂર્ચ્છા એજ પરિગ્રહ છે. આ મૂર્ચ્છા બે પ્રકારે છે. (૧) બાહ્ય પરિગ્રહ અને (૨) અભ્યંતર પરિગ્રહ.

**ધનધાન્યાદિ બાહ્ય પરિગ્રહ છે તો રાગ-દ્વેષ તે અભ્યંતર પરિગ્રહ છે.** ધનાદિ બાહ્ય પરિગ્રહ કેવી રીતે હેરાન કરે છે તે જણાવતાં કહે છે કે ધનને મેળવવામાં દુઃખ છે... એને સાચવવામાં દુઃખ છે... લાભમાં પણ દુઃખ છે અને વ્યયમાં પણ દુઃખ છે.

ધન રોગાદિને અટકાવી શક્તું નથી... જન્મ-મરણ-જરાનો નાશ કરવામાં સર્વથા અસમર્થ છે. ઇષ્ટના વિયોગને ટાળવાની એમાં તાકાત નથી તો અનિષ્ટના સંયોગને ટાળી

શકતું નથી... પરલોકમાં સાથે આવતું નથી... વધ-બંધન અને ભયનું સ્થાન છે. પ્રાયઃ ચિંતા કરાવનાર તથા બાંધવોમાં વિરોધ કરાવનાર છે. દ્રવ્ય માનવી પાસેથી ન કરવાનું સઘળું જ કરાવે છે. અસત્ય બોલાવે... ચોરી કરાવે... પ્રાણી વધ કરાવે... પરિગ્રહ દ્વારા કર્મબંધ કરાવે.

ધનને ધારણ કરનારા અંદરથી ભયભીત હોય છે. રાજા મને દંડ કરશે તો ? આગ લાગતાં ધન બળી જશે તો ? મારા ધનને ચોરો ગ્રહણ-હરણ કરી લેશે તો ?આવી અનેક ઉપાધિઓ ધન સાથે સંકળાયેલી હોવાથી ધનનો સુગુરુઓ ત્યાગ કરે છે. ધનાદિ બાહ્ય પરિગ્રહ માટે જીવો ઘણાં જ કષ્ટાદિ સહન કરે છે અને આર્તધ્યાન કરીને કર્મ બાંધે છે.

ક્રોધાદિ કષાયો અથવા રાગ-દ્વેષરૂપી અભ્યંતર પરિગ્રહ છે. જે સંસારનું કારણ છે. મિથ્યાત્વ પણ અભ્યંતર પરિગ્રહ છે, જે ભવભ્રમણ કરાવે છે.

સાધુનો પરિગ્રહ જણાવતાં કહે છે કે સંયમના સાધન જ સાધુનું પરિગ્રહ છે. જિનકલ્પી સાધુને બાર પ્રકારની ઉપધિ કહી છે તો સ્થવિર કલ્પીને ચૌદ પ્રકારની ઉપધિ કહી છે.

**જેનાથી વ્રતધારી ઉપકૃત થાય તે ઉપકરણ.**

**જિનકલ્પીના ૧૨ ઉપકરણ-**

૧. પાત્રા ૨. પાત્રબંધ - પાત્રા જેમાં રાખવામાં આવે તે ઝોળી ૩. પાત્ર સ્થાપન - કંબલમય વસ્ત્ર જેમાં પાત્રા સ્થાપન કરવામાં આવે છે. ૪. પાત્ર કેસરિકા - પાત્રા પોંજવા વપરાતી ચિલિમિલિકા (ચરવલી) એટલે પોંજણી ૫. પટલ (પડલાં) - ગોચરી માટે નિકળતાં સાધુ પાત્રા ઉપર રાખે તે વસ્ત્ર પડલાં કહેવાય. ૬. રજસ્ત્રાણ - પાત્રાના વિંટણા. ૭. ગોચ્છક (ગુચ્છા) કામળીના ટુકડારૂપ હોય છે. આ સાત પ્રકારનો પાત્રાનો પરિકર છે.

સાત પાત્રાના ઉપકરણ સાથે ત્રણ વસ્ત્રો જણાવે છે -

(૧) ત્રણજ (૨) પ્રચ્છાદક (કપડું-પછેડી) અને (૩) પ્રાવરણ. આ ત્રણમાંથી બે સુતી અને એક ગરમ હોય છે. શરીર ઉપર ઓઢવાના કપડાં છે.

સાત અને ત્રણ એમ દસ થયા એમાં (૧) રજો હરણ અને મુહપત્તી ભેળવતાં કુલ બાર ઉપકરણ ઉત્કૃષ્ટથી જિનકલ્પીને હોય છે.

**સ્થવિર કલ્પીના ૧૪ ઉપકરણ-** જિનકલ્પીના બાર ઉપકરણમાં માતરીયું (માત્રું કરવાનું પાત્ર અને ચોલપટ્ટો) **સાધ્વીજી ભગવંતને ૨૫ પ્રકારની ઉપધિ રાખવાનું કહેલ છે.** એ આપેલ સંખ્યાથી વધારે ઉપકરણ રાખે તો તે ઉપગ્રહ કહેવાય છે.

## ઈન્દ્રિય દમન

આવા સુગુરુઓ ઇન્દ્રિયોનું દમન કરનારા હોય છે. પંચેન્દ્રિય જીવોની પાસે પાંચે પાચ ઇન્દ્રિયો હોય છે.

જીવ જે... જે ગતિમાં, જે.. જે... જાતિમાં જાય છે તે તે સ્થાન અનુરૂપ જીવને ઇન્દ્રિયો મળે છે. જીવ એકેન્દ્રિયમાં હોય તો એક જ સ્પર્શેન્દ્રિય હોય છે... પણ જેમ જેમ ઇન્દ્રિયો વધતી જાય તેમ તેમ સુખની લાલસાઓ પણ વધતી જ જાય છે... આ ઇન્દ્રિયોના સુખની લાલસા મહાકાય જીવોને પણ પછાડે છે.

હાથી જેવા બળવાન-સ્થૂલ પ્રાણીને પકડવા માટે એની ઇન્દ્રિય સુખ-લાલસાની નબળી કડીને જ નજરમાં રાખવામાં આવે છે.

હાથીને પકડવો હોય તો તેની નજીકમાં એક મોટો ખાડો ખોદવામાં આવે છે. તેની સામે બાજુ હાથણીને ઉભી રાખવામાં આવે છે... અથવા ખાડામાં કાગળની હાથણી બનાવીને રાખવામાં આવે છે... ખાડાની આજુ બાજુ હાથીણીનું મૂત્ર છાંટવામાં આવે છે. હાથીણીના મૂત્રની ગંધથી આકર્ષાઇને હાથી ત્યાં આવે છે. ખાડાની પાસે આવતાં જ કાગળની હાથણીને જોઇને કામવિકારને વશ થાય છે. દોડતો દોડતો આવી હાથણી પાસે જવા ઉતાવળો થાય છે. ત્યાં ખાડામાં પડીને પોતાની જાતને બંધનગ્રસ્ત બનાવે છે.

સ્પશેન્દ્રિયને વશ થવાથી હાથી જેવા બળવાન પ્રાણીની હાલત એવી થાય છે.

હે જીવ! આવી હાલત તારી પોતાની અનેક ભવોમાં સ્પર્શેન્દ્રિયના વશથી થઇ છે. શું તું હજી નહી જાગે... આવ તને બીજી વાત સમજાવું.

સ્પર્શેન્દ્રિય પછી આવે રસનેન્દ્રિય! આ રસનેન્દ્રિયની ગુલામીએ બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવોને પટક્યા છે.

માછલાને પકડવા હોય કે ઉંદરને પકડવા હોય... એમની રસનેન્દ્રિયની નબળી કડીને જ લક્ષમાં લેવાય છે. માછલાઓને પકડવા જાળમાં ખાદ્ય પદાર્થ આંકડામાં ભરાવે અને ઉંદરને પકડવા પાંજરામાં ખાદ્ય પદાર્થ આંકડામાં ભરાવે... જેને ખાવાની લાલચથી માછલા જાળમા ફસાય... ઉંદર પાંજરામાં ફસાયા છે... બંધનમાં પડવાથી અંતે મરણને શરણ થાય છે.

આપણે આવા મરણને શરણ કેટલીવાર થયા ? હવે રસનેન્દ્રિયને જીતી કે આપણે એના ગુલામ જ રહ્યા.

એક એક ઇન્દ્રિયની પરવશતાએ આપણને અનાદિકાળથી રખડાવ્યા છતાં આપણો આત્મા જાગતો નથી. સાવધાન તો એ કહેવાય જે આગળ ચાલતાને ઠેસ લાગેલી જાણી-જોઇ જાગ્રત બની જાય છે. આપણે ક્યારે જાગૃત બનીશું ?

આવો જોઇએ ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતાના પરિણામ !

સુગંધના મોહથી મુક્ત આકાશમાં ઉડતો ભમરો કમળ ઉપર જઇને બેસે છે... સુગંધને છોડવાની ઇચ્છા થતી નથી... સાંજસુધી એના ઉપર બેસી રહે છે... એમાં જ મસ્ત બને છે... સાંજ થતાં કમળ બીડાવા માંડે છે... ભમરો સમજે છે કમળ બીડાઇ જશે પણ ઘ્રાણેન્દ્રિયની લુબ્ધતા એને મુક્ત ગગનમાં ઉડવા દેતી નથી... કમળની સુગંધમાં જકડી રાખે છે... ભમરો હમણાં ઉડું છું... હમણાં ઉડું છું એવું વિચારે છે ત્યાં તો કમળ બીડાઇ જાય છે... આકાશમાં ઉડતો ભમરો કમળમાં કેદ થઇ જાય છે. આખીરાત ભમરો કમળમાંથી બહાર નીકળી શકતો નથી. અંદર બેઠા-બેઠા ગુંગળાય છે... પસ્તાય છે. ત્યાં એક આશા હોય છે સવાર થશે... સૂરજ ઉગશે... કમળ ખીલશે... એટલે હું ઉડી જઇશ... પણ એના મનના મનોરથ મનમાં જ રહી જાય છે... પ્રભાત થતાં પહેલાં જ ત્યાં જલાશયમાં પાણી પીવા હાથી આવે છે... કમળને ઉખેડીને ખાઇ જાય છે... બિચારો ભમરો મરણના શરણે જાય છે.

આવી કેદની યાતના... મરણની વેદના આપણા જીવે ઇન્દ્રિયોની પરાધીનતા અને ગુલામીના કારણે અનંતીવાર ભોગવી છતાં પણ સત્ય સમજાયું નહીં.

આવી જ ઘ્રાણેન્દ્રિયની ગુલામીથી મરણ પામતા ભમરાઓની બીજી પણ કહાની છે.

હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે છે. આ મદની સુગંધથી ખેંચાઇને જ હાથીના મસ્તક પાસે અને પડખે ઘણા ભમરાઓ ભેગા થાય છે... ગુંજારવ કરે છે... ભમરાઓના ગુંજારવથી કંટાળેલા હાથી સતત કાન ફફડાવ્યા કરે છે. તેના ઝપાટામાં આવવાથી અનેક ભમરાઓ મરણ પામે છે.

આવી કેટલીય મરણ વેદના અજ્ઞાનદશામાં આ જીવે ભોગવી છે...

આ છે ચક્ષુરિન્દ્રિયની ગુલામીની કથા..

સૂર્ય અસ્ત પામે છે... ધીમે ધીમે અંધકારનું સામ્રાજય ચારે બાજુ જામે... અંધકારને દૂર કરવા, પ્રકાશને પામવા ઘર ઘર દીવા પ્રગટે. દીવાની સુવર્ણમય જ્યોતિ જોઇને પતંગિયું ભાન ભૂલે... પરિણામનો વિચાર ચૂકે છે. જ્યોતિમાં મોહ પામે છે... આકર્ષણ પામીને જ્યોતિ ઉપર પડે છે... તરત જ બળીને નાશ પામે છે... આ કેવી કારમી ગુલામી છે !

હવે આવે છે પાંચમી શ્રોતેન્દ્રિયની ગુલામીના કરૂણ અંજામને દર્શાવતી વાસ્તવિકતા!

મુક્ત જંગલમાં દોડતા હરણીયા હોય કે પોતાના દરમાં રહેતો સર્પ હોય એમને પકડવા શું કરવામાં આવે છે? જાણો છો તમે? ના? તો સાંભળો....

જ્યારે હરણને પાસલામાં ફસાવવા હોય છે ત્યારે પારધિ પહેલા જાળ પાથરે છે. પછી પારધી ત્યાં સુંદર... કર્ણપ્રિય સંગીત છેડે છે. મધુર સંગીત સાંભળતાં જ થોડા સમયમાં જંગલના હરણ આવે છે... ભેગા થાય છે. સંગીત સાંભળવામાં લયલીન બની જાય છે.. બિચારાઓને ખબર નથી કે આ સંગીત સાંભળવા જતાં પ્રાણ ગુમાવવા પડશે. જ્યાં હરણો સ્થિર થઇને સંગીત સાંભળે છે ત્યાં તો પારધી પાથરેલી જાળ સંકોચી લે છે... ભોળા હરણીયા તેનો ભોગ બને છે. આ છે શ્રોતેન્દ્રિયની પરવશતાનું ફળ...!

આવી જ હાલત છે સર્પ કે નાગ-નાગણીની. કર્ણને વશ થઇને સર્પ વાંસળીનો સ્વર સાંભળવા પોતાના દરમાંથી બહાર નીકળે છે અને ગારુડી તેને પકડી લે છે.. એટલે એને જન્મ પર્યંત કેદખાનામાં પુરાઇ રહેવું પડે છે.

આવી તો એક એક ઈન્દ્રિયની પરાધીનતાના ભયંકર પરિણામોને દર્શાવતી અનેક કથાઓ છે. આ કથાઓની વાત બતાવી સુજ્ઞ મુનિ ભગવંત આશ્રવ ભાવના આલેખતાં કહે છે -

**મૃગ પતંગ અલિ માછલો કરિ એક વિષય પ્રપંચ**
**દુઃખીયા તે કિમ સુખ લહે રે, જસ પરવશ એહ પંચો રે...**

હે માનવી! સમજ તો ખરો... એક એક ઈન્દ્રિયની ગુલામી હરણ, પતંગિયા, ભ્રમર, માછલા અને હાથીને મોતને ઘાટ ઉતારે છે... દુઃખી દુઃખી કરી દે છે તો જે પાંચે પાંચ ઈન્દ્રિયોનો ગુલામ છે એની હાલત શું થશે? તે કેમ સુખીયો થઇ શકશે?

ઈન્દ્રિયોની ગુલામી એ સુખનો નહીં દુઃખનો માર્ગ છે. સુખનો માર્ગ ઈન્દ્રિયોને જીતવાથી મળે છે. સુખી બનવા માટે જીતેન્દ્રિય બનવું પડે છે. જે જીતેન્દ્રિય બન્યા છે તે જ સુખને પામ્યા છે સુખી બન્યા છે.

ગંગા નદી... એના કિનારે મહાદ્રહ છે...

ત્યાં ઘણા મગરમચ્છ... કાચબાદિ જળચર પ્રાણીઓ રહે છે... આમાંથી બે કાચબા સ્થળમાં વિચરનારા અને દેડકા... કિડા વિગેરેના માંસમાં આસક્ત હતા. આ બન્ને કાચબા દ્રહની ચારે બાજુ ફરતા. આ કાચબાઓને પાપી શિયાળોએ જોયા. શિયાળો એમને ખાવા માટે

એમની તરફ આવ્યા. પોતાની નજીક આવતા શિયાળોને જોઇને બન્ને કાચબાઓએ પોતાના અંગ સંકોચી લીધા. પોતાના ચાર પગ અને મસ્તક (ડોક) પોતાના પીઠની ઢાલમાં ગોપવી (છૂપાવી) દઇને સ્થિર રહ્યા... ચેષ્ટારહિત-કંપનરહિત બની નિર્જીવની જેમ રહ્યા. શિયાળો એમની નજીક આવે છે... ઉપાડે છે... એમ તેમ ફેરવે છે... નીચે પાડે છે... પરંતુ કાચબા પોતાના કોઇ અંગને હલાવતા નથી. તેથી તે શિયાળ નજીકમાં જ ગુપ્તપણે રહ્યા. બે કાચબામાંથી એક કાચબાએ શિયાળો દૂર ગયા જાણી, પગ પસાર્યા અને ડોક બહાર કાઢી એટલે એક શિયાળે તરત એને મુખથીપકડીને એના ટુકડે-ટુકડા કરી નાંખ્યા.

બીજા કાચબો પોતાના અંગોને સંકોચીને જ રહ્યો. અંતે શિયાળો થાકીને ચાલ્યા ગયા ત્યારે એ ધીમે ધીમે પોતાના અંગ બહાર કાઢીને સુખપૂર્વક વિચરવા લાગ્યો.

આ દૃષ્ટાંતનો ઉપનય આપણને ઇન્દ્રિયોને ગોપવવાથી થતા લાભને જણાવે છે અને જે ઇન્દ્રિયોને નથી ગોપવતા તેમને એના કટુ પરિણામ ભોગવવા પડે છે.

સુગુરુ ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખે છે. ગોપવીને એમને સન્માર્ગે વાળે છે.

## જિનોક્ત સિદ્ધાંતના રહસ્યને સ્વીકારનાર

ગુરુ કેવા હોય ? તે જણાવતા આગળ કહે છે કે જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલા આગમોનો યોગવહન પૂર્વક સદ્ગુરુના મુખકમલથી જેમણે રહસ્ય સ્વીકારેલ છે તેજ સદ્ગુરુ છે. ઠાણાંગ સૂત્રમાં ત્રણ પ્રકારના સાધુઓ વાચના માટે એટલે જ વિશેષ શ્રુત ભણાવવા માટે અયોગ્ય કહ્યા છે અને એના માટે **'ન વાચનીયા:'** શબ્દ પ્રયોગ કર્યો છે. આ ત્રણ ક્યા છે ? તે જણાવતાં કહે છે -

(૧) અવિનીત (૨) વિકૃત પ્રતિબદ્ધ અને (૩) અશાંત-પરમક્રોધી

**અવિનીત -** જે વિનયરહિત છે એ વિદ્યાને શોભાવી ન શકે. અવિનીત શ્રુત ભણ્યા વિના પણ જ્યારે સ્તબ્ધ રહે છે તો શ્રુતને પ્રાપ્ત કર્યા પછી તો શું કહેવું ? તે અધિક અવિનીત-સ્તબ્ધ થાય છે. અહંકારી પ્રાણી ક્ષત થયેલાને ક્ષારનું સિંચન કરવાની જેમ અધિક નષ્ટ થાય છે. વિનયપૂર્વક ભણેલી વિદ્યા સ્વપરનું કલ્યાણ કરનારી થાય છે... આ લોક-પરલોકમાં શુભ ફળ આપનારી બને છે. પરંતુ અવિનીતની વિદ્યા બન્ને લોકમાં નિષ્ફળ થાય છે.

**વિકૃત પ્રતિબદ્ધ -** વિકૃત પ્રતિબદ્ધ એટલે ઘી વગેરે વિગઇઓમાં તીવ્ર આસક્ત. આવો સાધુ યોગવહન કરી શકતો નથી. યોગવહન વિના શાસ્ત્ર ભણાય નહીં. સાધનહીન વિદ્યા

અનેક પ્રકારના અવગુણોને આપનારી બને છે. તેવી જ રીતે વિકૃત પ્રતિબદ્ધને આપેલી વિદ્યા ઇચ્છિત ફળને ન આપી શકે. સૂત્ર કરતાં અર્થ વિશેષ છે તેથી સૂત્ર પણ ન ભણાવી શકાય અને અર્થ પણ ન જ ભણાવી શકાય.

**અશાંત-પરમક્રોધી** – પરમ ક્રોધ નરકમાં પાડનાર હોય છે. જે ઉપશાંત થતો નથી તે સિદ્ધાંત ભણવાને અયોગ્ય છે. એ સિદ્ધાંતના રહસ્યોને પામી અને પચાવી શકતો નથી. એમને શાસ્ત્રોના રહસ્યો આપવાથી લાભના બદલે હાની થવાની સંભાવના હોવાથી તેમનો સમાવેશ **'न वाचनीया:'** માં થાય છે.

તેથી જ આ બધાનો સમાવેશ સુગુરુમાં થતો નથી.

દેવપણાને પામ્યા છતાં જેમણે પૂર્વ ભવમાં શાસ્ત્રાભ્યાસ નથી કર્યો તે દેવો પણ પરિતાપને પામે છે. તેઓ પણ ચિંતવે છે કે

''અહો ! મેં છતે બળે... છતે વીર્યે... છતે પુરુષાર્થે... ક્ષેમ અને સુભિક્ષતાની પ્રાપ્તિમાં આચાર્ય-ઉપાધ્યાયનો યોગ પામવા છતાં નિરોગી શરીર હોવા છતાં ઘણા શ્રુતનો અભ્યાસ ન કર્યો''

''અહો ! આ લોકમાં આસક્ત-પ્રતિબદ્ધ અને પરલોકમાં પરાઙ્મુખ એવા મેં વિષય તૃષ્ણાથી લાંબા સમય સુધી સંયમનું પાલન ન કર્યું.''

''અહો ! મેં ઋદ્ધિ ગારવ... રસગારવ... શાતા ગારવથી... અને ભોગની અભિલાષામાં આસક્ત થઇ વિશુદ્ધ ચારિત્ર પાલન ન કર્યું''

આવા પ્રકારે ત્રણ સ્થાનકોથી દેવો પણ પરિતાપ પામે છે. આ બધા કારણોથી શાસ્ત્ર-સિદ્ધાંતના રહસ્યને પામેલા ગુરુ જ સુગુરુ છે. વળી સુગુરુ કેવા છે ? તે જણાવતાં કહે છે –

## પાંચ સમિતિ – ત્રણ ગુપ્તિ યુક્ત

જેવી રીતે માતા પોતાના બાળકનું રક્ષણ અને પોષણ કરે છે તેવી જ રીતે અષ્ટપ્રવચન માતા એ સાધુની માતા છે. આ અષ્ટ પ્રવચન માતા સંયમ જીવનનું રક્ષણ અને પોષણ કરે છે. સાધુનું જઘન્ય સંયમ અષ્ટ પ્રવચન માતાના પાલનમાં છે. આ અષ્ટ પ્રવચન માતામાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે.

સમિતિ તે સમ્યગ્ પ્રકારની ક્રિયા છે.

સમિતિ પાંચ પ્રકારે છે –

(૧) **ઈર્યાસમિતિ** - સાડા ત્રણ હાથ જમીન જોઇને જયણાપૂર્વક... કોઇ જીવને પીડા-કિલામણા ન થાય એ પ્રકારની ગમનાગમન (જવા-આવવાની) ક્રિયા તે ઇર્યાસમિતિ છે.

(૨) **ભાષાસમિતિ** - સમ્યગ્ પ્રકારે મુહપત્તિના ઉપયોગ સહીત હિત-મિત-પ્રિય અને સત્ય નિરવદ્ય વચન બોલવું તે ભાષાસમિતિ છે.

(૩) **એષણાસમિતિ** - બેંતાલીસ દોષ રહિત આહાર-પાણીની ગવેષણા કરવી તે એષણાસમિતિ છે.

(૪) **આદાનભંડ નિક્ષેપણા સમિતિ** - કોઇ પણ વસ્તુ લેતાં કે મુકતાં સ્થાન જોઇને, બરાબર પોંજી પ્રમાર્જીને. કોઇ જીવને કિલામણા ન થાય તેમ ક્રિયા કરવી તે આદાનભંડનિક્ષેપણા સમિતિ છે.

(૫) **પારીષ્ઠાપનિકા સમિતિ** - અનુપયોગી વસ્તુઓ, તેમજ મળ-મુત્રાદિને નિર્વદ્ય ભૂમિમાં વિધિપૂર્વક ત્યાગ કરવાની ક્રિયા તે પારીષ્ઠાપનિકા સમિતિ છે.

આ પાંચ સમિતિનું સુયોગ્ય રીતે પાલન કરવામાં આવે તો સાધુ ઘણી જ હિંસાથી બચી જાય છે અને સુંદર રીતે જયણા-જીવદયાનું પાલન થાય છે. સર્વ જીવોને અભયદાન મળે છે.

मणगुत्ति माइयाओ, गुत्तीओ तिन्नि हुंति नायव्वा ।
अकुसलनिवित्तिरुवा, कुसलपवित्तिस्सरुवा य ।।

મનોગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ આ ત્રણ ગુપ્તિઓ જાણવી. અકુશલ એટલે ખરાબ મન-વચન-કાયાના નિવૃત્તિરૂપ અને કુશલ એટલે શુભ મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ હોય છે.

**મનોગુપ્તિના ત્રણ પ્રકાર છે -**

૧. આર્ત અને રૌદ્રધ્યાને અનુસરનાર કલ્પનાઓના સમૂલ વિયોગરૂપ.

૨. શાસ્ત્રને અનુસરનારી, પરલોકને સાધનારી, ધર્મધ્યાનના અનુબંધવાળી મધ્યસ્થ પણાની પરિણતિ.

૩. કુશળ અને અકુશળ મનોવૃત્તિના નિરોધથી યોગનિરોધ (શૈલેષીકરણ) અવસ્થામાં થનારી પોતાના આત્મામાં લીનતારૂપ.

**વચન ગુપ્તિના બે પ્રકાર છે -**

૧. મૌન આરાધના રૂપ વચન ગુપ્તિ. એમાં પણ મુખવિકાર, નેત્રવિકાર, ભ્રૂવિકાર એવં

કાયાની સર્વ ચેષ્ટાઓના ત્યાગ સાથે મૌન ધારણ કરવાં રૂપ વચનગુપ્તિ.
૨. આગમને વિરોધ ન આવે એ રીતે મુહપત્તિના ઉપયોગ સહિત બોલવારૂપ વચનગુપ્તિ.

**કાયા ગુપ્તિના બે પ્રકાર -**

૧. કાયાની ચેષ્ટાઓની નિવૃત્તિરૂપ અને

૨. આગમ અનુસાર ચેષ્ટાઓના નિયમરૂપ.

આવા પ્રકારે જિન શાસનને પામેલા સાધુ-સાધ્વીજી ભગવંત ઉપરોકત પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિનું પાલન કરે છે.

એવી રીતે સુગુરુ શરીર પ્રત્યે નિરાસક્ત... બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત... પાંચ ઇન્દ્રિય વિજેતા... સિદ્ધાંતના પરમાર્થને ગ્રહણ કરનાર... તથા પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિના આરાધક હોય છે. આવા સુગુરુ જ સાચા ગુરુ છે. તેજ સંસાર સાગરથી તારનાર બની શકે છે. સ્વ. પરનું આત્મકલ્યાણ સાધી શકે છે. આવા સુદેવ-સુધર્મ અને સુગુરુને પામનાર બડભાગી હોય છે. એમને અનુસરનાર માનવ ભવને સફળ બનાવે છે.

## અવંદનિક

સુગુરુનું સ્વરૂપ જણાવ્યા પછી, સુગુરુના ગુણ રહિત પાસત્થાદિનું સ્વરૂપ જણાવે છે -

पासत्थो[१], ओसन्नो[२], होइ कुसीलो[३] तहेव संसत्तो[४] ।
अहछंदो[५] वि य एए, अवंदणिज्ञा जिणमयम्मि ।।९।।

પાસત્થા, ઓસન્ના, કુશીલ, સંસક્ત અને યથાછંદ એ પાંચ જિનેશ્વરના મતમાં અવંદનિક કહેલા છે.

### ૧. પાસત્થા

પાસત્થાની બે પ્રકારે વ્યાખ્યાઓ કરવામાં આવી છે -

* દર્શનાદિ પાસે રહે તે પાર્શ્વસ્થ.
* મિથ્યાત્વ આદિ કર્મબંધના હેતુરૂપ પાશમાં રહે તે પાશસ્થ.

જ્યારે તમે દર્શન-જ્ઞાન-ચારિત્રની પાસે છો ત્યારે તમે કર્મબંધના હેતુથી મિથ્યાત્વ-અવિરતિ-કષાય-પ્રમાદાદિ થી દૂર થાવ છો. પરંતુ અહીં પાસત્થાની જે અવસ્થા જણાવી છે તે બન્નેના મિશ્રણ સ્વરૂપ છે. દર્શન-જ્ઞાનાદિની પાસે હોવા છતાં મિથ્યાત્વાદિના પાશમાં ફસાયેલા છે.

આવા પાસત્થાના બે પ્રકાર છે -

(૧) સર્વથી પાસત્થા (૨) દેશથી પાસત્થા

સર્વથી દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની નજીક પાસે રહે તે સર્વ પાસત્થા.

પરંતુ જે સાધુ અતિચાર લગાડે છે. શય્યાતર પિંડ, અભ્યાહૃદ પિંડ, નિયત પિંડ, નીચ પીંડ (હલકા કૂળનો) અગ્રપિંડાદિ કારણ વિના વાપરે તે દેશ પાસત્થા કહેવાય છે. ગૃહસ્થનો પરિચય વધારે... વિના કારણે એમના ઘરમાં રહે... તે દેશ પાસત્થા છે.

## ૨. ઓસન્ના

સાધુ સમાચારીનાં પાલનમાં જે શિથિલ છે તે અવસન્ન અથવા ઓસન્ના કહેવાય છે.

ઓસન્નાના પણ પાશ્વસ્થની જેમ બે પ્રકાર છે -

(૧) સર્વથી ઓસન્ના અને (૨) દેશથી ઓસન્ના

પીઠ, ફલક, પાટ,પાટલાદિનો સદાકાળે કારણ વિના પણ ઉપયોગ કરનારા તથા આહાર સંજ્ઞા આધીન સ્થાપના પિંડ વાપરનાર એટલે રાખેલા આહારનું ભોજન કરનારા સર્વથી ઓસન્ના છે. સાધુને **'કુક્ષી સંબલ'** કહેવામાં આવ્યા છે. જેટલું ઉદરમાં સમાય એટલું જ લેવા વાળા હોય છે. મૂળ માર્ગ ઔષધ પણ રાતે રાખવાની રજા આપતો નથી.

ષડ્ આવશ્યક આરાધના, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ, ગોચરી, ગમનાગમનાદિ ક્રિયાઓ ઉપયોગ પૂર્વક ન કરે, ગુરૂના બળથી કરે તો પણ ઓછી અધિક કરે તે દેશથી ઓસન્ન છે.

## ૩. કુશીલ

જેનું શીલ ખરાબ હોય તે કુશીલ

જિન શાસનમાં ત્રણ પ્રકારના કુશીલ કહ્યા છે - (૧) જ્ઞાન કુશીલ (૨) દર્શન કુશીલ અને (૩) ચારિત્ર કુશીલ

જ્ઞાનાચારની વિરાધના કરનાર જ્ઞાન કુશીલ છે.

દર્શનાચારની વિરાધના કરનાર દર્શન કુશીલ છે.

ચારિત્રાચારની વિરાધના કરનાર ચારિત્ર કુશીલ છે.

મંત્ર-તંત્ર, દોરા-ધાગા, નિમિત્ત, લક્ષણ, જ્યોતિષાદિથી આજીવિકા ચલાવનાર સાધુ પણ ચારિત્ર કુશીલ કહ્યા છે.

ત્રણે પ્રકારના કુશીલ આગમમાં અવંદનીય કહ્યા છે.

## ૪. સંસક્ત

જેવા સાથે રહીએ તેવા આપણે બનીએ. જેવો સંગ તેવો રંગ લાગે. સાધુ પાસત્થા સાથે રહે તો દોષોને પામે... તપસ્વીની સાથે રહીને ગુણોને પામે. એવા પ્રકારે સાધુના મૂળ-ઉત્તર ગુણોના જે દોષો અને ગુણો છે તે સમીપ રહેલામાં મિશ્રિત થાય છે. શુદ્ધ અથવા અશુદ્ધ જેવાની સાથે મળે તેના જેવો થાય તે સંસક્ત કહેવાય છે. સંસક્ત બે પ્રકારના છે -

(૧) **સંકલિષ્ટ** અને (૨) **અસંકલિષ્ટ**

પાંચ પ્રકારના આશ્રવમાં પ્રવર્તેલો... ત્રણ પ્રકારના ગારવમાં આસક્ત અને સ્ત્રી-ગૃહ વિગેરેમાં સંકલેશ પામનાર **સંકલિષ્ટ સંસક્ત** છે.

પાસત્થા અથવા સંવિગ્ન સાધુઓમાં જ્યાં મળે એના જેવો થાય. ધર્મ પ્રત્યે પ્રેમવાળો અથવા શિથિલ થાય તે **અસંકલિષ્ટ સંસક્ત** કહેવાય છે.

સંસક્ત પણ આગમમાં અવંદનીય કહ્યા છે.

## ૫. યથાચ્છંદ

આગમની અપેક્ષા રાખ્યા વિના સ્વેચ્છા પૂર્વકની પ્રવૃત્તિ કરે તો તે સાધુ યથાચ્છંદ કહેવાય છે.

ઉત્સૂત્રને આચરતો... ઉત્સૂત્રની પ્રરૂપણા કરતો સાધુ યથાચ્છંદ અથવા ઇચ્છાછંદ છે. ઉત્સૂત્ર પ્રરૂપણા કરવી, શાસ્ત્રમાં ન ઉપદેશેલું કહેવું, સ્વછંદથી વિકલ્પ કરેલું કહેવાથી બીજાઓને કલેશ થાય છે. તેથી આવું બોલનાર યથાચ્છંદ જાણવો. સુખશીલતામાં આસક્ત સાધુ ત્રણ ગારવથી સંસારમાં ડૂબે છે.

વૃત્તિકાર લખે છે કે આ પાસત્થાદિ પાંચે આગમમાં અવંદનીય કહ્યા છે લોકમાં નહિં.

પાસત્થાદિ પાંચનું સ્વરૂપ જણાવી એમને અવંદનીય કહ્યા. હવે એમને વંદન કરનારને શું દોષ લાગે છે તે જણાવે છે.

# પાસત્થાદિ ને વંદન દોષ

पासत्थादी वंदमाणस्स, नेव कित्ती न निज्ञरा होइ ।
जायइ कायाकेलेसो, बंधो कम्मस्स आणाइ ।।१०।।

પાસત્થા આદિને વંદન કરનારની કીર્તિ એવં નિર્જરા થતી નથી. કાયાક્લેશ થાય છે અથવા આજ્ઞાભંગાદિ કર્મબંધ થાય છે.

સાધુને વંદન કરવાથી ગુણોની પ્રાપ્તિ... યશકીર્તિ... કર્મનિર્જરા થાય છે. એવં એમાં જિનાજ્ઞાનું પાલન થવાથી ઠેઠ તીર્થંકર નામકર્મના બંધ સુધીનો લાભ થાય છે. પરંતુ જ્યારે પાસત્થાદિને વંદન કરવામાં આવે છે, ત્યારે આવો કોઇ લાભ પ્રાપ્ત થતો નથી. આ વાત અહિં જણાવવામાં આવી છે. અવંદનીયને વંદન કરવાથી લાગતા દોષ જણાવતાં કહે છે -

- યશ-કિર્તિની પ્રાપ્તિ થતી નથી.
- કર્મ નિર્જરા થતી નથી.
- કાયાક્લેશ થાય છે.
- જિનાજ્ઞા ભંગથી કર્મબંધ થાય છે.

''અહો! તમે ઘણા પુણ્યશાળી છો... ઘણું સુંદર કાર્ય કરી રહ્યા છો''... આવી પ્રશંસા કે અનુમોદના કોઇ કરતું નથી. પરંતુ સંયમમાં નબળા કે શિથિલાચારીને વંદન કરવાથી આ પણ એના જેવાજ હશે એવી રીતે એ વ્યક્તિની વાતો અને નિંદા થવાની પણ સંભાવના હોય છે.

ધર્મની પ્રત્યેક આરાધના કર્મ નિર્જરા માટે જ કરવાની છે. જે આરાધના કર્યા પછી કર્મ નિર્જરા ન થાય તે આરાધના નિરર્થક છે. અહિં પાસત્થાદિને કરેલી ગુરુવંદનની આરાધના 'કુગુરુને' વંદનરૂપ હોવાથી કર્મ નિર્જરા કરાવી શકતી નથી. પાસત્થાદિ તીર્થંકર પરમાત્માની આજ્ઞાના વિરાધક હોવાથી નિર્ગુણી છે. તેથી તેમને કરેલી વંદનાથી કર્મ ક્ષય થતો નથી.

આ વંદન ફળ સ્વરૂપે કર્મ નિર્જરા નથી કરાવતું તેથી તે કેવળ કાયાક્લેશ બનીને રહે છે. વંદનાદિ કરવા ખમાસમણાદિ આપવા કાયાને નમાવવી પડે છે. કાયાને કષ્ટ થાય છે. તેથી કેવળ કાયાક્લેશ થાય છે.

જિનાજ્ઞાભંગ કેવી રીતે થાય ? તે જણાવતાં કહે છે કે એકને વંદન કરતાં જોઇ બીજા

પણ વંદન કરે એ અનવસ્થા છે: તેવીજ રીતે પાસત્થાદિને કોઇ વંદના કરે તે જોઇને બીજાઓ મિથ્યાત્વ પામે, નિંદા કરી દોષિત બને છે. અસંયમની અનુમોદના અને સંયમની વિરાધનાનો દોષ લાગવાથી કર્મબંધ થાય છે.

પાસત્થાદિ પાંચે ઉત્કૃષ્ટ દયાભાવના સ્વામિ ન હોવાથી નિર્દયતાના કારણે આરંભયુક્ત હોય છે. આવી વ્યક્તિઓને ગુણાવાન.... દયાવાન વંદન કરે તે અયોગ્ય છે. મહાદોષનું કારણ છે. તેથી આ ક્રિયા ટાળવા જેવી છે એ સમજાવવા આગળ દૃષ્ટાંત પૂર્વક એનું ફળ જણાવે છે.

## કુગુરુઓ કેવા અનર્થ કરે છે ?

जह लोहसिला अप्पंपि, बोलए तह विलग्गपुरिसंपि ।
इय सारंभो य गुरु, परमप्पाणं च बोलेई ।।११।।

**અર્થઃ-** જેમ લોખંડની શિલા (નાવડી) પોતે ડૂબે છે અને તેને વળગેલા-તેમાં બેઠેલા મનુષ્યને પણ ડૂબાડે છે. તેમ જિનાજ્ઞા વિરૂદ્ધ વર્તનારા પાપી (આરંભે સહિત) ગુરુઓ જેઓ તેમના ઉપાસક (સેવક) હોય તેઓને અને પોતાને (પોતાના આત્માને) પણ સંસારમાં ડૂબાડે છે.

ગુરુજનોના ત્રણ પ્રકાર કહેવામાં આવ્યા છે.

(૧) લાકડાની નાવ જેવા (૨) કાગળની નાવ જેવા અને (૩) પત્થર કે લોઢાની નાવ જેવા

લાકડાની નાવ સ્વયં તરે અને એમાં બેસનારને પણ તારે છે તેવી રીતે શ્રેષ્ઠ સુગુરુ આ નાવ જેવા હોય જે સ્વયં તરે અને પોતાના આશ્રિતોને પણ તારે છે.

કાગળની નાવ સ્વયં તરે પણ એમાં બેસનારને ન તારી શકે. એવા જ પ્રકારના ગુરુઓ હોય જે સ્વયં પોતાને તારે પોતે તરે પણ બીજાને ન તારે.

જ્યારે કુગુરુઓ તો પત્થર કે લોઢાની નાવડી જેવા હોય છે તે સ્વયં ડૂબે અને બીજાને ડૂબાડે છે.

આવા કુગુરુની અહિં વાત કરવામાં આવી છે. પાણીમાં તરવું કે ડૂબવું તે નાવડીના પ્રકાર

ઉપર આધાર રાખે છે તેવીજ રીતે સંસાર સાગરમાં ડૂબવું કે તરવું તે ગુરુ ઉપર આધાર રાખે છે.

રામચંદ્રજીની વાનરસેનાએ પાણીમાં નાંખેલા પત્થર ડૂબ્યા નહીં તે વાત જણાવી કહે છે – ''તે પત્થરાઓ પણ તરે છે. વાનરભટોને પણ તારે છે. એ પત્થરનો ગુણ નથી... સમુદ્રનો ગુણ નથી... વાનરાઓનો ગુણ નથી... પરંતુ તે આ શ્રીમદ્ રામચંદ્રજીનો પ્રતાપ-મહિમા સ્ફુરાયમાન થાય છે.''

સંસાર સાગર તરવામાં આપણો ગુણ કે મહિમા નથી એ મહિમા સુદેવ-સુગુરુ-સુધર્મનો હોય છે. અહીં એજ વાત સુગુરુ માટે સમજાવે છે અને કુગુરુથી દૂર થવાનું જણાવે છે.

પૃથ્વીકાયાદિ જીવોની હિંસા કરનાર તેમજ બ્રહ્મચર્ય પરિભ્રષ્ટ કુગુરુને ગુરુ વંદન કરવાથી કરનારને તથા પોતાને (કુગુરુને)ચાર ગતિમય સંસારમાં ડૂબાડે છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે –

जे बंभचेर भट्ढा, पाप उड्डति बंभचारीण ।
ते होतिं कुंटमंटा, बोहीय सुदुल्लहा तेसिं ।।

બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા જો બ્રહ્મચારીને પગે લગાડે તે લૂલા-લંગડા થાય છે તથા તેઓનું બોધિબીજ અતિ દુર્લભ થાય છે.

આવા સાધુઓ પોતાની જાતને પરમાત્માના માર્ગથી અતિ દૂર લઇ જાય છે. આવા સાધુઓને વંદન કરનાર અને કરાવનાર બન્ને દોષિત થાય છે. પાસત્થાદિ તો અવંદનીય છે જ. પરંતુ જો ગુણવાન સાધુઓ એમનો સંગ કરે તો એ પણ વંદન કરવા યોગ્ય રહેતા નથી. આ વાત દૃષ્ટાંતથી સમજાવતાં કહે છે કે ''અશુચિ સ્થાનમાં પડેલી ચંપાના સુંદર પુષ્પોની માળા પણ ત્યાગ કરવા યોગ્ય છે તેવી જ રીતે ચંપાની માળા જેવા સુસાધુઓ પણ અશુચિ સ્થાન જેવા પાસત્થાદિના સંસર્ગથી ત્યાગ કરવા લાયક બને છે.''

ચંપાના પુષ્પોના પ્રેમી એક કુમાર છે.

આ યુવાન મસ્તક ઉપર સુંદર ચંપકમાળાને ધારણ કરીને ઘોડા ઉપર બેસીને જતો હતો, ઘોડો ઉછળતો તો સાથે એના મસ્તક ઉપર રહેલી માળા પણ ઉછળતી, એમાં થતાં એક સ્થાને ઘોડો વધારે ઉછળવાથી કુમારના મસ્તક ઉપરની ચંપકમાળા અશુચિ સ્થાનમાં પડી ગઇ. ચંપાની માળા ઉપરના તીવ્ર રાગના કારણે કુમાર ઘોડા ઉપરથી નીચે ઉતરી માળા ગ્રહણ

કરવા જાય છે. પરંતુ માળાને અશુચિ સ્થાનમાં પડેલી જોઇ એનો ત્યાગ કરી દે છે.

કથાનો ઉપનય જણાવતાં કહે છે -

**ચંપકમાળાના સ્થાને સુગુરુઓ જાણવા અને**

**અશુચિ સ્થાનમાં પાસત્થાદિ જાણવા.**

જેઓ વિશુદ્ધ છે, સુસાધુઓ છે, પાસત્થાદિ સાથે મળે... સાથે રહે કે વસે તો એમનો પણ ત્યાગ કરવો જોઇએ. કુશીલાદિ સાથે રહેનાર સુસાધુ પણ નિંદાને પામે છે. નિંદિત થાય છે. એ માટે પણ દષ્ટાંત જણાવે છે.

એક બ્રાહ્મણ હતો... તેને પાંચ પુત્ર હતા.

પાંચે પુત્ર ચૌદ વિદ્યાસ્થાનોના પારગામી હતા.

પાંચ પુત્રોમાંથી એક પુત્ર બટુક એક દાસી પ્રત્યે આકર્ષાયો. એના પ્રત્યે આસક્ત થયો. દાસી મદિરા પાન કરતી... બટુક કરતો ન હતો. રોજ ને રોજ દાસી બટુકને આગ્રહ કરવા લાગી અને એક દિવસ દાસીએ એને દારૂ પીવડાવી દિધો. પહેલા બટુક છૂપીને દારૂ પીતો. ધીમે ધીમે ખુલ્લે આમ પીવા લાગ્યો. આગળ વધતાં માંસ ખાવા લાગ્યો. કુસંગ માનવીને બગાડે છે. પિતા વિગેરેએ સમજાવ્યા છતાં ન સમજતાં એને પણ ઠપકો આપી ઘરમાંથી બહાર કાઢ્યો.

સમય જતાં તેનો ભાઇ તેની પાસે જતો, આવતો, તેને જે જોઇએ તે આપતો, પિતાને વાત સમજાતાં એને પણ ઠપકો આપી ઘરમાંથી બહાર કાઢયો.

હવે ત્રીજો ભાઇ શેરીની બહાર એને મળતો... પૂછપરછ કરતો... એની સાથે વ્યવહાર રાખતો. પિતાએ એને પણ ઠપકો આપી ઘર બહાર કાઢી મૂકયો.

ચોથો ભાઇ સીધેસીધો વ્યવહાર કરતો નથી. પરંતુ પરંપરાએ વ્યવહાર કરે છે. પિતાએ એને પણ ઘર બહાર કર્યો.

પાંચમો એની સાથે કોઇ પ્રકારનો વ્યવહાર રાખતો નથી પોતાની ઇન્દ્રિયોને કાબુમાં રાખે છે. પિતાએ એને ઘરનો સ્વામિ બનાવી ઘરનો ભાર સોંપ્યો. બીજા ભાઇઓ લોકમાં નિંદિત થયા.

બ્રાહ્મણ તે આચાર્ય ભગવંત છે...

દુરાચારી તે પાસત્થા-કુશીલાદિ છે...

જેવા પુત્રો તેવા સાધુઓ છે...

કુશીલાદિ સાથે સંગ કરનાર સંઘમાં નિંદિત બને છે. જે કુશીલીયાનો સંગ તજે છે તે પૂજનિક બને છે... મુક્તિની મંઝિલને પામે છે.

જેવા સાથે મૈત્રી કરીએ... અલ્પ સમયમાં તેવા થઇએ છીએ. આ વાતને સારી રીતે સમજીને કુશીલાદિ સાથે મૈત્રી ત્યાગી શુદ્ધ સાધુઓનો સંગ કરી આત્મ કલ્યાણ સાધવાનું છે.

કુગુરુને વંદન કરવાથી થતી હાનિને વધારે સ્પષ્ટ કરી જીવનમાં આવી હાનિ ટાળવા માટેનો ઉપદેશ આપે છે.

किइकम्मं च पसंसा, सुहसीलजणंमि कम्मबंधाय ।
जे जे पमायठाणा, ते ते उववूहिया हुंति ॥१२॥

**અર્થ :-** સુખશીલિયા-ભ્રષ્ટાચારી ગુરુને કૃતિકર્મ દ્વાદશાવર્ત્ત વંદન અને પ્રશંસા (વિગેરે) કરવાથી કર્મબંધન થાય છે, વિશેષમાં તે જે જે પ્રમાદ સેવતો હોય તેનું વધારે સેવન કરે છે.

અનાદિ કાળથી સંસારમાં તો આ જીવ ડગલે ને પગલે કર્મબંધન કરી જ રહ્યો છે. પરંતુ ધર્મમાં પણ અસાવધાન બનતાં આપણે કર્મબંધ કરીએ છીએ. એનો ઘણીવાર આપણને ખ્યાલ પણ આવતો નથી. આપણને એ માટે અહિં જાગૃત કરવામાં આવ્યા છે.

શાતાલંપટ - સુખશીલીયા પાસત્થાદિને વંદન કરવાથી અથવા એમની પ્રશંસા કરવાથી આપણે જ્ઞાનાવરણાદિ આઠ કર્મ બાંધીએ છીએ. વંદન અને પ્રશંસા કરવાથી તે પોતાની જાતને પૂજ્યજ માની લે છે. તેઓ જે જે પ્રમાદસ્થાનોનું સેવન કરે છે એમની પુષ્ટિ થાય છે. દોષી વ્યક્તિઓને વંદન કરવાથી દોષોની-પાપની અનુમોદનાનો મોટો દોષ લાગે છે.

પાસત્થા સર્વથા અચારિત્રી નથી. અતિચાર સહિત ચારિત્ર પાળનારને પણ પાસત્થા માનવામાં આવે છે. નિશીથ ચૂર્ણિમાં કહ્યું છે કે-''પાસત્થા સૂત્રપૌરુષીમાં બેસે છે અથવા અર્થપૌરુષી કરતો નથી... દર્શનાતિચારોમાં વર્તે છે... ચારિત્રમાં વર્તતો નથી અથવા અતિચારોને ત્યાગતો નથી. એવી રીતે પાસત્થા સ્વસ્થ રહે છે.''

આ પાઠથી સમજાય છે કે પાસત્થામાં સર્વથા ચારિત્રનો અભાવ નથી... પરંતુ અતિચાર સહિત ચારિત્રપણું છે.

# સમકિત

**શ્રદ્ધાની દઢતા કેળવવા માટે ત્રણ ગાથાથી સમકિતનું સ્વરૂપ, તેની દુર્લભતા અને તેનું ફળ જણાવે છે.**

अरिहंत देवो गुरुणो, सुसाहुणो जिणमयं मह पमाणं ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥१३॥

**અર્થ :-** અરિહંત તે દેવ, સુસાધુઓ તે ગુરુઓ અને જૈન (જિનોક્ત) તત્વો (ધર્મ) તે મારે પ્રમાણ છે. ઇત્યાદિ આત્માનો શુભ ભાવ, તેને જગદ્ગુરુ શ્રી તીર્થંકર દેવો સમ્યક્ત્વ કહે છે.

સમ્યક્ત્વ એજ તો મુક્તિ મહેલનું પ્રવેશ દ્વાર છે. જ્યાં સમક્તિ નથી ત્યાં મુક્તિ નથી... સમક્તિ નથી ત્યાં સાચી સાધુતા નથી... તેમજ સમક્તિ નથી ત્યાં શ્રાવક જીવન પણ નથી. જ્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થઇ ત્યાં સુધી સાચો માર્ગ પણ હાથમાં નથી આવ્યો. એટલે જ મોક્ષમાર્ગમાં સમ્યગ્ દર્શનનું અતિ મહત્વનું સ્થાન છે.

આવા સમ્યગ્દર્શનનું સાચું સ્વરૂપ દર્શાવવા માટે પ્રયત્ન કરતાં જગતગુરુ તીર્થંકર પરમાત્મા કહે છે કે-

અરિહંત જ મારા દેવ છે... સુસાધુ જ મારા ગુરૂ છે...

અને જિનેશ્વર પરમાત્માનો ધર્મ જ મને પ્રમાણ છે...

આવી દઢ-અતિ અતુટ શ્રદ્ધા, આવા આત્માના શુભ ભાવ તેજ સમ્યગ્દર્શન છે.

દેવોએ રચેલા અશોક વૃક્ષાદિ આઠ મહા પ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય તે અર્હન્ છે. વંદન, નમસ્કાર, પૂજા, સત્કાર અને સિદ્ધિગમનને યોગ્ય હોવાથી અરિહંત અર્હન્ કહેવાય છે.

અરિહંત અભ્યંતર શત્રુ જે કામ-ક્રોધાદિ છે તેને હણનાર હોવાથી પૂજનિક છે. આપણા અભ્યંતર શત્રુને હરાવનાર છે.

અરિહંત જિનેશ્વર પણ છે કારણ તે આઠ કર્મ ને જિતનાર છે... પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને જીતનાર છે તેથી જિનેશ્વર છે.

અરિહંત, સંસારના મૂળ એવા રાગ અને દ્વેષને જિતનાર છે તેથી વીતરાગ પણ છે.

આવા અરિહંત પરમાત્મા જ મને દેવરૂપે સ્વીકાર્ય છે. અન્ય દેવોને હું માનતો નથી...

સ્વીકારતો નથી... આરાધતો પણ નથી.

અરિહંતની આજ્ઞાને સ્વીકારનારા... મોક્ષમાર્ગને સાધનારા... પંચ મહાવ્રતધારી... રાગ અને દ્વેષરૂપી અભ્યંતર ગ્રંથી અને કંચન અને કામિનીરૂપ બાહ્ય ગ્રંથિથી રહિત એવા નિર્ગ્રંથ સાધુ જ મારા ગુરુ છે.

નિર્ગ્રંથ સાધુ સિવાય અન્ય કોઇને હું ગુરુ તરીકે સ્વીકારતો નથી. જેમણે મોક્ષમાર્ગ જાણ્યો છે અને જે મોક્ષમાર્ગે અગ્રેસર છે તેજ મને મોક્ષ માર્ગ સમજાવી શકે આપી શકે. એ માર્ગે આગળ વધારી શકે. એજ મને સ્વીકાર્ય છે.

તીર્થની સ્થાપના કરીને બાર પર્ષદાની વચ્ચે જેમણે સાચા ધર્મનું સ્વરૂપ પ્રકાશ્યું... એવા જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલો દયામય ધર્મ જ સુધર્મ છે. એ ધર્મજ મોક્ષ આપવા સમર્થ છે. એનુંજ મને શરણ છે. અરિહંત પ્રરૂપિત ધર્મ સિવાય અન્ય ધર્મ મારો નથી. એવી દૃઢ શ્રદ્ધા અને કેવલિ પ્રરૂપિત ધર્મની બિન શરતિ શરણાગતિ તેજ મને સ્વીકાર્ય છે.

આવા પ્રકારે સુદેવ-સુગુરુ અને સુધર્મને જ પ્રમાણ માની સ્વીકાર કરવો એવો આત્માનો શુભ ભાવ જે કોઇ મિથ્યા ભાવથી કલંકિત નથી તેજ સમ્યગ્દર્શન છે.

સુદેવ-ગુરુ અને ધર્મ ઉપરની અતુટ શ્રદ્ધાથી જે સમ્યગ્દર્શનરૂપી રત્નની પ્રાપ્તિ થાય છે આ સમ્યગ્દર્શન પાંચ પ્રકારનું છે.

૧. **વેદક સમ્યક્ત્વ** - ક્ષયોપશમિક સમ્યક્ત્વના છેલ્લા સમ્યક્ત્વ મોહનીયને વેદવાનો સમય તે વેદક સમ્યક્ત્વ છે. એના બીજાજ સમયે ક્ષાયિક સમકિત પ્રગટ થાય છે.

૨. **ક્ષાયિક સમ્યક્ત્વ** - દર્શન સપ્તકનો (ચાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય તથા મિથ્યાત્વ મોહનીય આ દર્શન સપ્તક છે.) જેમણે સર્વથા ક્ષય કર્યો છે, તેને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ક્ષાયિક સમ્યક્ત્વ આવ્યા પછી જતું નથી. મોક્ષ અપાવીને જ રહે છે.

૩. **ઔપશમિક સમ્યક્ત્વ** - અનાદિ મિથ્યાત્વીને ત્રણ કરણથી અંતરકરણને પ્રથમ સમયે મિથ્યાત્વના પુદ્ગલો વિપાકથી કે પ્રદેશથી વેદવાના ન હોય ત્યારે થાય છે. આ સમકિતની સ્થિતિ અંતમુહૂર્તની હોય છે. ઉપશમ શ્રેણિ ઉપર આરૂઢ થતાં પણ આ સમકિત થાય છે. ક્ષાયિક સમ્યકત્વનો સ્વાદ ચાખવા જેવું આ સમકિત છે.

૪. **સાસ્વાદન સમ્યક્ત્વ** - સમ્યગ્દર્શનને પામીને વમતો જીવ, સમ્યગ્દર્શન વમન

કરતાં સમ્યગ્દર્શનનો સ્વાદ પામે છે તે સાસ્વાદન સમ્યકત્વ છે. ઉપશમ સમકિતથી પડતો જીવ ઉત્કૃષ્ટ છ આવળી (આવલિકા) જેટલા વખત સુધી સાસ્વાદન સમ્યક્ત્વ પામે છે અને પછી મિથ્યાત્વમાં જાય છે.

૫. **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** – પ્રાયઃ કરીને ઘણા જીવોને આ સમકિત જ હોય છે. આ સમ્યક્ત્વમાં સમકિત મોહનીયનો ઉદય હોય છે. મિથ્યાત્વ મોહનીયનો સમયે સમયે ક્ષય કરે છે... અને જે ઉદયમાં આવે છે એમને ઉપશમાવે છે. બન્ને ભાવના મિશ્ર પણાના કારણે મિશ્ર સમ્યક્ત્વ પણ કહેવાય છે. પરંતુ આ મિશ્રમોહનીયના ઉદયવાળું સમકિત નથી. આ સમકિતની સ્થિતિ ૬૬ સાગરોપમથી અધિક હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ આગળ ક્ષાયિક સમકિતી બને છે અથવા મિથ્યાત્વે જાય છે.

लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।
एगं नवरि न लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ।।१४।।

**અર્થ :-** દેવોનું સ્વામીપણું (ઇન્દ્રપણું) અને પ્રભુતા (ઐશ્વર્ય-ઠકુરાઇ) પણ મળી શકે છે, પણ જીવને સંસારમાં (ચિંતામણી) રત્નથી પણ અધિક એક આત્માના અમૂલ્ય રત્ન સરખું સમ્યક્ત્વરત્ન મળવું દુર્લભ છે, તે નિઃસંદેહ છે. ॥૧૪॥

સમ્યગ્દર્શન!

સમ્યગ્ દર્શન રત્ન છે... અમૂલ્ય છે...

સમ્યગ્દર્શન અમૂલ્ય શા માટે ? આવો પ્રશ્ન મનમાં ઉઠવો સહજ છે. એનો ઉત્તર આપતાં કહે છે કે દેવોના સ્વામિ ઇન્દ્ર બનવું સુલભ છે. કારણ દેવોના સ્વામિ ઇન્દ્ર બનવા પુણ્યની આવશ્યકતા હોય છે. જ્યારે સમ્યગ્દર્શનને પામવા તત્વની આવશ્યકતા હોય છે. પુણ્યબંધ... પુણ્યપ્રાપ્તિ સહજ અને સુલભ છે પરંતુ તત્વરૂચિ અને તત્વપ્રાપ્તિ સુલભ નથી. આપણે પુણ્યના ઉદયે દેવલોકની સમૃદ્ધિ પણ અનેક વાર ભોગવી લીધી.

રાજા... મહારાજા... વિગેરે બનવાનું પુણ્ય પણ અનેકવાર પામી લીધું પરંતુ સંસારરૂપી સાગરમાં વહાણ સમાન સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જરૂરી તત્વ તથા શ્રદ્ધા ને ન પામી શક્યા. તેની પ્રાપ્તિ દુર્લભ છે.

અનંત સંસારમાં... ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં સતતને સતત જન્મ-

મરણ કરતા રહ્યા. સમ્યગ્દર્શન મળે તો જ સંસારચક્રને ક્યાંક ને ક્યાંક બ્રેક લાગે. સમ્યગ્દર્શન વિના જન્મ-મરણના ફેરા ટળતા નથી. દેવેન્દ્ર અને નરેન્દ્ર બનવું સુલભ છે. સમક્તિધારી બનવું દુર્લભ છે. ચારિત્ર વિના મુક્તિ મળી શકે પરંતુ સમ્યગ્દર્શન વિના મુક્તિ સંભવતિ નથી. આપણા ભવોની ગણત્રીનો પ્રારંભ પણ સમ્યગ્દર્શન પછી જ થાય છે. પાર્શ્વનાથના દસ ભવ... મહાવીર સ્વામિના સત્યાવીસ ભવ... નેમનાથના નવ ભવ કેવી રીતે ? તે જણાવતાં કહે છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા જે ભવ કરીએ છીએ એમની કોઇ ગણત્રી જ નથી. એટલેજ તો સમ્યગ્ દર્શનનું મહત્વ છે. આવું અતિ દુર્લભ એવું સમ્યગ્દર્શન કેવળ મનુષ્યગતિ અને જિનશાસનમાં સુલભ બની શકે છે. આપણને અત્યારે તક મળી છે. જો સાચો પુરૂષાર્થ આદરશું તો અવશ્ય સમ્યગ્દર્શનને પામી શકીશું. જો આપણી આરાધના અને પુરૂષાર્થમાં ખામી હશે તો દુર્લભ સમ્યગ્દર્શન ન પામતાં ફરી લાખ ચોર્યાસીના ચક્કર જ કરવા પડશે. દુર્લભ સમ્યગ્ દર્શનને સુલભ બનાવવાની તકને ગુમાવી ન બેસીએ એ માટે ખાસ સાવધાની-જાગૃતિ રાખવાની છે.

વિશ્વમાં રત્નો ઘણા છે પરંતુ સહુના રાજા સમાન શ્રેષ્ઠ રત્ન છે 'ચિંતામણિ રત્ન' . 'ચિંતામણિ રત્ન' પાસે વિધિપૂર્વક જે ચિંતવવામાં આવે તે ચિંતિતને એ પૂર્ણ કરે છે. મનના સર્વ મનોરથોને પૂર્ણ કરવાની એનામાં શક્તિ છે.

પરંતુ સાવધાન ! એ તમારી કેવળ ભૌતિક ઇચ્છાઓજ પૂર્ણ કરી શકે. ધર્મ કે અધ્યાત્મના વિશ્વમાં આ ચિંતામણિ રત્ન કશુંજ ન આપી શકે... કોઇ ઇચ્છા પૂર્ણ ન કરી શકે. એનો અર્થ એવો થયો કે મોક્ષમાર્ગમાં સહાયતા કરવાની આ રત્નની કોઇ તાકાત જ નથી. છતાં અહિં સમ્યગ્દર્શનને રત્નચિંતામણિ કહ્યું છે. કારણ ભૌતિક ક્ષેત્રે જે સ્થાન ચિંતામણિ રત્નનું છે તેજ સ્થાન આધ્યાત્મિક ક્ષેત્રે સમ્યગ્દર્શનનું છે.

સાધક સમ્યગ્દર્શનની પાસે જે માંગે તે એને મળી જાય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એટલે એનો નંબર શ્રાવકમાં તો લાગી જ જાય છે. પરંતુ પછી એ માંગે તો દેશવિરતિ પણ મળે. સર્વ વિરતિ પણ મળે. અપ્રમત્ત ગુણસ્થાન પણ મળે અને મોક્ષ પણ મળે. આવું બધું સમ્યગ્ દર્શન જ આપી શકે બીજાનું તો આવું કશું આપવાનું ગજું જ નથી.

આવું સમ્યગ્દર્શન આ માનવભવમાં જિનાજ્ઞાપૂર્વકનું જીવન જીવવાથી જ પામી શકાય છે. સમ્યગ્દર્શન પામ્યા પછી જ જીવનનું શુદ્ધિકરણ અને આત્માનું ઉર્ધ્વીકરણ થાય છે. સર્વ

દુઃખોનું નિવારણ અને સર્વ સુખોની પ્રાપ્તિ સમ્યગ્દર્શન દ્વારા જ થાય છે. આવું અમુલ્ય છે સમ્યગ્દર્શનનું રત્ન. મોક્ષ મહેલનો એ પાયો છે. આત્મામાં રહેલા અનંત સુખની અનુભૂતિ આ સમ્યગ્દર્શન દ્વારા જ થાય છે.

અજ્ઞાનના અંધકારમાંથી સમ્યગ્જ્ઞાનના પ્રકાશ તરફ...

ભૌતિક વિશ્વમાંથી અધ્યાત્મિક વિશ્વ તરફ...

દેહ દૃષ્ટિમાંથી આત્મદૃષ્ટિ તરફ...

આપણને સહુને લઇ જવાની અનેરી શક્તિ આ સમ્યગ્દર્શનની પાસે છે. આવું દુર્લભ એવું સમ્યગ્દર્શન પૂર્વ પુણ્યાઇ અને પ્રખર પુરૂષાર્થ વિના સંભવિત નથી. સમ્યગ્દર્શન અતિ દુર્લભ છે એ વાત શંકા વિનાની છે. આપણે તો દુર્લભ સમ્યગ્દર્શન આપણા માટે સુલભ કેમ બને ? એના માટે પ્રયાસ કરવાનો છે અને આ માનવભવમાં એને મેળવીને જ રહીએ એવો પ્રયાસ આદરવાનો છે.

सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ।
जइवि न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ।।१५।।

**અર્થઃ-** સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો તેણે પાછું તે વમી નાંખ્યું ન હોય, તો અથવા સમ્યક્ત્વ પ્રાપ્તિની પૂર્વે કોઇ અન્ય ગતિનું નિકાચિત આયુષ્ય ન બાંધ્યું હોય તો મનુષ્ય આગામી ભવનું વૈમાનિક દેવગતિ સિવાય અન્ય આયુષ્ય બાંધતો નથી.

સમ્યગ્દર્શનનો મહિમા જ અદ્ભૂત છે... એની શક્તિનો પરિચય કરાવતાં જણાવે છે કે જે મનુષ્યને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ ગઇ છે એ વ્યક્તિએ જો સમક્તિ વમ્યું ન હોય ને પૂર્વે આયુષ્યકર્મને નિકાચિત ન કર્યું હોય તો સમક્તિના પ્રભાવે એ અવશ્ય વૈમાનિક દેવલોકમાં જ જાય છે.

પરંતુ જો પ્રથમ આયુષ્યકર્મ બંધ થઇ ગયો હોય અને એને નિકાચિત કરી લીધું હોય તો કર્માનુસાર એ એ ગતિમાં જીવને અવશ્ય જવું જ પડે.

જેવી રીતે શ્રેણિક મહારાજા અને કૃષ્ણ મહારાજા દેવ ગુરુ ભક્તિથી સમ્યગ્દર્શન પામ્યા... પરંતુ આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં એમણે નરકનું આયુષ્ય બાંધી લીધું હતું જે

એમને અવશ્ય ભોગવવાનું હતું. બન્ને સમકિતી હોવા છતાં... આયુષ્ય બંધ સમયે સમ્યગ્દર્શન ન હોવાથી નરક ગતિનું આયુષ્ય બાંધ્યું અને એ ભોગવવા નરક ગતિમાં જવું પડયું. પરંતુ સમ્યગ્દર્શનની હાજરીમાં માનવી આયુષ્યકર્મ બાંધે તો અવશ્ય વૈમાનિક દેવલોકનું જ બાંધે.

આનંદાદિ પ્રભુના દસ શ્રાવકો બધાજ વૈમાનિક દેવલોકમાં ગયા છે. કારણ તેઓના આયુષ્યબંધના સમયે સમ્યગ્દર્શનની હાજરી હતી.

તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછીના જે સત્યાવીશ ભવ છે એમાં પ્રભુનો આત્મા સિંહના ભવમાં તથા નરકમાં પણ ગયો છે. શું સમ્યગ્દર્શન પામ્યા પછી આવું બની શકે ? એનો જવાબ આપતા શાસ્ત્રો કહે છે કે સમ્યગ્દર્શન પામ્યા પછી પણ જીવે જો એ સમ્યગ્દર્શન વમી નાંખ્યું હોય, તો આયુષ્યકર્મ બંધ વખતે સમ્યગ્દર્શનની ગેરહાજરી હોય તો આવું બની શકે છે. આ વાત પણ સમ્યગ્દર્શનની મહાનતા જણાવે છે. જો સમ્યગ્દર્શન છે તો સદ્ગતિ નિશ્ચિત છે. સમ્યગ્દર્શન નથી તો સદ્ગતિ સંભવતી નથી. આપણને ભવોભવમાં સદ્ગતિ પામવી હશે તો સમ્યગ્-દર્શનને મજબૂત બનાવવું પડશે.

પ્રભુ મહાવીર સ્વામિને અસર્વજ્ઞ કહેનાર... પ્રભુ ઉપર તેજોલેશ્યા છોડનાર ગોશાળો બારમા દેવલોકમાં ગયો.

પ્રભુ મહાવીરને ત્રણ ત્રણ ડંખ આપનાર દૃષ્ટિવિષ ચંડકૌશિક મરીને આઠમા દેવલોકમાં ગયો.

શું હશે આનું રહસ્ય ? આ રહસ્ય જણાવતાં શાસ્ત્રો કહે છે. પ્રભુના સાનિધ્ય અને પ્રભુની વાણીના - પ્રભાવે જીવ શાંત થયા... સમ્યગ્દર્શનને પામ્યા. પૂર્વમાં આયુષ્ય બંધ ન કર્યો હોવાથી સમ્યગ્દર્શનના પ્રભાવે તે વૈમાનિક દેવલોકનું આયુષ્ય બાંધી ત્યાં જાય છે.

મનુષ્યભવમાં સમકિતિ જીવ નિયમા વૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બાંધે છે. વ્યંતર-જયોતિષાદિ દેવપણે પણ ઉત્પન્ન ન થાય. આવા સમ્યગ્દર્શનને જીવ મનુષ્ય ભવમાંજ સુદેવ-સુગુરુ-અને સુધર્મના સાનિધ્યે જીવનના ઉંડા રહસ્યોને સમજીને સહજતાથી પામી શકે છે. સમ્યગ્દર્શનના આવા અપૂર્વ પ્રભાવને જાણીને એનેજ પામવા માટેનો પ્રબળ પુરૂષાર્થ આદરવાનો છે.

જેમણે આયુષ્યકર્મ સમ્યગ્દર્શન પ્રાપ્તિ પહેલા બાંધી લીધું છે તેઓ ચારે ગતિમાં જઇ શકે છે. દેવ અને નારકીના જીવો સમ્યક્ત્વ સહિત હોય તો પણ મનુષ્યભવ જ પામે છે. કારણ

દેવ મરીને દેવ ન થાય તેમજ નારકી મરીને દેવ ન થાય.

સમ્યગ્દર્શન મનુષ્યને તો દેવલોકમાં પહોંચાડે છે. પરંતુ એની જવાબદારી ત્યાંજ પૂરી થતી નથી. સમ્યગ્દર્શન એને ધારણ કરનાર જીવને ઠેઠ મોક્ષની મંઝિલે પહોંચાડે છે.

જેને આત્મકલ્યાણ સાધવું છે તેણે પ્રથમ સમ્યગ્દર્શન પામવા માટે જ ઉદ્યમ કરવાનો છે. સુદેવ-સુગુરુ-સુધર્મનો સાચો પરિચય કેળવવાનો છે. પરિચય કેળવી... પરીક્ષા કરી... સુદેવ-ગુરુ-ધર્મ ઉપર અતુટ શ્રદ્ધા ધારણ કરવારૂપ પ્રથમ દ્રવ્ય સમ્યગ્દર્શન અને પછી આત્માનુભૂતિ સ્વરૂપ ભાવ સમ્યગ્દર્શન પામવા માટેનો પ્રબળ પુરુષાર્થ આદરવાનો છે.

જે તર્યા... જેટલા તર્યા બધા સમ્યગ્દર્શનથી જ તર્યા છે. આપણે પણ સમ્યગ્દર્શનથી જ તરીશું. આદરીએ પુરુષાર્થ... પામીએ સિદ્ધિ.

## સામાયિકનો મહિમા

दिवसे दिवसे लक्खं, देइ सुवन्नस्स खंडियं (आ) एगो ।
एगो पुण सामाइयं, करेइ न पहुप्पइ तस्स ॥१६॥

**અર્થઃ-** એક પુરુષ દરરોજ લાખ ખાંડી જેટલું સુવર્ણ દાનમાં આપે, અને બીજો સામાયિક કરે, એ બેમાં સોનાનું દાન કરનારો સામાયિક કરનારને પહોંચી શકતો નથી, અર્થાત્ સામાયિકનું ફળ ઘણું જ છે. ॥૧૬॥

એક ગામમાં બે શ્રેષ્ઠિ છે. બન્ને ધર્મી છે. આરાધનામય જીવન જીવે છે. એકને દાન ઉપર પ્રીતિ છે...એક દરરોજ દાન આપે છે... બીજા શ્રેષ્ઠિ નિત્ય સામાયિકની આરાધના કરે છે તો બન્નેમાંથી લાભ કોને વધારે ? આવા પ્રશ્નનો જવાબ ઉપરોક્ત ગાથામાં આપવામાં આવ્યો છે.

દાનએ ધર્મનું પહેલું પગથિયું છે. દાન આપવાથી સંપત્તિ એવં સામગ્રી ઉપરથી મમત્વભાવ અને આસક્તિ ઘટે છે. એથી જ જીવ ધર્મ માર્ગમાં આગળ વધે છે.

સમતાભાવના લક્ષ્ય સાથે કરાતું સામાયિક સર્વ પ્રકારના બાહ્ય-અભ્યંતર કષાયાદિને જીતવા સ્વરૂપ છે. તે ભાવ ધર્મ છે. સમભાવની પ્રાપ્તિ કરાવનાર રાજમાર્ગ છે. એજ સાધકનું

સાધ્ય છે.

ઉપરોક્ત દશાનું ચિંતન કરતાં જણાશે કે દાનધર્મ એ સાધન છે. આસક્તિનું મંદ પણું એ સાધ્ય છે. જ્યારે સામાયિક સાધન છે સમતાભાવની પ્રાપ્તિ અને રાગ-દ્વેષમાંથી મુક્તિએ સાધ્ય છે.

દાન એ સદ્ધર્મમાં પ્રવેશ છે તો સમભાવ એ સદ્ધર્મમાં સ્થિરતા છે. પ્રવેશ કરતાં સ્થિરતાં હંમેશા મહાન છે, એજ સમયે પ્રવેશ વિના સ્થિરતા પણ નથી એનું લક્ષ્ય રાખવાનું છે. ભૂલવાનું નથી.

અહિં જણાવે છે કે એક શ્રેષ્ઠિ દરરોજ લાખ ખંડી સુવર્ણનું દાન આપે છે જ્યારે એક શ્રેષ્ઠિ નિત્ય સામાયિક કરે છે તો બન્નેમાં સામાયિક કરનાર મહાન છે...

દાનમાં અનેક જીવોને શાતા મળે છે તો સામાયિકમાં સર્વ જીવોને અભયદાન મળે છે. અભયદાન એ સર્વ પ્રકારના દાનોનો રાજા છે. અભયદાન જ શ્રેષ્ઠ દાન છે.

સામાયિકમાં મનને શાંત કરી સમતામાં રાખવાનું છે.

અનાદિથી હાથમાં ન આવતા આ મનના સ્વરૂપને સમજીને એને વશ કરવા માટે પુરૂષાર્થ કરવાનો છે. અનાદિ કાળથી આપણી ક્યાંક ભૂલ થઇ છે એને સુધારવા પ્રયાસ કરવાનો છે.

મન ચંચળ છે... ચપળ છે... સતત ભટક્યા કરે છે...

નિરંકુશપણે ભટકતો મનરૂપી રાક્ષસ આવર્તવાળા સંસારરૂપી ખાડામાં વિશ્વના જીવોને પટકે છે. તેથી યોગી થવાની ઇચ્છા રાખતા વ્યક્તિઓએ પ્રથમ મનને સ્વાધીન કરવું જોઇએ. મનને વશ કર્યા વગર ધ્યાની કે યોગી બનવાનો પ્રયત્ન કરવો તે પાંગળા માણસે પગથી ગ્રામાંતર જવાની ઇચ્છા રાખવા બરાબર છે. તેથી વિશ્વમાં હાંસી પાત્ર થવાય છે એ માટે સામાયિક છે.

મનને વશ કરવાનો આ સાધક જ્યારે અભ્યાસ કરે છે ત્યારે મનમાં વધુને વધુ વિકલ્પો-વિચારો આવે છે. મન વશમાં આવતું નથી. એક સ્થાને ઠરતું નથી પણ દોડાદોડ કરતું રહે છે. આવા સમયે સાધક જો અભ્યાસ છોડી દે... નાસીપાસ થઇ જાય તો મન ક્યારેય વશમાં આવતું નથી. પારધિ હરણીયાને પાશમાં કેવી રીતે પકડે છે તમને ખબર છે ?

હરણ જ્યારે પાશમાં સપડાય છે. ત્યારે પોતાની જાતને બચાવવા અને પાસમાંથી મુક્ત થવા આકાશ-પાતળ એક કરે છે. ઘણી જ દોડાદોડ કરે છે. એની દોડાદોડને જોનારને એમ જ

લાગે આ છૂટ્યું... હમણાં છૂટશે. આવી આ હરણની દોડાદોડ જોઇ જો કોઇ પારધિ નિરાશ થઇ જાય અને પાસ મૂકી દે તો હરણ અવશ્ય છૂટી જાય. પરંતુ પાસવાળો સખત-કડક-મજબૂત બને તો હરણને દોડાદોડ કરવા દે તો દોડાદોડ કરીને થાકેલો હરણ અંતે દોડાદોડ છોડી દે છે અને પારધિને વશ થઇ જાય છે.

એવી જ રીતે મનનો અભ્યાસી, મનની ચપળતા અને વિક્ષેપતા જોઇ નિરાશ થઇને મનને વશ કરવાનો અભ્યાસ છોડી દે તો મનને છૂટો દોર મળી જશે. મન છૂટી જશે અને પછી ક્યારેય વશ થવાનું નથી. સાધકે હિમ્મત રાખીને મનનો સામનો કરવાનો છે. પોતાના મનને સ્વાધીન કરવાના ઉપાયો છોડવાના નથી. અંતે ભટકી ભટકીને થાકેલું અને હારેલું મન શરણાગતિ સ્વીકારે છે. શાંત અને સ્વાધીન થાય છે.

આવું આપણું મન વારંવાર કષાયોને આધીન બની આપણને દુઃખ અને દુર્ગતિ અપાવે છે. આ માટે જ અહીં કષાયોના શમનની વાત જણાવી છે. કષાયો શાંત થાય તો મનના વિકારોનું શમન થાય છે. મનને કષાયોથી દૂર રાખવા... સામાયિકની સાધના અત્યંત આવશ્યક બની જાય છે. આ વાતને આગળ સમજાવે છે.

निंदपसंसासु समो, समो य माणावमाणकारीसु ।
समसयणपर (री) यणमणो, सामाइयसंगओ जीवो ।।१७।।

**અર્થ :-** નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં તથા સ્વજન અને પરજનમાં જેનું મન સમાન છે. તેવા જીવને સામાયિકવાળો કહ્યો છે. ।। ૧૭ ।।

(સામાયિકમાં આત્માએ આવો ભાવ કેળવવો જોઇએ.)

સામાયિકનું મહત્વ જણાવ્યા પછી હવે સામાયિક કોને કહેવાય ? આ વાત સમજાવી રહ્યા છે.

કોઇ નિંદા કરે... મારા માટે અપશબ્દો કહે... મારા માટે સાચું-ખોટું કહે... મને બદનામ કરે એમાં પણ મને ક્યારેય દ્વેષ ન થાય, એ વ્યક્તિ માટે દુર્ભાવ ન જાગે... એના માટે પણ ખોટા કે ખરાબ વિચાર કરીને હું મારા મનને મલિન ન બનાવું.

કોઇ મારી પ્રશંસા કરે... મારા ગુણગાન કરે, તો હું ફુલાઇ ન જાઉં. મને એ માટે ગર્વ ન થાય.... મારા અહંકારનું પોષણ કરીને હું મારા મનને કષાયયુક્ત ન બનાવું પરંતુ

સમભાવમાં રહું.

કોઇ મને માન આપે... મારું સન્માન કરે... મારા સત્કાર્યોને બિરદાવે તો હું અહંકારને ધારણ ન કરું.

કોઇ મારું અપમાન કરે... ચાર વ્યક્તિઓની વચ્ચે મને ચાર વાતો સંભળાવી દે... મને ઉતારી પાડવાનું કાર્ય કરે... મારા ઉપર અયોગ્ય કલંક મૂકી મને હેરાન પરેશાન કરી મૂકે તો પણ એના પ્રત્યે દુર્ભાવ ન થાય.

જેવા ભાવ સ્નેહિ-સ્વજન પ્રત્યે હોય છે એવા જ ભાવ અન્ય જીવો માટે પણ હોય છે. સર્વ જીવો માટે સમાન વ્યવહાર હોય છે. બધા પ્રત્યે મનમાં સમાન ભાવ હોય છે.

આવા જીવ સામાયિકવાળા કહેવામાં આવ્યા છે. આપણે જ્યારે જ્યારે સામાયિકમાં હોઇએ છીએ... સામાયિક કરીએ છીએ ત્યારે ત્યારે આપણે આવા ભાવ કેળવવાના છે. આવા ભાવ કેળવવાથી જ આપણે સમભાવના સ્વામિ બનીને કર્મક્ષય કરી શકીએ છીએ.

જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ **'सम'** નો **'आय'** એટલે લાભ તે **समाय** એટલે જ **सामायिक**.

**सम** એટલે સમતા ભાવ જેનો અર્થ થાય જીવની રાગ-દ્વેષ રહિત અવસ્થા. આ અવસ્થામાં જીવ પ્રત્યેક ક્ષણે ચિંતામણિ, કલ્પવૃક્ષના પ્રભાવને ન્યૂન (ઓછું) કરનાર થાય છે.

જેને કોઇ ઉપમા ન આપી શકાય એવા અપૂર્વ સુખનું કારણ સામાયિક છે. સામાયિકમાં સર્વ પ્રકારના સાવદ્ય (પાપકારી) પ્રવૃત્તિથી નિવૃત્તિ થાય છે. નિર્દોષ સ.દર્શન, જ્ઞાન, ચારિત્રના પર્યાયો સાથે જીવ જોડાય છે. આવી પ્રવૃત્તિ સંસાર સાગરમાં સતત સાવદ્ય પ્રવૃત્તિમાં પડેલા જીવે કરવાની છે. સામાયિકની વારંવાર પ્રવૃત્તિ કરવાથી સમતા ભાવમાં વૃદ્ધિ થાય છે, સહનશીલતા કેળવાય છે. મોહના સુભટો સાથે કાર્ય કરીને જીત મેળવવાની પ્રવૃત્તિ મજબૂત બને છે.

દાનવીર ઘણાં મળી જાય...

કર્મવીર બહુ સંખ્યામાં જોવા મળે...

ધર્મવીર ઘણાં ક્રિયાકાંડ કરતા દેખાય...

ભક્તિવીર નિત્ય ભક્તિમાં જોડાયેલા મળે...

તપવીર નિત નવા તપ કરતા જણાય...

પરંતુ સમતાવીર સામાયિકની શુદ્ધ સાધના વિના ન બની શકાય. સમતાવીર સદા કાળમાં અલ્પ સંખ્યામાં જોવા મળે છે.

ગજસુકુમાલની સિદ્ધિ હોય કે... ઈલાયચીકુમારનું કેવળજ્ઞાન હોય...

ખંધકસૂરિની સફળતા હોય કે... ખંધક મુનિની સિદ્ધિ હોય...

મેતારજ મુનિનો કર્મક્ષય હોય કે... ધર્મરૂચિ અણગારની આરાધના હોય...

આ બધાની સાધનાનું રહસ્ય શું ? **સમતાની આરાધના.** સામાયિકના અભ્યાસથી જ ટીપે ટીપે સરોવર ભરાય તેમ સમતાના નીર વૃદ્ધિ પામતા જાય છે. આપણે અનુકુળતા મુજબ વધુને વધુ સામાયિક દ્વારા સમતાની સાધનાને મજબૂત કરવાની છે. સામાયિકથી સમતા અને સમતાથી સાધુતા પ્રગટે છે. સામાયિકમાં રહેલો શ્રાવક સાધુ જેવો કહેવાય છે. ગૃહસ્થધર્મીને પાપકારી સાવદ્ય યોગોનો ત્યાગ કરવા માટે સામાયિક પરમ પ્રશસ્ત કારણ છે તે માટે સમજુ જીવોએ આત્મહિતકારી પરમાર્થ કરવો જોઈએ.

## સામાયિકની નિષ્ફળતા

सामाइयं तु काउं, गिहिकज्जं जो उ चिंतए सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामा(म) इयं ।।१८।।

**અર્થઃ-** જે શ્રાવક સામાયિક કરવા છતાં સામાયિકમાં ગૃહકાર્યને ચિંતવે, આર્ત્તધ્યાનને વશ થાય તેનું સામાયિક નિરર્થક છે. ।।૧૮।।

સામાયિક મહાન છે... અતિ પ્રભાવક છે... એનું ફળ નિર્વાણ છે. આવી સામાયિકની અચિંત્ય શક્તિ જણાવ્યા પછી હવે આપણી સમક્ષ આજ સામાયિકની નિષ્ફળતા પણ જણાવી આપણને સાવધાન કરે છે.

સામાયિક મહાન છે એમાં બે મત નથી પરંતુ જો એ વિધિપૂર્વક કરવામાં આવે તો જ. જો એની સાચી વિધિ ચૂકી જઈએ તો આપણે ક્યાંક ભુલા પડી જઈએ. આ વિધિ બે પ્રકારે છે - (૧) સૂત્ર વિધિ અને (૨) અર્થ અને ભાવાર્થ વિધિ.

આપણે સામાયિક પારતાં કહીએ છીએ ( ૧ ) સામાયિક વિધિએ લીધું. (૨) વિધિએ કર્યું અને ( ૩ ) વિધિએ પાર્યું. વિધિ કરતાં અવિધિ થઇ હોય તો આપણે એના માટે મિચ્છામિ દુક્કડં માગીએ છીએ.

પ્રથમ આપણે વિચારીએ ''આપણે સામાયિક વિધિપૂર્વક લઇએ છીએ ?'' સામાયિક માટે આગમોક્ત વિધિ છે - (૧) ગુરુ વંદન (૨) ઇર્યાવહિ - લોગસ્સનો કાઇસગ્ગ ( ૩ ) ગમણાગમણે (૪) સામાયિક સંદિસ્સાઉં ? - ઠાવું ના આદેશ. (૫) જીવરાશિ ખમાવવી ( ૬ ) અઢાર પાપ સ્થાનક આલોવવા ( ૭ ) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ધારી કરેમિ ભંતે લેવું.

આપણે વિધિપૂર્વક જો સામાયિક લઇએ તો તો સામાયિક દરમ્યાન સમતાભાવને ટકાવવો સુલભ બને. ઇર્યાવહિથી ગમનાગમનમાં લાગેલા દોષો દૂર થાય છે. જીવરાશિ ખમાવતાં સર્વ જીવો પ્રત્યેની રાગ-દ્વેષની પરિણતિ મંદ પડીને જીવ ઉપશમ ભાવમાં પ્રવેશે છે. અઢાર પાપસ્થાનક આલોવતાં પાપભીરૂતામાં વૃદ્ધિ થાય છે અને જીવ સર્વ સાવદ્ય યોગનો ત્યાગ કરવા તૈયાર થાય છે. આવી મનની પૂર્વ તૈયારી સાથે જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાનો સ્વીકાર કરે છે, એટલે નિયમમાં આવી જાય છે. આવી રીતે સામાયિકનો સ્વીકાર કરતાં સંસારની પ્રવૃત્તિ,ક્ષેત્ર,સાથેનો સંબંધ મર્યાદિત સમય ( ૪૮ મિનિટ) માટે કપાઇ જાય છે. પાપસ્થાપક સાથે સંબંધ તુટી જાય છે અને જીવ ઉત્કૃષ્ટ સમતાભાવમાં ઝીલતો ઉંચે ને ઉંચે ચઢે છે.

આવો શ્રાવક સામાયિક દરમ્યાન સાવધાન બનીને પોતાની જાતને આત્મ કલ્યાણ કરનારી પ્રવૃત્તિમાં જોડે છે.

આવી રીતે સામાયિક કરવા સજ્જ બનેલો શ્રાવક વિધિના અર્થ અને ભાવાર્થને જાણીને આત્મકલ્યાણને સાધે છે. સામાયિક દરમ્યાન પોતાની મર્યાદાને જાણતો એવો આ શ્રાવક ક્યારે પણ ગૃહકાર્યનું ચિંતવન કરતો નથી. ગૃહકાર્યનું ચિંતન મનને પાપકારી પ્રવૃત્તિમાં જોડતું હોવાથી તે સાવદ્ય છે. પાપ બંધાવનાર અને રાગ-દ્વેષની પરિણતિને વધારનાર બને છે. સાચી વિધિપૂર્વક સામાયિક લેનાર અને વિધિના સૂત્રોનું ચિંતવન કરનાર શ્રાવક પોતાનું સામાયિક નિષ્ફળ ન બને એ માટે જાગૃત હોય છે. ઘરનું કાર્ય સાવદ્ય છે... પાપકારી છે... આત્માને કર્મ બંધાવનાર છે તેથી તે સામાયિકમાં ત્યાજ્ય છે એવી, એનીપાસે જાણકારી હોય છે.

ગૃહકાર્યની સ્મૃતિ વેપાર-ધંધાના ચિંતવનને-વિચારોને જગાડે છે જેથી જીવ

ધર્મધ્યાન ચૂકી જાય છે અને આર્તધ્યાનમાં સરકી જાય છે. આર્તધ્યાન આત્માને તિર્યંચાદિ ગતિયોગ્ય કર્મબંધ કરાવે છે.

આવી બધી પ્રવૃત્તિ સમતા ભાવ માટે બાધક છે... આત્મા માટે ઘાતક છે. આવી પ્રવૃત્તિ કરનારનું સામાયિક શાસ્ત્રકાર મહર્ષિઓએ નિષ્ફળ કહ્યું છે. સામાયિકનું લક્ષ્ય સમભાવની પ્રાપ્તિ છે, તે જો સિદ્ધ ન થાય તો સામાયિક નિષ્ફળ છે. અહિંતો સમભાવની પ્રાપ્તિ નથી અને ઉપરથી આર્તધ્યાનાદિની પ્રવૃત્તિ છે.

આ વાત આપણને શુદ્ધ સામાયિક તરફ દોરવા માટેનો સંકેત આપે છે. આજના સમયમાં આપણે ગણત્રી કરીએ છીએ હું રોજ ત્રણ સામાયિક કરૂં છું... ચાર... પાંચ સામાયિક કરું છું. આપણે આટલી સામાયિક કરીએ છીએ વાત ઘણી જ સારી છે. પરંતુ સામાયિક કેટલા થાય છે એની સાથે સાથે સામાયિક કેવા થાય છે એ પણ ચિંતનીય અને વિચારણીય છે. સામાયિકના શાસ્ત્રકાર મહર્ષિઓએ બત્રીશ દોષ જણાવ્યા છે. સામાયિક કરતાં આ દસ મનના, દસ વચનના અને બાર કાયાના દોષ આપણને લાગતા નથી ને ? આપણે સામાયિકમાં ઓ દોષોથી મુક્ત રહેવા પ્રયત્ન કરીએ છીએ ને ?

ઘરમાં તો ચોવીસ કલાક સંસારના પ્રપંચમાં રાચીએ છીએ પરંતુ ઘડી-બે ઘડી ધર્મ આરાધના કરવા બેસીએ ત્યારે તો આ પ્રપંચમાંથી મુક્ત રહીએ છીએ ને ? કે આપણી હાલત મૌન એકાદશીની સજ્ઝાયમાં જણાવવામાં આવી તેવી છે ?

શુદ્ધ સામાયિક જ તારનાર બને છે. અનાદિની સામાયિકની અશુદ્ધિને દૂર કરીને... આર્તધ્યાનમાંથી પાછા ફરી ધર્મધ્યાનમાં સ્થિર બનવા પુરૂષાર્થ આદરવાનો છે. રાગ અને દ્વેષને ઓળખવાના છે. અનાદિથી આપણે અનુકૂળતાના રાગી અને પ્રતિકુળતાના દ્વેષી બન્યા છીએ. જ્યારે જીવનમાં અનુકૂળતા અને પ્રતિકૂળતાને પચાવવાની શક્તિ આવે છે... બન્ને અવસ્થાને સહન કરી લેવાની શક્તિ કેળવાય છે... સર્વ જીવોને અભયદાન આપી સુખ-શાંતિમય જીવનના સ્વામિ બનવાના ભાવ સચવાય છે ત્યારે સામાયિક શુદ્ધ-સાત્વિક-સમાધિમય બને છે. આવા સામાયિકવાળો શ્રાવક જ સાધુ જેવો કહેવાય છે.

શાસ્ત્રોએ પુણિયા શ્રાવકની સામાયિક વખાણી છે. શા માટે ? કારણ એમના સામાયિકમાં ક્યાંય કોઇ દોષની સ્પર્શના ન હતી. શ્રેણિક મહારાજાને જ્યારે ખબર પડી કે પોતાને અહિંથી નરકમાં જવાનું થશે ત્યારે એમણે પ્રભુ પાસે એમાંથી બચવાનો ઉપાય

પૂછ્યો. પ્રભુએ એના મનના સમાધાન માટે જુદા-જુદા માર્ગ જણાવ્યા, એમાં એક માર્ગ હતો **"જો પુણિયા શ્રાવક પોતાના એક સામાયિકનું ફળ આપે તો નરકના બંધન ટળી જાય."**

કેવી અપૂર્વ સાધના હશે પુણિયાના સામાયિકની?

આપણે આપણા સામાયિકને પુણિયા શ્રાવક જેવી શુદ્ધ ધર્મધ્યાનમય બનાવવાનો પ્રયાસ કરવાનો છે... આવો સફળ પુરૂષાર્થ જ આપણા સામાયિકને નિરર્થક બનતા અટકાવશે.

સફળ સામાયિકના સ્વામિ બની માનવભવને સાર્થક કરીએ.

## આચાર્ય ભગવંત

पडिरुवाई चउदस, खंतीमाई य दसविहो धम्मो ।
बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ।।१९।।

**અર્થઃ-** ૧. પ્રતિરૂપ એટલે તીર્થંકર વગેરેના પ્રતિબિમ્બ જેવો શરીરનો આકાર અર્થાત્ પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ અને અવિકલ અંગોપાંગ વગેરે સુંદર શરીરવાળા, ૨. તેજસ્વી (પ્રભાવશાળી), ૩. પોતાના યુગમાં અન્યજનો કરતાં વિશેષજ્ઞાની-બહુશ્રુત, ૪. મધુર વચનવાળા, ૫. ગંભીર હૃદયવાળા, ૬. ધૈર્યવાન (પરિષહો કે સંકટોમાં પણ ધર્મ માર્ગની રક્ષા કરનારા), ૭. ધર્મમાર્ગના ઉપદેશક, ૮. બીજાએ કહેલી ગુપ્ત વાતોને કદાપિ પ્રગટ નહિ કરનારા, ૯. પ્રસન્ન મુખાકૃતિ, ૧૦. શિષ્યાદિને માટે જ્ઞાનાદિની સામગ્રીનો સંગ્રહ કરનારા, ૧૧. દ્રવ્યાદિ વિવિધ અભિગ્રહો (નિયમો) ગ્રહણ કરવા કરાવવાની બુદ્ધિવાળા, ૧૨. પોતાની પ્રશંસા કે પરનિંદા વગેરે વિકથા નહિ કરનારા-ઘણું નહિ બોલનારા, ૧૩.ચપળતા રહિત સ્થિર સ્વભાવી અને ૧૪. ક્રોધાદિથી રહિત; શાન્ત હૃદયવાળા, એ ચૌદ ગુણોથી યુક્ત, તથા ૧.ક્ષમા, ૨. મૃદુતા, ૩.સરળતા, ૪.નિર્લોભતા, ૫.બાર પ્રકારનો તપ, ૬. સત્તર પ્રકારનો સંયમ, ૭. સત્ય, ૮.શૌચ (મનની શુદ્ધિ), ૯. નિર્મમત્વ અને ૧૦. નવવાડથી નિર્મળ બ્રહ્મચર્યએ દશ પ્રકારના ધર્મવાળા અને ૧. અનિત્યતા, ૨.અશરણતા, ૩. સંસાર, ૪.એકત્વ, ૫.અન્યત્વ, ૬. અશૌચતા, ૭.આશ્રવ,

૮.સંવર,૯.કર્મનિર્જરા, ૧૦. ધર્મની સુંદરતા, ૧૧. લોકસ્વરૂપ અને ૧૨. બોધિની (સમ્યક્ત્વની) દુર્લભતા, એ બાર ભાવનાઓથી ભાવિતાત્મા, એમ આચાર્યના છત્રીસ ગુણો જાણવા. (શાસ્ત્રમાં છત્રીસ પ્રકારે છત્રીસ ગુણોનું વર્ણન છે.) ।।૧૯।।

આચાર્ય પદ!

આજના સમયમાં જિન શાસનનું આ સર્વોત્કૃષ્ટ પદ છે. તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં તીર્થંકર સમાન જેમને કહ્યા છે. એવા આચાર્ય ભગવંતના ગુણોનો પરિચય અહીં કરવામાં આવ્યો છે. છત્રીસ છત્રીસી આચાર્ય ભગવંતના ગુણોમાંથી એક છત્રીસ ગુણો જણાવે છે. આ છત્રીસ ગુણોના ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે -

(૧) પ્રતિરૂપ વિગેરે ૧૪ ગુણો

(૨) ક્ષમા વિગેરે ૧૦ પ્રકારનો ધર્મ અને

(૩) અનિત્ય વિગેરે ૧૨ ભાવનાઓ

આ પ્રમાણે આચાર્ય ભગવંતના ૩૬ ગુણો કુલ કહેવાયા છે.

હવે આપણે એક-એકનો સંક્ષિપ્તમાં વિચાર કરીશું.

## પ્રતિરૂપાદિ ચૌદ ગુણો

(૧) પ્રતિરૂપ વિગેરે ચૌદ ગુણોમાં શું આવે તે જણાવતાં કહે છે -

''पडिरुवो तेयस्सी, जुगप्पहाणागमो महुरवक्को ।
गंभीरो धीमंतो, उवएसपरो अ आयरिओ ।।१।।
अपरिसावी, सोमो, संगहसीलो अभिग्गमई य ।
अविकत्थणो अचवलो, पसंतहियओ गुरु होइ ।।२।।''

(૧) પ્રતિરૂપ (૨) તેજસ્વી (૩) યુગપ્રધાનાગમ (૪) મધુર વાક્ય (૫) ગંભીર (૬) ધીમાન (૭) ઉપદેશ તત્પર (૮) અપરિશ્રાવી (૯) સૌમ્ય (૧૦) સંગ્રહશીલ (૧૧) અભિગ્રહ મતિ (૧૨) અવિકત્થન (૧૩) અચપલ (૧૪) પ્રશાંતહૃદય.

૧. **પ્રતિરૂપ** - વિશેષ પ્રકારની અવયવોની રચનાથી જેના શરીરની આકૃતિ સુંદર... સુયોગ્ય હોય તે પ્રતિરૂપ. વિશેષ શરીર સમૃદ્ધિના કારણે તીર્થંકર પરમાત્માના પ્રતિબિંબરૂપ જેમનો આકાર હોય તે પ્રતિરૂપ કહેવાય છે.

૨. **તેજસ્વી** - વિશિષ્ટ કોટિની સંયમ-તપ અને બ્રહ્મચર્યના પ્રભાવે જેમનું શરીર

તેજથી દેદીપ્યમાન હોય તે તેજસ્વી છે.

૩. **યુગપ્રધાનાગમ્** - વર્તમાનકાળના અન્ય જીવોની અપેક્ષાએ જેમની પાસે જ્ઞાનની વિશેષતા છે, જેથી બહુસંખ્ય જીવોને માન્ય છે તે યુગપ્રધાનાગમ છે.

૪. **મધુર વાક્ય** - જેમની વાણી અત્યંત મીઠી મધુર અને હિતકર છે તે મધુરવાક્ય કહેવાય છે.

૫. **ગંભીર** - જેઓ તુચ્છ ન હોય. એમના અંતરમાં રહેલી ગુપ્ત વાતો ક્યારે પણ કોઇ જાણી ન શકે એવા હોય તે ગંભીર કહેવાય છે.

૬. **ધીમાન** - જેમના ચિત્તમાં ક્યાંય અસ્થિરતાનો અંશ ન હોય, કંપ ન હોય તે મહા ધીરજના-સ્થિરતાના સ્વામિ હોય તે ધીમાન કે ધૃતિમાન કહેવાય છે.

૭. **ઉપદેશ તત્પર** - પરમાત્માના માર્ગને વચન-ઉપદેશ દ્વારા પ્રવર્તાવનાર અને બીજાઓને ધર્મમાં જોડનાર ઉપદેશ તત્પર છે. સ્વયંનું જીવન જ ઉપદેશમય છે. એમના બોલ્યા વગર પણ એમના જીવનથી અનેક જીવો પ્રેરણા પામે છે.

૮. **અપરિશ્રાવી** - છિદ્ર વિનાના. ઘડામાં છિદ્ર હોય તો એમાંથી પાણી ઝરે છે. આચાર્ય ભગવંતની પાસે અનેક વ્યક્તિઓ આવીને પોતાના પાપ પ્રગટ કરતા હોય પરંતુ એમની પાસેથી આ વાત ક્યાંય બહાર જાય જ નહિં. આવી રીતે બીજાએ કહેલા નિજગુહ્યરૂપી પાણીને ન ઝરે તેવા તે અપરિશ્રાવી અથવા અપ્રતિશ્રાવી કહેવાય છે.

૯. **સૌમ્ય**- એમની આકૃતિજ એવી હોય કે દર્શન કરતાંજ આનંદ-આલ્હાદ ઉત્પન્ન થાય છે આવા મહાત્મા સૌમ્ય કહેવાય છે.

૧૦. **સંગ્રહશીલ** - વિવિધ પ્રકારના ગુણોનો વિચાર કરીને શિષ્ય, વસ્ત્ર, પાત્ર - ઉપકરણ આદિનો સંગ્રહ કરનારા હોય છે. કારણ કે એથી જ ગણની વૃદ્ધિ થાય છે.

૧૧. **અભિગ્રહમતિ** - દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર અભિગ્રહોને ગ્રહણ કરીને કર્મક્ષય એવં શાસન પ્રભાવના કરનાર બને છે સ્વયં અભિગ્રહ ગ્રહણ કરે અને બીજાને પણ અભિગ્રહ ગ્રહણ કરાવનારા બને છે.

૧૨. **અવિકત્થન** - અતિ બોલવાથી વચનની કિંમત ઘટે છે. એથી આચાર્ય ભગવંત આવશ્યકતા મુજબ જ બોલનારા હોય છે. વધુ સમય મૌન રહેનારા અને ક્યારે પણ સ્વયંની

પ્રશંસા ન કરનારા હોય છે. તેથી તે અવિકત્થન છે.

૧૩. **અચપળ** - જ્યાં ચંચળતા કોઇ પ્રકારે પહોંચી જ ન શકે તેવા. મન-વચન-કાયાની કોઇ ચંચળતા નથી જોવા મળતી. જીવનમાં મજબૂત સ્થિરતા અને અચપળતા જોવા મળે છે.

૧૪. **પ્રશાંતહૃદય**- જેમનું હૃદય શાંતરસથી છલકાઇ રહ્યું છે. ક્રોધાદિ કષાય જે હૃદયને ક્યારે પણ સ્પર્શી જ ન શકે તે પ્રશાંત હૃદય છે. એમના દર્શન માત્રથી આપણા જીવનમાં પણ શાંતિ છવાઇ જાય છે.

આવા ચૌદ પ્રતિરૂપ વિગેરે ગુણોને ધારણ કરનારા આચાર્ય ભગવંત હોય છે.

## દસ યતિધર્મ

હવે યતિધર્મના દસ ગુણો આચાર્ય ભગવંત પાસે હોય છે. તે જણાવે છે.

खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।
संचं सोअं आकिंचणं च बंभच जइ धम्मो ।।

ક્ષમા, નમ્રતા, સરલતા, નિરાળાપણું, (મુક્તિ), તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનપણું અને બ્રહ્મચર્ય અને યતિ ધર્મ જાણવો.

આત્મામા ઠરવું... આત્માના જ્ઞાયક ભાવમાં સ્થિર થવું તે સાચી વીતરાગતા છે તેજ સાચો ધર્મ છે. આ ધર્મ અહિં યતિધર્મના નામે દસ પ્રકારનો કહ્યો છે.

(૧) **ક્ષમા** - ક્રોધ કષાયનો અભાવ તે ક્ષમા. આ ક્ષમા પાંચ પ્રકારે છે:-

## ક્ષમાના પાંચ પ્રકાર

(૧) **ઉપકાર ક્ષમા** :- આપણો એક સમયનો ઉપકારી વ્યક્તિ આપણી સામે કટુ વચનાદિનો પ્રયોગ કરે આપણને અહિતકર-નુકશાનકારી પ્રવૃત્તિ કરે તોપણ એના પૂર્વના ઉપકારને સ્મરણમાં રાખી સહનશીલતા જાળવી-ક્ષમા ધારણ કરવી તે ઉપકાર ક્ષમા.

(૨) **અપકાર ક્ષમા** :- બળવાન વ્યક્તિ આપણું નુકસાન કરે છતાં જો ક્રોધ કરીશ તો આ મને વધારે હેરાન કરશે... વધારે નુકશાન કરશે... એમ જાણી ક્ષમા ધારણ કરવી તે અપકાર ક્ષમા.

(૩) **વિપાક ક્ષમા** :- ક્રોધ કરવા જેવો નથી. ક્રોધ કરવાથી એના કડવા ફળ ભોગવવા

પડે છે. કર્મ બંધાય છે એમ જાણીને ક્રોધના નિમિત્તમાં પણ ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરવી તે વિપાક ક્ષમા છે.

(૪) **વચન ક્ષમા :-** પરમાત્માએ શાસ્ત્રોમાં સાધુ એવં શ્રાવકને ક્ષમા ધારણ કરવાનું કહ્યું છે. આગમ વચન માનવું જોઇએ. એમ જાણી ક્ષમા ધારણ કરવી તે વચન ક્ષમા છે.

(૫) **ધર્મ ક્ષમા :-** ક્ષમા એ આત્માનો ગુણ છે... આત્માનો સ્વભાવ છે... આત્માનો ધર્મ છે... એમ જાણીને ક્રોધને ત્યાગી ક્ષમા ધારણ કરવી તે ધર્મ ક્ષમા છે.

આચાર્ય ભગવંત વચન અને ધર્મ ક્ષમાના સ્વામી હોય છે.

(૨) **માર્દવ :-** જાતિમદ, કુળમદ વગેરે આઠ પ્રકારના મદનો એટલે જ અહંકારનો અભાવ તે માર્દવ છે. માર્દવ એટલે નમ્રતા. નિરાભિમાનપણું. જ્યારે માન કષાય શાંત થાય ત્યારે જ માર્દવ-નમ્રતાનો ધર્મ પ્રગટે છે.

(૩) **આર્જવ :-** માયા કષાયમાંથી મુક્તિ અથવા માયા-કપટનો અભાવ તે આર્જવ છે. આર્જવ સરળતા અને નિષ્કપટતામય છે.

(૪) **મુક્તિ :-** લોભ કષાયમાંથી મુક્તિ અથવા લોભ કષાયનો અભાવ તે નિર્લોભીપણું તે "મુક્તિ" છે.

(૫) **તપ :-** ઇચ્છાઓનો રોધ... ઇચ્છાઓને રોકવી તે તપ છે. તપ બાર પ્રકારે છે એનો સંવર અને નિર્જરા બન્નેમાં સમાવેશ થાય છે.

(૬) **સંયમ :-** હિંસાદિ અશુભ પ્રવૃત્તિથી આંશિક અથવા સર્વથા નિવૃત્તિ તે સંયમ છે. સાધુનો સંયમ ૧૭ પ્રકારે છે. પાંચ મહાવ્રત, પાંચ ઇન્દ્રિયનિગ્રહ, ચાર કષાય જય અને મન-વચન-કાયા અશુભ પ્રવૃત્તિથી નિવૃત્તિ.

(૭) **સત્ય :-** સત્ય, હિત, મિત, નિર્દોષ, નિર્વદ્ય, મધુર, વચન બોલવા તે સત્ય ધર્મ છે.

(૮) **શૌચ :-** શૌચ એટલે પવિત્રતા, આ પવિત્રતા મન-વચન-કાયા અને આત્માની છે. અષ્ટ પ્રવચન માતાના પાલનથી, સત્ય મહાવ્રત પાલનથી. રાગ-દ્વેષ ત્યાગના લક્ષ્યથી તથા બાહ્ય-અભ્યંતર તપથી સાધુ-સાધ્વીજી ભગવંત શૌચ ધર્મનું પાલન કરે છે.

(૯) **અકિંચન્ય :-** કોઇ પણ પ્રકારનો પરિગ્રહ ન રાખવો તથા પરિગ્રહ ઉપર મમતા ન રાખવી તે અકિંચન્ય ધર્મ છે.

(૧૦) **બ્રહ્મચર્યઃ-** મન-વચન-કાયાથી નવવાડ સહિત સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન તે બ્રહ્મચર્ય ધર્મ છે.

આચાર્ય ભગવંત દસ યતિધર્મ યુક્ત હોય છે.

## બાર ભાવના

**पढम मणिच्च मसरणं, संसारो अेगयाय अण्णत्तं ।**
**असुइत्तं आसव संवरो अ तह निज्जरा नवमी ।।**

પ્રથમ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, અને સંવર તથા નવમી નિર્જરા ભાવના.

સંસારના સાચા સ્વરૂપને સમજાવનારી અને આત્મકલ્યાણના માર્ગને સૂચવનારી બાર ભાવનાઓનું ચિંતન આત્માને કર્મોના આશ્રવથી બચાવે છે. તેથી તેનો સમાવેશ સંવર તત્વમાં થાય છે. આ બાર ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે.

(૧) **અનિત્ય ભાવના :-** સંસારમાં... આ વિશ્વમાં આ આંખથી જે દેખાય છે તે બધું જ અનિત્ય છે... નશ્વર છે... અશાશ્વત અને ક્ષણભંગુર છે. સત્તા... સંપત્તિ... સમૃદ્ધિ... સૌંદર્ય... ગાડી... વાડી... લાડી... મહેલ... રૂપ... યૌવન... શરીર... સ્ત્રી... પુત્ર પરિવાર... બધું જ નાશવંત છે. એનું ચિંતન... મનન આ વસ્તુ પ્રત્યેના મોહને ઘટાડનારું બને છે. તે અનિત્ય ભાવના છે.

(૨) **અશરણ ભાવના :-** જન્મ... જરા... અને મૃત્યુમય આ સંસારમાં સંકટ સમયે કે મૃત્યુ સમયે કોઇ શરણ આપી શકતું નથી. યમરાજના પંજામાંથી ન નોટોના બંડલ છોડાવી શકે છે.... ન તો સ્નેહી સ્વજન છોડાવી શકે છે... બધા ત્યાં લાચાર છે. એક માત્ર ધર્મ જ શરણ આપવા સમર્થ છે... એનું ચિંતન જીવને સમાધિ મરણ અપાવવા સમર્થ બને છે. તે અશરણ ભાવના છે.

(૩) **સંસાર ભાવના :-** સંસાર સ્વાર્થમય... પાપમય... દુઃખમય છે. સંસારમાં જન્મ દુઃખમય છે... જરા વૃદ્ધાવસ્થા દુઃખમય છે... મરણ દુઃખમય છે... કાયા રોગથી ઘેરાય છે... સંબંધો સ્વાર્થથી ભરેલા છે... ડગલે પગલે સંસારમાં પાપ કરવું પડે છે... આવા ભયાનક સંસારના સ્વરૂપનું ચિંતન-મનન કરવાથી સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ જાગે છે. આ સંસાર ભાવના છે.

(૪) **એકત્વ ભાવના :-** જીવ એકલો દુનિયામાં આવે છે... એકલો કર્મ બાંધે છે... એકલોજ કર્મના ફળ ભોગવે છે... એકલોજ દુનિયામાંથી વિદાય લે છે... આ દુનિયામાં આવીને મારૂં મારૂં કરીને ઘણું જ ભેગું કરે છે પણ કાંઇ જ એનુ થતું નથી... કાંઇજ એની સાથે જતું નથી. બધું અહીનું અહીંજ પડ્યું રહે છે. એનું ચિંતન એકત્વ ભાવના છે.

(૫) **અન્યત્વ ભાવના :-** હું આત્મા છું... આત્માથી દેહ જુદો છે... ઘર-પરિવાર-ફર્નિચર બધું જ આત્માથી પર છે... અન્ય છે. બાહ્ય સામગ્રી આત્માથી પર છે... કોઇ કોઇનું નથી... આવી વિચારણા... એવું ચિંતન તે અન્યત્વ ભાવના છે.

(૬) **અશુચિ ભાવના :-** બહારથી રૂડી - રૂપાળી દેખાતી કાયા અંદરથી મળ-મૂત્રથી ભરેલી છે. નગરની ગટરની જેમ તે અશુચિથી ભરેલી છે. હાડ-માંસ-રૂધિર-મેદ અને રસથી બનેલી આ કાયા ચામડીથી મઢેલી સારી દેખાય છે. પરંતુ અંદરથી જોતા ભયાનક-બિભિત્સ લાગે... કાયાના અશુચિનું ચિંતવન તે અશુચિ ભાવના છે.

(૭) **આશ્રવ ભાવના :-** સંસાર અનાદિ કાળથી છે... અનંતકાળ સુધી ચાલવાનો છે... એનું કારણ આશ્રવ છે. આશ્રવ દ્વારા સતત શુભ-અશુભ કર્મોનું આવવું ચાલુ જ છે. મિથ્યાત્વ અવિરતિ-કષાય અને પ્રમાદ એ કર્મબંધના કારણો છે. જેનાથી કર્મોનો પ્રવાહ આત્મામાં સતત વહેતો રહે છે. તેથી સંસારમાં જીવનું ભટકવું ચાલુ રહે છે. આવી રીતે સુખ-દુ:ખનું કારણ આશ્રવ છે. એનું ચિંતન-વિચારણા તે આશ્રવ ભાવના છે.

(૮) **સંવર ભાવના :-** આશ્રવથી વિપરીત સંવર ભાવના છે. અનાદિથી આવતા કર્મના પ્રવાહને અટકાવવાનું કાર્ય સંવર કરે છે. કર્મને અટકાવવાના હેતુરૂપ સમ્યક્ત્વ, વિરતિ, સમિતિ, ગુપ્તિની આરાધના જીવનમાં આવશ્યક છે. એજ સંવરના સ્વરૂપનું ચિંતન-વિચારણા તેજ સંવર ભાવના છે.

(૯) **નિર્જરા ભાવના :-** કર્મનું આવવું અટકાવવું તે સંવર છે. તો અનાદિથી આત્મા સાથે જોડાયેલા કર્મને જુદા કરવા તે નિર્જરા છે. વિવિધ પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે. છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપથી કર્મની અંશે-અંશે નિર્જરા થાય છે એનું ચિંતન કરવું તે નિર્જરા ભાવના છે.

लोग सहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ।
अेआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ।।

લોકસ્વભાવ, બોધિ અને ધર્મના સાધક અરિહંતાદિક પણ દુર્લભ છે. એ ભાવનાઓ પ્રયત્નપૂર્વક ભાવવી.

(૧૦) **લોકસ્વરૂપ ભાવના :-** આ લોક ૧૪ રાજલોક ઉંચુ છે... બે પગ પહોળા કરી કેડ ઉપર હાથ રાખી ઉભેલા મનુષ્ય જેવું છે. એમાં અધોલોક, તિચ્છાંલોક અને ઉર્ધ્વલોક એમ ત્રણ લોક છે. અધોલોકમાં ૭ નારકી છે, તિચ્છાંલોકમાં મનુષ્ય અને તિર્યંચ છે, ઉર્ધ્વલોકમાં દેવલોક છે. આ ચૌદરાજલોકમાં ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો છે એમનું ચિંતન કરવું તથા સર્વ જીવોએ સર્વ સ્થાનોમાં અનંતા જન્મ-મરણ કર્યા છે એની વિચારણા કરવી તે લોકસ્વરૂપ ભાવના છે.

(૧૧) **બોધિ દુર્લભ ભાવના :-** અનાદિ કાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને દુર્લભ એવું આર્યક્ષેત્ર... મનુષ્ય ભવ... અને જિન શાસન મળ્યું પરંતુ એમાં અતિ દુર્લભ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થયું. (જો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો જ ભવભ્રમણ ટળે અને મોક્ષ મળે...) સમ્યગ્દર્શન અતિ દુર્લભ છે. એ મળે તો માનવભવ સફળ છે... અતિદુર્લભ બોધિની વિચારણા-ચિંતન કરવું તે બોધિ-દુર્લભ ભાવના છે.

(૧૨) **ધર્મ ભાવના :-** આ વિશ્વના જીવોને દુઃખથી અને સંસારથી મુક્ત કરવાની તાકાત એક માત્ર જિન પ્રણીત ધર્મમાં છે. આ ધર્મના ઉપદેશક અરિહંત પરમાત્માનો યોગ મળવો ઘણો જ કઠીન છે. જેટલા પણ જીવો મુક્તિને પામ્યા આ ધર્મથી પામ્યા... જેટલા મુક્તિ પામે છે અને જેટલા ભવિષ્યમાં મુક્તિ પામશે તે બધા જિન પ્રણીત ધર્મનો જ પ્રભાવ છે. આવા અતિ મૂલ્યવાન ધર્મનું ચિંતવન કરવું તેજ ધર્મભાવના છે.

આવી બાર ભાવનાના આચાર્ય ભગવંત સ્વામિ હોય છે. **તેથી આચાર્ય ભગવંત ૧૪ + ૧૦ + ૧૨ = ૩૬ ગુણોના ધારણ કરનારા હોય છે.**

## સાધુના સત્તાવીસ ગુણો

સાધુ પદ!

જિનશાસનનું અત્યંત ગૌરવવંતુ પદ છે. આ પદ દ્વારાજ સાધકનો સાધનામાં પ્રવેશ થાય છે. તથા સાધક પંચપરમેષ્ઠિ સ્વરૂપ નવકાર મહામંત્ર તથા સિદ્ધચક્રમાં પ્રવેશ કરે છે.

આવું સાધુપદ ગુણોના દ્વારા પ્રાપ્ત થાય છે. જિન શાસન ગુણોનો પૂજારી છે. અહિં જિનશાસનના સાધુપદનો પરિચય કરાવતાં કહે છે કે સાધુ સત્યાવીસ ગુણોથી યુક્ત હોય છે. આ સત્યાવીસ ગુણો આ પ્રમાણે છે -

छव्वयछकायरक्खा, पंचिंदियलोहनिग्गहो खंती ।
भावविसोहि पडिले-हणाइकरणे विसुद्धी य ।।२०।।
संजमजोए जुत्तो, अकुसलमणवयणकायसंरोहो ।
सीयाइपीडसहणं, मरणंतउवसग्गसहणं य ।।२१।।

**અર્થ :-** (૧ થી ૬) છ વ્રતોનો ધારક (૭ થી ૧૨) છ કાય જીવોનો રક્ષક (૧૩ થી ૧૮) પાંચ ઇન્દ્રિય અને લોભનો નિગ્રહ કરનાર (૧૯) ક્ષમા કરવી (૨૦) ભાવ શુદ્ધિ (૨૧) પ્રતિલેખન કરવું (૨૨) સંયમના યોગમાં રક્ત (૨૩ થી ૨૫) અકુશલ મન-વચન-કાયાનો રોધ કરવો. (૨૬) શીતાદિ પરિષહોને સહન કરવા (૨૭) મરણાંત ઉપસર્ગ સહન કરવા. ।।૨૦-૨૧।।

## છ વ્રતોનો ધારક

જિનશાસન સજ્જન કે સંત બનવા માટેની યોગ્યતા જણાવતાં પાંચ વ્રતોના સ્વીકારની વાત જણાવે છે. આ પાંચ વ્રતો છે (૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત (૨) મૃષાવાદ વિરમણ વ્રત (૩) અદત્તાદાન વિરમણ વ્રત (૪) શીલ વ્રત (૫) પરિગ્રહ પરિમણ વ્રત અને એમાં (૬) રાત્રીભોજન વિરમણ વ્રત ઉમેરવામાં આવ્યું છે. તેથી છ વ્રત થાય છે.

આ પાંચ વ્રતો સાધુને સંપૂર્ણતાથી પાળવાના હોય છે જ્યારે શ્રાવકને દેશથી પાળવાના હોય છે. તેથી સાધુના મહાવ્રતો કહેવાય છે અને શ્રાવકના અણુવ્રતો કહેવાય છે.

આ વ્રતોના સંપૂર્ણ પાલનથી જ સાધુ શોભે છે. સંઘમાં આદરણીય સ્થાન પામે છે. સહુને માટે વિશ્વાસનું સ્થાન બને છે.

બધા વ્રતોમાં મુખ્ય પ્રાણાતિપાત વિરમણ વ્રત છે. કોઇપણ જીવને આપણાથી કોઇ પ્રકારે કિલામણા ન થાય એ માટે સાધુએ સાવધાની રાખવાની છે. પોતે સહન કરીને પણ સર્વ જીવોને શાતા આપવાની છે. કોઇના દુઃખ વેદનામાં ક્યાંય આપણે નિમિત્ત ન બનીએ એવા જીવનના સ્વામિ બનવાનું છે. બીજા વ્રતો એની એ ભાવનાએ પૂર્ણ કરનારા હોવાથી પૂરક કહ્યા છે.

મૃષાવાદમાં ખોટું બોલવાથી બીજાના હૃદયને ઠેસ લાગે છે...

ચોરી કરવાથી, અદત્તાદાનનું સેવન કરવાથી સામે વ્યક્તિને દુઃખ થાય છે...

મૈથુનના સેવનથી ઘણા જીવોની હાનિ થાય છે...

પરિગ્રહમાં પણ જીવોત્પત્તિ અને જીવહિંસા થાય છે... રાગ-દ્વેષની પરિણતિ મજબૂત બને છે.

રાત્રીભોજનમાં પણ અનેક પ્રકારે જીવહિંસા સમાયેલી છે તેથી એમ કહી શકાય કે મૂળથી અહિંસા એજ ધર્મ છે. એનું જ પાલન કરવા અને શુદ્ધ જીવનના સ્વામિ બનવા સાધુ પાંચ મહાવ્રતો સાથે છટ્ઠા રાત્રી ભોજન વ્રતનો પણ સ્વીકાર કરે છે.

વિરતિ અને વ્રતો વિના આપણે ઘણા કર્મો બાંધી દુઃખો અને દુર્ગતિના ચક્કર ફર્યા છીએ. હવે એમાંથી મુક્ત બનવાજ આપણે સાધુ માટે જણાવેલા છ વ્રતોના પાલન માટે કટિબદ્ધ બનવાનું છે.

## છ કાય રક્ષક

છ કાય એટલે (૧) પૃથ્વીકાય (૨) અપ્‌કાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય અને (૬) ત્રસકાય.

આ છ પ્રકારના જીવોને અભયદાન આપવું જ જોઇએ. સાધુનું આ કર્તવ્ય છે. એક એક સ્થાવરના કણમાં અસંખ્ય અસંખ્ય જીવો રહેલા છે. મારા દેહમાં જેવો આત્મા છે... જીવ છે, એવોજ આત્મા વિશ્વના સર્વ જીવોમાં છે. મને સુખ-દુઃખની જેવી લાગણી થાય છે એવીજ લાગણી વિશ્વના સર્વ જીવોને થાય છે. સર્વ જીવો સુખને ઇચ્છે છે. મને જેમ સુખ વહાલું છે, તેમ વિશ્વના સર્વ જીવોને સુખ વહાલું છે. તેથી સર્વ જીવોના સુખનું... જીવનનું રક્ષણ કરવું એટલેજ જીવમાત્રને અભયદાન આપવું જોઇએ. આવી અપૂર્વ ભાવનાથી જીવહિંસા વિનાનું જીવન જીવવા સાધુ પ્રયત્નશીલ હોય. સમય આવે પ્રાણોની બાજી લગાડીને પણ એ બીજાના પ્રાણ બચાવવા પ્રયત્નશીલ હોય છે.

પૃથ્વીકાય - અપકાયની જીવદયાની ચિંતવના બાલમુનિ અઇમુત્તાને કેવળજ્ઞાનની ભેટ ધરે છે... વનસ્પતિકાયની જીવદયાના ચિંતવનથી વ્યથિત સોમચંદ્રસૂરિ આચાર્ય ભગવંત છ વિગઇનો ત્યાગ કરે છે... ક્રૌંચપક્ષીની જીવદયા મેતારજ મુનિને કેવલજ્ઞાન સુધી પહોંચાડે છે.

સાધુને તો છ કાયના પિયર કહ્યા છે. સાધુ ક્યારેય મન-વચન-કાયાથી છ કાયના કોઇપણ

જીવને કિલામણા થાય એવું કરે નહીં.... કરાવે નહીં અને અનુમોદે નહીં.

## પાંચ ઇન્દ્રિય નિગ્રહ

પાંચ ઇન્દ્રિય વશમાં ન હોવાના કારણે આ જીવે ઘણાજ દુઃખ સહન કર્યા છે... કારણ ઇન્દ્રિયોની ઇચ્છાપૂર્તિ કરવા માટે એણે ઘણા પાપો કર્યા છે. ક્યારે તરીશું આપણે ?

તરવું હશે તો પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ અતિ આવશ્યક છે. આજ દિવસ સુધી આપણે ઇન્દ્રિયોએ માંગ્યું તે આપ્યું છે પરંતુ હવે સાવધાન થવાનું છે. મારા કર્માનુસાર મને જે મળે એમાં સંતોષ માનવાનો છે. એમાં આપણે રાગ-દ્વેષ કરીને ખોટા કર્મબંધન કરીએ છીએ. ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેનો રાગ આપણને આર્તધ્યાનમાં લઇ જાય છે. આપણે સાવધાન ન બનીએ તો આ રાગ આપણને રૌદ્રધ્યાનમાં પણ ખેંચી જાય છે.

સાધુ મહાત્મા સાવધાન હોય છે. સ્પર્શેન્દ્રિય હોય કે રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય હોય કે ચક્ષુરીન્દ્રિય... શ્રોતેન્દ્રિય હોય કે મન હોય આ બધાને પોતાના વશમાં રાખે છે. ક્યાંય એ નિમિત્ત પામી રાગ-દ્વેષને ઉઠવાજ દેતા નથી. તેથી જ તેઓ આત્માને કર્મથી મલીન થવા દેતા નથી.

અનુકૂળ કે ઇષ્ટ શબ્દાદિ વિષયમાં રાગ ન કરે...

પ્રતિકુળ કે અનિષ્ટ શબ્દાદિ વિષયમાં દ્વેષ ન કરે...

તેથી જ તેઓ સમતારસમાં ઝીલી શકે છે. જ્યાં ઇન્દ્રિય નિગ્રહ નથી. ત્યાં રાગ-દ્વેષની ઉત્પત્તિ સહજ છે, તેથી ત્યાં કર્મબંધન છે અને તેથી આત્માની મલીન અવસ્થા છે. સાધુ ભગવંત ઇન્દ્રિય નિગ્રહ દ્વારા આત્માની નિર્મળતાને ટકાવી રાખે છે. તેથી જ ઇન્દ્રિય નિગ્રહનો સાધુના ગુણોમાં સમાવેશ થાય છે.

## લોભ નિગ્રહ

કષાય સંસારનું મૂળ છે. કષાયમાં ક્રોધ-માન-માયા-લોભનો સમાવેશ થાય છે. ચારે કષાયમાં સહુથી છેલ્લે ક્ષય પામનાર કષાય લોભ છે. આ લોભને પાપનો બાપ કહેવામાં આવ્યો છે. લોભ જીવની પાસેથી સર્વ પ્રકારના પાપ કરાવે છે. તેથી સાધુને માટે લોભનો નિગ્રહ અત્યાવશ્યક બની જાય છે. લોભનો ઉદય ગમે ત્યારે જીવને પતનની ખીણમાં પટકી શકે છે.

ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે...

માનથી વિનયનો નાશ થાય છે...

માયાથી મિત્રતાનો નાશ થાય છે...

લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે...

જીવનમાં એક લોભ કષાય આવી જાય તો તે સર્વ ગુણોનો નાશ કરીને સર્વનાશ નોતરે છે. જીવનમાં અનેક દોષો અને દુર્ગુણોને ખેંચી લાવે છે.

આવા લોભ કષાયનો નિગ્રહ અતિ આવશ્યક બને છે. સાધુ સદૈવ લોભના નિગ્રહ માટે સાવધાન હોય છે. સાધુતાને ટકાવવા લોભનો નિગ્રહ જરૂરી છે. જે લોભનો નિગ્રહ કરે છે તેજ સાધુ જીવનની આચારમર્યાદા જાળવી શકે છે. જ્યાં લોભનો નિગ્રહ છે ત્યાં સાધુતા છે... જ્યાં લોભનો નિગ્રહ નથી ત્યાં સાધુતા સંભવતી નથી. લોભ નિગ્રહથી ભાવ વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે જે સાધુને અપ્રમત્ત ગુણસ્થાનકથી આગળ ને આગળ... મુક્તિની નજીક લઇ જાય છે.

## ક્ષમા ધારણ કરનાર હોય

સાધુના ગુણોનો પરિચય કરાવતા કહે છે સાધુ ક્ષમાને ધારણ કરનાર હોય છે સાધુને **''ક્ષમાશ્રમણ''** કહેવાય છે. **ક્ષમા** એ સાધુનો મુખ્ય ગુણ છે. ક્ષમાવિના ઉચ્ચ એવા પણ સાધુ જીવનની કોઇ કિંમત નથી. ક્ષમા તો સાધુ માટે કર્મ ખપાવનાર અને મોક્ષ અપાવનાર અમૂલ્ય સાધના છે. ક્ષમાની સુંદર સાધનાથીજ તો મહામુનિઓ મુક્તિ નગરીમાં પહોંચ્યા છે. આજના કાળમાં પણ મુનિવરો અદ્‌ભૂત ક્ષમાની આરાધના કરે છે. ક્ષમાની સાધનાથી પૂર્વ બાંધેલા કર્મોનો ક્ષય થાય છે અને નવો કર્મબંધ થતો નથી. તેથી આત્મા સવિશેષ કર્મથી મુક્ત થતો જાય છે. ક્ષમાની સાધના વિના પરિષહ જય અને સાધનાકાળે થતાં ઉપસર્ગોમાં કર્મક્ષય ન થઇ શકે. **ક્ષમાએ વીર શાસનના સાધુ જીવનનું એક અમુલ્ય આભુષણ છે.** ક્ષમાના અલૌકિક ગુણથી જ સાધુ ત્રણ લોકમાં પૂજનિક બને છે.

## ભાવ શુદ્ધિ

સાધુ જીવનનું લક્ષ્ય આત્મશુદ્ધિ હોય છે. જેને આત્મશુદ્ધિ પામવી હોય એના માટે મનશુદ્ધિ અને અંતઃકરણ શુદ્ધિ અનિવાર્ય બને છે. જેને મનશુદ્ધિ અને અંતઃકરણશુદ્ધિ પામવી હોય એને ભાવશુદ્ધિ પ્રાપ્ત કરવીજ પડે. ભાવશુદ્ધિ વિનાની કોઇપણ આરાધના મોક્ષનું ભાતું ન જ બની શકે. મોક્ષ માટેની પ્રત્યેક ક્રિયા ભાવશુદ્ધિની અપેક્ષા રાખે છે.

શુભ ભાવ, શુભ કાર્ય કરાવી પુણ્ય બંધ કરાવે છે...

અશુભ ભાવ, અશુભ કાર્ય કરાવી, પાપ બંધ કરાવે છે... તેવી જ રીતે શુદ્ધ ભાવ, શુદ્ધ સાધના દ્વારા કર્મ ક્ષય કરાવે છે....

સાધુ આવા કર્મક્ષયનોજ અભિલાષિ હોવાથી શુદ્ધ ભાવોને મેળવવા, કેળવવા, ટકાવવા અને વધારવા જ એ પ્રયત્નશીલ હોય છે. તેથી સતત ભાવશુદ્ધિ તરફ એનું લક્ષ્ય હોય છે. એના હૃદયને ક્યારેય સ્વાર્થ... કષાય... કે વિષયાદિના ભાવો મલીન કરતા નથી. હલકા ભાવોથી એ સદા મુક્ત હોય છે. દૂર હોય છે. ક્ષપકશ્રેણી પર આરૂઢ મહાત્મા ક્ષણે ક્ષણે શ્રેષ્ઠ ભાવ વિશુદ્ધિ પામતાં, આત્માને નિર્મળ કરતાં મોક્ષ નગરી તરફ પ્રયાણ કરે છે.

## પડિલેહણ (પ્રતિલેખન) કરે

સાધુ જીવનમાં વિવિધ પ્રકારની ક્રિયાઓ કહી છે એમાં એક મહત્વપૂર્ણ ક્રિયા છે **પડિલેહણ ક્રિયા.** પડિલેહણ પ્રાકૃત શબ્દ છે... **પ્રતિલેખન** સંસ્કૃત શબ્દ છે. પડિલેહણની ક્રિયા શાસ્ત્રોક્ત ક્રિયા છે. કોઈપણ વસ્તુ કે ઉપકરણ સાધુ પડિલેહણ વિના ન જ વાપરી શકે.

વસ્ત્ર હોય કે પાત્ર હોય... આસન હોય કે કામળી હોય...

દાંડો હોય કે દંડાસન હોય... આઘો હોય કે સંથારાની ભૂમિ હોય...

બધા જ ઉપકરણાદિનું પડિલેહણ કરવાની શાસ્ત્રાજ્ઞા છે... બધાનું દિવસમાં બે વખત પડિલેહણ જણાવ્યું. ભૂમિ આદિનું વારંવાર કહ્યું.પડિલેહણની ક્રિયા કરવા ખાતર કરવાની નથી. પડિલેહણ ન કરીએ તો તો દોષ લાગેજ પરંતુ અવિધિએ... ઉપયોગ રહિત કરીએ તો પણ દોષ લાગે છે.

પડિલેહણના બે વિભાગ છે - (૧) સૂત્ર પડિલેહણ અને (૨) દૃષ્ટિ પડિલેહણ

પડિલેહણની વિધિ કરતાં સૂત્ર બોલવાનું છે તે શુદ્ધ બોલવાનું છે અર્થ સહિત બોલવાનું-વિચારવાનું છે. પડિલેહણના સૂત્ર વિધિમાં પણ સંપૂર્ણ મોક્ષ માર્ગ સમાયેલો છે. પૂર્વ ભવમાં કરેલી પડિલેહણની ક્રિયાની સ્મૃતિમાં જ તો વલ્કલચિરી કેવળજ્ઞાન પામી ગયા. આવી પવિત્ર ક્રિયાના સૂત્રો અને અર્થ ઉપયોગ પૂર્વક બોલવામાં આવે તો ઘણા લાભદાયી બની શકે છે.

પડિલેહણની વિધિ કરતાં દૃષ્ટિથી ઉપકરણનું બરાબર નિરીક્ષણ કરવાનું છે જેથી કોઈપણ જીવજંતુ રહી ન જાય. હોય તો એને જયણાપૂર્વક ક્યાંય કિલામણા ન થાય એવા સ્થાને મૂકવાનું છે. આ જીવદયા... અહિંસાનીજ આરાધના છે. સાધુ ઉપયોગ પૂર્વક નિત્ય સવાર-

સાંજ અપ્રમત્ત બનીને પડિલેહણ કરે તથા પાંખીના દિવસે બધા જ વસ્ત્રાદિનું પડિલેહણ કરે. આ સાધુનો ગુણ છે.

## સંયમ યોગમાં લીનતા

સંયમની વિવિધ પ્રવૃત્તિઓમાં આત્માને જોડવું તે સંયમ યોગમાં લીનતા છે. કોઈપણ પ્રવૃત્તિમય જીવ ક્યારે બને ? જ્યારે એ પ્રવૃત્તિ સાથે આત્મા જોડાય છે ત્યારે. સંયમની સર્વ ક્રિયાઓમાં જો આત્મા જોડાય તો જ એ પ્રવૃત્તિમાં રસ આવે છે... આનંદ આવે છે. જો આત્માનું જોડાણ ક્રિયા સાથે ન થાય તો ક્રિયા ભાવવિહોણી-નિરસ બની જાય છે. ફક્ત ક્રિયા થાય છે. પરંતુ મનતો બીજેજ ક્યાંક ભટકતું હોય છે. આવી ક્રિયાઓ શુષ્ક અને કંટાળા જનક બને છે. પછી આ સંયમયોગો પ્રત્યે પ્રમાદ સેવાય છે અને ધીરે ધીરે ક્રિયાઓ-આરાધનાઓ છૂટતી જાય છે. આ બધાને ટાળવાનો એક માત્ર ઉપાય છે સંયમયોગમાં લીનતા. જ્ઞાન, સ્વાધ્યાય, તપ, ધ્યાન, જાપ, પ્રતિક્રમણ, પડિલેહણ, વાચનાદિ બધા સંયમના યોગો છે. આ બધી સંયમ પોષક આરાધનામાં રસપૂર્વક-ભાવપૂર્વક પ્રવૃત્તિ કરવી. સંયમયોગમાં લીનતાથી ક્ષણે ક્ષણે સાધુ ભગવંત ઘણા-ઘણા અશુભ કર્મોને ખપાવે છે... આત્માના સ્વરૂપને અનુભવીને એના આનંદમાં આત્માનંદમાં મગ્ન બને છે. આ બધી પ્રવૃત્તિના પાયામાં સંયમ યોગમાં લીનતાનો ગુણ છે. એનો સાધુના ગુણોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## અકુશલ મન-વચન-કાયાનો રોધ

**'સાધે તે સાધુ'** અને **'સાધના કરે તે સાધુ'** આવી પણ સાધુ શબ્દની વ્યાખ્યાઓ જણાવવામાં આવે છે. એવા સમયે પ્રશ્ન થાય - 'સાધુ શું સાધે છે ? સાધુની સાધના શું ?'

સાધુની સાધના બે પ્રકારની છે -

(૧) અશુભમાંથી પોતાના મન-વચન-કાયાને શુભમાં લઇ જવા અને (૨) શુભમાંથી આત્માના શુદ્ધ ભાવોમાં સ્થિરતા કરવી.

અહિં પ્રથમ સાધનાની વાત કરી છે. સાધુ કોઇ કર્મના ઉદયે જ્યારે કોઇ અકુશલ એટલે જ અયોગ્ય મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં ફસાઇ જાય છે ત્યારે પોતાની જાતને આવી અકુશલ પ્રવૃત્તિમાંથી કુશલ પ્રવૃત્તિમાં લઇ જવા માટે એણે પુરૂષાર્થ કરવો જોઇએ. એનો પણ સાધુના ગુણોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

કાયાને અકુશલ કાર્યોમાંથી નિવૃત્ત કરીને કુશલ કાર્યમાં પ્રવૃત્ત કરવું તે અકુશલ કાયા

રોધ છે. વચનને અકુશલ ક્રિયામાંથી નિવૃત્ત કરીને કુશલ ક્રિયામાં પ્રવૃત્ત કરવું તે અકુશલ વચન રોધ છે. મનને અકુશલ વિચારોથી નિવૃત્ત કરીને કુશલ વિચારોમાં પ્રવૃત્ત કરવું તે અકુશલ મન રોધ છે.

આ સાધુના ગુણો એને અનોખી જીવનશુદ્ધિ અપાવે છે. એના સંયમ જીવનને સફળ બનાવે છે.

## (૨૬) પરિષહ સહન કરવા

સાધુ જીવનમાં વિવિધ પ્રકારની અનુકૂળતાઓ અને પ્રતિકુળતાઓ આવે છે. આવી અનુકૂળ પરિસ્થિતિમાં રાગ ન થાય અને પ્રતિકૂળતામાં દ્વેષ ન થાય એ માટે જ સાધુ સમતાને કેળવતો રહે છે. બન્ને પ્રકારની પરિસ્થિતિમાં એ દીન-હીન પણ બનતો નથી અને અહંકાર કે રતિને પણ ધારણ કરતો નથી પરંતુ બધુંજ સમાધિપૂર્વક સહન કરે છે. તેથીજ તે કર્મ ખપાવે છે. પરિષહ સહન કરવા તે પણ એક કલા છે... સાધના છે. શાસ્ત્રોએ સાધુ માટે બાવીસ પરિષહ જણાવ્યા છે. જે નીચે મુજબ છે-

(૧) ક્ષુધા-ભુખ (૨) પિપાસા-તરસ (૩) શીત-ઠંડી (૪) ઉષ્ણ-ગર્મી (૫) દંશ (૬) અચેલ-જીર્ણ પ્રાયઃ વસ્ત્ર (૭) અરતિ (૮) સ્ત્રી (૯) ચર્યા-વિહાર (૧૦) નિષદ્યા-ઉપાશ્રય (૧૧) શય્યા-સંથારો (૧૨) આક્રોષ-તીવ્ર ક્રોધ-તિરસ્કાર (૧૩) વધ-તાડના-હત્યા (૧૪) યાચના (૧૫) અલાભ-અપ્રાપ્તિ (૧૬) રોગ (૧૭) તૃણ-સ્પર્શ (૧૮) મલ-મલીનતા (૧૯) સત્કાર (૨૦) પ્રજ્ઞા (૨૧) અજ્ઞાન (૨૨) અદર્શન.

સંસારમાં પણ જીવન કષ્ટો અને વિપત્તિઓ આવે ત્યારે જ ઘડાય છે.કેળવાય છે. સંકટોને સહન કરવાની અને સામનો કરવાની શક્તિ સ્વયંમેવ પ્રગટ થાય છે. તેવી જ રીતે સંયમ જીવનમાં જેમ જેમ સાધુ પરિષહોને સહન કરે છે તેમ તેમ સંયમીમાં અદ્ભૂત સામર્થ્ય પ્રગટે છે. જેથી દિવસે દિવસે વધુને વધુ સહન કરવાની શક્તિ ખીલતી જાય છે. આવો સંયમી માટે અતિ આવશ્યક પરિષહ જય એ સાધુનો ગુણ છે.

## મરણાંત ઉપસર્ગ સહન કરવા

સર્વ ભયમાંથી મુક્તિ થઇ શકે પરંતુ મરણના ભયમાંથી મુક્તિ અતિ દુષ્કર છે, અને તે ઉત્કૃષ્ટ સાધનાની અપેક્ષા રાખે છે.

વિવિધ પરિષહોને સહન કરવાથી દેહાધ્યાસ ટળે છે. દેહ ઉપરથી મમત્વભાવ જો ન ઘટે... એ માટેનો યોગ્ય અભ્યાસ કરવામાં ન આવે તો નાના-નાના ઉપસર્ગમાં જીવ અસ્વસ્થ

થઇ જાય છે. ધર્મધ્યાન ચૂકીને આર્તધ્યાનમાં ડૂબી જાય છે. પરિણામે કર્મ નિર્જરા તો દૂર રહી પરંતુ સાધક સંવરમાં પણ સ્થિરતા ન પામતાં આ ઉપસર્ગો એના માટે આશ્રવરૂપ બની જાય છે. સાધકે સાવધાન બનીને ઉપસર્ગોને સહન કરવાનો અભ્યાસ કરવાનો છે.

ભગવાન મહાવીર સ્વામિએ એક રાત્રીમાં સંગમદેવના વીસ ઉપસર્ગો સહન કર્યા... પૂર્વ મહાત્માઓ ગજસુકુમાલ, અવંતી સુકુમાલ, મેતારજ મુનિ, ખંધક મુનિ બધાએ મરણાંત ઉપસર્ગોની વચ્ચે પણ કર્મની સામે જંગે ચઢી કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ કરી છે.

આવા મરણાંત ઉપસર્ગોને સહન કરવા એ પણ સાધુનો એક મહત્વનો ગુણ છે.

આવા સત્યાવીસ ગુણોના ધારક હોય છે સાધુ ભગવંત. કોટી કોટી વંદના હો આવા મહામુનિવરોને...!

## ગુણવાન સાધુની સેવા

सत्तावीसगुणेहिं, एएहिं जो विभूसिओ साहू ।
तं पणमिज्जइ भत्ति-ब्भेरण हियएण रे जीव ! ।।२२।।

**અર્થ** - સત્યાવીસ ગુણોથી જે સાધુ વિભૂષિત છે, તેને હે જીવ ! અતિ ભક્તિભર્યા હૃદયથી નમસ્કાર કરવો જોઇએ. ।।૨૨।।

નમસ્કાર મહામંત્રમાં આપણે પ્રથમ પાંચ પદો દ્વારા પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરીએ છીએ. 'નમો લોએ સવ્વ સાહૂણં' એ પાંચમા પદ દ્વારા લોકમાં રહેલા સર્વ સાધુ-ભગવંતોને નમસ્કાર કરીએ છીએ. આ સાધુ ભગવંતને કરેલો નમસ્કાર, જીવને શિવના માર્ગે લઇ જનાર બને છે.

સત્યાવીસ ગુણોથી યુક્ત સાધુ ભગવંતની પ્રાપ્તિ જ ઘણી દુર્લભ હોય છે. મહાન પુણ્યના ઉદયથી જ આવા સાધુ ભગવંતના દર્શન-વંદનનો લાભ જીવને પ્રાપ્ત થાય છે. ઇલાયચીકુમાર જેવાને પણ સાધુના દર્શન માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ ગઇ.

આપણા પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો જ આપણને ગુરુદર્શન ને વંદન મળે છે.

આવો અવસર પુણ્યના ઉદયથી જ્યારે પણ મળે ત્યારે અપ્રમત્તભાવે આરાધીને આત્મકલ્યાણ સાધવું જોઇએ. જેમણે જેમણે ગુરુભક્તિ-સેવા-વંદનાદિ આરાધ્યા છે, એમણે આત્માને નિર્મળ કરી પોતાનું આત્મકલ્યાણ સાધ્યું છે.

સદ્ગુરુને પામ્યા પછી બે મહત્વની વાતો સમજવાની છે. પ્રથમ તો મળી ગયેલા સદ્ગુરુની ક્યાંય આશાતના ન થાય અને બીજી વાત છે એમની સ્તુતિ-ભક્તિ-વંદનાદિમાં ક્યાંય ખામી ન રહી જાય. એ માટે આપણે સુગુરુનો યોગ થવા છતાં ગુરુવંદન ન કરીએ તો શું દોષ લાગે ? ગુરુવંદન શા માટે કરવા જોઇએ ? ગુરુવંદન કરવાથી શું લાભ થાય ? દ્રવ્ય અને ભાવ વંદન શું છે ? ગુરુ વંદનના પ્રકારાદિ જાણીશું.

**ગુરુવંદન ન કરવાથી ૬ દોષો -**

૧. અવિનયી બનીએ છીએ. ૨. અભિમાનની વૃદ્ધિ થાય છે. ૩.તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય છે, અવજ્ઞા થાય છે. ૪. નીચ ગોત્ર કર્મનો બંધ થાય છે. ૫. ધર્મ-પ્રાપ્તિ દુર્લભ બને છે. તથા ૬. સંસારની વૃદ્ધિ થાય છે.

આ જીવ ઉપર ગુરુના અનંત ઉપકાર છે આ ઉપકાર પર પ્રતિ ઉપકાર કરવાનું કે ઉપકારના ઋણમાંથી મુક્ત થવાનું કોઇ સામર્થ્ય આ પામર જીવ પાસે નથી. એ ઉપકારોનું નિત્ય સ્મરણ કરીને ગુરુને ત્રિકાલ વંદના કરવી એ તો શિષ્યનું કર્તવ્ય છે જ. એ સિવાય પણ અવસરે વિશેષ કર્તવ્યરૂપે ગુરુવંદન કરવાની વાત જણાવે છે.

**ગુરુવંદન કરવાના ૮ કારણો -**

૧. પ્રતિક્રમણમાં ગુરુવંદન કરવાનું હોય છે.

૨. વાચના-જ્ઞાન લેતાં પહેલા ગુરુ વંદન કરવાનું હોય છે.

૩. કાયોત્સર્ગ પહેલાં ગુરુ વંદન કરવાનું હોય છે.

૪. અપરાધની ક્ષમા માંગતા ગુરુવંદન કરવાનું હોય છે.

૫. મહેમાન સાધુ-સાધ્વીજી ભગવંત પધારે ત્યારે ગુરુવંદન કરવાનું હોય છે.

૬. આલોચના લેતી વખતે ગુરુવંદન કરવાનું હોય છે.

૭. પચ્ચક્ખાણ લેતાં પહેલાં ગુરુવંદન કરવાનું હોય છે.

૮. અણસણ લેતાં પહેલા ગુરુવંદન કરવાનું હોય છે.

ગુરુવંદનથી અનેકાનેક લાભ થાય છે તેની ગણત્રી જ શક્ય નથી. અહીં કેટલાક મુખ્ય લાભોની જ નોંધ કરવામાં આવી છે.

**ગુરુવંદનથી થતાં ૬ મહાન લાભ-**

૧. ગુરુનો વિનય થાય છે.

૨. આપણા અભિમાનનો નાશ થાય છે.

૩. ગુરુની પૂજા-સન્માનનો લાભ થાય છે.

૪. તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે.

૫. સમ્યગ્ જ્ઞાનની તથા આરાધનાની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

૬. પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ગુરુવંદન ત્રણ પ્રકારે થાય છે -

(૧) ફેટા વંદન (૨) થોભ વંદન (૩) દ્વાદશાવર્ત વંદન.

બે હાથ જોડીને મસ્તક નમાવવાથી ફેટા વંદન થાય છે. આ ફેટા વંદન સમસ્ત શ્રી સંઘને કરાય છે.

બે ખમાસણા દઈ ઈચ્છાકાર સહ શાતા પૂછીને અબ્ભુટ્ઠિયાના પાઠ સહિત વંદના કરવી તે થોભ વંદન કહેવાય છે. થોભ વંદન સાધુ-સાધ્વીજી ભગવંતને કરાય છે...

દ્વાદશાવર્ત વંદન ઈર્યાવહી પડિક્કમિ; લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, મુહપત્તિ, વાંદણા આપીને વિધિપૂર્વક અબ્ભુટ્ઠીયો ખમાવી, રાઈઓ; દેવસિઓ આલોવવા પૂર્વક કરાય છે. દ્વાદશાવર્ત વંદન આચાર્ય, ઉપાધ્યાય વગેરે પદસ્થને જ કરાય છે. હાલમાં ગચ્છાધિપતિને દ્વાદશવર્ત વંદન કરવાનો વ્યવહાર છે.

**ગુરુને વંદન કરવાથી શું લાભ થાય?**

नीआ गोअं खवे कम्मं । उच्चा गोअं निबंधए ।।
सिढिलं कम्मं गंठितु । वंदणेण नरो करे ।।

ગુરુ વંદન કરવાથી પ્રાણી નીચ ગોત્ર ખપાવે છે... ઉચ્ચ ગોત્રનો બંધ કરે છે.. નિકાચિત કર્મગ્રંથીને ભેદન કરતાં શિથિલ બંધનરૂપ કરી નાંખે છે.

શ્રી કૃષ્ણ મહારાજાએ શ્રી નેમનાથસ્વામિ સહ અઢાર હજાર સાધુઓને વંદન કરીને તીર્થંકર ગોત્ર બાંધ્યું... ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરી... સાતમી નરકનો બંધ શિથિલ કરી ત્રીજી નરકનું આયુષ્ય કરી નાખ્યું.

## દ્રવ્ય અને ભાવ વંદન

ગુરુવંદનના બે પ્રકાર છે -

૧) દ્રવ્ય વંદન  ૨) ભાવ વંદના

અંતરના ભાવ વગર ફક્ત સૂત્રનો પાઠ બોલીને વંદનનો વિધિ કરવો તે દ્રવ્ય વંદન છે. અંતરના બહુમાનથી વિધિપૂર્વક વંદન કરવા તે ભાવ વંદન છે.

દ્રવ્ય વંદન કરતાં ભાવ વંદન વધારે લાભદાયી છે.

શીતલાચાર્યને વંદન કરવા એમના ચાર ભાણેજ સાધુઓ આવી રહ્યા હતા પણ ગામ બહાર જ સાંજ પડી જતાં ગામ બહાર જ રહ્યા. ત્યાં એક ભાણેજ મુનિને હર્ષના આવેશ પૂર્વક ગુરુ વંદનની ભાવના ભાવતાં ભાવતાં રાતે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ... બાકીના ત્રણ ભાણેજ મુનિ તો ઈર્ષ્યાથી બધાથી પહેલા વંદન કરવા જવા ઉતાવળ કરવા લાગ્યા... સવારના વહેલા ઉઠી જલ્દી તૈયાર થઇ, શીતલાચાર્ય પાસે જઇ દ્રવ્ય વંદન કર્યું. ત્યાં ચોથા ભાણેજ મુનિ (કેવલી) આવ્યા, ત્યારે શીતલાચાર્યને પૂછ્યું - ''સ્વામી ! અમારા ચાર જણાના વંદનમાંથી વધારે લાભ કોને થયો ?'' શીતલાચાર્યે કહ્યું-''જે છેલ્લા આવ્યા એમને'' ત્યારે નવાઇ પામતાં ત્રણે ભાણેજ મુનિ કહે છે-'આમ કેમ ?' ત્યારે ગુરુ શીતલાચાર્યે કહ્યું-'એમને તો રાતે જ વંદનની ભાવના ભાવતાં ગામ બહાર જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે.'

ત્યાં ત્રણે મુનિ ઉઠીને કેવલી મુનિને વંદન કરી ખમાવે છે. ભાવથી વંદન કરતાં ત્રણે મુનિ કેવળજ્ઞાનને પામે છે.

## શ્રાવકના એકવીસ ગુણો

धम्मरयणस्स जुग्गो, अखुद्दो[1] रुववं[2] पगइसोमो[3] ।
लोगप्पिओ[4] अकूरो[5], भीरु[6] असढो[7] सुदक्खिन्नो[8] ॥२३॥
लज्जालुओ[9] दयालू[10], मज्झत्थो सोमदिट्ठी[11] गुणरागी[12] ।
सक्कह[13] सुपक्खजुत्तो[14], सुदीहदंसी[15] विसेसन्नू[16] ॥२४॥
वुड्ढाणुगो[17] विणिओ[18], कयन्नुओ[19] परहिअ (य) त्थकारी[20] अ ।
तह चेव लद्धलक्खो[21], इगवीस गुणेहिं संपन्नो ॥२५॥

**અર્થઃ-** ધર્મરત્નને મેળવવાની યોગ્યતાવાળો શ્રાવક એકવીસ ગુણે કરીને યુક્ત હોય, તે એકવીસ ગુણો આ પ્રમાણે-અક્ષુદ્ર (ગંભીર) ૧, રૂપવંત (ઇન્દ્રિયો અને અવયવોથી પરિપૂર્ણ સુંદર શરીરવાળો) ૨, પ્રકૃતિએ સૌમ્ય ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, પાપભીરુ ૬, અશઠ (સરળ) ૭, સુદાક્ષિણ્યવાન ૮, ખરાબ કામમાં લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ (ગુણ-અવગુણમાં કે શત્રુમિત્રમાં મધ્યસ્થ એવી સૌમ્યદૃષ્ટિવાળો)૧૧, ગુણરાગી ૧૨, સત્કથક (ધર્મકથા વગેરે સારી વાર્તા કરવાના સ્વભાવવાળો) ૧૩, સુપક્ષયુક્ત (કુટુંબ-પરિજન વગેરે પક્ષ ધર્મી હોય તેવો) ૧૪, સુદીર્ઘદર્શી (પર્યાલોચનકારી) ૧૫, વિશેષજ્ઞ (વસ્તુના ગુણદોષને-ભેદને સમજનારો) ૧૬, વૃદ્ધાનુગ (જ્ઞાનવૃદ્ધ અને સદાચારી પુરુષોને અનુસરનારો)૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ (બીજાએ કરેલા ઉપકારને નહિ ભૂલનારો) ૧૯, પરહિતાર્થકારી ૨૦, તેમજ લબ્ધલક્ષ (અન્યના ચિત્તને ઓળખનારો અથવા સાધ્ય નિશ્ચિત કર્યું હોય તેવો) ૨૧, એ એકવીસ ગુણવાળો જીવ ધર્મને માટે યોગ્ય જાણવો. (૩૧-૩૨-૩૩)

ધર્મ કરવા માટેની સાચી યોગ્યતા જીવમાં ક્યારે આવે છે એ જણાવતા અહીં શ્રાવકના એકવીસ ગુણો જણાવવામાં આવ્યા છે. એનું સંક્ષિપ્ત વિવેચન અહીં કરવામાં આવ્યું છે.

## ૧. અશુદ્ર

ક્ષુદ્ર એટલે ગંભીરતા રહિત, તે બુદ્ધિની નિપુણતા રહિત હોય તેથી ધર્મ સાધી શકતો નથી. તેથી કરીને અશુદ્ર એટલે સ્વપરનો ઉપકાર કરવામાં શક્તિમાન જે હોય તે અહીં યોગ્ય છે.

ક્ષુદ્ર શબ્દના અનેક અર્થ છે ક્ષુદ્ર એટલે તુચ્છ, ક્ષુદ્ર એટલે ક્રુર, ક્ષુદ્ર એટલે દરિદ્ર, ક્ષુદ્ર એટલે લઘુ (નાનો) વિગેરે... અહિં ક્ષુદ્ર એટલે તુચ્છ લઇને અગંભીર એવો અર્થ લેવાનો છે. અગંભીર વ્યક્તિ અનિપુણ બુદ્ધિવાળા હોય છે. જ્યાં બુદ્ધિની નિપુણતા ન હોય ત્યાં ધર્મ સાધના કેવી રીતે સંભવીત બની શકે ? અર્થાત્ ન જ સંભવી શકે. કારણ ધર્મના તત્ત્વને સદા સૂક્ષ્મ બુદ્ધિવાળા જ જાણી સમજી શકે છે. જે જીવોના સામાન્ય વ્યવહારીક જીવનમાં પણ સૂક્ષ્મ બુદ્ધિના દર્શન ન થતા હોય તે ધર્મરત્નને કેમ પામી શકે ?

## ૨. રૂપવાન

સંપૂર્ણ અંગોપાંગવાળો... પાંચ ઇંદ્રિયવાળો... અને સારા સંઘયણવાળો જે હોય...

તે રૂપવાન કહેવાય છે.

તેવો પુરુષ ધર્મને દીપાવી શકે છે તથા ધર્મ પાળવામાં સમર્થ હોય છે. માનવીય શરીર અંગોપાંગ દ્વારા બનેલું હોય છે. મસ્તક છાતી, ઉદર, પીઠ, બે હાથ, બે સાથળ એ આઠ અંગ કહેવાય છે. આંગળી વગેરે ઉપાંગો કહેવાય છે, અને બાકીના અંગોપાંગ કહેવાય છે.

શ્રાવકનો બીજો ગુણ જણાવતાં કહે છે કે શ્રાવક રૂપવાન હોય છે. રૂપવાન એટલે શું ? એનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે એની પાંચે ઇન્દ્રિય સુંદર હોય એ વિકળ અંગવાળો એટલે કાણો, ખોખરો, બહેરો અને મૂંગો ન હોય.

## ૩. સૌમ્ય પ્રકૃતિ

શ્રાવકના ત્રીજા ગુણને જણાવતાં કહે છે કે શ્રાવક સૌમ્યપ્રકૃતિવાળો હોય છે. જે સ્વભાવથી જ સૌમ્ય પ્રકૃતિવાળો છે તે પ્રાયઃ પાપમાં પ્રવર્તતો જ નથી... પાપમાં ન પ્રવર્તવાથી તે સુખે સેવવા યોગ્ય થાય છે આવો વ્યક્તિ બીજાઓ માટે ઉપશમનું કારણ બને છે.

આ વિશ્વ જુદા જુદા સ્વભાવવાળા જીવોથી ભરેલું છે. ક્યાંક સૌમ્યતા દેખાય છે... ક્યાંક ઉગ્રતા દેખાય છે...

ક્યાંક કષાયની ઉપશાંતતા પ્રવર્તે છે... ક્યાંક કષાયનો પ્રચંડ ઉદય દેખાય છે. ધર્મને ન સમજતો જીવ કર્મને આધીન બનીને આત્માને કર્મના અને સંસારના ચક્રમાં ફેરવતો રહે છે. આપણે આવા સંસારચક્રમાં અનાદિકાળથી ફરી રહ્યા છીએ. જીવ જ્યારે કાંઇક અંશે ધર્મને સમજે છે ત્યારે ધીરે ધીરે પોતાના કષાયોદયમાં જાગૃત બનીને એને શાંત કરતો જાય છે. જેમ જેમ કષાય શાંત થતાં જાય છે તેમ તેમ જીવ સૌમ્યપ્રકૃતિવાળો બનતો જાય છે. આવો જીવ પૂર્વ ભવથી ધર્મના સંસ્કાર લઇને આવેલો હોય છે.

## ૪. લોકપ્રિયતા

આ લોક પરલોક વિરુદ્ધ આચરણ ન હોય. દાન-વિનય-શીલ યુક્ત લોકપ્રિય હોય છે. તેથી બીજા માણસોને પણ ધર્મને વિષે બહુમાન ઉત્પન્ન કરે છે.

શ્રાવકનો ચોથો ગુણ કહે છે-શ્રાવક સદા લોકપ્રિય હોય. અજૈનોની વસ્તીમાં એકજ જૈનનું ઘર હોય છતાં બધાના મુખમાં એનું જ નામ રમતું હોય છે. શ્રાવકને આ લોકપ્રિયતા એમને એમ પ્રાપ્ત નથી થતી પણ એની પાછળ એના ગુણો હોય છે. જ્યારે દાન વિનય અને શીલથી યુક્ત હોય છે ત્યારે એને સ્વયંમેવ લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે. સાચી લોકપ્રિયતા

પ્રચારથી નહી આચારથી મળે છે.

## ૫. અક્રૂર

જ્યાં ક્રૂરતા છે.. ત્યાં ક્લિષ્ટ પરિણામ છે...

જ્યાં ક્લિષ્ટ પરિણામ છે... ત્યાં ધર્મ સંભવતો નથી...

ધર્મ કરવો હોય તો જોઇએ અક્લિષ્ટ પરિણામ... અને અક્લિષ્ટ મનના પરિણામ જોઇતા હોય તો અક્રૂરતા અનિવાર્ય છે. એથી જ શ્રાવકના ગુણોની વિચારણા કરતાં પાંચમા ગુણને જણાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે, શ્રાવક અક્રૂર હોય છે.

ક્રૂરતા કરુણા અને મૈત્રીના પરિણામની ઘાતક છે. ક્રૂર માનવી સદા પરના છિદ્ર જોવામાં જ લાગેલો છે. પરના છિદ્ર જોવાથી મન હંમેશા કલુષિત રહે છે. મનને ક્યાંય શાંતિ મળતી નથી. સારું જાણવા સમજવાના ભાવ જાગતા નથી...

## ૬. પાપભીરૂતા

પાપભીરૂ માનવી, આલોક-પરલોકના કષ્ટનો વિચાર કરે છે... અપયશના કલંકથી ભય પામે છે... તેથી તે પાપ કર્મમાં પ્રવર્તતો નથી... માટે જ પાપભીરૂ માનવી ધર્મ કરવાને યોગ્ય છે. ભય તો સતત માનવીની પાછળ પડેલો છે. ક્યારેક ચોરનો ભય સતાવે છે... ક્યારેક મોતનો ભય સતાવે છે... ક્યારેક અપયશનો ભય સતાવે છે... ક્યારેક દુઃખનો ભય સતાવે છે. પણ શું આપણને કોઇ દિવસ પાપનો ભય સતાવે છે ખરો ?

પાપ કરતાં ધ્રુજી ઉઠીએ કે મારા આત્માનું ભવાંતરમાં શું થશે ?

ચોરી કરનાર ચોરને પણ જો ચોરી કરતાં કરતાં મારી ચોરી પકડાઇ જશે તો શું થશે ? એવો વિચાર આવી જાય તો કદાચ એ ચોરીથી અટકી જાય. કારણ ચોરી પકડાઇ જતાં આ ભવમાં અપયશ મળે... દંડ થાય. આ ફળ તો પ્રત્યક્ષ દેખાય છે. પણ પાપભીરૂ આત્માને આત્માનું પરલોકમાં શું થશે એનો પણ વિચાર હોય.

## ૭. અશઠ

અન્યને છેતરે... માયા કરે તે શઠ...

પણ અશઠ હોય તે ક્યારેય બીજાને ઠગતો નથી... જે કોઇને ક્યારેય છેતરે નહિં... ઠગે નહિં તે વિશ્વાસ કરવા યોગ્ય છે... વિશ્વાસુ માનવી પ્રશંસા કરવા યોગ્ય છે... આવી વ્યક્તિ હૃદયના ભાવ સહિત ધર્મ માર્ગમાં પ્રવર્તે છે અને તેથીજ તે ધર્મ કરવા માટે લાયક છે.

અનાદિ કાળથી સંસારમાં રખડતા આપણા આત્માએ દુનિયાના જીવોને ઠગવાના ધંધા કર્યા છે. જ્યાં ઠગવાના ધંધા કરવાના સંસ્કાર મજબૂત બનેલા હોય ત્યાં ધર્મની સંભાવના ક્યાંથી હોય ? સર્વ જીવોને છેતરીને પોતાનો સ્વાર્થ સાધવામાં અત્યંત કુશળ બનેલા આ જીવને આત્મકલ્યાણ સાધવાની ભાવના કેવી રીતે જાગૃત થઇ શકે ? આત્મ કલ્યાણની ભાવનાને સાકાર કરવા ધર્મની આવશ્યકતા છે. ધર્મને પામવા માટે સરળતાની આવશ્યકતા છે.

## ૮. દાક્ષિણ્યતા

શ્રાવકનું જીવન ગુણોથી શોભે છે.. એવા ગુણોની હારમાળાનો વિચાર કરતાં કરતાં આજે આપણે શ્રાવકના આઠમા ગુણને સમજવાનો પ્રયત્ન કરવાનો છે. શ્રાવકનો આઠમો ગુણ છે સુદાક્ષિણ્યતા ! દાક્ષિણ્યતાની સાથે 'સુ' જોડીને એની મહત્તાને વધારવામાં આવી છે. પરોપકાર કરવો એ માનવી માત્રનું કર્તવ્ય છે. કોઇ વ્યક્તિ આપણી પાસે આવીને પોતાની મુંઝવણ રજુ કરે... કાંઇક માંગણી કરે ત્યારે એની મુંઝવણને દૂર કરવી.. એની પ્રાર્થના... ઇચ્છાની પૂર્તિ કરવી એમાં પોતાનો યથાશક્તિ પ્રયત્ન કરવો એજ તો દાક્ષિણ્યતા ગુણનું મહત્વ છે.

દાક્ષિણ્યતા ગુણથી અલંકૃત વ્યક્તિ સદા પોતાના કાર્યને છોડીને પણ બીજાનો પરોપકાર કરવા તૈયાર હોય છે. કોઇની પણ પ્રાર્થનાને એ ક્યારેય ઠુકરાવતો નથી.

દાક્ષિણ્યતાના ગુણથી અલંકૃત વ્યક્તિને જ સંતો પણ ધર્મ માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે... વડિલોપણ એને જ હિતશિક્ષા આપે છે. આ દાક્ષિણ્યતાના ગુણથી જીવ અન્ય ગુણોને પામી શકે છે... જીવનમાં આગળ વધી શકે છે. ધર્મમાં પણ આગળ વધી આત્મકલ્યાણ સાધે છે. સ્થુલીભદ્રનો નાનો ભાઇ શ્રીયક એનું સાક્ષાત ઉદાહરણ છે.

## ૯. લજ્જાળુ

લજ્જાવાન ધર્મનો અધિકારી છે... લજ્જા શ્રાવકનો નવમો ગુણ છે... લજ્જાને ગુણ શા માટે કહ્યો ? કારણ ? લજ્જાવાન સદા નિંદિત કાર્યથી દૂર રહે છે... લજ્જાવાન સદા સદાચારનું આચરણ કરે છે... લજ્જાવાન અંગીકાર કરેલા વ્રતને ક્યારે પણ મૂકતો નથી... હા ! માટે લજ્જાવાન ધર્મ કરવા લાયક છે... યોગ્ય છે. આ હિંદુસ્તાનમાં જ્યાં સુધી લજ્જાનો ગુણ ઘર... ઘરમાં અને ઘટ ઘટમાં વ્યાપેલો હતો ત્યાં સુધી હિંદમાં પુણ્યનો અને પવિત્રતાનો સૂર્ય પ્રખર તેજથી ઝગમગી રહ્યો હતો. આવા વસ્ત્રોમાં વડિલો સન્મુખ કેમ જવાય ? વડિલોની સામે

બીડી કેમ પીવાય ? વડિલોની સામે આ વાત કેમ કરાય ? જ્યાં લજ્જા હતી, ત્યાં મર્યાદાનું પાલન હતું. આજે પણ જ્યાં લજ્જા છે ત્યાં મર્યાદાનું પાલન છે.

## ૧૦. દયાળુ

દયા એ ધર્મનું મૂળ છે... અને દયાને અનુકૂળ જ સઘળું અનુષ્ઠાન જિનેન્દ્રના સિદ્ધાંતમાં કહેલ છે. તેથી જ આ સ્થળે દયાળૂપણું માંગ્યું છે.

આચારાગં સૂત્રમાં કહ્યું છે કે-''હું કહું છું કે જે તીર્થંકર ભગવાન થઇ ગયા... જે હાલ પ્રવર્તે છે અને આવતા કાળમાં થશે તે બધા આ રીતે કહે છે.. બોલે છે... જણાવે છે તથા વર્ણવે છે કે ''સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્વને હણવું નહિં, તેમના પર હકુમત ચલાવવી નહિ, તેમને કબજે કરવા નહિ, તેઓને મારી નાખવા નહિ, અને તેઓને હેરાન કરવા નહિ.'' આવો પવિત્ર અને નિત્ય ધર્મ લોકના દુઃખને જાણનાર ભગવાને બતાવ્યો છે.

આ દયાના રક્ષણાર્થે જ તો અન્ય વ્રતો બતાવ્યા છે. દયાના ભાવ સાથે યતના પૂર્વક ચાલવાથી, યતનાપૂર્વક ઉભા રહેવાથી, યતનાપૂર્વક બેસવાથી, યતનાપૂર્વક શયન કરવાથી તેમજ યતનાપૂર્વક ખાવાથી અને યતનાપૂર્વક બોલવાથી પાપકર્મનો બંધ થતો નથી.

## ૧૧. મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ

ધર્મ કરવા માટે હૈયામાં દયા તો જોઇએ જ પણ એની સાથે સાથે એક અનોખી વાત જણાવતાં કહે છે દૃષ્ટિમાં મધ્યસ્થતા અને સૌમ્યતા જોઇએ.

મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિવાળો સાધક ખરા ધર્મ વિચારને સાંભળી શકે છે અને ગુણોની સાથે જોડાઇને દોષોને દૂર તજી શકે છે.

એથી શ્રાવક બનવાની યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રત્યેક વ્યક્તિએ મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિને મેળવવી જોઇએ... કેળવવી પણ જોઇએ.

અર્થાત્ મધ્યસ્થ એટલે કોઇપણ દર્શનમાં પક્ષપાત રહિત અને પ્રદ્વેષ નહિં હોવાથી સૌમ્ય એવી દૃષ્ટિ એટલે દેખવાની નજર જેની હોય તે મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ કહેવાય-અર્થાત્ જે સર્વ સ્થળે રાગદ્વેષ રહિત હોય તેને મધ્યસ્થસૌમ્યદૃષ્ટિ ગણવો.

આવી દૃષ્ટિવાળો વ્યક્તિ અનેક પાખંડિઓની મંડળીઓના મંડપમાં ઉપસ્થિત થએલ ધર્મરૂપી માલના સ્વરૂપને તે યથાવસ્થિતપણે એટલે કે સુગુણને સુગુણપણે... નિર્ગુણને નિર્ગુણપણે... અલ્પગુણને અલ્પગુણ પણે અને બહુગુણને બહુગુણ પણે સોનાની પરીક્ષામાં

કુશળ હોઇ ખરા સોનાને ગ્રહણ કરનાર પુરુષની જેમ ઓળખી કાઢે છે.

આજના સમયમાં આ દૃષ્ટિની નિતાંત આવશ્યકતા છે.

## ૧૨. ગુણાનુરાગી

ગુણાનુરાગી જીવ શું કરે ? તે જણાવતાં કહે છે -

- ગુણવાન જનોનું બહુમાન કરે છે.
- નિર્ગુણીઓની ઉપેક્ષા કરે છે.
- ગુણોનો સંગ્રહ કરવામાં પ્રવર્તે છે.
- પ્રાપ્ત કરેલા ગુણોને મલીન નથી થવા દેતો.

જોઇ લઇએ આપણા જીવનને ? આપણા જીવનમાં ઉપરોક્ત ચાર બાબતો દેખાય છે અથવા આ બધી વાતોનો અભાવ કે દુષ્કાળ વર્તે છે.

અનાદિ કાળથી આ જીવ રાગમાં ફસાયેલો છે પણ એ રાગ ક્યારેય ગુણાનુરાગ ન બન્યો. આપણો રાગ, કામરાગ-સ્નેહરાગ અને દૃષ્ટિરાગમાંજ અટવાતો રહ્યો. આ બધામાં અટવાયેલો જીવ ગુણાનુરાગી કેવી રીતે બની શકે ? ગુણાનુરાગી બનવા માટે ત્રણે રાગ મંદ પરિણામી બનાવવા જ રહ્યા. આ રાગ ત્રિપુટી ગુણવાન ઉપર રાગ ન થવા દે એનું બહુમાન ન કરવા દે. ગુણવાનને ઓળખવા ગુણાનુરાગથી યુક્ત દૃષ્ટિ હોવી આવશ્યક છે.

## ૧૩. સત્કથી

અશુભ કથાના પ્રસંગથી કલુષિત થએલ મનવાળાનું વિવેકરત્ન નાશ પામે છે. અને ધર્મ તો વિવેક પ્રધાન કહેલ છે. તેથી ધર્માર્થી પુરુષે સત્કથી થવું જોઇએ.

ધર્મ તો વિવેકસાર જ છે એટલે કે હિતાહિતના જ્ઞાનપૂર્વક જ થાય છે. વિવેક એટલે સારી ખરાબ અથવા ખરી-ખોટી વસ્તુનું પરિજ્ઞાન. વિવેક અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર હોવાથી રત્ન ગણાય છે. આવું આ વિવેકરત્ન વિકથાથી કલુષિત થયેલા હૃદયમાં નાશ પામે છે.

વિકથા એટલે શું ?

જે કથા કરવાથી... સાંભળવાથી મન કલુષિત થાય આત્મા કર્મથી ભારે થાય એવી આત્માનું એકાંત અહિત કરનારી કથા તે વિકથા છે. આ વિકથા નો ત્યાગ કરી પોતાને સત્કથામાં જોડવું જોઇએ.

## ૧૪. સુપક્ષ

જેનો પરિવાર અનુકૂળ અને ધર્મશીલ હોઇ સદાચારયુક્ત હોય તે પુરુષ સુપક્ષ કહેવાય, તેવો પુરુષ નિર્વિઘ્નપણે ધર્મ કરી શકે છે. શ્રાવકનો ચૌદમો ગુણ સુપક્ષ નામે કહ્યો. સુપક્ષનો અર્થ જણાવતાં કહ્યું **''શોભનઃ પક્ષો યસ્ય સ સુપક્ષ''** શોભન પક્ષ એટલે ધર્મમાં સાથ આપનાર પરિવાર જેનો હોય તે સુપક્ષ કહેવાય.

પરિવારનો સદસ્ય આરાધના કરે તો બધાને ઘરમાં આનંદ હોય... બધા એની સેવા-વૈયાવચ્ચ કરવા તૈયાર હોય... પોતાનાથી ન થતું હોય છતાં જે કરતાં હોય એની સતત અનુમોદના હોય... એમને આગળ વધારવા... ઉત્સાહ વધારવા પ્રયત્નશીલ હોય. આવો પરિવાર સુપક્ષ બની શકે.

## ૧૫. દીર્ઘદર્શી

દીર્ઘદર્શી પુરુષ જે જે કામ પરિણામે સુંદર હોય - બહુ લાભ અને થોડા ક્લેશવાળું હોય અને ઘણા જનને વખાણવા લાયક હોય તે તે કામ જ શરૂ કરે છે. દીર્ઘદર્શી એટલે ?

द्रष्टुमवलोकयितुं शीलमस्येति दीर्घदर्शी ।

દીર્ઘ જોવાની જેને ટેવ હોય તે દીર્ઘદર્શી પુરુષ જાણવો. દીર્ઘદર્શી પુરુષ કેવા કાર્ય કરે તે જણાવે છે -

પરિણામ સુંદર એટલે અંતે સુખને આપનારૂં હોય.

બહુ લાભવાળું પુષ્કળ ફાયદાવાળું હોય.

અલ્પ ક્લેશવાળું એટલે થોડી મહેનતવાળું હોય.

બહુજનશ્લાઘનીય એટલે સ્વજન પરિજનોને પ્રશંસવા યોગ્ય હોય

જેની પાસે દીર્ઘદષ્ટિ નથી તેવો જીવ બહારની ચમક-દમક જોઇને અંજાઇ જાય છે એ વસ્તુ કે વ્યક્તિના ગુણ-દોષોને જોઇ સમજી શક્તો નથી.

દીર્ઘદષ્ટિનો સ્વામી દેહને જ નહીં આત્માને પણ જાણે છે.

દીર્ઘદષ્ટિનો સ્વામી આલોકને જ નહીં પરલોકને પણ જુએ છે.

## ૧૬. વિશેષજ્ઞ

વિશેષજ્ઞ પુરુષ અપક્ષપાતપણે કરી વસ્તુઓના ગુણદોષ જાણી શકે છે. માટે પ્રાયેઃ કરીને તેવો પુરુષ જ ઉત્તમ ધર્મને યોગ્ય છે... હે સાધક ! જો તને ઉત્તમ ધર્મને આરાધવો છે તો

તારે વિશેષજ્ઞતાના સ્વામી બનવું પડશે....

આંખ મળી એટલે જોઇ શકીએ છીએ... બુદ્ધિ મળી એટલે વિચારી શકીએ છીએ... જીભ મળી એટલે બોલી શકીએ છીએ... પણ આ બધામાં જો વિશેષજ્ઞતા ભળી જાય તો આત્મા સરળતાથી ભવસાગર તરી જાય... આવી કઇ વિશેષતા છે વિશેષજ્ઞતામાં ? એ જણાવતા કહે છે...

વિશેષજ્ઞ તટસ્થદ્રષ્ટિવાળો હોય છે... એની પાસે પક્ષપાતી દષ્ટિ નથી હોતી. જે વસ્તુ જેવી છે તેવી જાણી શકે છે.

તેવી જ રીતે વિશેષજ્ઞ વસ્તુના ગુણ અને દોષ બન્ને જાણનારો હોય છે.

## ૧૭. વૃદ્ધાનુસારીતા

વૃદ્ધ પુરુષ પાકી બુદ્ધિવાળો હોવાથી પાપાચારમાં નહિ જ પ્રવર્તે. એ રીતે તેની પાછળ ચાલનાર હોય તે પણ પાપાચારમાં નહિ પ્રવર્તે. કેમકે સોબત પ્રમાણે ગુણ આવે છે.

અહીં શ્રાવક બનવા માટે વૃદ્ધ પુરુષોને અનુસરવાની વાત જણાવે છે. પ્રથમ આપણે વિચારીએ વૃદ્ધ કોને કહેવાય ?

જેની ઉંમર મોટી છે... વાળ ધોળા થઇ ગયા છે... દાંત પડી ગયા છે... હાથ-પગ ધ્રુજી રહ્યા છે... કમરથી વાંકા વળી ગયા છે... આપણે એને જ વૃદ્ધ માનીએ છીએ.

પણ જ્ઞાની મહાત્માઓની દૃષ્ટિ શબ્દનો અર્થ કરવામાં ઘણી સૂક્ષ્મ-તીક્ષ્ણ વિશાલ અને ગહન હોય છે... જ્ઞાની પુરુષોએ વયોવૃદ્ધની સાથે જ્ઞાન વૃદ્ધ... સંયમવૃદ્ધ... તપવૃદ્ધ... ધ્યાનવૃદ્ધ એવા અનેક વૃદ્ધોની વાત જણાવી છે... અહીં જે વૃદ્ધોની વાત જણાવી છે એમાં સ્પષ્ટ જણાવ્યું છે જેઓ પરિપકવ બુદ્ધિના સ્વામી છે... જેઓ પાપાચારમાં ક્યારેય પ્રવર્તતા નથી...

એવા વૃદ્ધોનો સંગ કરવામાં આવે એમના જણાવેલા અને આચરેલા માર્ગને અનુસરવામાં આવે તો જીવનમાં ધર્મને પામીને પચાવવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે...

## ૧૮. વિનય

વિનય એજ સમ્યક્જ્ઞાન, દર્શન વગેરે સઘળા ગુણોનું મૂળ છે. અને તે ગુણો જ સુખના મૂળ છે. તેથી અહીં વિનીતને પ્રશસ્ત ગણ્યો છે.

જિનશાસનમાં આરાધનાની શરૂઆત નવકાર મહામંત્રથી થાય છે અને નવકાર

મહામંત્રનો પ્રથમ શબ્દ જ આપણને નમવાની વાત જણાવે છે. જેને નમતા ન આવડે એને નવકાર ન આવડે અને જેને નવકાર ન આવડે એ જૈન ન કહેવાય. નવકાર મહામંત્ર એજ જૈન શ્રાવકની પ્રાથમિક ઓળખાણ છે. ચાલો આપણે આપણા જીવનમાં ''વિનય'' નું સ્થાન ક્યાં છે ? એને જાણવા પ્રયત્ન કરીએ.

ઘરમાં વડિલોનો માતા-પિતાનો વિનય...

નિશાળમાં (સ્કુલ-કોલેજમાં) જ્ઞાનદાતા ગુરુજનોનો વિનય...

વ્યવહારમાં ધંધે ચઢાવનાર... પૈસા કમાવવાની ન્યાય-નીતિપૂર્વક હિતશિક્ષા આપનાર સ્વામિનો વિનય...

ઉપાશ્રયમાં ધર્મનો મર્મ સમજાવનાર ગુરુભગવંતનો વિનય...

દેરાસરમાં અનંત ઉપકારી અરિહંત પરમાત્માનો વિનય...

જેને પોતાના મળેલા માનવ ભવને સફળ બનાવવું હોય... આત્મકલ્યાણ સાધવું હોય એણે આ સર્વ સ્થાનોમાં વિનય અચૂક જાળવવો જ જોઇએ. વિનય વિના ઉપકારી મહાત્માઓ પ્રત્યે પણ હૃદયમાં બહુમાન આવી ન શકે. જીવનમાં ઉપકારીઓ પ્રત્યે... ગુણીજનો પ્રત્યે વિનય-બહુમાન ન હોય તો આત્મ વિકાસ કેમ સંભવિત બનશે ?

વિનય જ્ઞાનનું મૂળ છે... વિનય ધર્મનું મૂળ છે...

વિનય જીવન વિકાસનું મૂળ છે...

## ૧૯. કૃતજ્ઞ

કૃતજ્ઞ પુરુષ ધર્મગુરુ વગેરેને ખરી બુદ્ધિથી પરમોપકારી ગણીને તેમનું બહુમાન કરે છે. તેથી ગુણોની વૃદ્ધિ થાય છે. માટે કૃતજ્ઞજ બીજા ગુણોને યોગ્ય ગણાય છે.

ધર્મ જેને કરવો છે... ધર્મ આચરણ કરીને પુરાણા પાપોને ધોઇને જબરજસ્ત પુણ્યોદય પ્રાપ્ત કરવો છે એવા જીવોને માટે ધર્મરત્ન પ્રકરણમાં સુંદર વાત જણાવી છે. ધર્મરૂપી રત્નને ખરીદવા જીવનમાં ગુણોને પ્રગટ કરવાની આવશ્યકતા દર્શાવી છે. અહીં કૃતજ્ઞતાના ગુણના મહત્વને સમજાવતાં કહે છે -

જીવનમાં કૃતજ્ઞતા હોય તો ધર્મગુરુ વગેરે પરમ ઉપકારી જણાય... એમના પ્રત્યે બહુમાન જાગૃત થાય... ગુણોનો ભંડાર છલકાઇ જાય.

## ૨૦. પરહિતાર્થકારી

પરનું હિત સાધવામાં તૈયાર રહેનાર ધન્ય પુરુષ છે, કેમકે તે ધર્મના ખરા મતલબને બરાબર રીતે જાણનાર હોવાથી નિઃસ્પૃહ મહા સત્ત્વવાન્ રહી બીજાઓને પણ માર્ગમાં સ્થાપે છે.

શ્રાવકના આગવા ગુણની વાત સમજાવતાં કહે છે-''શ્રાવક પરહિત કરનાર... પરોપકાર કરનાર હોય છે.''

પોતાનું હિત તો કાગડા ને કબૂતર પણ સાધે છે.. કુતરો અને બિલાડી પણ સાધે છે.. એમાં ક્યાં મહાનતા છે ? માનવી પોતાનું હિત સાધે... પોતાનું ભલું કરે એમાં ક્યાં મોટાઇ છે ? મોટાઇ તો પોતાનાં સુખને ગૌણ બનાવી બીજાના સુખને મુખ્ય બનાવવામાં છે, બીજાના સુખમાં તત્પર બનવા પોતાના જીવનમાં જે દુઃખો આવે એને પણ ઝીલવાની તૈયારી હોય. આવા જીવોને ધન્ય કહ્યા છે. પરના હિતમાં પ્રવૃત્ત બનનારા જ ધર્મના સાચા મર્મને સમજ્યા છે. ધર્મને ન સમજનારો ક્યારેય પરોપકારની પુણ્યવંતી પ્રવૃત્તિમાં આગળ વધી શકતો નથી.

## ૨૧. લબ્ધ લક્ષ

પેટ ભરવા ગાયો વનમાં જાય... ચારો ચરે, ચારે બાજુ ફરે... પણ એમનું ચિત્તતો પોતાના વાછરડામાં જ હોય છે.

ચાર પાંચ બહેનપણીઓ મળીને પાણી ભરવા જાય... હસી મજાક કરે... વાતો કરે... એક બીજાને તાળી આપે પણ એમનું ચિત્ત તો પોતાના બેડામાં જ હોય છે...

તેવી જ રીતે નટ નગરનાચોકમાં નાચ કરતો હોય... કેટલાય આવે કેટલાય જાય પણ એનું ચિત્ત તો પોતાના દોરડામાં જ હોય છે.

જુગારી વાતો કરતો હોય... ખાતો-પીતો હોય... ચારે બાજુ નજર કરતો હોય... પણ એનું ચિત્ત તો જુગારમાં જ ચોંટેલું હોય છે.

એવી જ રીતે આપણે આપણી સર્વ વ્યવહારીક ક્રિયાઓ કરતા હોઇએ પણ જો આપણને આપણું લક્ષ્ય સમજાઇ ગયું હોય... લક્ષ્ય પ્રાપ્ત થઇ ગયું હોય... મજબૂત બની ગયું હોય તો સર્વ ક્રિયાઓ કરતી વખતે આપણને ક્યાંય રસ જાગતો નથી... મન લાગતું નથી... આપણું મન સતત લક્ષ્ય પ્રાપ્તિ તરફ જ દોડતું હોય છે. એવા જીવોને 'લબ્ધલક્ષ્ય' કહેવાય છે.

# જિનાગમ

कत्थ अम्हारिसा पाणी, दूस्समादोसदूसिआ ।
हा अणाहा कहं हुंतो, न हुंतो जइ जिणागमो ।।२६।।

**અર્થઃ-** દૂષમ કાલના દોષે કરીને દૂષિત (વક્ર અને જડ) અમારા જેવા અનાથ નિરાધાર પ્રાણીઓ જો જિનાગમ ન હોત તો ક્યાં કેવાં કેવાં દુઃખો પામત ? અર્થાત્ વિશિષ્ટ જ્ઞાનીઓના વિરહમાં જીવને એક જૈન આગમનોજ જીવનમાં આધાર છે.

દુષમ કાળના દોષથી દૂષિત જીવો કેવા પ્રકારના છે ?

કાળચક્ર પોતાની ગતિએ સતત ફરતું રહે છે. ભરત ક્ષેત્રમાં છ આરા ચઢતા અને છ આરા પડતા હોય છે. એમાં હાલમાં પાંચમો પડતો આરો એટલે અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલી રહ્યો છે. આ પાંચમો આરો કેવો છે ? એ જણાવતાં કહે છે કે આ આરો એકવીસ હજાર વર્ષ પ્રમાણવાળો છે. આ આરામાં સતત શુભ ભાવોનો હ્રાસ થતો જાય છે.

૧. આયુષ્ય ૨. દ્રવ્ય ૩. સ્વાસ્થ્ય ૪. વિદ્યા અને ૫. ઐશ્વર્ય આ પાંચનો મારક સમય હોવાથી પંચમારક કહેવાય છે.

ચોથા દુષમસુષમ આરામાં જન્મેલા જીવો ભવ્ય હોય છે... પુણ્યવંતા હોય છે. તેઓ જિનેશ્વર પરમાત્માના મુખકમળના સાક્ષાત દર્શન કરી શકે છે તથા એમના મુખથી જિનવાણીનું શ્રવણ કરી શકે છે.

પરંતુ પાંચમા આરામાં જન્મેલા જીવોનું એ સદ્‌ભાગ્ય નથી. આ કાળનો પ્રભાવ છે તેમજ જીવોના કર્મનો દોષ છે. વર્તમાનકાળના જીવો બહુધાકાળ પ્રભાવે વક્ર અને જડ છે. છતાં એમનું એટલું પુણ્ય જરૂર છે કે એમને પરમાત્માના વાણી સ્વરૂપ આગમો મળ્યા છે. આ આગમો એમના માટે જીવન આધાર છે. વર્તમાન કાળના 'શ્રી સંઘ' એટલેજ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ માટે આધાર કોણ ? સાધુનું જીવન કેવું હોવું જોઇએ ? શ્રાવકનું જીવન કેવું હોવું જોઇએ ? એ એને કોણ જણાવશે ? કોણ સમજાવશે ?

આ બધાનું માર્ગદર્શન આગમ દ્વારા જ શક્ય છે. એક બાજુ અરિહંત પરમાત્માનો વિરહ... બીજી બાજુ કેળવજ્ઞાની કે વિશિષ્ટ જ્ઞાનીઓનો વિરહ... અને એવા નિરાધાર જીવોને માટે... અનાથ જીવોને માટે આધાર કોણ ?

આગમ છે તો ચતુર્વિધ શ્રી સંઘ છે... આગમ છે તો જિનશાસન છે. જો આગમ નથી તો જિન શાસનની કલ્પના પણ સંભવી શકતી નથી.

એટલે જ મહાપુરુષોના અંતરમાંથી ઉદ્‌ગારો સરી પડે છે – ''જો જિનાગમ ન હોત તો અમે ક્યાં હોત ? કેવા કેવા દુઃખ પામત? જિનાગમ નથી તો સાધુ-સાધ્વીજી ભગવંતો નથી... શ્રાવક શ્રાવિકા નથી... જૈન ધર્મ નથી... તો આપણે ક્યાં રખડી પડત... કેવા કેવા દુઃખો પામત એ શબ્દોમાં કહી શકાય એમ નથી. તેમજ એની કલ્પના પણ કરી શકાતી નથી. જ્યારે આગમ નહિ હોય ત્યારે છઠ્ઠો આરો હશે. એના જેવું આપણું જીવન બની જાત.''

પ્રથમ તીર્થંકરના સમયના જીવો જડ અને ઋજુ હોય છે.

વચ્ચે બાવીસ તીર્થંકરોના સમયના જીવો પ્રાજ્ઞ અને ઋજુ હોય છે.

અંતિમ તીર્થંકરના સમયના જીવો જડ અને વક્ર હોય છે.

આગમ છે તેજ જિનાજ્ઞા છે. જિનાજ્ઞાનું પાલન કરનાર સદા સુખી છે. પરમાત્માના એક જ વાક્યને સાંભળીને જીવનમાં ઉતારનાર તર્યા છે. આદિનાથ પ્રભુનો સંદેશ લઇને બ્રાહ્મી સુંદરી આવી... **''વીરા મોરા ગજ થકી ઉતરો... ગજે ચઢે કેવલ ન હોય રે''** પ્રભુ વાણી સાંભળી... ચિંતન કર્યું... તરત પ્રભુ વાતનો મર્મ સમજી ગયા અને માન રૂપી ગજરાજ ઉપરથી નીચે ઉતરી ગયા. કષાય ત્યાગી આરાધક બન્યા. કારણ પ્રથમ તીર્થંકરનો કાળ હતો.

વધારે શું કહીએ ? પ્રભુ મહાવીર સ્વામિના કાળમાં.... તિર્યંચ અને દૃષ્ટિવિષ એવા ચંડકૌશિકને પ્રભુ વાણી મળી... બુઝ... બુઝના શબ્દો સાંભળી દૃષ્ટિવિષ સર્પના કાનમાં એનો નાદ ગુંજવા લાગ્યો. ધીરે ધીરે એની અસર થવા લાગી કષાય શાંત થવા લાગ્યો. અંતરમાં પોતાના કૃત્ય માટે પશ્ચાતાપ થવા લાગ્યો. પ્રભુ ચરણે નમી... અણસણ સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું. કારણ એ ચોથો દુષમ સુષમ આરો હતો.

આપણે રહ્યા પાંચમા આરાના વક્ર અને જડ જીવો. પરમાત્મા તો નથી મળ્યા પરંતુ પરમાત્માની વાણીરૂપ ૪૫ આગમ મળ્યા એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે. પરંતુ કાળ અને કર્મ પ્રભાવે આપણે એમાં કેટલું પામી શકીશું ? છતાં પણ આ કાળમાં એજ આધાર છે... એજ તારક છે... જે પણ જીવન બનશે એ આગમોના આધારેજ બનશે... જીવનમાં જે સત્ય સમજાશે તે આગમ આધારેજ સમજાશે. સદ્‌ગતિનો માર્ગ પામવા માટે એજ આધાર બનશે. જો આ આગમ ન મળ્યા હોત તો જીવોને સાચો માર્ગ કોણ બતાવત ?

**અરિહંત અને આગમના શિરછત્ર વિના આપણે બધા અનાથ છીએ.** અનાથ જીવોની સાર સંભાળ કોણ કરે ? આગમ અને ધર્મ વિના આપણી સાર-સંભાળ કોણ કરે ? ચાલો ! સદ્‌ભાગ્યથી મળી ગયેલા આગમ દ્વારા જીવન નિર્માણ કરીએ. આગમ ચિંધ્યા માર્ગે ચાલીને આત્મકલ્યાણ સાધીએ.

## આગમ બહુમાન

आगमं आयरंतेण, अत्तणो हियकंखिणो ।
तित्थनाहो गुरु धम्मो सव्वे ते बहुमन्निया ॥२७॥

**અર્થ** - આત્માનું હિત ઇચ્છનારે આગમને અર્થાત્ આગમોક્ત રહસ્યને આચરવાથી તત્વરૂપે સ્વીકારવાથી વસ્તુતઃ આગમને જ નહિ, પણ આગમ શ્રી તીર્થંકર દેવ ગુરુ અને ધર્મ, એ સર્વનું બહુમાન કર્યું ગણાય છે. ॥ ૨ ૭ ॥

જ્યાં આગમનું બહુમાન છે...ત્યાં દેવ-ગુરુ-ધર્મનું બહુમાન છે.

જ્યાં આગમનું બહુમાન નથી ત્યાં દેવ-ગુરુ-ધર્મ ત્રણેનું બહુમાન નથી.

એક ઉપર એક ફ્રી (મફત) ના જમાનામાં પૂજ્યપાદ જયશેખર-સૂરીશ્વરજી મહારાજા આપણને એક ઉપર ત્રણ ફ્રીની અનોખા લાભની વાત જણાવી રહ્યા છે.

આગમ કોણે કહ્યા છે ? ......... તીર્થંકર પરમાત્માએ....

આગમ કોણે આરાધ્યા છે ? .......... પંચ મહાવ્રતધારી સાધુઓએ....

આગમમાં શું છે ?...... જીવન જીવવાની કલા સ્વરૂપ ધર્મ....

આગમ તીર્થંકર પરમાત્માની વાણી છે તેથી આગમનું બહુમાન એટલે અરિહંતનું બહુમાન છે... તેથી તે દેવનું બહુમાન છે.

આગમ નો સ્વીકાર કરી એના ચિંધેલા માર્ગે સબહુમાન ચાલી રહ્યા છે.અરિહંત પરમાત્માના શાસનના સાધુ ભગવંતો... એટલે જ આગમનું બહુમાન તે સાધુ ભગવંતોનું - ગુરુ ભગવંતોનું બહુમાન છે.

આગમમાં જીવન જીવવાની કલા સ્વરૂપ ધર્મ સચવાયેલો છે. મોક્ષનો માર્ગ જણાવવામાં આવ્યો છે. તેથી આગમનું બહુમાન તે દેવ-ગુરુ અને ધર્મનું બહુમાન છે.

આગમ એટલે શું ?

**‘‘આગમ’’ શબ્દમાં બે પદ છે ‘‘આ’’ અને ‘‘ગમ’’**

**આ એટલે આત્મા તરફ... અને ગમ એટલે ગમન કરવું**

તેથી આગમનો અર્થ થાય છે આત્મા તરફ ગમન... આત્મા તરફ પ્રયાણ કરવું.

આજ દિવસ સુધી દેહાધ્યાયના કારણે જીવ ભૌતિક વિશ્વમાં ભ્રમણ કરતો હતો. પણ જ્યાં એને આગમનો સાથ મળે છે દિવસે દિવસે અધ્યાત્મની ઉંચીને ઉંચી કક્ષાએ પહોંચતો જાય છે. જીવના શિવ તરફના પ્રયાણમાં આગમ એના મજબૂત સાથી બનીને રહે છે.

સાધુને આમ પણ ‘आगम चक्खु’ કહ્યા છે. સામાન્ય માનવી ચર્મ ચક્ષુથી જોઇને વ્યવહાર કરે છે જ્યારે સાધુ આગમરૂપી ચક્ષુથી પદાર્થના અને વિશ્વના સ્વરૂપને જોઇને વ્યવહાર કરે છે. ચર્મ ચક્ષુથી વ્યવહાર કરનાર ભવસાગરમાં ભૂલો પડી શકે છે કારણ યોગીરાજ આનંદઘનજી મહારાજા કહે છે.

**ચરમ નયન કરી મારગ જોવતાં, ભુલ્યો સયલ સંસાર**

**જેણે નયને કરી મારગ જોઈએ, નયણ તે દિવ્ય વિચાર.**

પરંતુ આગમ ચક્ષુથી માર્ગ જોનાર ક્યારે પણ ભુલો પડી શકતો નથી. કારણ આગમમાં કેવળજ્ઞાની-સર્વજ્ઞ ભગવંતની વાણી છે. જે ક્યારેય જીવને માર્ગ ભૂલવા દેતી નથી.

આવા આગમનું જીવનમાં અનોખું... આગવું સ્થાન હોવું જોઇએ. જીવનમાં જ્યારે પણ તક મળે આગમનું બહુમાન અવશ્ય કરવું અને કરાવવું જોઇએ. આપ્તજનોની વાણીનું... અરિહંતની અમુલ્ય વાણીનું આ અમુલ્ય નજરાણું છે. એના સન્માન-બહુમાનથી જ્ઞાનાવરણીય કર્મનો અપૂર્વ ક્ષયોમશમ થાય છે. જિનવાણીના સૂક્ષ્મ બોધને પામવાની અને જીવનમાં ઉતારવાની અપૂર્વ તક પ્રાપ્ત થાય છે. આત્મા ઉત્તરોત્તર વધુને વધુ શુદ્ધિ પામી સ્વ-પર કલ્યાણને સાધનારો બને છે.

આગમની અષ્ટપ્રકારી પૂજા-ભકિત-આરાધના દ્વારા અષ્ટ કર્મ મુક્તિ મેળવી જીવનને અજવાળીએ. આગમ લખી-લખાવી જ્ઞાનભંડારો બનાવી એમનું સુંદર જતન કરી એમના અપૂર્વ ભક્તિનો લહાવો લઇ જીવન સફળ બનાવીએ.

પોતાનું આત્મકલ્યાણ ઇચ્છનાર વ્યક્તિએ અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા અને આગમમાં સચવાયેલા આચારનો સ્વીકાર કરવો જોઇએ અને એના પ્રત્યે બહુમાન ભાવ રાખવો જોઇએ. આવું કરનાર સિદ્ધાંતના બહુમાન દ્વારા દેવ-ગુરુ-ધર્મનું બહુમાન કરીને

સમ્યગ્દર્શન યોગ્ય બને છે.

પરંતુ બહુધા સિદ્ધાંતોનો સ્વીકાર કરીને જ્યારે આંશિક અસ્વીકાર કરવામાં આવે છે... એકાદ પદપ્રત્યે પણ અરૂચિ દર્શાવવામાં આવે છે ત્યારે સમ્યગ્જ્ઞાન નાશ પામે છે અને જીવ મિથ્યાત્વી કે નિહ્નવ બને છે.

પરમાત્માના એક પદના અસ્વીકારથી પ્રભુ મહાવીર ના સંસારી જમાઇ અને શિષ્ય એવા જમાલી નિહ્નવ બન્યા. આપણે આપણી બુદ્ધિને વચ્ચે લાવ્યા વિના શ્રદ્ધાપૂર્વક તત્વનો સ્વીકાર કરવાનો છે.

શાસ્ત્રો કહે છે કે ''સૂત્રમાં કહેલા વચનમાંથી એક પદ તરફ પણ અરુચિ ધરાવનાર મિથ્યાદષ્ટિ જાણવો.''

આપણો નંબર મિથ્યાદષ્ટિ કે નિહ્નવમાં ન આવે અને આગમનો અને એના દ્વારા સુદેવ-સુગુરુ-સુધર્મનો સુયોગ્ય રીતે સ્વીકાર કરી એમની બિનશરતી શરણાગતિ સ્વીકારી આરાધક બનીએ.

# શ્રી સંઘ

## હવે કેવો સંઘ શ્રી સંઘ ન મનાય ?

**सुहसीलाओ सच्छंद-चारिणो वेरिणो सिवपहस्स ।**
**आणाभट्ठाओ बहु-जणाओ मा भणह संघुत्ति ॥२८॥**

**અર્થઃ-** ગૌતમસ્વામિ પ્રત્યે શ્રી વીર ભગવંત કહે છે કે હે ગૌતમ ! સુખશીલિયા અર્થાત્ પૌદ્ગલિક સુખના અર્થી સ્વેચ્છા મુજબ વર્તવાવાળા (સદાચાર વિમુખ), મોક્ષમાર્ગના વૈરી (ધર્મદ્રોહી) અને તેથી જિનાજ્ઞાભ્રષ્ટ (જિનવચનના લોપક) એવા ઘણા લોકોનો સમૂહ હોય તો પણ તેને 'શ્રી સંઘ' ન કહેવો. ॥૨૮॥

વૈશાખ સુદ ૧૦ ના પાવન દિવસે...

ઋજુવાલિકા નદીના કિનારે...

પ્રભુ મહાવીર સ્વામિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ...

પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ...

પ્રભુએ અપાપા નગરી તરફ વિહાર કર્યો...

દેવોએ ત્યા સમવસરણની રચના કરી...

પ્રભુએ દેશના આપી... ઇન્દ્રભૂતિ પ્રમુખ અગિયાર બ્રાહ્મણોને પ્રતિબોધી ગણધર બનાવ્યા... ત્રિપદી આપી દ્વાદશાંગીની રચના કરી... સાધુ એવં શ્રાવક ધર્મની દેશના આપી ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી.

આ છે પ્રભુ સ્થાપિત 'શ્રી સંઘ' આ 'શ્રી સંઘ' ની સ્થાપના પણ પ્રભુ કરે છે અને આ 'શ્રી સંઘ' નું સંચાલન જિનાજ્ઞા મુજબ જ થાય છે. **જિનાજ્ઞાએ 'શ્રી સંઘ' ના પ્રાણ છે.** જ્યાં જિનાજ્ઞાનું પાલન અને સ્વીકાર છે ત્યાં જ 'શ્રી સંઘ' કે સંઘનું અસ્તિત્વ સંભવી શકે છે. જ્યાં જિનાજ્ઞાનું પાલન અને સ્વીકાર નથી ત્યાં 'શ્રી સંઘ' કે શ્રી સંઘનું અસ્તિત્વ સંભવી જ ન શકે.

આજ વાત અહિં ભગવાન મહાવીર અને ગૌતમ સ્વામિના વાર્તાલાપ દ્વારા જણાવવામાં આવી છે.

પ્રભુ મહાવીર પોતાના શિષ્ય ગૌતમને કહી રહ્યા છે - ''હે ગૌતમ! પૌદ્ગલિક સુખની ઇચ્છાવાળા... સ્વેચ્છાપૂર્વક વર્તન કરનારા... મોક્ષમાર્ગના વૈરી અને જિનાજ્ઞાથી ભ્રષ્ટ થયેલા ઘણા લોકોનો સમૂહ ભેગો થાય તો પણ એને 'શ્રી સંઘ' ન કહેવો.''

કેવી અદ્ભૂત વાત જણાવી છે ?

જિનશાસન વ્યક્તિ પૂજામાં નહિં ગુણપૂજામાં માને છે. જિનશાસન બહુમતીને નહિં આચાર પાલનને મહત્વ આપે છે. કોઇ પચ્ચીસ-પચાસ વ્યક્તિઓ ભેગી થઇ જાય અને પોતાને 'શ્રી સંઘ' માનીલે એ વાતનો અહિં અસ્વીકાર કરવામાં આવ્યો છે. 'શ્રી સંઘ' બનવા માટે કે શ્રી સંઘમાં પ્રવેશ મેળવવા માટે ચાર પ્રકારના જીવો અયોગ્ય જણાવ્યા-

૧. આત્મસુખની જ્યાં ઝંખના નથી પરંતુ કેવળ પૌદ્ગલિક સુખોનીજ અભિલાષા છે, એવા જીવો.

૨. ધર્મ કે આગમને પડખે રાખી પોતાની જ ઇચ્છા પ્રમાણે ચાલનારા સ્વછંદી અને સદાચાર વિમુખ છે એવા જીવો.

૩. મોક્ષમાર્ગના વૈરી-ધર્મદ્રોહી જીવો. અને

૪. જિનાજ્ઞાભ્રષ્ટ બનીને જિનવચનનો લોપ કરનાર જીવો.

આપણે પોતાની જાત માટે ચિંતન કરવાનું છે મારો નંબર તો શ્રી સંઘમાં લાગી શકે છે ને ?

જિન શાસન-જિન ધર્મ અને જિનાલય કોના માટે છે ? આત્માના રાગી અને આત્મકલ્યાણ ઇચ્છનાર જીવો માટે જ છે. જેમના જીવનમાં આત્મા માટે કોઇ પ્રેમ-લાગણી કે એના ઉત્થાનની ભાવના નથી એના માટે જિનાગમ કલ્યાણકારી નથી. પૌદ્ગલિક સુખોને પામવાના વિશ્વમાં અનેક માર્ગો છે. એ માટે જિનાગમો નથી. જેમને આત્માની સાથે કોઇ નિસ્બત નથી એવા જીવોનો નંબર શ્રી સંઘમાં લાગતો નથી. **શ્રી સંઘમાં પ્રવેશ કરવા આત્માના રાગી અને ભૌતિક સુખોના વૈરાગી બનવું અતિ આવશ્યક છે.**

જે જીવ ધર્મને માનતો કે સ્વીકારતો નથી... જિનાજ્ઞા કે આગમનું જીવનમાં પાલન કરતો નથી. સ્વ મતિ કલ્પનાએ.. સ્વછંદી બનીને સદાચાર વિમુખ બને, દુરાચારાદિનું સેવન કરે તો તે શ્રી સંઘમાં કેવી રીતે સમાવેશ પામી શકે ? અર્થાત્ નજ પામી શકે.

મોક્ષમાં જેને રૂચિ ન હોય... મોક્ષના અસ્તિત્વનેજ જે સ્વીકારતો ન હોય, એને મોક્ષમાર્ગ સાથે કે ધર્મ સાથે કેવો સંબંધ હોઇ શકે ? આવો જીવ મોક્ષમાર્ગનો વૈરી હોય એને ધર્મના સિદ્ધાંતો સાથે પણ કોઇ લેવા-દેવા ન હોય એતો ધર્મદ્રોહી બને છે. ધર્મની નિંદા કરનારો તથા ઉત્સૂત્ર પ્રરૂપણા કરી ઘોર કર્મ બાંધનારો હોય છે એનો 'શ્રી સંઘ' માં કેમ સમાવેશ થઇ શકે ?

જિનાજ્ઞા ભ્રષ્ટ હોય એટલે છડે ચોક જિનાજ્ઞાનો ભંગ કરનારો હોય છે. જિન વચન પાલન સ્વયં તો કરે પરંતુ જિનવચનનો લોપ કરનારો બને છે. જિન વચનમાં ઇચ્છા મુજબ ફેરફાર કરનારો હોય છે. આવા જીવો ધર્મના સ્વરૂપને ફેરવી નાખનાર બનીને પોતાના સંસારને વધારે છે.

આવા જીવો સંઘ સદસ્ય બનવાને લાયક જ નથી. આવા જીવો ઘણા પણ હોય તો પણ એવા જીવોનો સમૂહ 'શ્રી સંઘ' બની શક્તો નથી. 'શ્રી સંઘ' મહાન શક્તિ છે એ વ્યક્તિઓની શક્તિ નથી પરંતુ આચારની શક્તિ છે. જ્યાં આચારશુદ્ધિ નથી ત્યાં 'શ્રી સંઘ' ક્યારે પણ ન હોઇ શકે.

'શ્રી સંઘ' માં આચાર શુદ્ધિનું મહત્વ જણાવતાં આગળની ગાથામાં શું કહે છે તે જાણીએ.

# પૂજ્ય 'શ્રી સંઘ' કોને કહેવાય ?

एगो साहू एगो य साहुणी, सावओ वि सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥२९॥
निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।
तित्थयराण य पुज्जो, वुच्चइ एयारिसो संघो ॥३०॥

**અર્થઃ-** જે જિનાજ્ઞાએ કરીને યુક્ત હોય, તેવા એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક જ શ્રાવિકા હોય તો પણ તેને સંઘ કહેવાય. બાકી (ઉપર કહ્યા તેવા સુખશીલિયા વગેરેનો) સમૂહ ઘણો હોય તો પણ તે હાડકાંનો સમૂહ જાણવો. (કારણ કે ધર્મરૂપ પ્રાણ વિનાનાં તે હાડકાં જ ગણાય) ॥૨૯॥

તથા નિર્મળ એટલે સમ્યગ્ જ્ઞાનની જ્યાં (જેના જીવનમાં) પ્રધાનતા છે, જે સમ્યગ્ દર્શનથી યુક્ત છે અને જે સમ્યગ્ચારિત્ર ગુણવાળો છે (એમ જે સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો આરાધક છે, આધાર છે) એવો 'શ્રી સંઘ' તે શ્રી તીર્થંકરોને પણ પૂજ્ય કહેવાય છે. ॥૩૦॥

જિનાજ્ઞા સહિત એક સાધુ... એક સાધ્વી... એક શ્રાવક... એક શ્રાવિકા હોય તો પણ તે 'શ્રી સંઘ' કહેવાય છે. એનો અર્થ એવોજ થાય છે કે **'શ્રી સંઘ' માં સંખ્યાનું મહત્વ નથી જિનાજ્ઞાનું મહત્વ છે.** જિનાજ્ઞા એ 'શ્રી સંઘ' ના પ્રાણ છે. પ્રાણ વિનાનું શરીર જેમ કેવળ હાડકાઓનો... અસ્થિઓનો સમૂહ માત્ર છે. તેમ જિનાજ્ઞા વિનાનો સમૂહ 'શ્રી સંઘ' નથી પરંતુ કેવળ હાડકાઓનો સમૂહ માત્ર છે.

સતીત્વ વિના શૃગાંર નકામો... બ્રેક વિના ગાડી નકામી...
ખાંડ વિના મિષ્ઠાન નકામું... લુણ વિના ભોજન નકામું...
વરસાદ વિના વરસ નકામું... આવક વિના ધંધો નકામો...
પ્રભુ વિના મંદિર નકામું... ભજન-ભક્તિ વિનાનો ભક્ત નકામો..

તેવી રીતે જિનાજ્ઞા વિનાનો સંઘ નકામો. જ્યાં જિનાજ્ઞા નથી ત્યાં કોઇ સંઘ હોઇ જ ન શકે. જિનાજ્ઞા વિનાના સંઘનું કોઇ મહત્વ નથી. આપણે જ્યાં જ્યાં ભુલ્યા છીએ ત્યાંથી જાગૃત અને સાવધાન થવાનું છે. ડગલે ને પગલે જિનાજ્ઞાને નજર સામે રાખવાની છે. જિનાજ્ઞાના

પાલન વિના સંઘમાં આપણું કોઇ કલ્યાણ થવાની સંભાવના નથી.

જિનાજ્ઞા પાલનનું બળ જ અદ્‌ભૂત છે. એનાથી સર્વ કાર્યોમાં સિદ્ધિ મળે છે. કાર્યમાં આવતા સર્વ વિઘ્નો નાશ પામે છે. બધા જ શુભ કાર્યો નિર્વિઘ્નતાએ સંપન્ન થાય છે.

સંઘનું સંખ્યાબળ ઓછું કે વધારે એનું મહત્વ નથી. શ્રી સંઘ જિનાજ્ઞામય છે કે કેમ એનું મહત્વ છે એ જણાવ્યા પછી હવે રત્નત્રયી યુક્ત શ્રી સંઘ જ તીર્થંકરોને પણ પૂજ્ય છે એમ જણાવે છે.

તીર્થંકર પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થાય ત્યારે **'નમો તિત્થસ્સ'** કહીને તીર્થને નમસ્કાર કરે છે. એટલે તીર્થ તીર્થંકર પરમાત્માને માટે પણ પૂજનિક છે. પણ એ 'તીર્થ' કેવા પ્રકારનો છે ? તીર્થ એટલે જ 'શ્રી સંઘ' . જે ચતુર્વિધ સંઘ સમ્યગ્‌જ્ઞાન... સમ્યગ્ દર્શન... અને સમ્યગ્ ચારિત્રની આરાધનાથી યુક્ત છે તેજ તીર્થ સ્વરૂપ છે તેજ તીર્થંકર પરમાત્માને પૂજનિક છે.

'શ્રી સંઘ' માં સમ્યગ્‌જ્ઞાનની પ્રધાનતા હોય. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે તેમ 'શ્રી સંઘ' નો પણ મુખ્ય ગુણ જ્ઞાન છે. જ્ઞાન વિના સંઘની શોભા નથી. સંપત્તિ વિના સંસારીની કોઇ કિંમત નથી તેમ સ. જ્ઞાન વિના 'શ્રી સંઘ' ની કિંમત નથી. વ્યાપારી વ્યાપારમાં કોઇ સોદો કરે તો એની નજર નફા અને નુકસાની ઉપર હોય તેવી જ રીતે શ્રી સંઘ કે શ્રી સંઘનો સદસ્ય જીવનમાં કોઇ પણ નાનું કે મોટું કાર્ય કરે તો એના નજર સમક્ષ જિનાજ્ઞા હોય છે... પાપ અને પુણ્ય હોય છે... સંવર અને નિર્જરા હોય છે... આત્મકલ્યાણની વિચારણા હોય છે. જે સંઘ રત્નત્રયી ને જાણે છે... સમજે છે... ઓળખે છે.. સ્વીકારે છે અને આદરે છે તેજ ધન્ય બને છે. સ.જ્ઞાન-દર્શન અને ચારિત્રની પ્રધાનતા વિના સંઘ ક્યારે પણ પૂજનીકતાને પામતો નથી.

સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ જિનભક્તિ દ્વારા થાય છે... સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ જ્ઞાનને સમ્યગ્ બનાવે છે. જ્યાં સ. દર્શન છે ત્યાં સ. જ્ઞાન અવશ્ય છે જ. પરંતુ સ. દર્શન અને સ. જ્ઞાન પામવા માત્રથી જીવનની સફળતા નથી. સ. જ્ઞાનથી જાણકારી સમ્યગ્ બને છે. પરંતુ જો સમ્યગ્ જ્ઞાનને પામ્યા પછી એ જ્ઞાન જીવનમાં ન ઉતરે આચરણમાં ન આવે તો એ નિષ્ફળ બને છે. આપણને જ્ઞાનને પામ્યા પછી એનો સદુપયોગ કરવાનો છે.

જ્ઞાન આપણને બન્ને માર્ગો જણાવે છે. ભવસાગરથી તરવાનો માર્ગ રત્નત્રયીનો છે તો ભવસાગરમાં ડૂબવાનો માર્ગ રાગ-દ્વેષ છે. આપણે જે માર્ગે જઇશું એ મંઝિલે આપણે પહોંચશું. એક બાજુ ઝેર છે.. બીજી બાજુ અમૃત છે...

શું છોડવાનું ?... શું સ્વીકારવાનું ?

# ચારિત્ર વગરનું જ્ઞાન ભારભૂત છે.

जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी न हु सुग्गईए ।।

**અર્થ** – ચંદનના લાકડાને ઉપાડનારો ગધેડો તેની સુગંધનો સ્વાદ લઇ શકતો નથી, માત્ર ભાર ઉપાડે છે, તેમ ચારિત્ર વિનાનો પુરુષ જ્ઞાની છતાં જ્ઞાનના ફળરૂપ સદ્ગતિને પામી શકતો નથી. અર્થાત્ તેનું જ્ઞાન માત્ર ભારભૂત છે – નિષ્ફળ છે. ।। ૩૧ ।।

સંઘ કેવળ જ્ઞાન-દર્શન યુક્ત જ ન હોય પરંતુ જિનાજ્ઞાપૂર્વકનું જીવન જીવનારો ઉચ્ચ સદાચાર યુક્ત જીવન શોભાવનાર હોય છે. સમયે સમયે સદ્ગુરુની પાસેથી માર્ગદર્શન મેળવી જીવનને અને શ્રી સંઘને સમૃદ્ધ બનાવનાર હોય છે. આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવવા પ્રયત્ન કરે છે.

એક શેઠ ગધેડા ઉપર ચંદનની ભારીઓ મૂકી પરદેશ જઇ રહ્યા છે. ૧૫-૨૦ દિવસ સુધી ગધેડો રોજ ચંદનના ભારને વહન કરે છે બધા એની સુવાસ માણે છે. ગધેડોએ સુવાસને માણી-જાણી કે પામી શક્તો નથી. એના નશીબમાં કેવળ ભાર વહન કરવાનું જ લખેલું છે.

આપણે પણ જો ફક્ત જ્ઞાનમાં જ રાચીશું અને જો ચારિત્રથી વંછિત રહી જઇશું તો જ્ઞાનાનંદને કેવી રીતે માણી શકીશું ? જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રિવેણી સંગમ વિના જીવન શુદ્ધિ અને સમૃદ્ધિ એવં સંઘ શુદ્ધિ અને સંઘ સમૃદ્ધિ કેમ સંભવી શકે ? અર્થાત્ ન જ સંભવી શકે. જ્ઞાનથી ઝેરને ઝેરરૂપે જાણી ત્યાગીએ... અને અમૃતને અનુભવીએ તોજ કાર્ય સફળ થાય છે.

આપણા શ્રી સંઘને દર્શન-જ્ઞાન-ચારિત્રથી સમૃદ્ધ બનાવી આપણા શ્રી સંઘને જિનાજ્ઞા આરાધક સંઘ બનાવી સ્વ કલ્યાણ સાથે સર્વ કલ્યાણના સાધક-આરાધક બનવા સત્ પુરૂષાર્થ આદરીએ.

# ક્રિયામાં જિનાજ્ઞાની મહત્તા

जह तुसखंडण मयमं-डणाइ रुण्णाई सुन्नरन्नंमि ।
विहलाई तह जाणसु, आणारहियं अणुट्ठाणं ।।३१।।

**અર્થ :-** જેમ ફોતરાંને ખાંડવા, મડદાને શણગારવું વગેરે અને શૂન્ય અરણ્યમાં એકલા રડવું વગેરે નિષ્ફળ છે. તેમ જિન-આજ્ઞા રહિત અનુષ્ઠાન (કષ્ટકારી ધર્મક્રિયા) પણ નિષ્ફળ છે. ॥ ૩૧ ॥

એક ભાઈ.... સવારથી સાંજ સુધી મહેનત કરે છે....
સતત ખાંડવાનું કાર્ય કરે છે.... પસીનાથી રેબઝેબ થઈ જાય છે...
થાકીને લોથપોથ થઈ જાય છે... પરંતુ પરિણામ કશું જ ન આવ્યું....
મહેનત માથે પડી... કારણ?
ખાંડવામાં ફક્ત ફોતરા જ હતા....

* * * *

એક ભાઈ...... પોતાની વહાલસોયી પુત્રી....
જે મરણ ને શરણ થઈ હતી..... એના મૃતદેહને દાગિના પહેરાવી રહ્યા હતા...
અને શણગારી રહ્યા હતા....
બધા એમને ગાંડો કહીને મજાક ઉડાડતાં હતા...
કારણ?
એ મડદાને શણગારવાની નિરર્થક ચેષ્ટા હતી.

* * * *

ગાઢ જંગલ હતું.... માણસ શોધ્યો ન મળે એમ હતું....
એવા જંગલમાં એક માણસ રડી રહ્યો હતો.... ન કોઈ સાંભળનાર હતું....
ન કોઈ સમજાવનાર હતું.... શું અર્થ હતો આવા રૂદનનો?

* * * *

ફોતરાં સહિત ધાન્યને ખાંડવું તે યોગ્ય છે....

પરંતુ ધાન્યનાં ફોતરાને ખાંડણીયામાં નાંખી સાંબેલાથી ખાંડવા નિરર્થક છે.

તેવી જ રીતે જીવતા માણસને શણગારવું યોગ્ય છે...

પરંતુ મરણ પામેલા પ્રાણીના શરીરને સોના-રૂપાના આભુષણોથી વિભુષિત કરવામાં આવે તે અયોગ્ય છે...

એજ પ્રમાણે ગામમાં દુઃખીઓનું રૂદન સાંભળી કોઈ સજ્જન દયાથી સહાયતા કરે પરંતુ નિર્જન અટવીમાં દુઃખીજનોનું રૂદન નકામું થાય છે.

તેવી જ રીતે પરમાત્માની આજ્ઞાથી પ્રભુ દર્શન - પૂજા - સામાયિક, પ્રતિક્રમણાદિ આરાધનાઓ તારક બને છે પરંતુ એ જ આરાધનાઓ જો જિનાજ્ઞા રહિત પણે કરવામાં આવે તો તારક મટીને મારક બની શકે છે.

પ્રત્યેક અનુષ્ઠાન જો જિનાજ્ઞા સહિત છે તો અમૃત બનીને આત્માના અમરત્વને અપાવનાર છે તો જિનાજ્ઞા રહિત એજ અનુષ્ઠાન વિષ બનીને આત્માને અનેક જન્મ મરણ કરાવી અનંત સંસારમાં રખડાવનાર બને છે.

**આપણે ખાધેલું ઝેર મારે છે....**

**ડૉક્ટરે આપેલું ઝેર બચાવે છે... આરોગ્ય આપનાર થાય છે.**

એવી જ રીતે સ્વચ્છંદતાએ કરેલો ધર્મ અનંત સંસારમાં ભમાડે છે. અને જિનાજ્ઞાએ કરેલો ધર્મ અનંત સંસારમાંથી ઉગારે છે.

અનંતકાળના ભવભ્રમણ અને જન્મમરણથી ભય પામેલા ભવભીરૂ જીવો જિનાજ્ઞાનો ભંગ કરતાં ધ્રુજે છે. તેઓ જાણે છે કે પ્રમાદના અલ્પ પણ સેવનથી જિનાજ્ઞા લોપાય છે... તેથી જીવ દુઃખ... દુર્ભાગ્ય... અને દુર્ગતિઓની પરંપરાને પામે છે. તેથી આ જીવો તો જિનાજ્ઞા ભંગને થવા જ દેતા નથી. પ્રાણના ભોગે પણ જિનાજ્ઞાનું પાલન કરે છે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને જિનાજ્ઞાથી શણગારે છે... શોભાવે છે.

પરંતુ જે ભવાભિનંદિ જીવો છે એમના જીવનમાં ક્યાંય જિનાજ્ઞા પ્રત્યે પ્રેમ, બહુમાન, સત્કાર નથી. આવા જીવોને જિનાજ્ઞાનો ભંગ કરતાં કોઈ ભય સતાવતો નથી. સહજતાથી... રમત રમતમાં જિનાજ્ઞા ભંગ કરીને પોતાના સંસારની વૃદ્ધિ કરે છે.

આપણો નંબર બન્ને પ્રકારના જીવોમાંથી ક્યાં લાગે છે ?

અનાદિ કાળના ભવભ્રમણમાં આપણને પ્રભુ... પ્રભુની વાણી, પ્રભુની આજ્ઞા મળી જ નથી.. મળી હશે તો આપણે એને સત્કારી કે સ્વીકારી નથી. જિનવાણી અને જિનાજ્ઞાના

સત્કાર કે સ્વીકાર વિના આપણો ઉદ્ધાર નથી. આપણા ભવનો અંત નથી. જેમણે ભવભ્રમણનો અંત કર્યો છે એમણે જિનાજ્ઞાનો સબહુમાન સ્વીકાર કર્યો છે.

લુણ વિનાનું ભોજન તૃપ્તિ પમાડતું નથી.

ખાંડ વિનાની મિઠાઈ પુષ્ટિ કારક બનતી નથી.

તેવી જ રીતે જિનાજ્ઞા વિનાની આરાધના સફળતા આપી શકતી નથી.

જમાલી પ્રભુ મહાવીરના સંસાર પક્ષે જમાઈ હતા...

દીક્ષા લઈને પરમાત્માના શિષ્ય બન્યા હતા...

સુંદર તપ... જપ સહિત સંયમ પાલન કરતા હતા.

પરંતુ એક કાળી પળે પરમાત્માના એક વચન ઉપર અશ્રદ્ધા થઈ... જિનાજ્ઞા ન સમજી શક્યા... પ્રભુએ સમજાવ્યા છતાં જિનાજ્ઞાનો સ્વીકાર ન કર્યો સ્વચ્છંદતાના કારણે પ્રભુથી જુદા થઈ પોતાનો અલગ પંથ ચલાવ્યો. હાથવેંત આવેલા મોક્ષને જોરદાર ધક્કો લગાડી મોક્ષને દૂર કરી નાંખ્યો. આપણે આપણા મોક્ષને આવા કોઈ જિનાજ્ઞા ભંગના ધક્કા લગાડતા નથી ને ?

મહાન પુણ્યના ઉદયથી આ પંચમ કાળમાં જયવંતા જિનશાસનનું અને જિનાજ્ઞાનું આલંબન પ્રાપ્ત થયું છે. જો સત્યને સમજીને આલંબનને મજબૂત રીતે પકડીને જિનાજ્ઞા પૂર્વકનું જીવન જીવીશું તો આપણો બેડો પાર છે પરંતુ જિનાજ્ઞાને સમજ્યા અને સ્વીકાર્યા વગર ઘણી પણ પ્રવૃત્તિ કરીએ તો તે ઘાંચીના બળદની જેમ કેવળ કષ્ટ-પરિશ્રમ અને થકાવટ અપાવનાર જ છે. આપણે જ્યાં હતા ત્યાંથી નીચે સરકી જઈશું આપણા સ્થાને સ્થિર રહેવું પણ આપણા માટે શક્ય નહિ બને.

જિનાજ્ઞા મુજબની ફક્ત ઇરિયાવહિ પણ અઈમુત્તામુનિ માટે તારક... ઉદ્ધારક... કેવળજ્ઞાન દાયક બની.

પરંતુ જિનાજ્ઞા રહિત કરેલું ઘણું પણ તપ લક્ષ્મણા સાધ્વીજી માટે સંસારના ભવભ્રમણનું કારણ બન્યું.

જિનાજ્ઞા સર્વતોપરિ છે... જિનાજ્ઞા આત્મોદ્ધારક છે...

જિનાજ્ઞા જ હિતકારી... મંગલકારી અને કલ્યાણકારી છે. આવી આ જિનાજ્ઞાને જાણીએ... સમજીએ... સાચી શ્રધ્ધા પૂર્વક સ્વીકારીને શ્વાસે-શ્વાસે, રોમે-રોમે, લોહીના એક એક ટીપામાં વસાવીને સત્વરે જિનાજ્ઞા આરાધી આત્મ મંગલ અનુભવીએ.

आणाइ तवो आणाइ, संजमो तह य दाणमाणाए ।
आणारहिओ धम्मो, पलालपुल्लू व पडिहाई ।।३२।।

**અર્થ - શ્રી તીર્થંકર પરમાત્માએ કહ્યા પ્રમાણે (જિનાજ્ઞા પૂર્વક) કરેલાં તપ, સંયમ અને દાન (વગેરે) સાચાં કહેવાય છે. જિનાજ્ઞા પાલનમાં જ તપ - સંયમ - દાન આવી જાય છે. જે ધર્મ જિનાજ્ઞાથી રહિત (વિરૂધ્ધ) કરવામાં આવે, તે પરાળના પૂળાની (તૃણ સમૂહની) જેમ શોભતો નથી અર્થાત્ તેની કિંમત તૃણ સમાન છે. ।। ૩૨ ।।**

તપ હોય... સંયમ હોય... કે દાન હોય... કે અન્ય કોઈ ધર્મ આરાધના છે. જો એ જિનાજ્ઞા પૂર્વક છે તો ધર્મ છે... જિનાજ્ઞા વિરૂધ્ધ છે તો એ અધર્મ છે. શું આપણે આરાધના કરતી વખતે જિનાજ્ઞા ઉપર આપણા લક્ષ્ય ને કેન્દ્રિત કરીએ છીએ ?

તપ એટલે શું ? **અશુભ કર્મોને તપાવે તે તપ છે.** અશુદ્ધ સુવર્ણને જ્યારે અગ્નિમાં તપાવવામાં આવે ત્યારે અગ્નિનો તાપ સુવર્ણમાં રહેલી મલીનતાને બાળી નાંખે છે... સુવર્ણને શુદ્ધ બનાવે છે.

જિનેશ્વર પરમાત્માએ કહેલું તપ અશુદ્ધ (સંસારી) આત્મામાં રહેલા કર્મરૂપી મલીનતાને તપાવે છે... બાળે છે. કર્મની કાલિમા આત્મામાંથી દૂર થાય છે. આત્માથી અશુભ કર્મ જુદા પડે છે. આત્મા શુધ્ધ બને છે.

તપ કરતી વખતે આપણું લક્ષ કર્મ નિર્જરા હોવું જોઈએ.

હવે તપ કેટલું કરવું ? એ માટે જિનાજ્ઞા શું છે તે જણાવતાં કહે છે -

सो हु तवो कायव्वो, जेण मणो मंगुलं न चिंतेइ ।
जेण न इंदियहाणी, जेण य जोगा न हायंति ।।

તે જ તપ કરવાનું જે તપથી મન અશુભ ન ચિંતવે...
જે તપથી ઈન્દ્રિયોની હાનિ ન થાય...
જે તપથી યોગો નાશ ન પામે...

સહજતાથી આપણાથી નિત્ય આરાધના સાથે જેટલું તપ થાય તેટલું જ તપ કરવાની વાત કરી છે. ખેંચીને શક્તિ ઉપરાંત તપ કરવાથી મન અશુભ ભાવોનું શિકાર બનવાની

સંભાવના હોય છે. આર્તધ્યાન કર્મ ખપાવવાને બદલે કર્મ બંધ કરાવનાર બને છે.

શારીરિક શક્તિ ન પહોંચતી હોવા છતાં તપ કરવામાં આવે તો ઈન્દ્રિય અને યોગોની હાનિ થવાની સંભાવના હોય છે. આવા કારણોથી મનમાં અસમાધિ થાય છે. લોકમાં ધર્મ નિંદાય છે. એકવાર મોટું તપ કર્યા પછી ઈન્દ્રિય-યોગની હાનિ થવાથી પર્વતિથિની આરાધનાથી પણ સાધક અટકી જાય છે.

ન તો તપ યશ-કિર્તિ માટે કરવાનું છે...

ન તો તપ માન-સત્કાર માટે કરવાનું છે...

ન તો તપ દેખા-દેખી કે આડંબર માટે કરવાનું છે...

ન તો તપ લબ્ધિ-સિદ્ધિ-પ્રસિદ્ધિ કે પૂજા માટે કરવાનું છે...

તપ તો એક માત્ર કર્મ નિર્જરાના ફળને પામવા કરવાનું છે. આવા શુદ્ધ ભાવથી કરાતા તપનું ફળ જણાવતાં કહે છે -

✻ શ્રેષ્ઠ દેવોને પણ દુર્લભ આમોસહિ... વિપ્પોસહિ પ્રમુખ લબ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

✻ દેવલોકમાં અપ્સરાઓના હાથથી ચલાવાતા ચામરોથી વીંજાતો દેવેન્દ્ર જે સુખોને ભોગવે છે, તે આ તપરૂપી વૃક્ષનું પુષ્પ છે.

✻ સ્ફુરાયમાન નિર્મલ પ્રતાપવંત ભરત વગેરે ચક્રવર્તિઓ થાય છે તે પણ તપનો જ પ્રભાવ છે.

✻ અનંત આત્માઓ કર્મ ખપાવી સિદ્ધ ગતિને પામ્યા તે પણ તપનું જ ફળ છે.

જિનાજ્ઞાથી જે તપ થાય છે તે પરંપરાએ મુક્તિ સુખને આપનાર છે જ્યારે જિનાજ્ઞા રહિત ઘણું પણ તપ કરવામાં આવે છે તે નિષ્ફળ છે.

તામલિ તાપસ સાઈઠ હજાર વરસ સુધી ઉગ્ર તપ કરે છે... પારણામાં એકવીસ વાર પાણીથી ધોયેલ સત્વહીન આહારનું પારણું કરે છે. પરંતુ તે બાલતપ હોવાથી- સમ્યગ્દર્શન રહિત - જિનાજ્ઞા રહિત હોવાથી અલ્પ ફળ અપાવનાર જ થાય છે.

આવું ઘણું પણ તપ નિષ્ફળ કહ્યું છે તેથી જે જે પણ તપ કરવું જિનાજ્ઞા સહિત જ કરવું.

## સંયમ

જિનાજ્ઞા વિનાનું સંયમ પણ નિષ્ફળ કહ્યું છે. નવા કર્મરૂપી કચરાનો રોધ કરવો...

કર્મના આશ્રવથી વિરામ પામવું સંવરમાં રહેવું તે જ સંયમ છે.

જ્યાં આશ્રવથી વિરમવાનું નથી... જ્યાં સંવરની સાધના નથી... જિનાજ્ઞા 'તહત્તિ' કરી સ્વીકારાતી નથી ત્યાં સંયમ કેવી રીતે સંભવી શકે. **જીવોએ મેરુપર્વત જેટલા ઓઘા-મુહપત્તિના ઢગલા કર્યા છતાં મોક્ષ ન થયો.** આ કઈ અપેક્ષાથી કહેવાય છે ? સ્વીકારવું પડે બાહ્ય સંયમ હતો પરંતુ ત્યાં જિનાજ્ઞાની ગેરહાજરી હતી. જ્યાં જિનાજ્ઞા પૂર્વકની સંયમની સાધના છે ત્યાં એક કે ત્રણ ભવમાં સિદ્ધિ સહજ બને છે.

જિનાજ્ઞાની આરાધનાથી પાંચસો શિષ્યો તરી ગયા...

જિનાજ્ઞા વિરાધનાથી ખંધકસૂરિ હારી ગયા...

ગજસુકુમાલ જિનાજ્ઞા આરાધનાથી તરી ગયા...

કુલવાલુ સાધુ જિનાજ્ઞા વિરાધનાથી ડૂબી ગયા...

પ્રસન્નચંદ્ર રાજર્ષિ જિનાજ્ઞાના અપાલનથી સાતમી નારકીના દળિયા ભેગા કરે છે...

એ જ પ્રસન્નચંદ્ર રાજર્ષિ જિનાજ્ઞાના પાલનથી કેવળજ્ઞાન પામે છે.

એવી રીતે સંયમની આરાધના પણ જિનાજ્ઞા પૂર્વકની સફળ છે... જિનાજ્ઞા વિના નિષ્ફળ છે.

## દાન

દાન એ ધર્મનું પ્રથમ પગથિયું છે. દાનમાં આસક્તિનો ત્યાગ કરવાનો છે. દાન પણ જો જિનાજ્ઞાનુસાર થાય તો સંસાર સાગરથી શાલીભદ્રની જેમ તારનાર બને છે. પરંતુ જો તે દાન જિનાજ્ઞાનુસાર ન થાય તો નાગીલા ની જેમ સંસારમાં ભમાડનાર પણ બને છે.

જિનાજ્ઞાનુસાર સુપાત્રને ન્યાય-નીતિથી પ્રાપ્ત કરેલા વસ્ત્ર-પાત્ર વિગેરે દાનરૂપ આપવું તે મોક્ષ અપાવનાર સુપાત્ર દાન છે.

દાન માટે શ્રી જિનાજ્ઞા આ પ્રમાણે છે - ઈચ્છા - આકાંક્ષા રહિતપણે, સંપૂર્ણ શ્રદ્ધાથી, રોમાંચિત થઈને કેવળ કર્મક્ષય માટે જ સુપાત્રમાં દાન આપવું. દાન કેવા સુપાત્રને આપવું ? તે જણાવતાં કહે છે કે જે આરંભથી નિવૃત્ત થયેલા હોય... પોતે આરંભ કરે નહિં... બીજા પાસેથી કરાવે પણ નહિ. અને જેમની મતિ ધર્મમાં જ જોડાયેલી છે તેવા સુપાત્રને ગૃહસ્થોએ દાન આપવું. ધર્મ માટે આવી રીતે આપેલું દાન મોક્ષ માટે થાય છે. અનુકંપા દાન બધાએ બધાને આપવાનું છે. એના માટે ક્યાંય નિષેધ કરવામાં આવ્યો નથી.

દાન પ્રસંગે ચિત્ત અને વિત્તની ચતુર્ભંગી કહે છે. ચિત્ત એટલે દાન આપવાના શુભ ભાવથી વાસિત ચિત્ત, વિત્ત એટલે ન્યાય-નીતિથી મેળવેલ દ્રવ્ય.

* ચિત્ત પણ હોય અને વિત્ત પણ હોય....
* ચિત્ત હોય પણ વિત્ત ન હોય....
* ચિત્ત ન હોય પણ વિત્ત હોય....
* ચિત્ત પણ ન હોય વિત્ત પણ ન હોય...

આવા વિવિધ ભેદો દાતામાં જોઈ શકાય છે. પરંતુ કહે છે કે ચિત્ત, વિત્ત અને પાત્ર કોઈક મહા પુણ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

જિનાજ્ઞા વિના લીધેલો મોટો પણ લાભ નિષ્ફળ થાય છે.

ઉપરોક્ત ગાથામાં જણાવ્યું છે કે જિનાજ્ઞા રહિત તપ - સંયમ - દાનાદિ ધર્મ પલાલપૂલની જેમ નિષ્ફળ છે. પલાલ એટલે ધાન્ય-કણથી રહિત શાલિ-વ્રીહિ વિગેરે ધાન્યના તૃણ. પૂલ એટલે પૂળા. આ તૃણનો સમૂહ ધાન્યથી રહિત હોવાથી નિષ્ફળ છે તેમ જિનાજ્ઞા વિનાનો ધર્મ નિષ્ફળ છે.

## જિનાજ્ઞા ભંગ

आणाखंडणकारी, जइवि तिकालमहाविभूईए ।
पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ।।३३।।

અર્થ :- શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાળો જીવ ઘણી શોભાપૂર્વક ઘણા ધનથી ત્રણેય કાળ શ્રી વીતરાગ દેવની પૂજા કરે, તો પણ તે સર્વ ક્રિયા (જેની પોતે પૂજા કરે છે) તે વીતરાગની આજ્ઞાથી બહાર હોવાથી નિરર્થક છે. ॥૩૩॥

**આણાએ ધમ્મો**

**આજ્ઞા ત્યાં જ ધર્મ.**

જ્યાં જિનાજ્ઞાનું પાલન છે ત્યાંજ ધર્મ છે... જ્યાં જિનાજ્ઞા નથી ત્યાં અધર્મ છે.

એક પિતાના બે દિકરા છે...

એક દિકરો પિતાને પગે લાગતો નથી પરંતુ પિતાની દરેક વાત માને છે. જ્યારે બીજો

દિકરો પિતાને સવાર સાંજ પગે લાગે છે પરંતુ પિતાજીની વાત માનતો નથી. તમે કહો આ બન્નેમાંથી પિતાજીને કયો દિકરો વહાલો લાગે ?

સ્વીકારવું જ પડે કે પિતાજીની વાત માને તેજ દિકરો પિતાજીને વહાલો લાગે છે. એમની વાત માની એ રીતે આચરવાથી એકાંતે એનું કલ્યાણ થાય છે.

તેવી જ રીતે વીતરાગની પૂજા કલ્યાણકારી છે જ પરંતુ જો એ જિનાજ્ઞા પૂર્વકની છે તો જ **વીતરાગની પૂજા કરતાં વીતરાગની આજ્ઞા મહાન છે... સવિશેષ કલ્યાણકારી છે.**

એક વ્યક્તિ ઘણા આડંબર પૂર્વક, ફળ નૈવેદ્યના થાળ લઈને વાજા-ગાજા સાથે પ્રભુની પૂજા કરવા ત્રણ સંધ્યાએ જાય છે. પરંતુ પરમાત્માની આજ્ઞા સાથે કે એના સ્વીકાર માટેની કોઈ ઈચ્છા એનામાં નથી આવી જિનાજ્ઞા રહિત જિન પૂજા એનું કલ્યાણ કરવા સદંતર અસમર્થ છે. કારણ એ પૂજા જ નિરર્થક છે.

હવે જિનપૂજા માટેની આજ્ઞા અને પૂજાનું સ્વરૂપ જણાવતાં કહે છે કે ત્રસ જીવોથી રહિત એવા વિશુદ્ધ ભૂમિ ભાગમાં પ્રાસુક જલ વડે અથવા ગાળેલા અપ્રાસુક જળથી વિધિપૂર્વક સ્નાન કરી... શ્વેત વસ્ત્ર ધારણ કરી... અષ્ટપડો મુખકોષ બાંધી... ગૃહ ચૈત્યના જિનબિંબોની પ્રમાર્જના કરે. જગત્ગુરુ... ત્રણ લોકના નાથ એવા જિનેશ્વર પરમાત્માને સુગંધિ જલ વડે અભિષેક કરે... ગોશીર્ષ ચંદનથી વિલેપન કરી પૂજા કરે.

આવી જિનપૂજાનું ખંડન કરે અથવા સામાન્ય જિનાજ્ઞાનું ખંડન કરી પોતાની મતિ કલ્પનાથી ત્રણેય સંધ્યાએ ચંદન - કપુર - કેસર - કસ્તુરી આદિ પ્રકારની પૂજાની ઉત્કૃષ્ટ સામગ્રી વડે મહાસમૃદ્ધિ પૂર્વક અરિહંત પરમાત્મની પૂજા કરે તો એનો સર્વ પ્રયત્ન નિષ્ફળ છે કારણ જિનાજ્ઞા પાલન વિનાની જિનપૂજા આત્મકલ્યાણ કરી શકતી નથી.

જિનેશ્વર પરમાત્માની પૂજા કરવાનો અધિકાર પણ શ્રાવકને ક્યારે મળે છે ? પ્રથમ એ પરમાત્માના દર્શન કરી લલાટે તિલક કરે છે. લલાટે તિલક કર્યા પછી જ એને પ્રભુ પૂજાનો અધિકાર પ્રાપ્ત થાય છે. લલાટે તિલક કરીને એ પરમાત્માની સમક્ષ સંકલ્પ કરે છે... ભાવના ભાવે છે. કે હે પરમાત્મા ! હું આપની આજ્ઞા મસ્તકે ચઢાવું છું. એનો અર્થ એવો થયો કે જે જિનાજ્ઞાને મસ્તકે ચઢાવે એ જ જિનપૂજા માટે યોગ્ય કે પાત્ર ગણાય છે.

અનાદિ સંસાર પરિભ્રમણ નું કારણ એક જ છે જિનાજ્ઞાનું પાલન કરવામાં આપણે ક્યાંક નિષ્ફળ ગયા છીએ. સામાન્યતાથી પણ કહેવાય છે કે

जिनाज्ञाऽऽराधना विराधनाश्च शिवाय च भवाय श्च ।

**જિનાજ્ઞાની આરાધના અને વિરાધના મોક્ષ ને માટે અથવા સંસાર માટે થાય છે.**

જ્યાં જ્યાં જિનાજ્ઞાની આરાધના છે,
ત્યાં ત્યાં આત્મકલ્યાણ છે મોક્ષ છે.
જ્યાં જ્યાં જિનાજ્ઞાની વિરાધના છે,
ત્યાં ત્યાં ભવભ્રમણ છે... સંસાર છે.

આ સત્યને જાણીને જિનાજ્ઞાના મહત્વને સમજીને જિનાજ્ઞાને જીવનમાં અત્યંત ઉચ્ચ સ્થાન આપવાનું છે. આરાધના કદાચ ઓછી થાય તો ચાલે પણ જે થાય તે જિનાજ્ઞા પૂર્વકની જ હોવી જોઈએ.

વિધિપૂર્વક એટલે જ જિનાજ્ઞા પૂર્વક કરેલ જિનગૃહ, જિનબિંબ, જિનપૂજા, જિનયાત્રા વિગેરે તથા દાન, તપ, વ્રત વિગેરે અને ગુરુભક્તિ, શ્રુતાભ્યાસ વિગેરે આદરવાને યોગ્ય છે. પરંતુ તે જ કુમત, કુગુરુ, કદાગ્રહ, કુબોધ, કુદેશના દ્વારા થયેલ હોય તો તે અનિષ્ટ કરનાર બને છે.

શ્રેષ્ઠ એવા ભોજનમાં પણ જો અલ્પ પણ ઝેર પડી જાય તો તે શ્રેષ્ઠ ભોજન લાભ કરવાને બદલે હાનિકારક બની જાય છે. તેવી જ રીતે શ્રેષ્ઠ એવી પણ જિન શાસનની આરાધનાઓ જિનાજ્ઞાના ભંગ રૂપી ઝેરથી આત્મકલ્યાણ કરનારી બની શકતી નથી. જે જે આ સત્યને સમજે છે તે તે પોતાની આરાધનાઓને જિનાજ્ઞામય બનાવે છે.

આપણે પણ આપણી આરાધનાઓને જિનાજ્ઞામય બનાવી મોક્ષમાર્ગે લઈ જનારી અને આત્મ વિશુદ્ધિ અપાવનારી બનાવવા પુરુષાર્થ આદરીએ.

## આજ્ઞાવિરુદ્ધ કરેલો ધર્મ ઊલટો દુઃખદાયી બને છે

रन्नो आणाभंगे, इक्कु च्चिय होइ निग्गहो लोए
सव्वन्नुआणाभंगे, अणंतसो निग्गहो होई ।।३४।।

**અર્થ :-** આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એક જ વાર નિગ્રહ-શિક્ષા થાય છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કરવાથી ( બંધાતા દુષ્ટ કર્મના યોગે) અનંતીવાર

નિગ્રહબહુ જન્મોને વિષે છેદન, ભેદન, જન્મ જરા, મરણ, શોક અને રોગાદિરૂપ દંડ ભોગવવો પડે છે. ||૩૪||

જિનાજ્ઞા ભંગના દારૂણ પરિણામને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

સંસારના વ્યવહારમાં રાજાજ્ઞાનું મહત્વ હોય છે. રાજાજ્ઞા માનવી જ પડે છે. રાજાજ્ઞા ન માનનારને એક જ વાર સજા થાય છે. પરંતુ જે જિનાજ્ઞાનો ભંગ કરે છે એને કર્મસત્તા વારંવાર વધ-બંધન-છેદન-ભેદન-જન્મ જરા મરણ, શોક અને રોગાદિ દંડ આપીને લાંબા કાળ સુધીની ભવોભવમાં સજા ફટકારે છે.

કણ જેટલો જિનાજ્ઞાભંગ મણ જેટલી સજા આપે છે.

આપણા અનંત સંસારનું રહસ્ય આપણે આરાધનાઓ નથી કરી એમ નથી પરંતુ જે પણ આરાધનાઓ કરી તે જિનાજ્ઞા પૂર્વકની નથી કરી, ક્યાંક ને ક્યાંક... કાંઈક ને કાંઈક ખામીઓ રહી ગઈ છે.

સામાયિક.. પ્રતિક્રમણ.. પૌષધ.. દેવવંદન.. વ્યાખ્યાન શ્રવણાદિ જે કાંઈ ક્રિયાઓ આરાધનાઓ છે એમાં પ્રત્યેક આરાધનામાં આપણે દેવાધિદેવની આજ્ઞા લઈએ છીએ. શા માટે ?

**ઈચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્! ઈરિયાવહિયં પડિક્કમામિ ?...**

**ઈચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્! સામાયિક સંદિસ્સાહું ?...**

**ઈચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્! સામાયિક પારૂં?...**

**ઈચ્છાકારેણ સંદિસ્સહ ભગવન્! ચૈત્યવંદન કરું ?...**

આ બધા આદેશ આજ્ઞાનું મહત્વ સમજાવવા માટે છે. જિનશાસનની નાનામાં નાની આરાધનામાં મુક્તિનું બીજ છુપાયેલું છે.

એક જિનાજ્ઞા પૂર્વકની ઈરિયાવહિ કેવળજ્ઞાન આપી શકે...

એક જિનાજ્ઞા પ્રમાણેનું ગુરુદર્શન કેવળજ્ઞાનની ભેટ ધરી શકે...

એક જિનાજ્ઞા સહિતની પુષ્પ પૂજા કેવળજ્ઞાન અપાવી શકે ?...

શક્તિ આરાધનામાં ભરેલી છે. જો જિનાજ્ઞાની ચાવીથી એના ભંડાર ખોલવામાં આવે તો અનંતનો ખજાનો ખુલી જાય છે.

જેમણે જેમણે જિનાજ્ઞાનું મહત્વ જાણ્યું એમણે પોતાનું કાર્ય સાધી લીધું. આપણા

જેવા જે જિનાજ્ઞાની અપૂર્વ શક્તિને ઓળખી ન શક્યા તેઓ સંસારની ચાર ગતિમાં રખડી રહ્યા છે.

રાજાજ્ઞા કરતાં જિનાજ્ઞા પાલક ચઢી જાય છે. જેની પાસે જિનાજ્ઞાનું પાલન છે એનો વાળ પણ વાંકો કરવાની તાકાત રાજાજ્ઞામાં નથી. સુદર્શન શેઠ ઉપર અભયા રાણીએ ખોટો કલંક ચઢાવ્યો.. રાજાએ સુદર્શન શેઠને શુળીએ ચઢાવવાની સજા ફટકારી પરંતુ જિનાજ્ઞા સુદર્શન શેઠના પક્ષમાં હોવાથી રાજાજ્ઞાથી ભલે શુળીએ ચઢાવવામાં આવ્યા પરંતુ જિનાજ્ઞાના અણીશુદ્ધ પાલનથી શુળીનું સિંહાસન થયું. જિન શાસનનો જયજયકાર થયો.

આવા અનેક દૃષ્ટાંતો આપણને જિનશાસનના ઈતિહાસ માં જોવા મળે છે. જિનાજ્ઞા પાલન આ ભવ-પરભવમાં સુખકારી છે. એકાંતે આત્માનું હિત કરનાર છે. જિનાજ્ઞાનું પાલન, જિનાજ્ઞાની સાચી સમજણ કેવળ ધર્મના ક્ષેત્રે જ... અધ્યાત્મના ક્ષેત્રેજ આવશ્યક નથી પરંતુ સંસારમાં પણ જો સુખ-શાંતિ-સમાધિનો અનુભવ કરવો હશે તો જિનાજ્ઞા પાલનની નિતાંત આવશ્યકતા છે.

જિનાજ્ઞા વિનાની સંપત્તિ નરકના દ્વારે પહોંચાડશે...

જિનાજ્ઞા વિનાનું રૂપ અને યૌવન વિનાશ નોતરશે...

જિનાજ્ઞા વિનાની સત્તા સદ્ગતિ નહીં અપાવી શકે...

જિનાજ્ઞા વિનાની બુદ્ધિ અને ચતુરાઈ સંસારમાં રખડાવનારી બનશે...

જિનાજ્ઞાના પાલનથી ચોર-હત્યારા અને લુંટારા તરી ગયા છે, જિનાજ્ઞાના પાલન વિના સાધુ પણ સંસારમાં રખડી પડ્યા છે. આપણા મહાન પુણ્યોદયે આપણને પ્રાપ્ત થયેલી જિનાજ્ઞાને સ્વીકારવાનું આગવું સત્વ આપણે દાખવીએ. જિનાજ્ઞાના સંગે અને આરાધનાના રંગે ભવ તરવાનું સાચું સત્વ પ્રગટાવીએ.

જીવો અને જીવવા દો.... આ પ્રભુ મહાવીરનો સંદેશ છે. દયા અને કરુણાની જિનાજ્ઞા જેની પાછળ છૂપાયેલી છે.

પરંતુ વ્યસનોની ગુલામીમાં ફસાયેલા ભાવિ તીર્થંકર એવા શ્રી શ્રેણિક મહારાજાના જીવને એ જિનાજ્ઞા વિસરાઈ ગઈ. ગર્ભવતી હરણીનો શિકાર કરી એક તીરથી બે-બે હત્યાઓ જોઈ જેના દયા અને કરુણાના ઝરણાં સુકાઈ ગયા અને એ આનંદથી નાચવા લાગ્યો.

ક્ષણવારનો એ આનંદ... નરક ગતિનો બંધ કરાવી સાધિક લાખ વરસ સુધીના નરકના દુ:ખોને લમણે ઝીંકે છે.

જો તીર્થંકરના આત્માનો પણ જિનાજ્ઞા ભંગની સજા આપતાં કર્મસત્તા અચકાતી નથી તો આપણા જેવા પામર જીવોને કર્મસત્તા કે જિનાજ્ઞાભંગ કેવી રીતે છોડી શકે.

જિનાજ્ઞા પૂર્વક સંગમના ભવમાં આપેલું સુપાત્ર દાન સંગમને શાલીભદ્ર બનાવી અંતે ત્યાગના ઝુલે ઝુલાવીને સંયમ અને મોક્ષના પગથારે પહોંચાડે છે.

જિનાજ્ઞા આરાધના અને વિરાધનાના આવા પ્રસંગોને સમજીને વિચારીને આપણે જિનાજ્ઞા આરાધક બનવા પ્રયત્નશીલ થવાનું છે. જિનાજ્ઞાના મર્મને સમજીને આત્મામાં ઉતારવા માટેનો સવિશેષ પુરુષાર્થ આદરવાનો છે. આપણું જીવન જિનાજ્ઞાના રંગે એવી રીતે રંગાઈ જાય કે આપણી કોઈ પણ પ્રવૃત્તિ કે જીવનની કોઈ પણ ક્ષણ જિનાજ્ઞા વિનાની ન રહે. જિનાજ્ઞાના અલંકારોથી જીવનને શણગારી મળેલા માનવ ભવ અને જિનશાસનને સફળ બનાવીએ.

જીવ ને શિવ બનાવનાર.... આત્મા ને પરમાત્મ પદ અપાવનાર...

ક્ષણ ક્ષણને સમાધિમય બનાવનાર.... જિનાજ્ઞાને લાખ લાખ સલામ.

## અવિધિથી અને વિધિથી કરેલા ધર્મના ફળ

जह भोयणमविहिकयं, विणिसए विहिकयंजियोवेई ।
तह अविहिकओ धम्मो, देइ भवं विहिकओ मुक्खं ।।३५।।

અર્થ :- જેમ અવિધિથી કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિથી કરેલું ભોજન પુષ્ટિ કરે છે, તેમ અવિધિથી કરેલો ધર્મ સંસારમાં રખડાવે છે અને વિધિથી કરેલો ધર્મ મોક્ષને આપે છે. ।। ૪૩ ।।

ભોજન એ શરીરની શક્તિ વધારવા અને ટકાવવા માટેની એક અતિ આવશ્યક ક્રિયા છે. દેહ માટે કહીએ તો એક સાધના છે.

ભોજન એ દેહનો ખોરાક છે.

ધર્મ એ આત્માનો ખોરાક છે.

ભોજન થી દેહની પુષ્ટિ થાય છે તેમ ધર્મથી આત્માની પુષ્ટિ થાય છે. પણ બન્ને માટે વિધિ અત્યંત આવશ્યક છે. વિધિ સહિતની ક્રિયા સિદ્ધિ અપાવે છે. અવિધિથી કરેલી ક્રિયા

વિનાશ નોતરે છે.

ભોજનનો સમય... ભોજનના પદાર્થો બધાનું પોતાનું આગવું મહત્વ છે. સામાન્ય વ્યક્તિ માટે પણ જિનશાસનમાં ભોજનની વિધિ વ્યવસ્થિત ગોઠવેલ છે. સવારના નવકારશીમાં હલકું ફુલકું લેવાનું... બપોરના બરાબર જમી લેવાનું, સાંજે સૂર્યાસ્ત પહેલા હલકું વાપરીને ભોજનની પૂર્ણાહૂતિ કરવાની. જ્યાં જ્યાં આ વિધિ સચવાય છે ત્યાં ત્યાં સ્વાસ્થ્ય સદા આરાધનાને અનુકૂળ રહે છે. કાયા નિરોગી રહે છે. આહાર વિધિમાં પણ ઋતુ પ્રમાણે ફેરફાર થવા જોઈએ. એ આરોગ્ય માટે લાભ દાયી બને છે. જેના શરીરની જેવી તાસીર હોય એને એ પ્રમાણે ભોજન લેવાનું હોય છે. ટાઈમ બે ટાઈમ કરેલું ભોજન સ્વાસ્થ્યને માટે હાનિકારક બને છે.

એવીજ રીતે જે જે આરાધના માટેના જે જે સમય જણાવવામાં આવ્યા છે તે તે સમયે આરાધના થવી જ જોઈએ તો જ એ લાભ કારી બની શકે. ભોજન પિરસાવામાં અને ખાવામાં પણ વિધિ હોય પ્રથમ મિષ્ઠાન - ફરસાણ - શાક - રોટલી - ચટણી - અથાણા છેલ્લે દાળભાત આ ક્રમથી આગળ વધાય - ક્રમને ઉલટાવી ન શકાય એવીજ રીતે આરાધનામાં જ્ઞાની ભગવંતોએ જે વિધિ જણાવ્યો છે તે વિધિ સાચવવોજ જોઈએ.

જીભને વિનંતિ કરતાં કહેવામાં આવ્યું છે -

હે જીભ ! ભોજનમાં અને વચનમાં તું પ્રમાણ જાણ - મર્યાદા રાખ - કારણ કે અતિ ખાધેલું ભોજન અને અતિ બોલાયેલ વચન મહા અનર્થકારક થાય છે.

વિધિપૂર્વક ભોજન કરનાર જીવિતને એટલે આયુષ્યને અને આરોગ્ય ને વધારે છે. અવિધિ કરનાર જીવિત અને આરોગ્યનો નાશ કરે છે.

તેવીજ રીતે જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનો લોપ કરનાર અવિધિથી કરેલો દેશવિરતિ કે સર્વ વિરતિ ધર્મ સંસારની વૃદ્ધિ કરે છે. જિનેશ્વર પરમાત્માના મત વિરુદ્ધ રીતે કરેલાં, લોકો વડે નમસ્કાર કરાતાં તપ, દાન, ચારિત્ર વગેરે પણ મોક્ષફળ આપતાં નથી... પરંતુ આત્મા માટે અહિતકારી બને છે.

**અવિધિએ પળાતી જિનાજ્ઞા આત્મા માટે અકલ્યાણકારી બને છે જ્યારે વિધિએ પળાતી જિનાજ્ઞા આત્મા માટે કલ્યાણકારી બને છે.**

જિનાજ્ઞા છે ત્યાંજ ચારિત્ર છે... ત્યાંજ ધર્મ છે. જે જિનાજ્ઞાનું અતિક્રમણ કરે છે તે વિધિ કોના આદેશ પ્રમાણે કરે છે ? એમ વિચારતાં જિનાજ્ઞા ભંગ કરનાર કે અવિધિ કરનાર

ખરેખર તો દેવપૂજા... સામાયિક... પ્રતિક્રમણ સર્વથા કરતાજ નથી.

**'અવિધિએ કરેલથી ન કર્યું સારું.'**

એ વચનને સિદ્ધાંતના જાણકાર ઉત્સૂત્ર પ્રરૂપણા કહે છે, કારણ કે ન કરવાથી મોટું પ્રાયશ્ચિત આવે છે. અવિધિએ કરવાથી ઓછું પ્રાયશ્ચિત આવે છે. આ કથાનક પાછળનો હેતુ એવો છે કે શક્તિ હોય તો ઉત્સર્ગ વિધિજ સેવવો જોઈએ પરંતુ શક્તિની નબળાઈમાં અપવાદ માર્ગ સેવાય છે.

ખરી રીતે જોતાં ઉત્સર્ગ અને અપવાદ બન્ને માર્ગો પોતપોતાના સ્થાનમાં મજબૂત અને કલ્યાણકારી છે. બીજાના સ્થાનમાં અનર્થકારી છે, અને દુર્બળ છે.

સમર્થને ઉત્સર્ગ આત્મ હિતકારી છે અને અપવાદ અહિતકારી છે. અસમર્થને અપવાદ આત્મ હિતકારી છે અને ઉત્સર્ગ અહિતકારી છે. ઉત્સર્ગમાં અપવાદ કરતો અને અપવાદમાં ઉત્સર્ગ કરતો મનુષ્ય અરિહંતોની આશાતનામાં વર્તે છે... આશાતનામાં વર્તમાન જીવ દીર્ઘ સંસારી થાય છે. અંતમાં ઉત્સર્ગ પ્રાપ્ત થતાં ઉત્સર્ગ વિધિ કરવો અને અપવાદ પ્રાપ્ત થતાં અપવાદનો વિધિ જયણાપૂર્વક કરવો.

ઉત્સર્ગ એટલે પરમાત્માએ પ્રરૂપેલો મૂળ માર્ગ અને સમય-સંજોગ અને સંઘયણના કારણે ગીતાર્થો દ્વારા એમાં કરાતો ફેરફાર તે અપવાદ માર્ગ છે. ઉત્સર્ગ એ Highway છે અપવાદ એ Diversion છે. અપવાદ માર્ગને આરાધતાં પણ ઉત્સર્ગ છૂટી ન જાય એ તરફ સંપૂર્ણ લક્ષ અને સાવધાની અત્યંત આવશ્યક છે.

જેની હોજરી જે પચાવી શકે એવુંજ ભોજન એને આપી શકાય... બીજું હાનિકારક બને. બિમારીમાંથી ઉઠેલા જે માણસની દુધ પચાવવાની પણ તાકાત નથી એને શક્તિ આવી જાય એ માટે તરત બદામાદિ ન આપી શકાય. બદામ લાભદાયી... શક્તિદાયી પણ કોના માટે ? જે પચાવી શકે એની માટે. એવી જ રીતે જેની જેવી યોગ્યતા અને પાત્રતા હોય... જેનું જ્ઞાન અને ક્ષમતા હોય એને એવીજ આરાધના આત્મકલ્યાણ કરાવનારી બને છે.

લાંબી બિમારીમાંથી ઉઠેલા વ્યક્તિને મગના પાણીથી પ્રારંભ કરીને આગળ વધવાનું છે તેમ ભવભ્રમણમાંથી બહાર નિકળવા તૈયાર થયેલા વ્યક્તિએ પ્રારંભ ભલે નાની નાની આરાધનાથી કરવાનો છે પરંતુ વિધિપૂર્વક આરાધનાઓ કરવાની છે જ્ઞાની ભગવંતોએ જે જે વિધિ જણાવ્યો છે એની પાછળ ઉંડા રહસ્યો રહેલા છે. વિધિપૂર્વક કરેલી આરાધના

આત્મશુદ્ધિ... ભાવશુદ્ધિ દ્વારા આત્મકલ્યાણના માર્ગે આગળ વધારે છે.

ભોજનની સામગ્રી બનાવવાની પણ વિધિ હોય છે એમાં પણ જો અવિધિ કરવામાં આવે તો સામગ્રી બગડી જાય છે. લાપસી બનાવવા લોટને પહેલા શેકવો પડે... હલાવવો પડે બરાબર શેકાઈ જાય પછી એમાં પાણી ગોળ આદિ નાંખવામાં આવે છે. પરંતુ જો લોટને શેક્યા વગર જ પહેલા પાણી નાંખી પછી શેકવામાં આવે તો શું થાય ? આ વિધિની અવિધિ કરવાના પરિણામ છે. આવા જ પરિણામ આરાધનાની વિધિમાં અવિધિ કરવાના આપણને ભોગવવા પડે છે.

સમય, ઋતુ, શરીરની તાસીરને નજરમાં રાખીને કરેલું વિધિપૂર્વકનું ભોજન શરીરની પુષ્ટિ કરે છે એવીજ રીતે પરમાત્માના શાસનમાં જણાવેલી વિધિપૂર્વકની આરાધના આત્માની પુષ્ટિ કરે છે. મોક્ષ તરફ લઈ જાય છે. જ્યારે અવિધિથી કરેલુ ભોજન જેમ શરીરનો નાશ... શરીની શક્તિનો નાશ કરે છે એ જ રીતે અવિધિથી કરેલી આરાધના મોક્ષ તરફ લઈ જવાને બદલે સંસારની ચાર ગતિમાં રખડાવનારી બને છે.

આપણને સંસાર પરિભ્રમણથી જો થાક લાગ્યો હોય અને સંસારમાંથી છૂટવાની પ્રબળ ઈચ્છા જાગૃત તઈ હોય તો અવિધિનો ત્યાગ કરીને આપણી સર્વ આરાધનાઓ વિધિપૂર્વક કરવા સાવધાન અને જાગૃત બનીએ.

# દ્રવ્યધર્મ અને ભાવધર્મનું ઉત્કૃષ્ટ ફળ

उक्कोसं दव्वत्थय-आराहओ जाव अच्चुअं जाई ।
भावत्थएण पावइ, अंतोमुहुत्तेण निव्वाणं ।।३६।।

અર્થ :- ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવની આરાધના સાધકને બારમા દેવલોક સુધી પહોંચાડે છે જ્યારે ભાવસ્તવ આરાધકને અંતર્મુહૂર્તમાં નિર્વાણ પદ આપાવે છે.

અહીં દ્રવ્યસ્તવ એટલે દેવપૂજા, દાન વગેરે શ્રાવક ધર્મ અને ભાવસ્તવ એટલે સાધુધર્મ સમજવો. નહીં તો મિથ્યાત્વી જીવ દ્રવ્ય સાધુ ક્રિયાથી નવમા ગ્રૈવેયક સુધી જાય એમ કહેલું છે તે અસંગત થાય. ॥ ૩૬ ॥

શ્રાવકના જીવનમાં વિવિધ આરાધનાઓ જોવા મળે છે. જેમાં દાન-શીલ-તપ અને ભક્તિ-પૂજા આદિનો સમાવેશ થાય છે એવી આરાધનાઓને દ્રવ્યસ્તવ કહેવામાં આવી છે. આ દ્રવ્ય ક્રિયાઓ સાથે ભાવ પણ હોય જ છે પરંતુ ભાવની મર્યાદા હોવાથી આવો સાધક બારમા દેવલોક સુધી પહોંચી શકે છે પરંતુ આગળ ન વધી શકે.

શ્રાવક સમસ્ત ભૂમંડળને જિનેશ્વરના મંદિરોથી વિભૂષિત કરી દાન-શીલ-તપ-ભાવની આરાધનાથી બારમા દેવલોક સુધી જાય છે એનાથી આગળ જઈ શકતો નથી.

જે શ્રાવક સુવર્ણમય - રત્નજડિત પગથિયાવાળાં હજારો થાંભલાથી વિભૂષિત સોનાથી મઢેલાં તળિયાવાળા જિનાલય કરાવે, એના કરતાં પણ તપ સંયમ અનેક ગણું ફળ આપે છે

તપ-સંયમ દ્વારા સાધુ ભવોભવમાં ભેગા કરેલા પાપકર્મનો નાશ કરીને અલ્પ સમયમાં અનંત સુખવાળા મુક્તિ નગરીમાં નિવાસ કરે છે.

દ્રવ્ય સ્તવ એ શ્રાવકનો ધર્મ છે.

જિનશાસનને પામ્યા પછી પણ શાસનને યોગ્ય રીતે ન સમજનારા કેટલાક જીવો દ્રવ્યસ્તવને છ કાયના જીવોની વિરાધના રૂપ હોવાથી બહુમાન કે સ્વીકાર કરતા નથી. ખરેખર આવા જીવો તીર્થ બાહ્ય સમજવા જોઈએ. આગમ સાક્ષી હોવા છતાં તેઓ દ્રવ્યસ્તવને સ્વીકારતા નથી.

દ્રૌપદીએ જિનપૂજા કરી હતી. આવું વિધાન જ્ઞાતાધર્મ કથામાં છે. આ વિધાન કરતાં

જણાવે છે કે –

દ્રૌપદી શ્રેષ્ઠ રાજકન્યા છે. આ રાજકન્યા જ્યાં મજ્જન (સ્નાન) ગૃહ છે ત્યાં આવે છે. આવીને મજ્જન ઘરમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કર્યા પછી બલિકર્મ કરી, કૌતુક, માંગલિક, પ્રાયાશ્ચિત કરી શુદ્ધ મંદિરમાં પ્રવેશ કરવા યોગ્ય માંગલિક વસ્ત્રો પહેરી મજ્જન ઘરથી બહાર નીકળે છે. બહાર નીકળી જ્યાં જિન મંદિર છે ત્યાં આવે છે.

**આવીને જિનપ્રતિમાનાં દર્શન થતાં પ્રણામ કરે છે. પીછી વડે પ્રમાર્જન કરે છે. પ્રમાર્જન કર્યા પછી જેમ સૂર્યાભદેવે જિનપ્રતિમા પૂજી તેવીજ રીતે પાઠ અહી. જાણવો યાવત્ ધૂપ ઉવેખે છે... ધૂપ ઉવેખી ડાબા ઢીંચણને કાંઈક નમાવે છે અને જમણા ઢીંચણને ભૂમિ ઉપર સ્થાપે છે. સ્થાપીને સહેજ મસ્તકાદિ પૂર્વ ભાગવડે નમસ્કાર કરે છે યાવત્ બે હાથજોડી આ પ્રમાણે બોલે છે– અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ. ઈત્યાદિ** નમોત્થુણં **પદથી** સંપત્તાણં **સુધી** આ અધિકાર **'શ્રી જ્ઞાતાંગ'** મા સોળમા અધ્યયનમાં કહ્યો છે.

જ્ઞાતાંગમાં જણાવેલ ઉપરોક્ત વિગતો ઘણી વાતો સ્પષ્ટ કરે છે–

✻ સમ્યગ્દિષ્ટ શ્રાવક–શ્રાવિકા માટે જિનપૂજા આગમોક્ત છે.

✻ જિન પ્રતિમા અને એની સ્થાપના આગમોક્ત છે.

✻ શ્રાવક–શ્રાવિકાઓને ચૈત્યવંદન અંતર્ગત શક્રસ્તવ રૂપી નમોત્થુણં જ જણાવેલ છે. (વિવાહ પ્રજ્ઞાપ્તિમાં સૌધર્મેન્દ્રે તથા જીવાભિગમમાં વિજયદેવે જિન પ્રતિમાઓની આગળ દ્રવ્યસ્તવ પૂર્વક જ શક્રસ્તવ કહેલ છે. એમાં ક્યાંય ૪ કે ૮ થોયથી દેવવંદન જણાવેલ નથી.) ચૈત્યવંદન મહાભાષ્ય પણ ૧૦૮ કાવ્યથી ચૈત્યવંદન વિધિ જણાવે છે.

અચલગચ્છમાં આજ આગમોક્ત વિધિ આજ દિવસ સુધી અખંડ પણે ચાલતો આવે છે એજ અચલગચ્છ આગમિક ગચ્છ હોવાનો પુરાવો છે.

એટલે શ્રાવકને દ્રવ્યસ્તવ અંતર્ગત જિનપૂજાદિનો સમાવેશ થાય છે. અહીં આ વાત જણાવી છે. આ જિનપૂજા બારમા દેવલોક સુધી પહોંચાડવા સમર્થ છે. એવીજ રીતે આપણે સહુ જાણીએ છીએ કે પરમાત્મા મહાવીરસ્વામીને પારણું કરાવવાના શ્રેષ્ઠ ભાવથી જિરણશેઠ પણ બારમા દેવલોકનું આયુષ્ય બાંધે છે સુપાત્ર દાનાદિ પણ શ્રાવક માટે દ્રવ્યસ્તવ છે. એવીજ રીતે શીલ અને તપાદિ માટે એવં સાધુ ભક્તિ વૈયાવચ્ચ આદિ માટે પણ જાણવું.

ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામિએ પણ શ્રી આવશ્યક નિર્યુક્તિ માં જણાવ્યું છે કે– સંયમમાં પરિપૂર્ણ પ્રવૃત્તિ ન કરી શકનારા શ્રાવકોને સંસારને પ્રતનુક્ષય કરનાર આ દ્રવ્યસ્તવ

યુક્ત જ છે.

દ્રવ્યસ્તવમાં અસંયમ છે તો પણ તેનાથી પરિણામ શુદ્ધિ થાય છે. અસંયમથી ઉપાર્જિત કરેલું બીજું સર્વ પાપ ક્ષય પામે છે તેથી શુભાનુબંધિ અને અત્યંત નિર્જરા ફળદાયી છે. એમ જાણી શ્રાવકો દ્રવ્યસ્તવ કરવું જોઈએ.

દ્રવ્યસ્તવ, ભાવસ્તવનું કારણ હોવાથી દ્રવ્યસ્તવ પણ મોક્ષનું અંગ છે.

શ્રાવક અને સંયમીની કક્ષા જુદી હોવાથી બન્ને માટે આરાધના ભેદ છે શ્રાવક દ્રવ્યસ્તવનો અધિકારી છે જ્યારે સંપૂર્ણ સંયમી મુનિરાજ દ્રવ્યસ્તવના અધિકારી નથી પણ ફક્ત ભાવ સ્તવના જ અધિકારી છે.

## દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા અંતરનું દૃષ્ટાંત.

मेरुस्स सरिसवस्स य, जत्तियमित्तं तु अंतरं होई ।
दव्वत्थयभावत्थय-अंतरमिह तत्तियं नेयं ।।३७।।

અર્થ :- મેરુપર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલું અંતર દ્રવ્યધર્મ અને ભાવધર્મમાં જાણવું. ||૩૭||

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવના ફળને જણાવીને હવે આપણી સમક્ષ બન્નેમાં રહેલા આકાશ અને પાતાળ જેવા અંતરને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરે છે.

એક બાજુ સૂવર્ણનો એક લાખ યોજનનો મેરુ છે...

તો બીજી બાજુ નાના કણ સમાન સરસવનો દાણો છે....

મેરુ સમાન છે ભાવસ્તવ તો સરસવ સમાન છે દ્રવ્યસ્તવ.

ભાવસ્તવમાં છ જીવનિકાયના વધનો અસંભવ હોવાથી એને મેરુની ઉપમા આપવામાં આવી છે... ભાવસ્તવની આરાધના કરનારને જો કાળ આદિ યોગ્ય સામગ્રી પ્રાપ્ત થઈ જાય તો એજ ભવમાં સર્વ કર્મ ક્ષય કરી સિદ્ધશીલા ઉપર આરૂઢ થાય છે.

દ્રવ્યસ્તવ છ જીવનિકાયના વધ વિના સંભવિત નથી એટલેજ એને સરસવની ઉપમા આપી છે. દ્રવ્યસ્તવથી જીવ મુક્તિનગરીમાં પહોંચી શકતો નથી. દ્રવ્યસ્તવ એને વધુમાં વધુ બારમાં દેવલોક સુધી પહોંચાડે છે.

આવી વાત જાણીને કોઈ સ્વાભાવિક રીતે જ વિચાર કરે કે જો દ્રવ્યસ્તવથી સરસવ

જેટલોજ લાભ છે તો એનો ત્યાગ કરીને મેરુપર્વત જેવો લાભ અપાવનાર ભાવસ્તવને જ કેમ ન આરાધવો ? વાત સાચી જ છે. પરંતુ લાભના વિચાર સાથે આપણું સત્વ ક્યાં સુધી પહોંચે છે એની વિચારણા પણ અતિ આવશ્યક બની જાય છે.

મહાપુરુષોએ કહ્યું છે કે કોઈ પણ કાર્યમાં ઝંપલાવતા પહેલાં પોતાના બળાબળનો વિચાર કરવો જોઈએ. જો એ વિચાર કરવામાં ન આવે અને એમ જ ઝંપલાવવામાં આવે તો સફળતા તો દૂર રહી પરંતુ દુનિયામાં હાંસીપાત્ર થવાય છે. સર્વ વિરતિ સ્વીકારવાનું સત્વ પ્રગટયું હોય તો અવશ્ય એનો સ્વીકાર કરી ભાવ સ્તવ આરાધવો જોઈએ. પરંતુ જ્યાં સુધી સર્વ વિરતિનું સત્વ ન પ્રગટે ત્યાં સુધી દ્રવ્યસ્તવની સુંદર આરાધનાથી ભાવસ્તવની નજીક પહોંચવાનો સફળ પુરુષાર્થ આદરવાનો છે.

**દ્રવ્યસ્તવ જ ભાવસ્તવનું પ્રવેશદ્વાર છે.** એ વાત ભૂલવા જેવી નથી. જેઓ પણ ભાવસ્તવમાં પ્રવેશ્યા એમને એ માટેનું બળ દ્રવ્યસ્તવમાંથીજ પ્રાપ્ત થયેલ છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં ઘણુંજ અંતર છે એ વાત સત્ય હોવા છતાં શ્રાવકને માટે દ્રવ્યસ્તવ જ આરાધનીય છે. દ્રવ્યસ્તવને ઠુકરાવીને ક્યારે પણ ભાવસ્તવમાં પ્રવેશ થઈ શકતો નથી. દ્રવ્યસ્તવને આરાધતાં આરાધતાંજ ભાવસ્તવમાં પ્રવેશ થાય છે.

## કેવો ગચ્છ ત્યાગ કરવા યોગ્ય છે ?

जत्थ य मुणिणोकयवि-क्कयाइकुव्वंति निच्चपब्भट्ठ ।
तं गच्छं गुणसायर !, विसं व दूरं परिहरिज्जा ।।३८।।
जत्थ य अज्जालद्धं, पडिग्गहमाईय विविहमुवगरणं ।
पडिभुंजइ साहूहिं, तं गोयम ! केरिसं गच्छं ।।३९।।

અર્થ :- જે ગચ્છમાં નિત્ય આચારથી ભ્રષ્ટ એવા મુનિઓ ક્રયવિક્રયાદિ કરે છે, તે ગચ્છને હે ગુણસાગર ! (ગુણના અર્થી હે જીવ !) વિષની પેઠે તારે દૂરથી જ ત્યજી દેવો જોઈએ. ॥ ૩૮ ॥

વળી જે ગચ્છમાં સાધુઓ સાધ્વીએ લાવેલાં (વહોરેલાં) વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો વાપરે છે, હે ગૌત્તમ! તે ગચ્છ કેવો ? અર્થાત્ તેને ગચ્છ કહેવાય જ નહિ. ॥ ૩૯ ॥

ગચ્છ !

આચાર-વિચાર, સાધના-સ્વાધ્યાય, સમાચારી અને આચારાદિની મર્યાદા જાળવવા માટે ગોઠવવામાં આવેલી એક અદ્ભૂત વ્યવસ્થા છે.

આદિનાથ ભગવાનના સમયમાં ચોર્યાસી ગચ્છ હતા તો મહાવીરસ્વામિના અગિયાર ગણધર પણ નવ ગચ્છ હતા.

એક વાચનાવાળા આચાર્યોના સમુદાયને ગચ્છ કહેવામાં આવે છે. જ્યાં વાચના એક હોય ત્યાં સ્વાધ્યાય-સમાચારી -આચ્રર-વિચાર વિગેરે સમાન હોય છે. બધાજ ગચ્છો શ્રેષ્ઠ જ હોય છે. પરંતુ કાલાંતરે ક્યાંક આચારમાં શિથિલતાદિ આવી જવાથી ફેરફાર જોવા મળે છે.

આત્મ સાધના કરવા નિકળેલા સાધકે કેવા ગચ્છમાં રહીને આત્મકલ્યાણ સાધવું અને કેવા ગચ્છનો ત્યાગ કરવો. એનું અહીં માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

જે ગચ્છમાં આચારથી ભ્રષ્ટ મુનિઓ હોય એ ગચ્છનો ત્યાગ કરવાની વાત જણાવે છે.

આચાર એ જિનશાસનની પ્રધાન આધાર શિલા છે. સંસારના સંબંધોમાં પણ સદાચારની મહત્તા રહેલી છે તો સાધુ જીવનમાં એની વિશેષતા અવશ્ય હોવી જ જોઈએ. જ્યાં આચાર શુદ્ધિ નથી ત્યાં વિચાર શુદ્ધિ - સ્વાધ્યાય શુદ્ધિ એવં સમાચારી શુદ્ધિ આદિની સંભાવના રહેતીજ નથી. તેથી જ્યાં આચાર ભ્રષ્ટતા હોય ત્યાં સાધુતા જ નથી તો પછી ત્યાં ગચ્છની વાત જ ક્યાં આવી શકે ? જે ગચ્છમાં આવા આચાર ભ્રષ્ટ સાધુઓ હોય ત્યાં આરાધના ન થાય તેથી આવા ગચ્છનો ત્યાગ જ ઉચિત છે.

એવી જ રીતે જ્યાં સાધુઓ ક્રય-વિક્રય એટલે લેવા અને વેચવારૂપ વ્યાપાર કરતા હોય તે ગચ્છ... ગચ્છ જ નથી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, ભિક્ષાવૃતિ સુખકારક છે. સાધુને ભિક્ષુક કહેવામાં આવ્યું છે. સાધુને જે વસ્તુનો ખપ હોય તે વસ્તુની ગૃહસ્થની પાસે યાચના કરે. ગૃહસ્થએ વસ્તુ એને આપે. પરંતુ પોતાના માટે સાધુ કોઈ વસ્તુ લે નહિં તેમજ બીજા માટે વેચે પણ નહિં.

કિંમત મૂલ્ય આપી વસ્તુ ખરીદનાર સાધુ ક્રયિક એટલે તેવા અન્ય લોકો જેવો થાય છે... મૂલ્ય ગ્રહણ કરી વસ્તુ વેચતો સાધુ વેપારમાં પ્રવૃત્ત થવાથી વણિક થાય છે. આવો સાધુ સિદ્ધાંતમાં કહેલા સાધુ જેવો થતો નથી ક્રય-વિક્રય મહાદોષ છે.

અહિં મૂળમાં આદિ શબ્દ મૂક્યો એનાથી રાંધવું... રંધાવવું... ગ્રહણ કરવું આદિ દોષો આવી જાય છે. આવા દોષો જે ગચ્છમાં પ્રવર્તતા હોય તે ગચ્છનો ત્યાગ કરવાની વાત અહિં

જણાવી છે.

સાધુ વેપારી ખરો પણ રત્નનો વેપારી છે તે પોતાના જીવનમાં સમ્યગ્ દર્શન... સમ્યગ્જ્ઞાન... અને સમ્યગ્ ચારિત્રરૂપી રત્નોનો વેપારી છે, તે પરમાત્મા પાસેથી... પરમાત્માના શાસનમાંથી... પરમાત્માના શાસ્ત્રોમાંથી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નો ને મેળવે છે... પ્રાપ્ત કરે છે. અને આ રત્નોને ચતુર્વિધ શ્રી સંઘમાં વહેંચે છે. એજ એનો વેપાર છે. એના સિવાય એની પાસે બીજો ક્રય-વિક્રયરૂપી વેપાર ન હોય. પરંતુ જો કોઈ સાધુ આવા વેપાર કરતા હોય તો એ સાધુતા વખાણવા યોગ્ય નહીં પરંતુ વખોડવા લાયક છે. સાધુની પાસે જિનાલયાદિ કે સાધુના ઉપકરણો આદિનું જ્ઞાન હોય તો એ માટે એ શ્રી સંઘને માર્ગદર્શન આપી શકે, એ કાર્ય યોગ્ય વ્યક્તિઓની સાથે શ્રી સંઘનો પરિચય કરાવી શકે. સાધુ માર્ગદર્શક કે ઉપદેશક છે આદેશક નથી. તેથી તે કોઈ પણ પ્રકારના ક્રય-વિક્રયાદિ માં ભાગ લઈજ ન શકે. જ્યાં આવું બધું થતું હોય ત્યાં જ્ઞાન-ધ્યાન ગૌણ બની જાય છે. સંયમ જીવનમાં જ્ઞાન-ધ્યાનમાં સુસ્તી આવે તો સાધુ પ્રમત્ત બને એના કારણે જીવનમાં ઘણા બધા દોષો લાગવાની સંભાવના રહે. જે સાધુઓ આવા બધા કાર્યોથી પર રહે તેજ સ્વ-પર કલ્યાણને સાધી શકે છે. તેજ સાધુઓ ગચ્છનો વિકાસ કરી શકે છે. તેથી જ અહિં કહેવામાં આવ્યું છે કે જ્યાં ક્રય-વિક્રયાદિ સાધુઓ કરતા હોય એવો ગચ્છ-ગચ્છ નથી. એવા ગચ્છનો આત્મ કલ્યાણને ઈચ્છતા સાધુએ ત્યાગ કરવો જોઈએ. ક્રય-વિક્રયાદિના ધાર્મિક કાર્યો માટે પણ યોગ્ય શ્રાવકોને તૈયાર કરવા જોઈએ. અને એમના દ્વારા જ વ્યવહાર કરવો જોઈએ. આવું કરવામાં આવે તો સાધુ દોષનો ભાગીદાર ન બને અને ગચ્છની ગરીમા એવં મર્યાદા જળવાઈ રહે છે.

જિન શાસનનો સાધુ સ્વાવલંબી હોય છે. એ ક્યારે પણ કોઈ પણ કાર્ય માટે કોઈ પણ રીતે પરાવલંબી ન હોય. પોતાનું બધુંજ કાર્ય પોતાની જાતે જ કરવાવાળો હોય છે. વિજાતિયના પરિચયને ટાળવા ગોચરી, વસ્ત્ર, પાત્ર કે અન્ય કોઈ સંયમના ઉપકરણ સાધુ સાધ્વીજી ભગવંત પાસેથી ન લે સાધુને યાચના પરિષહ કહેલ છે. સંયમ જીવનને ટકાવવા જે જે વસ્તુનો ખપ હોય એ વસ્તુની શ્રાવકની પાસે ઉપયોગ પૂર્વક યાચના કરે અને મેળવે. પરંતુ આવી કોઈ પણ વસ્તુ સાધ્વીજી ભગવંત પાસેથી ન લે. સાધ્વીજી ભગવંતે પોતાના માટે લીધેલા ઉપકરણો લેવાથી વારંવાર સાધ્વીજી ભગવંત સાથે બોલવાના - પરિચયના પ્રસંગ ઉભા થાય છે. વિજાતિયનો અતિ પરિચય ઉભય પક્ષે હાનિકારક છે. એમ કરવાથી પતનનો એવં સંયમથી ભ્રષ્ટ થવાની સંભાવના હોય છે. તેથી સાધુ-સાધ્વીજી ભગવંતે આવા પ્રસંગો

ટાળવા જોઈએ.

જે ગચ્છોમાં આવા પ્રસંગો બને છે તે ગચ્છ, સાચો ગચ્છ નથી... સુસાધુઓએ આવા ગચ્છનો ત્યાગ જ કરવો જોઈએ. આજના સમયમાં કેટલાક ગચ્છોમાં ચાતુર્માસ - વિહારાદિમાં સાધુ-સાધ્વીજી ભગવંત સાથે ને સાથે જ હોય છે. આવા પ્રસંગોમાં શીલવ્રતની શુદ્ધિ અતિ મુશ્કેલ બની જાય છે રાગ બંધન મજબૂત બને છે જે સંયમી માટે યોગ્ય નથી. એકાંતે નુકશાન કરનારા છે.

આચાર્ય ભગવંતો સાધ્વીજી ભગવંતને જરૂરી સંયમાદિના ઉપકરણો આપે પરંતુ સાધ્વીજી ભગવંતે વહોરેલા સાધુ ભગવંત ન જ સ્વીકારી શકે. જો સ્વીકારે તો પાસત્થા થાય.

ગચ્છ આચરની મર્યાદા માટે છે... શિથિલાચારના પોષણ માટે નથી. સારા વ્યક્તિઓના સંગમાં જીવન સુંદર બને છે અને પતિત પરિણામી જીવોના સંગથી જીવનમાં અનેક પ્રકારના દોષોનો પ્રવેશ થાય છે.

મુક્તિ માર્ગના આરાધક એવા સાધુ અને શ્રાવકે આવા ગચ્છનો કાલકૂટ વિષની જેમ દૂરથી ત્યાગ કરવો જોઈએ. જેવી રીતે ઝેર ખાવાથી ઝેર પ્રાણોનો ત્યાગ કરાવે છે તેવીજ રીતે ભ્રષ્ટાચારી સાધુઓના સમુદાયરૂપ આવો ગચ્છ પણ સંયમરૂપી પ્રાણોનો નાશ કરનાર હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. કુસંગથી દોષની જ વૃદ્ધિ થાય છે એમ જાણી આવા સંગનો પરિહાર કરવો.

जत्थ हिरन्न, सुवन्नं, हत्थेण पराणगंपि नो छिप्पइ ।
कारण समल्लियंपि हु ! गच्छं तयं भणियं ।।४०।।

જે ગચ્છમાં મુનિઓ કારણ પ્રસંગથી પ્રાપ્ત થવા છતાં પણ ગૃહસ્થાવસ્થાના પોતાના અને પારકા પણ સોના રૂપાને હાથથી સ્પર્શ પણ કરતા નથી, હે ગૌતમ ! તેને જ ગચ્છ કહ્યો છે. ।। ૪૦ ।।

સાધુતો જયારે સંયમનો સ્વીકાર કરે છે ત્યારે જ વરસીદાન આપતાં વિશ્વના જીવોની સમક્ષ દ્રવ્યની તુચ્છતા પ્રગટ કરી એના મમત્વનો ત્યાગ કરે છે. દ્રવ્ય ગ્રહણ કરવું પછી એ પોતાનું કે પારકું... સુવર્ણ રૂપાદિને ગ્રહણ કરવું. એ બધુંજ એના વ્રત નિયમની વિરૂદ્ધ છે. સામાન્યથી બધાજ ધર્મોમાં સંન્યાસી અથવા સાધુ એટલે કંચન અને કામિની ના ત્યાગી કહેવાયા છે એમાં પણ જિન શાસનના સાધુ સવિશેષ પ્રકારે કંચનાદિના ત્યાગી છે. સાધુને માટે એનો સ્પર્શ પણ ત્યાજય જ જણાવવામાં આવ્યો.

તેથી સાધુ નિઃસ્પૃહ જ હોવો જોઈએ અને જે નિઃસ્પૃહ બને તેજ કંચનાદિનો ત્યાગી બની શકે. કહેવાય છે કે -

**આરંભ-સમારંભ કરવાથી દયાનો નાશ થાય છે....**

**સ્ત્રીનો સંગ કરવાથી બ્રહ્મચર્ય નાશ પામે છે....**

**તત્વ પ્રત્યે શંકા કરવાથી સમ્યક્ત્વ નાશ પામે છે....**

**દ્રવ્ય ગ્રહણ કરવાથી પ્રવજ્યા નાશ પામે છે....**

આવી રીતે પ્રવજ્યાનો નાશ કરનાર દ્રવ્યની જ્યાં પ્રધાનતા છે તે ગચ્છ મહાન કેમ બની શકે ?

કુમારપાળ રાજાએ દ્રવ્યથી ધર્મ પ્રચાર-પ્રસાર કરવાનો વિચાર કર્યો... કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે એને અનુમતિ આપી એટલુંજ નહીં પોતાના ગુરૂદેવ પાસે સુવર્ણ સિદ્ધિ છે... એ મળી જાય તો કાર્ય સિદ્ધ થઈ જાય, એમ કુમારપાળ રાજાને સમજાવી ગુરૂદેવને તેડાવ્યા. ગુરૂદેવને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમણે હેમચંદ્રાચાર્ય એવં કુમારપાળ બન્નેને પ્રાયશ્ચિત આપી જણાવ્યું કે તમે જે કરવા ઈચ્છો છો એથી ધર્મનો નહીં ધનનોજ પ્રભાવ વધશે. આજે આપણી પાસે આવી સાવધાની ખરીને ?

દ્રવ્ય એ અનેકાનેક દોષોનું મૂળ છે. જ્યાં દ્રવ્ય આવે ત્યાં અનેક દૂષણો જીવનમાં પ્રવેશવાની સંભાવના હોય છે. આ દ્રવ્ય સાધુની સાધુતાનો નાશ કરનાર છે. પૂર્વમાં થઈ ગયેલા ઋષિઓ દ્વારા ત્યાગ કરાયેલું છે... મુનિએ એને વમી નાંખ્યું છે. આવા અનર્થકારી અર્થને જો સાધુ ગ્રહણ કરે તો એના તપ-જપ ક્રિયા બધુંજ નિષ્ફળ છે. એનું જ્ઞાન-ધ્યાન નિરર્થક છે.

તેથીજ સુસાધુઓ ક્યારે પણ દ્રવ્યને સ્પર્શે કે સ્વીકારે નહીં અને તેજ ગચ્છ શ્રેષ્ઠ કહેવાય છે. પ્રભુ મહાવીર ગૌતમ સ્વામિ સમક્ષ એવા જ ગચ્છને વખાણે છે.

**સુગચ્છ શીલવ્રતથી જ શોભાયમાન છે તેથી જ હવે શીલવ્રતનો મહિમા જણાવે છે.**

## બ્રહ્મચર્યનો મહિમા.

जो देइ कणयकोडिं, अह्वा कारेइ कणयजिणभवणं ।
तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभव्वए धरिए ।।४१।।

અર્થ :- જે કોઈ મનુષ્ય સુવર્ણની કોટિ, અર્થાત્ ક્રોડો રૂપિયાની કિંમતનું સુવર્ણ યાચકોને દાનમાં આપે, અથવા સોનાનું જિનમંદિર કરાવે, તેને તેટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મચર્યવ્રત ધારણ કરવાથી થાય છે. ॥ ૪૧ ॥

જ્યાં જ્ઞાન છે ત્યાં વિરતિ છે... વ્રતો ધારણ કરવાના છે... સર્વ વ્રતો અને નિયમોમાં શીલવ્રતનો મહિમા અદ્ભૂત છે. હજારો કે લાખો બ્યુટી પાર્લર મળીને જે સૌંદર્ય ન આપી શકે તે સૌંદર્ય શીલવ્રત દ્વારા પામી શકાય છે. આજે આપણે અસલી સૌંદર્ય ગુમાવી બેઠા છીએ એટલેજ નકલી સૌંદર્યની પાછળ દોડી રહ્યા છીએ.

શીલવ્રતની અદ્ભૂત ગૌરવ ગાથા જણાવતાં કહે છે કે એક શેઠ પોતાના જીવનમાં કમાવેલા કરોડો રૂપિયાના સુવર્ણનું દાન આપે છે. કરોડો રૂપિયાનું સુવર્ણ ધર્મ કાર્યોમાં વાપરે છે...

એક શેઠ કરોડો રૂપિયાનું સોનાનું અદ્ભૂત જિનાલય બનાવે છે. કુશલ કારીગરો દ્વારા સુંદર નક્ષી કામાદિ કરાવે છે... એક શેઠ કરોડો રૂપિયા નથી વાપરતા પરંતુ એ તો બ્રહ્મચર્ય વ્રતનું સુંદર પાલન કરે છે....

આ ત્રણેમાં શ્રેષ્ઠ કોણ?

આ ત્રણેમાંથી ક્યા શેઠને લાભ વધારેમાં વધારે થાય?

આ પ્રશ્નનો જવાબ ઉપરોક્ત ગાથામાં આપતાં જણાવે છે કે સુંદર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારની તોલે કોઈ પણ આવી જ ન શકે.

પરમાત્માએ દાન-શીલ-તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ કહ્યો છે પરંતુ એમાં અન્ય ત્રણ પ્રકારના ધર્મો કરતાં શીલ અત્યંત દુષ્કર કહ્યું છે. અન્ય વ્રતોના ભારને વહન કરવું સુલભ છે... તે ભારને વિસામો લેતાં લેતાં પણ વહન કરી શકાય છે પરંતુ શીલરુપી વ્રતને યાવત્ જીવન સુધી વિસામા વિના જ વહન કરવું અતિ કઠીન છે. આવા દુષ્કર વ્રતને વહન કરનારાઓને ધન્ય છે.

હે ભવ્ય જીવો! તમારે એ દિશામાં વિશેષ પ્રયત્ન કરવા યોગ્ય છે.

શીલવ્રતને વ્રતાધિરાજ કહેવામાં આવ્યું છે.... બધાજ વ્રતોનો એ રાજા છે. તપ હોય કે દાન... દર્શન હોય કે પૂજા... જ્ઞાન હોય કે ધ્યાન... બધામાં શીલ-બ્રહ્મચર્ય હોય તોજ બધાની શોભા છે, જે વ્રતને માટે **એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે...** કહેવામાં આવ્યું છે. એ વ્રતની જ્યાં સાધના છે ત્યાં પ્રકાશ છે બાકી અંધકાર છે. સાધુ જીવનમાંજ નહિં પરંતુ શ્રાવકના જીવનમાં પણ

જો વ્યક્તિ પાસે શુદ્ધ બ્રહ્મચર્ય વ્રત ન હોય તો એને શાસનમાં કે સમાજમાં માન-મોભો-પ્રતિષ્ઠા કશા નીજ પ્રાપ્તિ થતી નથી. ગૌરવભેર સ્થાન તો નથી મળતું પરંતુ ધીરે ધીરે શાસન કે સમાજમાંથી વ્યક્તિ ફેંકાઈ જાય છે.

શુદ્ધ અધ્યાત્મિક પથ ઉપર આગળ વધતા સાધક માટે આત્મ રમણતા માટે શુદ્ધ બ્રહ્મચર્યના સ્વામિ બનવું અત્યંત આવશ્યક હોય છે. જે વિજાતીયના રંગરાગમાં ફસાઈ જાય છે. એ ક્યારેય આત્મરમણતાને પામી શકતો નથી. વિજાતીયનો મોહ આત્માની વિસ્મૃતિ કરાવી વિષય કષાયમાં સાધકને નીચે પછાડે છે. આત્મા સાવધાન ન બને તો પતનની ખીણમાં પટકાય છે.

કરોડો અને અબજો રૂપિયાનું દાન કરવું સહેલું છે....

જિનાલય નિર્માણમાં કરોડો ખરચવા સહેલા છે.....

પરંતુ શુદ્ધ બ્રહ્મચર્યવ્રતના સ્વામિ બનવું અત્યંત અત્યંત દુષ્કર છે. પરંતુ જેમણે એનો મહિમા જાણ્યો છે એમણે પ્રેમથી એને પોતાના અંતરમાં ઉચ્ચ સ્થાન આપી આત્મકલ્યાણ સાધ્યું છે.

સ્થુલીભદ્રે જે કોશાવેશ્યાના ઘરે ૧૨-૧૨ વરસસુધી રંગરાગ માણ્યા હતા ત્યાંજ અણીશુદ્ધ શીલવ્રત સાથે ચાતુર્માસ કરી અકલ્પનીય કામવિજેતા બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી જેના કારણે ચોર્યાસી ચોવિસી સુધી અમર બની જશે.

આવા અવિશુદ્ધ શીલવ્રતના મહત્વને જાણીને આત્માને તારવા સાચો ઉદ્યમ માંડીએ એ ઈચ્છનીય છે. ભારતની ભૂમિ અનેકાએક બ્રહ્મચારીઓના તેજ થી તેજસ્વી અને તપથી તપોમય બનેલી છે. બ્રહ્મચારીઓની ચરણરજ પણ રોગ - શોક ને દૂર કરી સમાધિને દેનારી છે.

सीलं कुलआहरणं, सीलं रुवं च उत्तमं होइ ।
सीलं चिय पंडित्तं, सीलं चिय निरुवमं धम्मं ।।४२।।

અર્થ :- શીયળ (બ્રહ્મચર્ય) એ કુળવાનનું (કુળનું) આભરણ છે, શીયળ જ ઉત્તમ રૂપ છે, શીયળ જ સાચું પાંડિત્ય છે અને શીયળ જ નિરૂપમ ધર્મ છે. ॥ ૪૨ ॥

આભરણ... અલંકાર કોને કહેવાય?

જ્યારે કોઈ વ્યક્તિનો ગુણ અથવા વિશિષ્ટ કોટીનું આચરણ વિશ્વના પ્રાગંણમાં એના પ્રત્યે આદર-બહુમાન-સન્માન નિર્માણ કરાવે છે એને એના પરિવારને એના કુળ અને

ખાનદાનને એના ગુણના કારણે પ્રશંસાના પુષ્પોથી વધાવે છે એટલું જ નહિં એનું જીવન અનેકોને માટે આદર્શરૂપ બની જાય છે ત્યારે જ તે કુલભુષણ અને કુળના અલંકાર રૂપ બને છે.

સોના-ચાંદિ-હિરા-મોતીના આભરણ સાચા આભરણ નથી એતો દેખાવ માત્ર છે. એ કદાચિત બાહ્ય દેખાવમાં વૃદ્ધિ કરશે પરંતુ આત્માને એનાથી કોઈ લાભ થતો નથી. પરંતુ બ્રહ્મચર્ય એવું અદ્ભૂત આભરણ છે જે સાધકના જીવનને આત્માને અત્યંત શોભાયમાન બનાવે છે.

ફક્ત બત્રીસ વરસની ઉમરમાં જ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરનાર પેથડ શા ને આજે પણ સન્માનથી યાદ કરીને એમના આદર્શને જીવોની સમક્ષ રાખવામાં આવે છે એવી રીતે **બ્રહ્મચર્ય એ કુળનું આભરણ છે.**

રૂપ કોને કહેવાય ? કેવું રૂપ પ્રશંસા પામે છે ?

રૂપ વેશ્યાની પાસે પણ હોય પરંતુ એના રૂપની ક્યારે પણ પ્રશંસા થતી નથી કારણ કે એ રૂપ બીજાને છેતરવા... ઠગવા અને પતનની ઊંડી ખીણમાં ગબડાવનારૂં હોય છે.

રૂપ એજ મહાન છે જે દેહની અને આત્માની પવિત્રતાને જાળવી શકે. અનેકોને માટે તારક બની શકે આવું રૂપ બ્રહ્મચારી શીલવંત નરનારીની પાસેજ હોય છે. આવા રૂપના દર્શન પુણ્યવંતા આત્માઓજ પામી શકે છે. **એટલે જ શીયળ એજ ઉત્તમ રૂપ છે.** પહેલાની નારીઓને ક્યારેય Beauty Parlour ની જરૂર નહોતી રહેલી કારણ એમનું જીવન શીલથી શોભાયમાન હતું.

સાચી પંડિતાઈ અને સાચી વિદ્વતા કયાં છે ?

બોલવાનું તો બે વરસના બાબાને પણ આવડે છે...

અંગ્રેજીમાં ફટાફટ વાતો કરવી તો દસ વરસના બાળકને પણ આવડે છે...

ધર્મનો ઉપદેશ આપવો... ધર્મ તત્વની વાતો કરવી એવું પણ ઘણાને આવડે છે આજે તો ઘર ઘરમાં સત્સંગ થાય છે. આત્માની વાતો કરવી સહેલી છે. પરંતુ આત્માની વાતોને જીવનમાં ઉતારવી... શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરી જીવનને દિપાવવું એજ તો સાચું પાંડિત્ય છે. પૂર્વના કાળમાં જંગલમાં પણ પ્રાણની બાજીઓ લગાડી અમારી આર્ય ધરતિની સન્નારીઓએ શીલને આંચ આવવા નહોતી આપી. અને આજે પોતાની જાતને ચતુર અને હોંશિયાર ભણેલી અને વિદ્વાન ને પંડિત ગણતી નારીઓ પણ શીલ-સદાચારના પાલનમાં નિષ્ફળ રહી છે.

જ્યાં શીલરૂપી સાચી પંડિતાઈ છે તે ખરેખર વંદનીય છે. એટલેજ કહેવાયું કે **શીયળ એજ સાચું પાંડિત્ય છે.**

ધર્મના ચાર પ્રકાર જણાવ્યા - દાન, શીલ, તપ અને ભાવ આ બધામાં અપેક્ષાએ શીલ પ્રધાન છે.

શીલ વિનાનું દાન નકામું છે.... શીલ વિનાનું તપ નિષ્ફળ છે...

શીલ વિનાના ભાવ નિરર્થક છે... ધર્મમાં જે કોઈ મહિમા છે તે શીલધર્મનોજ છે.

સુદર્શન શેઠ શીયલવંતા ધર્મીશ્રેષ્ઠિ છે. અભયારાણી એમને ફસાવવાના અને પોતાની જાળમાં ન ફસાયા તો હેરાન - પરેશાન કરવાના ઘણા પ્રયાસ કરે છે... ખોટા, કલંક માથે ચઢાવી શુળીની સજા અપાવે છે. માનવી વધુમાં વધુ શું સજા આપી શકે ? એની પાસે મોતથી વધીને કશુંજ નથી. પરંતુ **સાચો ધર્મી મોતથી કદિ ડરતો નથી અને પોતાના સાચા ધર્મને કદિ છોડતો નથી.**

અંતે એમના શીયળ ધર્મે એમને ઉગાર્યા શુળીનું સિંહાસન બન્યું વિશ્વને સત્યબોધ મળ્યો. આવું **શીયળ એજ નિરૂપમ ધર્મ છે.**

આવા શિયળના ઉત્તમ પાઠ સહુ જીવો પામે અને પોતાના જીવનને વ્રતાધિરાજથી શણગારે એ અતિ આવશ્યક છે.

મહિમાવંત શીલવ્રતને ધારણ કરવા ઈચ્છનારે સદા સત્સંગમાં રહેવું જોઈએ અને કુસંગનો ત્યાગ કરવો જોઈએ એ માટે અહિં ઉપદેશ આપે છે.

## કુમિત્રનો સંગ વર્જવાનો ઉપદેશ

वरं वाही वरं मच्चू वरं दारिद्दसंगमो ।
वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो ।।४३।।

અર્થ :- વ્યાધિ, મૃત્યુ અને દરિદ્રતાનો સંગમ થવો તેમજ (રણમાં કે) જંગલમાં વાસ કરવો એ શ્રેષ્ઠ છે, પરંતુ કુમિત્રની સંગતિ કરવી તે સારી નથી, કુમિત્રની સંગતિનો પ્રસંગ આવે તો જંગલમાં ચાલ્યા જવું વગેરે પણ સારું છે. ॥ ૪ ૩ ॥

આકાશમાંથી વરસતું નિર્મળ જળ...
સ્વાતિ નક્ષત્રમાં છીપમાં જાય તો મોતી બની જાય.
ગંગા નદીમાં ભળી જાય તો પવિત્ર બની જાય.
સાગરમાં ભળે તો ખારું - ખારું બની જાય.

ગટરમાં ચાલ્યું જાય તો ગંદુ બની જાય છે.

નથી લાગતું આપણે શું છીએ ? કેવા છીએ ? એનું મહત્વ નથી પરંતુ આપણે કોની સાથે ભળીએ છીએ એનું વધારે મહત્વ છે ? કોઈ પણ વ્યક્તિનો સાચો પરિચય કરવો છે તો એ કોની સાથે રહે છે... કોની સાથે ઉઠે-બેસે છે... કોની સાથે વ્યવહાર - સંબંધ રાખે છે એ બધાને જાણવું જરૂરી બની જાય છે અને એના ઉપરથી એનું માપ કાઢી શકાય છે.

અહિં આજ સંગના રંગની વાત સમજાવતાં કહે છે કે કુમિત્રનો સંગ સદા તજવા જેવો છે.

વ્યાધિ એટલે રોગ... શરીર રોગથી ઘેરાઈ જાય એ સારું કારણ કે વ્યાધિ તો તનને જ વેદના આપી શકે, ક્ષીણ કરી શકે, એક જ મોત આપી શકે પરંતુ કુમિત્ર તો મનને મલીન બનાવી નરકની વેદનાઓ અને મોતની પરંપરાને ઉભી કરી શકે છે. વ્યાધિ તો આવીને આશાતા વેદનીયનો ક્ષય કરે છે પરંતુ કુમિત્રની સંગત તો પતનની ખીણમાં પટકીને સર્વ પ્રકારના અશુભ કર્મ બંધાવે છે. સર્વ પ્રકારના પાપો જીવની પાસેથી કરાવે છે જેના કટુ પરિણામ એને ભોગવવા પડે છે.

મૃત્યુ સારું... જીવન પૂર્ણ થઈ જાય... દેહ છૂટી જાય એની સાથે બધાજ સંબંધો છૂટી જાય... કર્મ પ્રમાણે નવો દેહ મળે. મૃત્યુ આયુષ્ય કર્મને પૂર્ણ કરે છે. નવીન કર્મબંધ કરાવતું નથી. પરંતુ કુમિત્રનો સંગ મિથ્યોપદેશ દ્વારા જીવને માર્ગ ભટકાવે છે. ઉંધા માર્ગે ચઢાવે છે... ઘણા બધા અશુભ કર્મ બંધનો કરાવી અનેક મૃત્યુની સાંકળને ઉભી કરે છે આ ભવ અને પરભવ બન્નેને બગાડી ભવપરંપરાને દુર્ગતિદાયક બનાવે છે. સત્કાર્યો કરવા મળેલા ભવને દુષ્કૃત્યોમાં નષ્ટ કરાવે છે.

તેવી જ રીતે દારિદ્રતા એટલેજ નિર્ધનતા દુઃખદાયી છે... પરંતુ અલ્પ દુઃખ આપનારી અને એકજવાર દુઃખ આપનારી છે. પરંતુ કુમિત્રનો સંગ તો આત્માના ગુણોરૂપી સમૃદ્ધિનું દિવાળું ફુંકનાર છે. આત્માને ભાવ દારિદ્રય અપાવનાર છે. આ ભવમાં દુષ્ટ માર્ગે લઈ જઈ ભવોભવમાં નિર્ધનતા અપાવનાર છે. નિર્ધનતા અંતરાય કર્મને તોડનાર છે પરંતુ આત્મ ગુણોની હીનતા આત્માનું અહિત કરનારી છે. નિર્ધનતામાં આત્મસમાધિ ટકાવી શકાય છે પરંતુ ગુણોની ગરીબીમાં આત્માની સમાધિ અસંભવીત બને છે. તેથી કર્મબંધ અને આર્તધ્યાન આત્માને હેરાન - પરેશાન કરી નાંખે છે.

જંગલમાં વાસ કરવાથી સ્વજન - પરિવાર જનોનો વિયોગ થાય છે. ઘર છૂટી જાય છે... ઘણી અગવડો વેઠવી પડે છે પરંતુ એમ કરતાં અંતરાય કર્મો તૂટે છે... કુસંગનો ત્યાગ થવાથી અયોગ્ય સંસ્કાર આવતા નથી જીવ કોઈ અકાર્ય કરતો નથી પરંતુ જો એ નગરમાં રહીને કુસંગ કરે

તો ઘરનું બાહ્ય સુખ કદાચિત મળે પણ કુસંગથી કુસંસ્કાર અને કુસંસ્કારથી પતન નિશ્ચિત થઈ જાય છે.

આવા પ્રકારે જીવને કુસંગનો સંયોગ અવશ્ય ટાળવા માટે જ પ્રયત્ન કરવાનો છે. કુમિત્રોના સંગથી ઘણા અનર્થ થાય છે. કુમિત્રના સંગથી અનેકોના જીવન... ઘર... પરિવાર અને સમાજ નાશ પામ્યાના દાખલાઓ મોજુદ છે. આપણે આપણી રક્ષા કરવી હોય તો સાવધાની જાળવવી અત્યંત આવશ્યક છે. જેમણે સાવધાની જાળવીને કુમિત્રોનો ત્યાગ કર્યો છે તેઓ સુખ અને સમાધિને પામ્યા છે. જેઓ આવી સાવધાની જાળવવામાં નિષ્ફળ રહ્યા છે, તેઓ કુમિત્રોના સંગે માર્ગ ભટક્યા છે અને એના કારણે દુઃખ-દુર્ગતિ અને અસમાધિ પામ્યા છે.

બચવું હોય આવી દુઃખદ પરંપરાઓથી તો સવેળાએ જાણી જઈને કુમિત્રોનો ત્યાગ કરીએ.

## સંગનો રંગ

એક હતો રાજા....

એકદા તે વનવિહાર કરી આનંદ માણવા નીકળ્યો...

વનમાં ભ્રમણ કરતાં થાકેલા રાજા વિશ્રામ લેવા એક વૃક્ષની નીચે બેઠા....

આ વૃક્ષની ઉપર એક કાગડો અને હંસ બેઠા હતા...

આ બન્ને વચ્ચે સારી મિત્રાચારી હતી...

કાગડાનો સ્વભાવ હંસના પરિચય પછી પણ બદલાયો ન હતો....

અને તે નીચે આરામ ફરમાવતા રાજા ઉપર ચરક્યો...

કાગડાની આવી હરકતથી રાજા અત્યંતગુસ્સે થયો અને એણે અપરાધી કાગડાને નીચે પાડવા તીર છોડયું....

તે તરત ઉડી ગયો અને રાજાના બાણથી હંસ વિંધાયો...

હંસ રાજાની પાસે પડયો...

નીચે પડેલા પક્ષીના શ્વેત વર્ણને જોઈને રાજા આશ્ચર્ય પામ્યો. અને બોલી ઉઠયો, શું કાગડાઓ શ્વેત પણ હોય છે ?

રાજાના શબ્દો સાંભળી હંસ બોલ્યો...

नाहं काको महाराज ! हंसो ऽहं विमले जले ! ।
नीचसंग प्रसंगेन, मृत्यु रेव न संशय: ।।

હે મહારાજ ! હું કાગડો નથી...

હું તો માનસરોવરના નિર્મળ જળમાં વસનારો હંસ છું....

પરંતુ આ નીચ કાગડાના સંગના પ્રસંગથી મરણદશાને પામ્યો છું....

નીચનો સંગ જીવને મૃત્યુ તરફ જ નહીં પણ મૃત્યુની પરંપરા તરફ લઈ જાય છે. એ વાત સંશય વિનાની છે...

તેથી મહાસજ્જન પુરૂષોએ ક્યારે પણ નીચનો સંગ કરી આપત્તિઓને આમંત્રણ આપવું નહિં.

अगीयत्थ कुसीलेहिं, संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गमिमे विग्घे, पहंमि तेणगे जहा ।।४४।।

અર્થ :- અગીતાર્થ કુશીલીઆઓ સાથે મન-વચન અને કાયાથી સંગ તજવો જોઈએ, કેમ કે માર્ગમાં ચોરોની જેમ મોક્ષમાર્ગમાં આ લોકો વિઘ્નરૂપ છે. ।।૪૪।।

અગીતાર્થ કોને કહેવાય ? એ સમજાવવા પ્રથમ ગીતાર્થનો અર્થ જણાવતાં કહે છે -

સૂત્ર એ **''ગીત''** કહેવાય છે.

તેનું વ્યાખ્યાન તેજ **''અર્થ''** છે.

**સૂત્ર અને અર્થને જાણનાર સાધુઓ ગીતાર્થ કહેવાય છે.**

**સૂત્ર અને અર્થને નજાણનાર અર્થાત મૂર્ખ લોકો 'અગીતાર્થ' કહેવાય છે.**

હવે કુશીલીઆ કોને કહેવાય ? તે જણાવતાં કહે છે કે - **જેઓનું શીલ - આચરણ નિંદિત હોય તે કુશીલીઆ, પાસત્થાદિઓનો સમાવેશ કુશીલીઆઓમાં થાય છે.**

સંસારીઓમાં જુગારી, વેશ્યા, નટ, ઉન્માર્ગગામી, કુકર્મ કરનારા આદિ પણ કુશીલીઆ છે.

જ્યાં ખરેખર અવિરતિ - અસંયતની વસતિ હોય ત્યાં ગમનાગમન (આવવું જાવું) પણ ન કરવું જોઈએ. ત્યાં ગમનાગમન કરવાથી તેઓની સાથે આલાપ થાય છે. આલાપથી એટલે વારંવાર વાતો કરવાથી પ્રીતિ-સ્નેહ ઉત્પન્ન થાય છે. પ્રીતિથી દાક્ષિણ્યતા થાય. દાક્ષિણ્યતાથી ઉચિત કાર્યનો સ્વીકાર કરવો પડે છે. ઉચિત કાર્યનો સ્વીકાર કરવાથી વારંવાર પરિચય થાય છે. વારંવારના પરિચયથી સમ્યક્ત્વ દૂષિત થાય છે... ધીરે ધીરે સમ્યક્ત્વનો નાશ થાય છે....

જિનેશ્વર પરમાત્મા પ્રરૂપિત જિનધર્મનો નાશ થાય છે. જિન ધર્મનો નાશ થાય તો આ અપાર સંસારરૂપી મહાસાગર તરી શકાતો નથી. તેથી જીવ સંસાર સાગરમાં દુઃખ અને દુર્ગતિઓમાં પરિભ્રમણ કરે છે તેથી જ આવાગમન કરવાની ના પાડવામાં આવી છે.

કુશીલીઆઓ સાથે પરિચય કરતાં સંસારી ગૃહસ્થો પણ નિંદાને પાત્ર થાય છે અને એમના સંગે એમના દોષો સજ્જનોના જીવનમાં પણ પ્રવેશે છે.

સંસારી જીવોને મુસાફરીમાં ચોરો મળે તો તેઓ તેમની સંપત્તિ લુંટી લે છે અને તેથી એમના કાર્યમાં તેઓ વિઘ્નરૂપ બને છે. એવીજ રીતે અગીતાર્થ અને કુશીલીઆના સંગનો જે પરિત્યાગ ન કરે તેની આત્મિક સંપત્તિને... મેળવેલા ગુણોને આ લોકો લુંટી લે છે સુસાધુઓના મોક્ષમાર્ગમાં વિઘ્ન નાંખે છે. ક્યારેક તેઓ સુસાધુઓને પોતાના જેવા બનાવીને મોક્ષ માર્ગથી દૂર લઈ જાય છે એ કારણથી એમના સંગનો ત્યાગ કરવાની ભલામણ કરવામાં આવી છે.

## ઓસન્નાની નિશ્રાએ ચાલવાથી સારા મુનિમાં પણ દોષો આવે છે.

अंबस्स य निंबस्स य, दुण्हंपि समागयाइं मूलाइं ।
संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ।।४५।।

**અર્થ :-** આંબાનાં અને લીમડાનાં, બંનેનાં મૂળ જમીનમાં એકઠા થયા, તેમાં લીમડાના સંસર્ગથી વિનષ્ટ થયેલો આંબો લીમડાપણાને પામ્યો. અર્થાત્ દુર્જનની સોબતથી પ્રાયઃ સજ્જન દુર્જન થઈ જાય છે. ।। ૪૫ ।।

## "સોબત તેવી અસર"

આ કહેવતને અનુસાર અહીં સોબતની કેવી અસર થાય છે આ વાત દૃષ્ટાંત સાથે જણાવે છે.

એક ગામના પાદરે બે સુંદર ઘટાદાર વૃક્ષો હતા. બન્ને બાજુબાજુમાં હતા. એક હતું આંબાનું વૃક્ષ અને બીજું હતું લીમડાનું. આપણે તો જાણીએ જ છીએ કે આંબો મીઠો મધુર હોય છે અને લીમડો કડવો હોય છે. બન્ને બાજુબાજુમાં પરંતુ બન્નેની પ્રકૃતિ ભિન્ન.

પરંતુ એકદા એક આશ્ચર્યકારી ઘટના બની. આંબા અને લીમડાના મુળીયા જમીનમાં ભેગા થયા. બન્ને એક બીજાની સાથે જોડાઈ ગયા. હવે શું થાય ? તમને શું લાગે છે ?

લીમડા ઉપર આંબાનો પ્રભાવ પડે કે આંબા ઉપર લીમડાનો પ્રભાવ પડે ?

અહિં જણાવે છે કે આંબા ઉપર લીમડાની અસર થવાથી આંબો આંબાપણે વિનાશ

પામીને લીમડા પણાને પામ્યો. એનું કારણ જણાવતાં કહે છે દુર્જનની સોબતથી પ્રાયઃ સજ્જન દુર્જન થઈ જાય છે.

સજ્જનતા કેળવવી પડે છે... દુર્જનતા સહજ હોય છે. સજ્જનતા ગુણોને આભારી છે... દુર્જનતા દોષોને આભારી છે.

દોષોની પ્રાપ્તિ સહજ છે... ગુણોની પ્રાપ્તિ દુર્લભ છે. દોષોના અનાદિ કાળના સંસ્કાર હોવાથી એમનો જીવનમાં સરળ પ્રવેશ થઈ જાય છે. જ્યારે ગુણો સખત પુરૂષાર્થ વિના પ્રાપ્ત થતાં નથી. તેથી જ દુર્જનને સજ્જન બનાવવું એક કઠિન સાધના છે જ્યારે સજ્જનને દુર્જન બનાવવામાં કોઈ પ્રયત્નની આવશ્યકતા રહેતી નથી.

ગુણો ગુણ જાણનારાઓને વિષે ગુણરૂપ થાય છે, તેજ ગુણો નિર્ગુણીને પામીને દોષરૂપ થાય છે. અત્યંત મીઠા અને સ્વાદયુક્ત પાણી ધરાવનાર નદીઓ પણ જ્યારે સાગરને મળે છે ત્યારે પી પણ ન શકાય એવા ખારા પાણીવાળી બની જાય છે. પોતાના મીઠા - સ્વાદિષ્ટ પાણીના ગુણને ગુમાવી બેસે છે.

સંસર્ગથી જે ગુણ અને દોષની વાત જણાવી તે મધ્યજનોની સ્થિતિ માટે જણાવી છે. ઉત્કૃષ્ટ પુણ્યવાન અને ઉત્કૃષ્ટ પાપી સંસર્ગથી ગ્રહણ કરી શકાતા નથી.

## ઉત્તમની સંગતિથી થતો લાભ

उत्तमजणसंसग्गी, सीलदरिद्दंपि कुणई सीलड्ढं ।
जह मेरुगिरिविलग्गं, तणंपि कणगत्तणमुवेई ।।४६।।

અર્થ :- જેમ મેરુપર્વત ઉપર ઊગેલું તૃણ પણ સુવર્ણ પણાને પામે છે, તેમ ઉત્તમ જનની સંગતિ સદાચાર રહિત પુરુષને પણ સદાચારી બનાવે છે. ।। ૪૬ ।।

શીલસંપન્ન મહાપુરુષોનો સંગ શીલ રહિત એવી વ્યક્તિઓને પણ શીલવંતા બનાવે છે. કેવી અપૂર્વ શક્તિ રહેલી છે માનવમાત્રમાં ? સ્વ નું કલ્યાણ તો કરે જ કરે પણ જેને એનું સાનિધ્ય મળે એનું પણ કલ્યાણ થઈ જાય.

સ્થુલીભદ્ર મહા શીલસંપન્ન મુનિરાજ હતા. ગુરુઆજ્ઞા લઈને ગુરુકૃપા મેળવીને કોશા

વેશ્યાની પાસે ચાતુર્માસ કરવા... અધુરી છોડેલી ચોપાટ ની બાજીને પૂરી કરવા પધારે છે.

કોશા એની એજ હતી...

એની રંગશાળા પણ એની એજ હતી...

ચોપાટની બાજી પણ એજ હતી...

**સામગ્રી એની એજ હતી પરંતુ સ્વામિનું સ્વરૂપ... સ્વામિનું જ્ઞાન... અને સ્વામિની દૃષ્ટિ બદલાયેલી હતી.**

પહેલાના સ્થુલીભદ્ર વિષયાનંદી હતા.

આજના મુનિ સ્થુલીભદ્ર આત્માનંદી હતા.. શીલ ગુણના કટ્ટર આરાધક હતા. એમના ગુણોનો એવો જાદુ થયો વેશ્યા કોષા, કોષા શ્રાવિકા બની ગઈ.

સિંહગુફાવાસી મુનિને પ્રતિબોધ પમાડનાર બની.

સ્થુલીભદ્ર મુનિના સંગે કોષાનું આત્મકલ્યાણ થયું. ઉત્તમનો સંગ અને સાનિધ્ય ઉત્તમતા આપીને જ રહે છે. આવા તો કેટલાય દૃષ્ટાંતો શાસ્ત્રોના પાને અમરતાને પામેલા છે.

આજ વાતને સમજાવતાં અહીં કહે છે કે મેરુપર્વતની ઉપર ઉગેલું ઘાસ પણ સુવર્ણગિરિના સાનિધ્યથી સુવર્ણપણું પામે છે.

આવો ઉત્તમ લાભ જીવનમાં પ્રાપ્ત કરવાની મહેચ્છા હોય તો સદા સદાને માટે આપણાથી ઉત્તમ - ઉત્તમોત્તમ મહાત્માઓનો સંગ કરીને આપણા જીવનને ઉંચુ ને ઉંચુ ઉઠાવવાનો પુરૂષાર્થ કરવાનો છે.

કોલસાનો વેપાર કરનારના વસ્ત્ર કાળા હોય છે...

અત્તરનો વેપાર કરનારના વસ્ત્ર સુગંધિ હોય છે...

કોલસા જેવા છે દોષો અને કુસંગ, જે પણ એમાં ફસાયા એમના જીવનમાં કાલિમા ફેલાયા વગર... મલિનતા આવ્યા વગર ન રહે.

અત્તર જેવા છે સદ્ગુણો અને સત્સંગ, જે પણ એના સાનિધ્યમાં જાય એ એની સુવાસને માણ્યા વગર અને સુવાસિત બન્યા વગર ન જ રહે.

શું પામવું છે ? કેવા બનવું છે ? એનો વિચાર કરી આત્માને સત્સંગમાં લઈ જવા ઉદ્યમશીલ બનીએ એજ ઈચ્છનીય છે.

# મિથ્યાત્વ

नवि तं करेइ अग्गी, नेव विसं नेव किह्लसप्पो अ ।
जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ।।४७।।

**અર્થ :-** તીવ્ર મિથ્યાત્વ, જીવને જેટલો મહાન દોષ (દુ:ખ) કરે છે, તેટલો દોષ (દુ:ખ) અગ્નિ, વિષ અને કાળો સર્પ પણ કરતો નથી. ॥ ૪૭ ॥

કુસંસર્ગ મિથ્યાત્વનું કારણ બને છે આ મિથ્યાત્વ કેવું ભયંકર છે ? તે જણાવે છે.

આ વિશ્વમાં અગ્નિને સર્વ ભક્ષી કહેવામાં આવ્યો છે. જે આવે તે બધાને બાળીને રાખ કરે છે... ઝેર ખાનારને મરણ શરણ કરે છે... કાળો સર્પ ઝેરથી ભરેલો હોય છે એ પણ જેને ડંખ આપે છે એ મોતને ભેટે છે.

આવા આ અગ્નિ, વિષ અને સર્પ કરતાં પણ મિથ્યાત્વ અતિ ભયાનક છે. અગ્નિ, વિષ અને સર્પ તો એક ભવમાં મારે છે પરંતુ મિથ્યાત્વ તો અનંત ભવ સુધી જન્મ-મરણનું કારણ બને છે.

આવા મિથ્યાત્વને આપણે જાણવું જોઈએ. તથા એનાથી પોતાની જાતને સતત દૂર રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. મિથ્યાત્વ એટલેજ મિથ્યા દર્શન. **મિથ્યા** એટલે ખોટું અને **દર્શન** એટલે જોવું. સાચા ને સાચી રીતે અને ખોટાને ખોટી રીતે ન જાણતાં સાચાને ખોટું અને ખોટાને સાચું માનવું તે મિથ્યા દર્શન છે. દેહ અને આત્માના જુદા પણાને ન જાણવું... ન માનવું તે મિથ્યાત્વ છે. આત્માને આત્મા તરીકે ન ઓળખવું તે મિથ્યાત્વ છે. દેહને આત્મા માનવો તે પણ મિથ્યાત્વ છે.

મિથ્યાત્વના પાંચ પ્રકાર છે.

(૧) આભિગ્રહિક મિથ્યાત્વ (૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ (૩) અભિનિવેશિક મિથ્યાત્વ (૪) સાંશયિક મિથ્યાત્વ અને (૫) અનાભોગ મિથ્યાત્વ.

પોતાનું માનેલું અને પોતાને ગમતું દર્શન એટલે મત જ સાચો છે, સારો છે બાકી બધા દર્શન સારાં નથી. આવા કુદર્શનના મમત્વના કારણે જીવ સત્ય પામી શકતો નથી. આવા ખોટા

અભિગ્રહથી ઘેરાયેલા જીવનું મિથ્યાત્વ તે **આભિગ્રહિક મિથ્યાત્વ** છે. આ મિથ્યાત્વના કારણે જીવ કોઈ એક કુદર્શનને ગ્રહણ કરે છે.

આભિગ્રહિક મિથ્યાત્વથી વિપરીત જેની માન્યતા છે.... એટલે સર્વ દર્શનો સારાં છે. બધા ધર્મો સરખાં છે. એમ માનીને બધા ધર્મોને આચરે તે **અનાભિગ્રહિક મિથ્યાત્વ** છે.

અભિનિવેશથી ઉત્પન્ન થયેલું મિથ્યાત્વ તે આભિનિવેશિક મિથ્યાત્વ છે. જિનેશ્વરનો માર્ગ સાચો છે... પોતાની માન્યતા ખોટી છે એવું જાણવા છતાં કદાગ્રહ, હઠાગ્રહના કારણે પોતાની માન્યતા ન છોડે અને સત્યને ન સ્વીકારે તેથી **આભિનિવેશિક મિથ્યાત્વ** હોય છે.

પરમાત્માએ પ્રરૂપેલા જીવા જીવાદિક નવતત્વમાં અશ્રદ્ધા થવી, સંશય થવો તે **સાંશયિક મિથ્યાત્વ** છે. ધર્માસ્તિકાયાદિ હશે કે કેમ ? મહાવિદેહ ક્ષેત્ર હોય તો મળે કેમ નહિં ? પહેલા આરામાં મોટા મોટા માણસો - યુગલિક ધર્મ, દેવલોક - નરક આવું બધું હશે ખરું ? આવી બધી શંકાઓના કારણે શ્રદ્ધામાં ખામી આવે. ધર્મમાં શંકા સળવળે. આ મિથ્યાત્વ સત્ય ન સમજવા દે. શંકા-કુશંકાથી દુષિત અવસ્થા તે સાંશયિક મિથ્યાત્વ છે.

અનાભોગથી થયેલું મિથ્યાત્વ **અનાભોગિક મિથ્યાત્વ** છે. આ મિથ્યાત્વ એકેન્દ્રિય જીવોને હોય છે. જ્યાં જાણપણું નથી... અજ્ઞાનદશા છે. જે અજ્ઞાની છે, વિચારી શકતા નથી, ધર્મ-અધર્મની સમજણ રહિત છે, તેમને આ મિથ્યાત્વ હોય છે. અજ્ઞાનતાના કારણે, વિચારી ન શકવાના કારણે એકેન્દ્રિયાદિ તેમજ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને આ મિથ્યાત્વ હોય છે.

શ્રાવકે જીવનની સફળતા માટે ત્રિવિધે - ત્રિવિધે મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ. મન-વચન-કાયાથી કરે નહિં... કરાવે નહિં... અનુમોદે પણ નહિં.

न मिथ्यात्वसम: शत्रुर्न मिथ्यात्व समं विषम् ।

न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तम: ।।

મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી....

મિથ્યાત્વ સમાન કોઈ ઝેર નથી...

મિથ્યાત્વ સમાન કોઈ રોગ નથી...

મિથ્યાત્વ સમાન અંધકાર નથી...

શત્રુ-ઝેર-રોગ-અને અંધકાર એકજ ભવમાં દુ:ખ આપે છે.પરંતુ મિથ્યાત્વ તો દરેક ભવમાં દુ:ખ આપવાનું ચાલુ રાખે છે.આવા મિથ્યાત્વથી બચવા સર્વ પ્રકારે પ્રયત્ન કરવા

જોઈએ. એ માટે જણાવે છે કે -

वरं ज्वालाविले क्षिप्तो, देहिनाऽऽत्मा हुताशने ।
न तु मिथ्यात्वसंयुक्तं, जीवितव्यं कदाचन ।।

જ્વાળાઓથી વિકરાળ અગ્નિમાં પોતાના દેહને હોમી દેવો સારો પરંતુ મિથ્યાત્વ યુક્ત જીવિત ધારણ કરવું ક્યારે પણ યોગ્ય નથી.

આવા મિથ્યાત્વને જીવનમાંથી કાઢી નાંખવા સમ્યક્ત્વની સ્થાપના કરવી અતિ આવશ્યક છે. સુદેવ, સુગુરુ, સુધર્મ પ્રત્યે અતુટ શ્રધ્ધા તે જ સમ્યગ્દર્શન છે.

## એક મિથ્યાત્વ છતે બીજું સર્વ નિરર્થક છે.

कट्ठं करंति अप्पं, दमंति अत्थं चयंति धम्मत्थी ।
इक्कं न चयइ उस्सुत्तविसलवं जेण बुड्डंति ।।४८।।

અર્થ :- જે જીવ કાયાથી કષ્ટ કરે છે, આત્માને (મનને) દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને પણ ખર્ચે છે, છતાં ઝેરના બિંદુ જેવા એક મિથ્યાત્વને તજતો નથી તેથી સંસાર સમુદ્રમાં ડૂબે છે. ॥૪૮॥

ધર્માર્થી પ્રાણીઓ કષ્ટ કરે છે, આત્માને દમે છે, દ્રવ્ય તજે છે, પરંતુ એક ઉત્સૂત્રરૂપી ઝેરના લેશને તજતા નથી, જેથી ડૂબે છે.

ધર્મની ઈચ્છા રાખનારા જીવો કેવા પ્રકારના કષ્ટોને સહન કરે છે ? તે જણાવતાં કહે છે કે લોચ કરાવે, ગરમ પાણી વાપરે, પૃથ્વી ઉપર શયન કરે, બે પ્રહરથી ઓછી નિદ્રા કરે, ટાઢ-તડકા સહન કરે, મહા કષ્ટકારી છટ્ઠ-અટ્ઠમ વિગેરે બાહ્ય તપ કરે, અલ્પ ઉપકરણો રાખે આમ અનેક પ્રકારે કાયાક્લેશ સહન કરે છે.

પાંચ ઈન્દ્રિય તેમજ નોઈન્દ્રિયના દમન દ્વારા આત્માને દમે છે. તેમજ દ્રવ્યથી છેદન-ભેદન-વ્યસન-કલેશ-ભય-વિપાક-મરણ, ધર્મભ્રંશ અને અરતિ વિગેરે પણ થાય છે તેને સહન કરે છે.

સુકૃત કરવાની ઈચ્છાથી દ્રવ્યનો ત્યાગ કરીને દાનાદિ કરે છે.

આવું બધું જ કરવા અને સહેવા છતાં મિથ્યાત્વનો ત્યાગ કરતા નથી. ઉત્સૂત્ર પ્રરૂપણાથી સંસારને વધારે છે.

પરમાત્માની વાણીરૂપી આગમના સૂત્રનું અતિક્રમણ કરીને નિકળેલું વચન તે **ઉત્સૂત્ર** છે. આવા ઉત્સૂત્રને વિષલવ કહેવામાં આવ્યું છે. તીવ્ર વિષ હોય એનો અત્યંત અલ્પઅંશ પણ મારક હોય છે તે વિષલવ છે. તેવીજ રીતે ઉત્સૂત્ર વચન પણ ભયંકર તીવ્ર વિષ સમાન હોવાથી એનો અલ્પ પણ અંશ દુઃખના દરિયામાં ડૂબાડનાર બને છે.

જેવી રીતે વિષલવના ભક્ષણ સાથે મિષ્ટાન્ન એવં અન્ય ભોજનનું ભક્ષણ કરનારને પણ વિષલવથી થતાં શ્વાસરોધ, ગભરામણ, વમન, નસોનું ખેંચવવા વગેરેના દુઃખો સહન કરવા પડે છે યાવત્ મરણ સુધીની વેદના ભોગવવી પડે છે તેમ, ઉત્સૂત્ર ભાષણ રૂપી વિષલવ સાથે મિષ્ટાન્ન સમાન સુકૃત્યો કરવા છતાં એના વિપરીત પરીણામ સ્વરુપ દુઃખો ભોગવવાજ પડે છે. ઉત્સૂત્ર વચનથી પ્રાણીઓ અનંત સંસારને વધારનાર અત્યંત ચિકણા અને નિકાચિત કર્મ બાંધે છે.

યોગીરાજ આનંદઘનજી મહારાજાએ પણ કહ્યું છે કે –

**પાપ નહિં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું ;**

**ધર્મ નહિં કોઈ જગ સૂત્ર સરીખો...**

મહાપુરૂષો પ્રાણનો ત્યાગ કરે પરંતુ ઉત્સૂત્ર વચન નજ કહે કારણ ઉત્સૂત્ર પ્રરૂપણા બોધિનો નાશ કરનાર અને અનંત સંસારની વૃદ્ધિ કરનાર છે. ભગવાન મહાવીરસ્વામીના જીવે મરીચીના ભવમાં **'અહિં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે'** આવી ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને પોતાનો સંસાર વધાર્યો હતો.

અત્યંત ખેદની વાત છે કે બીજા અનેક પ્રકારના કષ્ટો, દુઃખ અને પીડાઓ સહન કરવા છતાં કેવળ કદાગ્રહથી ગ્રસ્ત થયેલો અજ્ઞાની જીવ જમાલિ આદિની જેમ ઉત્સૂત્રનો ત્યાગ કરતા નથી.

ઉત્સૂત્ર પ્રરૂપણાનો ત્યાગ કરનારાઓએ જીવનમાં જયણાપૂર્વકની પ્રવૃત્તિને વેગ આપવો જોઈએ. જયણા એજ જિનાજ્ઞા છે એનું પાલન જીવનમાં અતિ આવશ્યક હોવાથી એનું મહત્વ સમજાવે છે.

# જયણા

जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तववुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ।।४९।।

**અર્થ :-** જયણાથી ધર્મ પ્રગટે છે માટે તે ધર્મની માતા છે. જયણાથી ધર્મની રક્ષા થાય છે, માટે તે ધર્મનું પાલન કરનારી છે. જયણાથી ધર્મ વધે છે, માટે તે તપની વૃદ્ધિ કરનારી છે અને એકાંત સુખને આપનારી પણ જયણા છે. અર્થાત્ જયણાથી બધાં સુખો પ્રગટે છે. ।। ૪૯ ।।

જયણાથી ધર્મ પ્રગટે છે માટે તે ધર્મની માતા છે...

જયણાથી ધર્મની રક્ષા થાય છે તેથી તે ધર્મનું પાલન કરનારી છે....

જયણાથી ધર્મની વૃદ્ધિ થાય છે... તેથી તે તપ વૃદ્ધિ કરનારી છે....

એકાંતે સુખ આપનારી જયણા છે... જયણાથી જ બધા સુખો પ્રગટે છે.

આવી જયણાના પાલન માટે ખરેખર તો સંયમનોજ સ્વીકાર કરવો જોઈએ કારણ એથીજ છ કાયના જીવોને અભયદાન મળે છે.

સનત્ કુમાર ચક્રવર્તીના જીવનમાં જ્યારે અચાનક સોળ-સોળ રોગ ઉત્પન્ન થયા ત્યારે એમણે ચિંતન કર્યું રોગ આવ્યા ક્યાંથી ? અને કાયમ માટે જાય કેવી રીતે ? આવું ચિંતન કરતાં એમને જણાયું કે પૂર્વમાં જયણાના પાલનમાં ખામી રાખી છે... યોગ્ય જયણાનું પાલન કર્યુ નથી. જીવ વિરાધના થઈ છે જેથી અશાતા વેદનીય કર્મ બંધાયું છે તેથી તે હાલમાં ઉદયમાં આવ્યું છે. રોગમાંથી કાયમી મુક્તિ મેળવવા સંપૂર્ણ જયણાનું પાલન અનિવાર્ય છે. એ માટે સંયમનો સ્વીકાર અતિ આવશ્યક છે. અને એમણે છ ખંડનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કર્યો.

બસ ! આપણા જીવનમાં પણ સંપૂર્ણ જયણાના પાલન માટે સર્વ વિરતિ છે અને આંશિક જયણાના પાલન માટે દેશવિરતિ છે. આ દેશાવિરતિમાં પણ વિશેષ પણે છ કાયના જીવોને અભયદાન આપવા વધુને વધુ સામાયિક - પૌષધાદિની આરાધના કરવાની આવશ્યકતા છે. સામાયિક અને પૌષધમાં શ્રાવક સાધુ જેવો હોય છે અને એ આરાધનામાં જ એ સવિશેષ કોટિની જયણાનું પાલન કરી શકે છે.

# જિનવાણીથી કોમળતા અને જયણા

સંસાર !

અનેક વિચિત્રતાઓનો ભંડાર છે.

પરંતુ જ્યાં સુધી શાંતિથી એના સ્વરૂપને જાણવાનો કે સમજવાનો પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી આપણને એના રહસ્યનો ખ્યાલ પણ ન આવે.

સંસારીની દૃષ્ટિ જુદી... સંતોની દૃષ્ટિ જુદી...

સંતો જ્યારે સંસારને પોતાની આગવી દૃષ્ટિથી જુએ છે ત્યારે એમને આ સંસાર કેવો દેખાય છે ? પૂ. ચિદાનંદજીના પદોમાંથી આપણે એની ઝલક મેળવીએ.

**वज्र गलत हम देखा जलमें, कोरा रहत पतासा ।**

**संतो अचरिज रुप तमासा ।**

હે સંતો ! મેં આશ્ચર્યરૂપ તમાસો જોયો... કેવું આશ્ચર્ય ?

વજ્ર પાણીમાં ગળી ગયું....

પતાસો પાણીમાં કોરો રહી ગયો...

છે ને અદ્‌ભૂત આશ્ચર્ય ? શું આવું બની શકે ?

વજ્ર એટલે ઈન્દ્રનું શસ્ત્ર... અતિ કઠોર અતિ મજબૂત...

પતાસું ખાંડનું બનેલું... સહજ – તરત પાણીમાં ગળી જાય એવું...

પરંતુ પૂ. ચિદાનંદજી આપણી સમક્ષ અધ્યાત્મિક રહસ્ય ખોલી રહ્યા છે. તેઓ શ્રી કહે છે. દઢપ્રહારી... અર્જુનમાળી જેવા હત્યારા... લુંટારા જે પાપો કરીને વજ્ર જેવા કઠણ – કઠોર બની ગયા હતા તેઓ પણ પ્રભુની વાણી સાંભળતા એ વાણીરૂપી પાણીમાં ગળી ગયા... એમની કઠોરતા–ક્રૂરતા દૂર થઈ ગઈ... કોમળ હૃદયવાળા બનીને પોતાના કર્મમળને ગાળીને સિદ્ધ બુદ્ધ બની ગયા.

પરંતુ ધવલશેઠ... મમ્મણશેઠ જેવા ઉપરથી પતાસા જેવા મીઠા... મધુર અને શ્વેત દેખાતા હોવા છતાં પોતાના અંતરમાં રહેલા લોભ અને પરિગ્રહાદિના કારણે જિનવાણી રૂપી પાણીમાં ન ગળ્યા... કોરા–ધાકોર રહી ગયા... સંસારમાં રખડી પડયા... દુઃખ–દુર્ગતિના ભાગી બન્યા.

આવો ! આપણે જાત માટે વિચારીએ –

જિનવાણીમાં આપણે ભીંજાણા કે નહિં ?

કઠોર બનીશું... ડૂબી જઈશું....

કોમળ બનીશું.... તરી જઈશું....

કોમળ હૈયાવાળો જ ઉત્કૃષ્ટ જયણાનું પાલન કરી શકે. છે.

તરવું હોય તો જિનવાણી દ્વારા કોમળ બની આત્માનું હિત સાધી જઈએ. તારક જિનવાણીને પામીને ડૂબવાનું પાપ ન બાંધીએ.

પુત્રને ઉત્પન્ન કરનારી માતા હોય છે... પુત્રની રક્ષા કરનારી માતા હોય છે....

રસવાળા આહારથી પુત્રની વૃદ્ધિ કરનારી માતા હોય છે..

એવીજ રીતે ધર્મની ઉત્પત્તિ... ધર્મની રક્ષા અને ધર્મની વૃદ્ધિ કરનારી જયણા જ છે. જયણા પાપથી રક્ષા કરીને પુણ્યની પ્રવૃત્તિ કરાવનારી છે. એટલે જ તો દશવૈકાલિક સૂત્રમાં કહેવાયું છે કે -

जयं चरे जयं चिट्ठे जयं आसे जयं सये ।

जयं भुज्जंतो, भासंतो, पावकम्मं न बंधइ ।।

જયણા પૂર્વક ચાલે... જયણા પૂર્વક ઉભા રહે...

જયણા પૂર્વક બેસે... જયણા પૂર્વક સૂવે....

જયણા પૂર્વક ખાય... જયણા પૂર્વક બોલે...

એ પાપકર્મને બાંધતો નથી.

તેથી અતિ દુર્લભ એવી પ્રભુ શાસનની દીક્ષા પામીને શયન, આસનાદિ સર્વ ક્રિયાઓ ઉત્કૃષ્ટ જયણા પૂર્વક કરવી જોઈએ. સંયમ જીવનમાં મન-વચન-કાયાના યોગથી પ્રયત્ન પૂર્વક શ્રેષ્ઠ જયણાનું પાલન કરવું જોઈએ કારણ જયણા એ જ જિન શાસનનો સાર છે.

એક માત્ર જયણાના પાલનથી અનંત આત્માઓ કર્મરૂપ મલીનતાને દૂર કરી અક્ષય - અવ્યાબાધ એવા મુક્તિપુરીમાં જઈને વસ્યા છે. જેમને પણ મુક્તિપુરીમાં વાસ કરવો હશે એમના માટે જયણાનું ઉત્કૃષ્ટ પાલન અનિવાર્ય બની જાય છે.

વર્તમાન સમયને અનુલક્ષીને કહેવાય છે કે... કાળની હાનિ વર્તે છે... સંયમને યોગ્ય ક્ષેત્ર નથી... એથી જયણાપૂર્વક જ વર્તવું જોઈએ. યતનાવંતનું અંગ ભગ્ન થતું નથી. સુવિહિત સાધુઓએ સમિતિ, કષાય, ગારવ, ઇન્દ્રિય, મદ અને બ્રહ્મચર્યની ગુપ્તિઓમાં સ્વાધ્યાય, વિનય, તપ શક્તિથી જયણાજ પાળવી જોઈએ. જયણા કરવા છતાં પણ પ્રમાદની બહુલતાથી કોઈ પણ પ્રકારે સ્ખલના થાય તો પણ ચારિત્રની વિરાધના થતી નથી. જયણાવંત મુનિરાજની

પ્રમાદના કારણે થતી સ્ખલના કાંટાવાળા માર્ગ થકી થતી સ્ખલના તુલ્ય ગણાય છે. પરંતુ તે ચારિત્રનો નાશ કરતી નથી.

સૂત્રમાં કહેલી વિધિ યુક્ત જયણા કરનાર, અધ્યવસાયની વિશુદ્ધિવાળા મુનિરાજથી થતી વિરાધના નિર્જરારૂપ ફળવાળી હોય છે.

**જયણા કષાયથી હણાઈ ન જાય એ માટે સાધકને સાવધાન બનાવે છે.**

## કષાયની દુષ્ટતા

जं अज्जिअं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।
तं पि हु कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ।।५०।।

અર્થ :- દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષો સુધી પણ કષ્ટે કરીને જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય, તેને માત્ર એક મુહૂર્તમાં કષાયને વશ થયેલો મનુષ્ય એક સાથે હારી જાય છે. ।। ૫૦ ।।

ડુંગર ચઢવો હોય કેટલો બધો પરિશ્રમ કરવો પડે છે ? સમય-શક્તિ ના વ્યય સાથે સાવધાની જાળવવી પડે છે. પરંતુ પડવા માટે તો કાચી સેકંડ ઘણી થઈ જાય છે. એવી જ રીતે સંયમ જીવનમાં મોક્ષ મહેલના પગથિયા ચઢવા કેવી મહેનત કરવી પડે છે ? ક્ષણ ક્ષણની જાગૃતી રાખવી પડે છે. પળે પળે વિષય અને કષાયથી દૂર રહેવા જાણે એમની સાથે યુદ્ધ કરવું પડે છે. આવામાં પણ ક્યાંક અપ્રમત્ત દશાને ચૂક્યા... જરાક પ્રમાદનું સેવન થયું અને જીવ ક્ષણવારમાં એક સાથે બધું જ ગુમાવી બેસે છે. એટલે જ તો કહેવાયું છે -

संयम जीवन कठिन है, उंचा पेड खजुर ।
चढे तो चाखे प्रेमरस, पडे तो चकनाचूर ।।

ખજુરના વૃક્ષ જેવી ઉંચી છે સંયમ જીવનની કઠીન સાધના જે બરાબર અપ્રમત્ત રહી ચઢી જાય છે તે પ્રેમરસ સ્વરૂપ આત્માનંદને અનુભવે છે અને જે ક્ષણમાત્ર પણ પ્રમાદનું ઝોકું ખાય છે તેના ચુરે ચુરા થઈ જાય છે. સંયમ જીવન હારી જાય છે.

આજ વાત ઉપરોક્ત ગાથામાં જણાવવામાં આવી છે. દેશ ઉણા પૂર્વક્રોડ વર્ષો સુધી સુંદર સાધના કરી કરીને જે ઉચ્ચ ચારિત્ર ગુણને ઉપાર્જન કર્યો હોય છે તે કષાયરૂપી પ્રમાદમાં

ફસાયેલો સંયમી એક મુહૂર્ત માત્રમાં ગુમાવી બેસે છે... હારી જાય છે.

હા ! આપણે પણ અનેકવાર એવી પ્રમાદ દશાને સેવીને નીચે પડ્યા હશું. જ્ઞાની આપણને એ વાત જણાવી શકે. જો હવે મહાન સંયમ સાધનાને પામીને ગબડવું ન હોય તો વહેલી તકે જાગૃત થઈ જઈએ... કષાયમાંથી પોતાની જાતને પાછા ખેંચી એ.

કષાયોજ તો આપણા જન્મ-મરણ રૂપી સંસારમાં ભમાડનાર છે. સંસારને સિમિત કરવા ઈચ્છનારે પ્રથમ કષાયોને સિમિત કરવા પુરૂષાર્થ આદરવાનો છે.

## કષાયની જળો

સરસ મજાની નગરી...

વેપારનું મથક...

કેટલાય આવે.. કેટલાય જાય....

એ ગામના નગર શેઠ... નામ હતું માણેકલાલ શેઠ....

એકનો એક દિકરો એનું નામ હતું જીવનલાલ....

એક દિવસ જીવનલાલ ઘોડા ઉપર બેસીને ફરવા નીકળ્યા....

ગામમાં ફરીને ઘોડો ગામની બહાર લીધો... વનવગડાની વાટે આગળ વધતાં અચાનક ઘોડો તોફાને ચડયો... ઘોડો જીવનલાલને દાદ નથી દેતો... ન જાણે ક્યાં ક્યાં રખડાવીને ઘોડો કેવા અજાણ્યાં પ્રદેશમાં લઈ ગયો કે જીવનલાલાને કોઈ ખ્યાલ ન આવ્યો... જીવનલાલને ભાન ન રહ્યું પોતે ક્યાં છે ? એણે ક્યાં જવું જોઈએ... શું કરવું જોઈએ ?

ઘોડો શાંત થયા પછી ધીરે ધીરે ભયાનક જંગલમાંથી જલ્દી બહાર નીકળવાનો પ્રયાસ કરે છે... પણ રસ્તાનું અજ્ઞાન એને જંગલમાં વધારે ભૂલો પાડે છે... જીવનલાલ તાપથી કંટાળેલો છે... પાણીની સખત તરસ લાગેલી છે... ચારે બાજુ નજર દોડાવે છે... ક્યાંય પાણી દેખાતું નથી... હવે જો પાણી ન મળે તો પ્રાણ જાય એવી પરીસ્થિતિ નિર્માણ થઈ... અત્યંત વ્યાકુળ બનેલા જીવનલાલ પાણી શોધી રહ્યા છે... શોધનારને મળે જ છે. એ ન્યાયે જીવનલાલને એક ખાબોચિયું દેખાયું જેમાં થોડું પાણી હતું... જીવનલાલ ખાબોચિયા પાસે આવ્યો... ખાબોચિયામાં બરાબર જોતા ખ્યાલ આવ્યો કે ખાબોચિયાનું પાણી ઘણું જ ગદું છે... પીવાલાયક નથી... પણ પીધા વિના છુટકો નથી.... અંતે નાક બંધ કરી પાણી પી જાય છે. જીવનલાલને કાંઈક શાંતિ વળી....

ફરી નગર તરફ જવાના માર્ગની શોધ કરી અને સારા પુણ્યોદયે સુખપૂર્વક ઘરે પહોંચી

ગયો...

પણ રાતે અચાનક પેટમાં ભયંકર પીડા-વેદના ઉઠી... ઘણા ઉપાય કર્યા... વૈદ્ય...ફકીર... હકીમ બોલાવ્યા પણ કોઈને સફળતા ન મળી...

ત્યાં એક અનુભવી માનવી આવ્યો... એણે દર્દીની સાથે વાત કરી... દર્દની શરૂઆત કેમ થઈ ? ક્યારે થઈ ? અને દિવસ દરમ્યાન એ ક્યાં ક્યાં ગયો ? શું કર્યુ ? શું ખાધું...? શું પીધું...? બધી જ વાતો જાણી લીધી....

બધી વાતો સાંભળતા અનુભવી માનવીને તરત સમજાઈ ગયું કે પેટની પીડા ખાબોચિયાના પાણી પીધા પછીની છે. અને પ્રાયઃ એ પાણીના કારણે જ છે... અનુભવી માનવીએ પેલા ખાબોચિયાનું સ્થાન જાણી લીધું... ત્યાં સ્વયં ગયા અને ખાબોચિયાનું બરાબર નિરીક્ષણ કર્યુ... ખાબોચિયામાં ખદબદતી જળો જોતાં જ વસ્તુસ્થિતિ પામી ગયા...

નગરમાં પાછા આવીને એમણે શેઠના પુત્રને હોકાનું પાણી પીવડાવ્યું... તરત ઉલટી થઈ... ફરી હોકાનું પાણી પીવડાવ્યું. ફરી ઉલટી થઈ... આ ક્રમ ચાલતો રહ્યો અંતે એક જોરદાર અંદરથી ઉલટી આવી જેમાં ચાર જળો નિકળી ગઈ... અને થોડીવારમાં પેટની પીડા શાંત થવા લાગી... ધીમે ધીમે પેટની પીડા શાંત થઈ ગઈ... જીવનલાલ સ્વસ્થ બની ગયા...

પેટમાં ગયેલી અને કાળજામાં ચોંટેલી આ ચાર જળો જો થોડા સમયમાં માનવીના હાલ-બેહાલ કરી નાંખે છે તો અનાદિ કાળથી આત્માની સાથે જોડાયેલી કષાયની જળો... ક્રોધ-માન-માયા-લોભની જળો આત્માના હાલ-બેહાલ કરે એમાં નવાઈ નથી...

પણ હજી આપણને કષાયની જળો હેરાન કરતી નથી... પીડા ઉપજાવતી નથી... વ્યાકુળ બનાવતી નથી... એટલે જ તો શાંતિથી આ જળોને સાચવી જીવન જીવી રહ્યા છીએ...

કષાયની જળો પીડા પેદા કરે... એમનાથી કંટાળી જાવ ત્યારે ક્યાંક જઈને વીરની વાણીનું પાન કરજો... સદ્ગુરુના મુખે દવા કરશો તો દર્દ ટળ્યા વિના નહીં રહે... વીર વાણીનું પાન કરતાં કષાયભાવ ઉલટીમાં જરુર નિકળી જશે... જીવન શુદ્ધ બની જશે... આત્મા - મંગલ અને નિર્મળ બની જશે...

સંયમ જીવનની સાચી સફળતા માટે આ ચારે ચાર કષાયોને સારી રીતે સમજવાનું છે. આજ દિવસ સુધી આપણે એમને એમના સાચા સ્વરુપને સમજીજ શક્યા નથી.

કષાયો ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારે છે. ફરી એક એક કષાયના ચાર ચાર પ્રકાર છે. આ ચાર પ્રકારના કષાયો જીવનમાં શું શું કરે છે... એમના સેવનથી જીવને કેવા

કેવા પરિણામ ભોગવવા પડે છે એના સુંદર ચિતાર આગળની ગાથામાં આપણને સમજાવે છે.

દેશ ઉણા પૂર્વ ક્રોડ વરસસુધીના કઠીન તપશ્ચર્યા પૂર્વકના પાળેલા ચારિત્રને કોઈ કર્મના ઉદયથી અંતર્મુહૂર્ત સુધી અનંતાનુબંધિ કષાયનો ઉદય થાય તો તે નિષ્ફળ બનાવે છે. અનંતાનુબંધિ જેવા તીવ્ર કષાયમાં જો જીવ મરણને શરણ થાય તો કર્મસત્તા એને નરકમાં પણ લઈ જાય છે અને એના ચારિત્રને નિષ્ફળ કરે છે.

એવીજ રીતે ઉપશાંત કષાયવાળો સાધક પણ વારંવાર અનંત પ્રતિપાત પામે છે. તેથી સાધકને સાવધાન કરતા કહે છે કે અલ્પ પણ કષાય શેષ રહેલો હોય તો એનો ક્યારે પણ વિશ્વાસ કરવો નહીં.

થોડું પણ દેખાતું ઋણ એટલે કરજ....

થોડો પણ દેખાતો વ્રણ એટલે ઘા અથવા જખમ...

થોડો પણ અગ્નિ... થોડો પણ કષાય...

એ થોડા - થોડામાંથી બહુ થતાં વાર લાગતી નથી... તેથી તેમનો ક્યારે પણ વિશ્વાસ કરવો નહિં.

થોડું પણ ઋણ વધતાં દાસપણું આવે છે...

થોડું પણ વ્રણ વધતાં મરણ આવે છે...

થોડો પણ અગ્નિ સર્વ બાળીને રાખ કરે છે...

થોડા પણ કષાય વધીને અનંતાભવ આપે છે...

આવા કષાય સામાન્ય જીવનમાં પણ ભયાનક પરિણામ આપીને જીવને આર્ત-રૌદ્ર ધ્યાનમાં ધકેલીને મળેલા શ્રેષ્ઠ માનવ ભવ અને જિનશાસનને નિષ્ફળ બનાવે છે.

## ચારે કષાયની દુષ્ટતાનું વર્ણન.

**कोहो पीइं पणोसेई, माणो विणयनासणो ।**
**माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ।।५१।।**

અર્થ :- ક્રોધ પ્રીતિનો (સંપનો) નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે, અને લોભ સર્વનો વિનાશ કરે છે. ॥ ૫૧ ॥

ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાય સંસારના મૂળ સમાન છે. મૂળ જ્યાં સુધી મજબૂત છે ત્યાં સુધી વૃક્ષને આંચ આવતી નથી. જે વૃક્ષના મૂળીયા જમીનમાં ઉંડા ગયેલા છે અને બરાબર છે ત્યાં સુધી ઉપરથી કોઈ વૃક્ષને છેદી નાંખે તો પણ ભય પામવા જેવું નથી, કારણ આજે નહીં તો કાલે પણ મૂળમાંથી વૃક્ષ પાછું વધવાનું, વિસ્તાર પામવાનું છે. આ ચાર કષાયોના મૂળીયા જો સલામત છે તો આપણા સંસારમાં એ કેવા તોફાન કરે છે એની સમજણ આપતાં દશવૈકાલિક સૂત્રમાં કહે છે કે –

**ક્રોધે પ્રિતી પૂરવલી જાય રે, વળી માને વિનય પલાય રે,**
**માયા મિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે...**

**દશવૈકાલિક અ.૮**

## कोहो पीइं पणासेइ

ક્રોધ જ્યારે આપણા ઉપર સવાર થાય છે ત્યારે વિવેક પાછલા બારણેથી રવાના થઈ જાય છે. આપણા શરીરની આકૃતિ બદલાઈ જાય છે... આપણાં વર્તનમાં ફેરફાર થાય છે... વાણીમાં પરિવર્તન આવી જાય છે... મન કલુષિત થઈ જાય છે. આવા સમયે આપણે શું બોલીએ છીએ એનું આપણને પોતાને ભાન રહેતું નથી. આવા તીખા તમતમતાં... અને કડવા વચન બોલીએ છીએ જેથી સામેવાળાનું હૃદય વિંધાઈ જાય છે અને પ્રેમભાવ નાશ પામે છે. બન્ને વચ્ચેના સ્નેહના તાંતણા... પ્રેમના સંબંધો તુટી જાય છે. સંપ-સુલેહમાં તિરાડ પડે છે.

## माणो विणयनासणो

ક્રોધ જો પ્રિતીનો નાશ કરે છે તો માન વિનયનો નાશ કરે છે. માનરૂપી હાથીની ઉપર આરૂઢ થયેલો પ્રાણી આઠે, આઠ કર્મનો ક્ષય કરવા સમર્થ એવા શ્રેષ્ઠ વિનય ગુણનો જ નાશ કરે છે. અહંકારથી ઘેરાયેલો જીવ મૂર્ખતાના કારણે નમી શકતો નથી. વિનયને સમજતો નથી. અક્કડતાના કારણે ધર્મનો નાશ કરે છે. વિનય એ ધર્મનું મૂળ છે. જ્યાં વિનય નથી ત્યાં ધર્મ ટકી શકતો નથી. વિનય ગુણના નાશ સાથે બધાજ ગુણોનો નાશ સંભવે છે. વિનય ન હોય તો વિદ્યા ન હોય. વિનય અને વિદ્યા વિના જીવનમાં અંધકાર છે.

## माया मित्ताणि नासेइ

માયા એટલે કપટ, અંદરમાં એક વ્યવહારમાં બીજું. કપટ કે કુટિલતાને ધારણ કરનારનો મિત્રો ત્યાગ કરે છે. તમે કોઈને વારંવાર છેતરો તો એ તમારો સાથછોડીજ દેશે.

માયા અને મિત્રતાનો સંબંધ તડકા અને છાયા જેવો છે. જેવી રીતે તડકો અને છાયા બન્ને સાથે ન સંભવી શકે તેમ માયા અને મૈત્રી પણ સાથે ન સંભવે. તેથીજ કહ્યું છે કે

જે કલુષિત કર્મ દ્વારા ધર્મને ઈચ્છે છે...
બીજાને દુઃખ આપવા દ્વારા સમૃદ્ધિને વાંછે છે...
સુખવડે જે વિદ્યાની ઈચ્છા રાખે છે...
કઠોરતા દ્વારા નારીની વાંછા રાખે છે....
તેમજ માયા-શઠતાથી મિત્રને ઈચ્છે છે...
તે વ્યક્તિઓ ખરેખર મૂર્ખ જ છે.
એનો સારાંશ એજ છે કે માયાથી મિત્રતા દૂરજ રહે છે.

## लोहो सव्व विणासणो ।

લોભને સર્વ વિનાશક કહેવામાં આવ્યો છે. લોભ એજ બધા કષાયોનું મૂળ છે. ક્રોધ હોય કે માન - માયા હોય બધા ખરેખરતો લોભથી જ ઉત્પન્ન થાય છે. એટલે જ લોભને પાપનો બાપ પણ કહેવામાં આવ્યો છે. આવો આ એક લોભ - ક્રોધ -માન - માયા ને ઉત્પન્ન કરીને પ્રીતિ-વિનય-મિત્રતા બધાનો નાશ કરે છે. તેથી આવા લોભથી દૂર રહેવામાં જ લાભ છે.

ક્રોધ ને ક્ષમાથી જીતવાનો છે...
માન ને નમ્રતાથી નિષ્ફળ બનાવવો...
માયા ને સરળતાથી હરાવવી...
લોભ ને સંતોષથી જીતવા ઉદ્યમ કરવો...

નિગ્રહ નહિં કરવામાં આવેલા ક્રોધાદિ કષાય અશુભ ભાવરૂપી પાણીથી પુનઃજન્મરૂપી વૃક્ષનાં... તેવા કર્મરૂપી મૂળીઆઓને સિંચીને સંસારની વૃદ્ધિ કરે છે... ભવ ભ્રમણ કરાવે છે.

**ક્રોધના ઉપશમને જ ક્ષમા કહીને તેનું સ્વરૂપ જણાવે છે.**

## ક્ષમાનું સ્વરૂપ

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ।।५२।।

**અર્થ :-** ક્ષમા સુખોનું મૂળ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ એવી ક્ષમા છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુઃખોનું હરણ કરે છે અર્થાત્ બધી વિદ્યાઓ સાધવા કરતાં એક ક્ષમાની સાધના જ વધારે હિતકારી છે. ॥ ૫૨ ॥

જેવી રીતે સર્વ રમણીઓમાં જિનજનની શ્રેષ્ઠ છે...

જેવી રીતે સર્વ મણિઓમાં ચિંતામણી શ્રેષ્ઠ છે...

જેવી રીતે સર્વ વેલડીઓમાં કલ્પવેલડી શ્રેષ્ઠ છે...

તેવી રીતે સર્વ ધર્મોમાં ક્ષમા એ શ્રેષ્ઠ છે...

સર્વ સાધનાઓમાં શ્રેષ્ઠ એવી એક ક્ષમાની સાધના કરી એના દ્વારા કષાય અને ઉપસર્ગોની ઉપર વિજય મેળવી અનંત આત્માઓ સિદ્ધિને એટલેજ સિદ્ધપદને પામ્યા છે.

જેની પાસે ક્ષમારૂપી ઢાલ મજબૂત છે એના માટે દુર્જનના બધા જ શસ્ત્રો નિષ્ફળ બને છે... તલવાર બુઠ્ઠી સાબિત થાય છે... બાણ પણ હાર સ્વીકારે છે. સાધુ જ્યારે ક્ષમા રૂપી બાણ હાથમાં લે છે તો દુર્જનો કે ઉપસર્ગ કરનારા શું કરી શકે ? તૃણ વિનાની ભૂમિ ઉપર પડેલો અગ્નિ સ્વયંમેવ ઉપશાંત થઈ જાય છે.

રોમ દેશની વાત છે...

સીઝર ઓરીસ્ટસ રાજા હતો...

એકદા કેટલાક વિરોધીઓએ સમ્રાટની હત્યાનું કાવતરું ઘડયું. સીઝરના હત્યાની જવાબદારી સીના નામની વ્યક્તિએ સ્વીકારી. કહેવાય છે કે મારનાર કરતાં બચાવનાર મહાન છે. સીઝરને પોતાના હત્યાના કાવતરાની જાણ થઈ ગઈ. રાજસેવકોએ સીના ને પકડી જેલમાં પૂરી નાંખ્યો.

સીઝરની સામે પ્રશ્ન હતો – સીના સહિત વિરોધીઓને શું સજા કરવી ? વિચાર કરતાં રાત

થઈ... મધરાત થઈ... રાજા કોઈ નિર્ણય નથી કરી શકતા શું કરવું ? વિરોધીઓને કેમ જીતવા ? રાજાને માર્ગ મળતો નથી. એમની બેચેની વધતી હતી.

હવે મહારાણીને ચિંતા થવા લાગી – ''કેવી સમસ્યા હશે ?''

અંતે મહારાણી રાજા પાસે ગયા... પ્રેમથી પૂછયું – ''સ્વામીનાથ! આજે આપને કોઈ મોટી ચિંતા સતાવતી હોય એમ લાગે છે ?''

સમ્રાટ્ સીઝરે રાણી લીબાયા સામે જોયું અને કહ્યું – ''હું ક્યારનોય વિચાર કરું છું. – આ વિરોધીઓને કઈ સજા કરવી ? પણ કોઈ નિર્ણય નથી થઈ શકતો.''

રાજાની વાત સાંભળી રાણીએ કહ્યું – ''એક વાત કહું ?''

રાજાએ અનુમતિ આપતાં રાણીએ આગળ વાત કરતા કહ્યું – **''જ્યારે કોઈ રોગ ઉપર દવા અસર નથી કરતી ત્યારે ઉંધી જ ઔષધને અજમાવવામાં આવે છે. એજ રીતે જો સજા કરવાથી કાવતરાબાજોને મૂળથી સાફ ન કરી શકતા હો તો ક્ષમાનો પ્રયોગ કરોને ?''**

રાણીની વાત સાંભળી રાજા વિચાર કરતો થઈ ગયો. ધીમે ધીમે રાજાના મગજમાં વાત બરાબર બેસી ગઈ.

રાજાએ બીજા જ દિવસે સીનાને જેલમાંથી મુક્ત કરીને પોતાની પાસે બોલાવીને કહ્યું – **''હું તારા અપરાધને માફ કરું છું... તું હવે મુક્ત છે.''**

સીના સાંભળતાં જ સ્તબ્ધ બની ગયો.

**હવે સીનાના મનમાં સીઝર પ્રત્યેનો વૈરભાવ દૂર થઈ ગયો... સમ્રાટ પ્રત્યે સદ્ભાવ જાગૃત થયો. ધીરે ધીરે સીના સીઝરનો દોસ્ત બની ગયો.**

આ તાકાત ક્ષમાની છે ! **ક્ષમા શત્રુને મિત્ર બનાવે છે... દુશ્મનને દોસ્ત બનાવે છે. જગતને જીતવાની શક્તિ ક્ષમામાં છે.**

અજમાવી જોઈએ આપણા જીવનમાં ! જ્યાં બધાજ ઉપાયો નિષ્ફળ જાય છે ત્યાં ક્ષમા સફળતા અપાવે છે.

હા ! પરંતુ કાયર ક્યારેય ક્ષમા માગી શક્તો નથી... આપી પણ શક્તો નથી.

क्षमा वीरस्य भुषणं !

ક્ષમાના વીર પ્રભુના સંદેશને જીવનમાં ઉતારી ક્રોધ વિજેતા બનીએ.

# પાપ સાધુ કોને કહેવાય ?

सयं गेहं परिचज्ज, परगेहं च वावडे ।
निमित्तेण य ववहरइ, पांवसमणु त्ति वुच्चइ ।।५३।।

**અર્થ :-** જે પોતાના ઘરનો ત્યાગ કરીને પરઘરને જોયા કરે છે, પરનાં (શ્રાવકોનાં) ઘરોનું મમત્વ કરે છે અને નિમિત્ત (ભૂત-ભવિષ્ય) કહીને જીવે છે, તે **'પાપ સાધુ'** કહેવાય છે. ।।૫૩।।

સાધુ જ્યારે સાધુતાનો માર્ગ ભૂલી માર્ગ ભ્રષ્ટ થાય છે... પાપક્ષયના બદલે પાપબંધનો માર્ગ સ્વીકારે છે ત્યારે તે પાપસાધુ કહેવાય છે.

ખરેખર તો પાપ અને સાધુ બે શબ્દ સાથે સંભવી જ ન શકે. જ્યાં પાપ હોય ત્યાં સાધુ ન હોય અથવા જ્યાં સાધુ હોય ત્યાં પાપ ન હોય. પરંતુ કાળ પ્રભાવે અથવા કર્મ પ્રભાવે કવચિત એવો યોગ સંસારમાં જોવા મળે છે. આવા પાપસાધુનો પરિચય કરાવી એ માર્ગનો ત્યાગ કરવાની હિત શિક્ષા આપે છે.

મુમુક્ષુ જ્યારે અગારનો ત્યાગ કરી અણગાર બને છે... ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી સંયમ જીવનનો સ્વીકાર કરે છે ત્યારેજ તે પોતાના ઘરનો... ઘરની આસક્તિ અને મમત્વનો ત્યાગ કરે છે. બીજાના ઘરો તો અન્યજ છે... બીજાના છે... મારા નથી એવી એની પાસે સ્પષ્ટ જાણકારી હોય છે. સાથે અણગાર બનતાં મારા ઘરને મેં મારું માન્યું હતુ એ ઘર પણ મારું નથી આજે એ મારા ઘરનો... ઘરની આસક્તિ અને મમત્વ ભાવનો સંપૂર્ણ જ્ઞાનપૂર્વક ત્યાગ કરું છે એમ એ ઘરને પણ વોસિરાવીને નીકળે છે.

પરંતુ મોહનો મહા ઉદય કહો કે અજ્ઞાન દશાનો ઉદય કહો સમય જતાં જ્યારે સાધુ ઉપરોક્ત સમજણને ભૂલીને માર્ગથી ભ્રમિત થાય છે. ત્યારે સાધુ એક પોતાના ઘરનું મમત્વ છોડીને ઘણા ઘરો સાથે પરિચય વધારી... સંબંધ ઉભા કરી મમત્વ ભાવને ધારણ કરે છે. પરાયા ઘરોને પોતાના ગણે છે. પરાયા સંબંધોને વધારવા જ્યોતિષ-નિમિત્તાદિ કહે છે. એમના કાર્ય કરે... દ્રવ્ય ઉપાર્જન આદિ કાર્યો કરે ત્યારે તે પાપસાધુ... પાપયતિ... કે પાપશ્રમણ કહેવાય છે. એક માતા-પિતા-ભાઇ-બહેનને છોડી અનેકોને માતા-પિતા-ભાઇ-બેન બનાવે. એમની આસક્તિ અનેક પાપો કરાવે.

માનવ ભવ... જિનશાસન... અને ઉચ્ચ સંયમી જીવન પામ્યા પછી જીતેલી બાજીને હારમાં પલટાવનારૂં દુર્ભાગ્ય આપણા લલાટે ન લખાય એ માટે અદ્ભૂત સાવધાની અને સ્યાદ્વાદની સમજણની આવશ્યકતા છે.

## પાપ શ્રમણ

दुद्धदहीविगईओ, आहारेइ अभिक्खणं ।
न करेइ तवोकम्मं, पावसमणु त्ति वुच्चइ ।।५४।।

**અર્થ :-** દૂધ, દહીં અને ધૃતાદિક વિગઈઓને જે નિષ્કારણ વારંવાર વાપરે અને તપકર્મ (સાધુતાની સાધના) ન કરે, તેને પાપશ્રમણ કહેવામાં આવે છે. ॥ ૫૪ ॥

તપ સંબંધિ પાપશ્રમણ પણું જણાવતાં વિગઈઓના ઉપયોગની મર્યાદા અથવા ઉત્કૃષ્ટ તપ સાધનાની વાત જણાવે છે.

દૂધ-દહિં-ઘી આદિ વિગઈઓ ઈન્દ્રિયોને ઉન્માર્ગે લઈ જનાર કહેવામાં આવી છે. રસયુક્ત આહાર વારંવાર વાપરવાથી અથવા વધારે પ્રમાણમાં વાપરવાથી ઈન્દ્રિયો વશમાં રહેતી નથી... બે કાબુ બનીને સંયમભ્રષ્ટ કરે છે... ઉન્માદને વધારે છે. તેથી સાધુને માટે શાસ્ત્રોએ વિગઈ ઓના સેવનને વિષ સમાન કહ્યું છે.

આત્માની ગવેષણા કરનાર મનુષ્યને વિભૂષા... સ્ત્રીસંસર્ગ અને સ્નિગ્ધ રસવાળું ભોજન તાલપૂટ વિષ સમાન છે.

કલ્પસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે રુષ્ટ-પુષ્ટ, નિરોગી, બલવંત શરીરવાળા, નિર્ગ્રંથ, સાધુ અથવા નિર્ગ્રંથી સાધ્વીઓને દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધ, મદિરા અને માંસ એ નવરસ વિકૃતિઓ (વિગઈ-મહાવિગઈ પાઠ સાથે હોવાથી લખ્યું છે ખરેખર તો મહાવિગઈ સાધુને માટે યાવત્ જીવન પર્યંત વર્જ્ય છે.) વારંવાર વાપરવી ન કલ્પે... જે આવી વિકૃતિઓ વાપરે અને વળી જો તપ કર્મમાં પ્રીતિમાન ન હોય તો તે પાપશ્રમણ કહેવાય છે.

આપણો નંબર પાપશ્રમણમાંથી કાઢવા માટે પ્રથમ આહાર અનુલક્ષી પરઘરોની સાથેની આસક્તિનો ત્યાગ કરવાનો છે. એક ઘર છોડી અનેક ઘરોથી આસક્તિ કરવી... એક પરિવારને ત્યાગી અનેકને માતા-પિતા બનાવવા આ બધા સંબંધો સંસારની આસક્તિ વધારી

ભવસાગરમાં ડૂબાડનાર અને સાધુને પાપસાધુ બનાવનાર હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે.

રસપૂર્વકના આહારને મેળવવા ગૃહસ્થોની સાથે સંબંધ, એમના ગૃહકાર્ય, ભૂત-ભાવિને જણાવનાર નિમિત્ત, ઔષધિ આદિ વ્યવહાર તે પણ સાધુને નિર્ગ્રંથ બનવા દેતા નથી. તેથી આપણે આહાર સંજ્ઞાને જીતી અંત-પ્રાંત ભિક્ષા ગોચરી માટે પુરુષાર્થ કરવાનો છે અને સામાન્ય આહારથી સાધુ દેહને ટકાવી સ્વાધ્યાય-વૈયાવચ્ચમય જીવન બનાવી પોતાની જાતને પાપશ્રમણથી બચાવવા પુરૂષાર્થ આદરવાનો છે.

## પાંચ પ્રમાદનાં નામો તથા તેનું ફળ

मज्जंविसयकसाया, निद्दा विकहा य पंचमी भणिया ।
ए ए पंच पमाया, जीवं पाडेंति संसारे ।।५५।।

અર્થ :- સુરાપાન[૧], વિષયોનું સેવન[૨], કષાયો[૩], નિદ્રા[૪] અને પાંચમી વિકથા[૫] એ પાંચ પ્રમાદો જીવને સંસારને વિષે ડૂબાડે છે. ॥ ૫૫ ॥

સંસાર સાગરના તરવાના ઉત્કૃષ્ટ ભાવ સાથે સંસાર ત્યાગ કરી સંયમનો સ્વીકાર કરનાર સાધુને પાપશ્રમણ બનાવનાર કોણ ? એનો જો વિચાર કરવામાં આવે તો સમજાય કે ઉપરોક્ત પાંચ પ્રમાદ સાધુને પાપશ્રમણ બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. તેથી પાપશ્રમણની વાત જણાવ્યા પછી હવે પાંચ પ્રમાદ જણાવે છે.

### ૧. મદિરા

મદિરામાં મદ્ય સાથે સર્વ પ્રકારના નશાકારક પદાર્થોનો સમાવેશ થાય છે. દુર્ભાગી મનુષ્ય પાસેથી સ્ત્રી જેમ દૂર થાય છે તેમ મદ્યપાન કરનારની બુદ્ધિ એમાંથી દૂર ભાગી જાય છે... તેથી તેની સર્વત્ર નિંદા થાય છે.

બુદ્ધિની વિચિત્રતાના કારણે વિહ્વળ બનેલો મદિરાપાન કરનાર સાન-ભાન ગુમાવી બેસે છે. તેથી તે પ્રિયાને માતા સમાન અને માતાને પ્રિયા સમાન ગણે છે... રાજાને સેવક સમાન અને સેવકને રાજા સમાન ગણે છે.

મદિરા પાનથી વ્યક્તિ ભ્રમિત ચિત્તવાળો થાય છે... તેથી તે પાપજનક આચરણ કરે છે... પાપો કરીને દુર્ગતિ તરફ પ્રયાણ કરે છે.

મદિરા પાનથી ઉત્પન્ન થયેલા નશાના કારણે ભાન ભૂલેલા શાંબ વિગેરે કૃષ્ણ મહારાજાના કુમારોએ દ્વૈપાયન ઋષિને ઘણા જ હેરાન કર્યા... અપમાનીત કર્યા જેથી તે યાદવોની ૧ ૩ ૨ કુલકોટિના નાશમાં નિમિત્ત બન્યા. મહાપાપને કરનારા થયા.

આવી રીતે અનેક પ્રકારે પાપ અને દુર્ગતિ દાયક મદિરાદિ નશાકારક સર્વ પદાર્થોનો ત્યાગ આત્માના હિત-કલ્યાણ માટે થાય છે.

## ૨. વિષય સેવન

પાંચ ઈન્દ્રિયોના ભોગ પદાર્થો અનુકુળ મળે તો રાગ થાય... પ્રતિકુળ મળે તો દ્વેષ થાય છે. પાંચ ઈન્દ્રિયના ત્રેવીસ વિષયો છે. વિષયોમાં સુખ નથી, સુખાભાસ છે. પરંતુ ધતુરા વિગેરેના પાનથી ભ્રમિત નેત્રવાળા મનુષ્યોને એમાં સુખના દર્શન થાય છે. વિષયસુખો ભોગવતી વખતે મીઠા લાગે છે પરંતુ એના પરિણામ ઘણાજ કડવા હોય છે.

**કિંપાક ફળ અતિ મધુર છે, ખાધે છંડે પ્રાણ મેરે લાલ,**
**તેમ વિષય સુખ જાણજો, એહવી જિનજીની વાણ મેરે લાલ.**

કિંપાકફળ દેખાવમાં સુંદર હોય... સુગંધવાળા હોય... તેમજ ખાવામાં પણ અત્યંત સ્વાદિષ્ટ હોય છે. પરંતુ ખાતાની સાથે જ પ્રાણોને હરણ કરનારા હોય છે. તેવાજ છે વિષય સુખો જોવામાં સુંદર.. આકર્ષક.. ભોગવતા સુખદાયક પરંતુ અંતે દુઃખ અને દુર્ગતિ દેનારા છે.

વિષય સુખો ભોગવવાથી ક્યારેય તૃપ્તિ થતી નથી... તે તો તૃષ્ણાની વૃદ્ધિ કરનારાજ હોય છે.

**અગ્નિ જો તૃપ્તિ ઈંધણે, નદીએ જલધિ પૂરાય મે.લા.**
**તો વિષયસુખ ભોગથી, જીવ એ તૃપ્તિ થાય મે.લા.**

અગ્નિમાં ગમે તેટલું ઈંધણ નાંખવામાં આવે અગ્નિ ક્યારેય ધરાતો નથી. તૃપ્ત થતો નથી.

સાગરમાં ગમે તેટલી નદીઓ પોતાનું પાણી ઠલવે તો પણ એ ક્યારેય ભરાતો નથી તૃપ્ત થતો નથી.

તેવીજ રીતે હે જીવ ! ઈન્દ્રિયોને ગમે તેટલા વિષયો આપવામાં આવે તો પણ એ ક્યારેય સંતોષ પામતી નથી.. તૃપ્ત થવાની નથી.

વિષયોથી વ્યાકુળ થયેલો જીવ આત્માના હિત-અહિતને જાણતો નથી અંતે આ વિષયો એને લાંબા સમય સુધી દુઃખ-દુર્ગતિમાં રખડાવ્યા કરે છે. આવા વિષયોના સ્વરૂપને જાણીને સાવધાન બનવાનું છે.

## ૩. કષાય

કષાય શબ્દમાં કષ્ અને આય બે શબ્દ છે.

કષ્ એટલે સંસાર અને આય એટલે લાભ. **જેનાથી સંસારનો લાભ થાય તે કષાય છે.** આવા કષાયમાં ક્રોધ-માન-માયા-લોભનો સમાવેશ થાય છે.

**ક્રોધ -** અક્ષમાના પરિણામ રૂપ છે.

**માન -** જાતિ, રૂપ, ઐશ્વૈર્યાદિથી ઉત્પન્ન થયેલા અહંકારરૂપ છે.

**માયા -** બીજાને ઠગવા - છેતરવાના સ્વરૂપવાળી છે.

**લોભ -** અસંતોષરૂપ લુબ્ધતાનો પરિણામ છે.

અનંત સંસારનો અનુબંધ કરાવનાર **અનંતાનુબંધી** કષાય છે.

જેમના ઉદયે પ્રત્યાખ્યાન ઉદયમાં ન આવે તે **અપ્રત્યાખ્યાની** કષાય છે.

જેમના ઉદયે સર્વવિરતિ ઉદયમાં ન આવે તે **પ્રત્યાખ્યાની** કષાય છે.

જેમના ઉદયે યથાખ્યાત ચારિત્ર જીવ ન પામે તે **સંજ્વલન** કષાય છે.

આવા પ્રકારે કષાયના સોળ ભેદ થાય છે.

ક્રોધ ને ક્ષમાથી, માનને નમ્રતાથી, માયાને સરળતાથી અને લોભને સંતોષથી જીતવાના છે. કષાય હોય ત્યાંસુધી જીવનમાં સંપૂર્ણ શાંતિની પ્રાપ્તિ થતી નથી... મન સંક્લેષ પામે છે. સંક્લેશ વિનાનું ચિત્તરૂપી રત્ન એ આંતરિક ધન છે. એજ આત્માનો સાચો વૈભવ છે. આ ધન જો દોષરૂપી ચોરો વડે ચોરાઈ જાય તો એના જીવનમાં વિપત્તિઓ સિવાય કશુંજ બાકી રહેતું નથી.

## ૪. નિદ્રા

નિદ્રા એટલે સૂવું. નિદ્રાશીલ એટલે નિદ્રામાં વિશેષ પ્રવૃત્ત થનાર. આવો મનુષ્ય દ્રવ્ય અને જ્ઞાનથી હીન થાય છે. જ્ઞાન અને દ્રવ્યના અભાવમાં આ જીવો દુઃખ ભાગી બને છે. આ નિદ્રા પાંચ પ્રકારે છે.

સુખે સુખે જાગી જવાય તે **નિદ્રા** કહેવાય છે.

દુઃખથી - કષ્ટથી જાગી શકાય તે **નિદ્રા - નિદ્રા** કહેવાય છે.

ઉભા ઉભા કે બેઠા બેઠા નિદ્રા આવી જાય તે **પ્રચલા** કહેવાય છે.

ચાલતાં ચાલતાં નિદ્રા આવી જાય તે **પ્રચલા - પ્રચલા** કહેવાય છે.

દિવસે ચિંતવેલા કાર્યને રાતે કરનારી, વાસુદેવથી અર્ધા બળવાળી નિદ્રા તે **સ્ત્યાનર્ધિ**

કહેવાય છે.

## ૫. વિકથા

ધર્મ સિવાયની અન્ય બિન જરૂરી અશુભ કર્મબંધ કરાવનારી ચર્ચાઓ અને કથાઓ તે **વિકથા** છે. આ વિકથાઓ સાત પ્રકારે છે.

સ્ત્રીઓની નિંદા-પ્રસંશા કરતી, એમના રૂપાદિનું - શરીરાદિનું વર્ણન કરતી કથાઓ તે **સ્ત્રી કથા નામે** વિકથા છે.

ખાવા-પીવાના પદાર્થોની ચર્ચા, આ ગમે - આ ન ગમે, આમ કરીએ તો સ્વાદિષ્ટ બને, આ પદાર્થની સાથે આજ જોઈએ. આવી બધી ખાવા - પીવાની વાતો તે **ભક્ત કથા** નામે વિકથા છે.

માળવાની ફળદ્રુપ ભૂમિ છે, લાટ દેશ ભિલ્લોની ભૂમિ છે, કાશ્મીર તો દુનિયાનો સ્વર્ગ છે, આવા પ્રકારની દેશ સંબંધિ વાતો **દેશકથા** નામે વિકથા છે.

આ બે રાજાઓ પરસ્પર યુદ્ધ કરે છે, આ રાજા હારી જશે, આ રાજા વ્યસની ને લુટારૂ જેવો છે, આ રાજા દાણ લઈને બધાને હેરાન-પરેશાન કરે છે. આવી બધી રાજાઓની વાતો તે **રાજકથા** નામે વિકથા છે.

સાંભળનારના હૃદયમાં દયા-કરૂણા જગાડનારી હોવાથી મૃદુ અને પુત્રાદિના વિલાપવાળી હોવાથી કારૂણિકી એટલે **મૃદુકારુણિકિ** નામે વિકથા છે.

જ્ઞાનાદિના અતિશયથી મિથ્યાત્વી જનોની પ્રશંસારૂપ કથા તે **દર્શનભેદની** નામે વિકથા છે.

જે કથાથી સ્વીકારેલા વ્રતવાળા યતિના ચારિત્રનો ભેદ કરવામાં આવે તે **ચારિત્રભેદ**ની વિકથા કહેવાય છે.

આવી વિકથાઓમાં અજ્ઞાની જીવ મનુષ્યભવનો અમુલ્ય સમય વેડફી નાંખે છે અને સાથે સાથે અશુભ કર્મબંધ કરે છે. વિકથા કરનારા પ્રાણીઓને અસહ્ય અનંત દુઃખો પ્રાપ્ત થાય છે. આ જાણીને ભવ્ય જીવોએ નિરંતર વૈરાગ્યાદિથી વિભુષિત અને કર્મબંધના કારણથી રહિત એવી સત્કથાઓ જ સદા કરવી જોઈએ. પાંચે પાંચ પ્રમાદોના સેવનથી તે આત્માને સંસારમાં પાડે છે. સંસાર સાગર પાર કરીને તીર પર પહોંચેલા જીવો પણ પ્રમાદને વશ થઇ જીવો ફરીથી સંસારની વૃદ્ધિ કરે છે.

હે જીવ ! અનાદિ કાળથી આ પ્રમાદોના સેવનથી તું ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં જન્મ-મરણના દુઃખો અનુભવી રહ્યો છે. હવે જો આ બધાથી મુક્ત થઈ આત્મસુખને અનુભવવું હોય તો જાગૃત થા ! તારા પુરૂષાર્થને પુષ્ટ કર... દુઃખે જીતી શકાય એવા તારા શત્રુઓને જીતી લે.

ઉપેક્ષા કરાયેલી વ્યાધિઓ અને શત્રુઓ સુખ માટે નહિં પણ એકાંતે દુઃખને માટે થાય છે... તેવીજ રીતે જે પ્રાણીઓ જીવનમાં અલ્પ પણ પ્રમાદને પ્રવેશ આપે છે અને એની ઉપેક્ષા કરે છે તે પણ સંસાર સાગરમાં દુઃખ-દુર્ગતિના ભાગી બને છે. જેમને આત્માની દુર્દશા ન કરવી હોય એમણે સવેળાએ પ્રમાદને જીવનમાંથી હાંકી કાઢવા પુરૂષાર્થ કરવા જેવો છે.

## નિદ્રાથી થતી હાનિ

जइ चउदसपुव्वधरो, वसइ निगोएसुऽणंतयं कालं ।
निद्दापमायवसओ, ता होहिसि कह तुमं जीव ! ।।५६।।

અર્થ :- જો એક નિદ્રારૂપ પ્રમાદના વશથી ચૌદ પૂર્વધર જેવા પણ નિગોદને વિષે અનંતો કાળ રહે છે, તો હે જીવ ! તારું શું થશે ? અર્થાત્ તું જો પ્રમાદને વશ પડયો તો સંસારથી છૂટી શકીશ નહિ.

આ જણાવેલા પાંચ પ્રમાદોમાંથી એકમાત્ર સામાન્ય નિદ્રા નામના પ્રમાદનો એક અંશ પણ કેટલું સામર્થ્ય ધરાવે છે તે અહિં વિશેષથી સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

જ્યાં પ્રમત્ત દશા છે ત્યાં મૃત્યુ છે.

જ્યાં અપ્રમત્ત દશા છે ત્યાં જ સાચું જીવન છે. આપણે વિવિધ પ્રકારના પ્રમાદોમાં કેટલો કાળ વ્યતીત કર્યો. પ્રચંડ પુરૂષાર્થ આદરી જેઓ સંસાર સાગર તરવા સજ્જ બન્યા... પાંચ - સાત - નવ - દસ પૂર્વના અભ્યાસી અને આરાધક બન્યા. આવા પણ પૂર્વધર (પૂર્વને ધારણ કરનારા) સતત નિદ્રારૂપી મદિરાથી ઘેરાતી આંખવાળા થાય છે. ઉંઘમાં એ ઉંઘમાં પઠન-પાઠનાદિ પ્રવૃત્તિના અભાવથી ચૌદ પૂર્વ ને ભૂલી જાય છે. આયુષ્ય પૂર્ણ કરીને નરક જ નહિં નિગોદને વિષે ચાલ્યા જાય છે.

પાંચ પ્રમાદમાંથી એક નિદ્રા પ્રમાદના આંશિક સેવનથી પૂર્વધર પણ હારી જાય છે. અનંતકાય સ્વરૂપ નિગોદમાં પહોંચી જાય છે. તો આપણે જો પાંચે-પાંચ પ્રમાદનું સેવન કરીશું

તો આપણું શું થશે ?

એકદા એક આચાર્ય ભગવંત પોતાના શિષ્યોને પૂર્વનો અભ્યાસ કરાવી રહ્યા હતા. સાથે સાથે શિષ્યોને પ્રમાદનું સેવન ન કરવા ખાસ ભલામણ કરતા હતા. એમનો એક શિષ્ય ચૌદ પૂર્વ ભણી ગયો. સતત પોતાના જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેતો.

એકદા અચાનક એના જીવનમાં નિદ્રાદેવીનો પ્રવેશ થયો. નિદ્રા વધવા લાગી. આચાર્ય ભગવંતે ટકોર કરી કોઈ અસર ન થઈ. ધીરે ધીરે ઉંઘ વધતી ગઈ... સ્વાધ્યાયમાં પ્રમાદ થવા લાગ્યો... ક્યારેક થાય - ક્યારેક સ્વાધ્યાય ન થાય... એમ થતાં ધીમે ધીમે પૂર્વની વિસ્મૃતિ થવા લાગી. બધા ચૌદ પૂર્વ ભુલાઈ ગયા. અત્યંત નિદ્રામાં સમય પસાર થવા લાગ્યો. ગુરુ વારંવાર ઠપકો આપે તો એ ગમતો નથી. ગુરુની સામે બોલવા લાગ્યા. ગુરુ એ ઠપકો આપવાનું છોડી દેતાં અત્યંત પ્રમાદી બન્યા... જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાય છોડીને આત્માને દુર્ગતિ તરફ ખેંચી લઈ જવા લાગ્યા. અંતે પ્રમાદવશ બની આત્મા નિગોદમાં જઈ પહોંચ્યો.

નિદ્રાના એક પ્રમાદને વશ થયેલા મુનિરાજ ચૌદ ચૌદ પૂર્વ ભણીને ભુલી જાય... જ્ઞાની થઈને જ્ઞાન-ધ્યાન-સ્વાધ્યાયને છોડી દે. કેવી મજબૂત હશે નિદ્રાની પકડ ? જ્ઞાનીઓએ વધુને વધુ સાવધાની રાખીને આત્મા ક્યાંય પ્રમાદમાં ન ફસાય એ જોવાનું કહ્યું છે. ચઢી - ચઢીને મોક્ષમાર્ગથી નીચે પડવું. કેવી વિચિત્ર દશા છે ? આવી દશા નિદ્રાના એક પ્રમાદથી જો પૂર્વધરોની થતી હોય તો આપણું સ્થાન ક્યાં ?

આપણી જ્ઞાન દશા ક્યાં છે ?

આપણી પ્રમત્ત દશા કેવી છે ?

એક નહિં પાંચ - પાંચ પ્રમાદ આપણી પાછળ પડેલા છે. ક્યારે થઈ શકશે આપણી મુક્તિ? ક્યારે બનીશું અપ્રમત્ત દશાના સ્વામી ?

સંસાર અને સંસારના પદાર્થોની ક્ષણિકતા સમજાય... આત્માની નિત્યતાનો પરિચય થાય તો કાંઈક કાર્ય થઈ શકે.

લક્ષ્મી હાથીના કાનની જેમ ચંચળ છે...

પ્રેમ સંધ્યાના રંગની જેમ ક્ષણ વિનાશી છે...

જીવિત પાણીના પરપોટાની જેવું ચપળ છે...

તારુણ્ય નિઝરણના ધોધની જેમ ચંચળ છે...

વહાલાં (મનુષ્યો-પદાર્થો) નો સમાગમ સ્વપ્ન સમાન ક્ષણવારનો છે...

કાયા રોગથી ભરપૂર છે...

સંસાર અસંખ્ય દુઃખોનો ભંડાર છે....

એથી હે સાધક ! પ્રમાદ દશાનો ત્યાગ અત્યંત આવશ્યક છે. જ્ઞાનવાન સાધુએ પણ અપ્રમત્તપણું ભજીને આત્મકલ્યાણ સાધવા જાગૃત રહેવું જોઈએ.

પ્રમત્તદશા પતનનું કારણ બને છે.

અપ્રમત્તદશા આત્મોન્નતિનું સોપાન બને છે.

અપ્રમત્તદશા માટે જ્ઞાન અને ક્રિયા બન્નેની આવશ્યકતા છે. એ વાતને આગળ વિશેષથી સમજાવે છે.

## જ્ઞાન અને ક્રિયા

### જ્ઞાન અને ક્રિયાની સાપેક્ષતા

हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ।।५७।।

અર્થ :- ક્રિયાહીન જે જ્ઞાન છે તે નિષ્ફળ છે અને અજ્ઞાનપણાથી કરેલી ક્રિયા પણ નિષ્ફળ છે. અર્થાત્ જ્ઞાન વડે શુભાશુભ-કૃત્યાકૃત્ય ભાવો જાણે છે, પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી, અથવા ક્રિયા કરવા છતાં તેનું રહસ્ય સમજતો નથી તો તેથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. અહીં દૃષ્ટાંત કહે છે કે વનમાં દાવાનળ દેખવા છતાં પાંગળો નહિ ચાલવાથી દાઝ્યો, અને દોડવા છતાં આંધળો નહિ દેખવાથી દાઝ્યો. ॥ ૫૭ ॥

संजोगसिद्धीइ फलं वयंति, नहु एग चक्केण रहो पयाइ ।
अंधोय पंगू य वणे समिच्चा, ते संप (णट्ठा) उत्ता नगर पविट्ठा ।।५८।।

**અર્થ :-** પંડિત પુરુષો જ્ઞાન અને ક્રિયાના સંયોગથી કાર્યની સિદ્ધિ માને છે, એટલે અહીં પણ જ્ઞાનપૂર્વકની ક્રિયાવડે જ મુક્તિરૂપ ફલની પ્રાપ્તિ થાય છે, કારણ કે રથ એક પૈડે કરીને ચાલતો નથી, પણ બે પૈડાવડે જ ચાલી શકે છે, અહીં દૃષ્ટાંત કહે છે. **આંધળો અને પાંગળો** વનને વિષે પરસ્પર સહાયક બનીને નાઠા, તેથી નગરમાં પહોંચ્યા અર્થાત્ આંધળાએ પાંગળાને

ઉપાડયો અને પાંગળાએ આંધળાને રસ્તો સમજાવ્યો, એમ બંને દાવાનળથી બચ્યા. ॥ ૫૮॥

ज्ञान क्रियाभ्याम् मोक्ष: ।

જ્ઞાન અને ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ફક્ત જ્ઞાન અથવા કેવળ ક્રિયા મોક્ષ અપાવવા સમર્થ નથી. એટલેજ અહિં કહેવામાં આવ્યું છે કે ક્રિયા વગરનું જ્ઞાન નકામું છે તેમજ જ્ઞાન વિનાની ક્રિયા પણ નિષ્ફળ છે, જીવનના સર્વ ક્ષેત્રોમાં આ વાત અતિ આવશ્યક છે.

## ક્રિયા વિનાનું જ્ઞાન

મારી પાસે પાલીતાણાનું જ્ઞાન છે.... પાલીતાણાના માર્ગનું જ્ઞાન છે... પાલીતાણા જતાં બસ-ટ્રેનનું જ્ઞાન છે. પરંતુ જો હું ચાલવાની કે બસ-ટ્રેનમાં બેસવાની ક્રિયા ન કરું તો હું પાલીતાણા કેવી રીતે પહોંચી શકું ?

મારી સામે ભોજનની થાળી ભરેલી છે. ખાવાનું જ્ઞાન છે. ભૂખ ભાંગવા માટે ખાવું આવશ્યક છે એની સમજણ છે. છતાં જો હું હાથહલાવવાની ક્રિયા ન કરું... ભાણામાંથી રોટલી મોઢામાં ન નાંખુ... કદાચ પુણ્યના ઉદયે કોઈ મોઢામાં રોટલી નાંખે તો પણ હું મોઢું હલાવવાની - ચાવવાની ક્રિયા ન કરું તો મને મારા પેટ ભરવાના કાર્યમાં સફળતા ન મળે..

મારી પાસે પાણીમાં તરવાનું જ્ઞાન છે... મને તરતાં આવડે છે પરંતુ હું પાણીમાં પડયા પછી હાથ-પગ હલાવવાની ક્રિયા ન કરું તો મને કિનારે પહોંચવામાં નિષ્ફળતા જ મળે. એમાં શંકાને સ્થાન નથી.

એક મોટા નગરમાં અચાનક આગ લાગી...

આ નગરમાં બધા માનવીઓ દોડાદોડ કરવા લાગ્યા... બધા સુરક્ષિત સ્થાને પહોંચી ગયા.

પરંતુ આ નગરીમાં બે અનાથ હતા. એક આંધળો અને એક પાંગળો, આંધળો જોઈ ન શકે અને પાંગળો ચાલી ન શકે. લોકોની દોડાદોડ... એમનો ભય જોઈ. સાંભળી બન્નેને આગ લાગી છે બચવા દોડાદોડ કરવી આવશ્યક છે, એ સમજાયું. આંધળો દોડી શકે છે પણ માર્ગ જોઈ નથી શકતો.

પાંગળો જોઈ શકે છે પરંતુ દોડી નથી શકતો.

પાંગળો અગ્નિ નજીક પહોંચવા છતાં દોડી ન શકવાના કારણે અગ્નિમાં બળીને મરી ગયો.

આંધળો દોડવા છતાં અગ્નિને ન જોઈ શકવાથી અગ્નિમાંજ જઈને પડયો અને બળીને

મર્યો.

પાંગળો ક્રિયા વિનાના જ્ઞાન જેવો છે.

આંધળો જ્ઞાન વિનાના ક્રિયા જેવો છે.

આપણો નંબર તો આવા જીવોમાં નથી લાગતો ને ? જાતને પૂછી લઈએ.

## ધૂળ પડી તમારા જાણવામાં.

એક હતું નગર... ત્યાં વસતા હતા એક શેઠ-શેઠાણી...

એક રાતની વાત...

શેઠ શેઠાણીઅલક મલકની વાતો કરતાં હતાં... શેઠાણીને બગાસા આવવા માંડયા... શેઠ ઉઠયા, ઉંઘવાની તૈયારી કરી... થોડીવારમાં બન્ને નિશ્ચિંત બની ઉંઘવા લાગ્યા...

મધરાત વીતી ગઈ હતી...

ઘરમાં કાંઈક અવાજ થયો... શેઠાણી જાગી ગયા... બરાબર કાન માંડયા... પોતાના જ ઘરમાં કોઈક હોય એવું લાગ્યું... ચોરની કલ્પનાથી જ ધ્રુજી ઉઠયા... છતાં બધી શક્તિ એકઠી કરી શેઠને જગાડયાં... શેઠાણી કહે છે - ''શેઠજી ! ઉઠો ઉઠો ચોર આવ્યા છે ?''

શેઠ કહે છે - ''હા, એ તો હુ જાણું છુ....''

ત્યાં શેઠાણી કહે છે - ''જુઓ જાઓ તાળું તોડવાનો અવાજ આવે છે.''

શેઠ શાંતિથી જવાબ આપે છે - ''હા, હા, મને પણ તાળુ તુટવાનો અવાજ સંભળાય છે.''

શેઠાણી અધીરા થઈ ગયા, શેઠને કહે છે - ''હવે ચોરોએ કબાટ ખોલ્યું લાગે છે.''

શેઠ કહે છે - ''હા, એ તો હું પણ જાણું છું.''

શેઠાણી કહે છે - ''હવે તો ચોર પૈસા, દાગીના કાઢે છે.''

શેઠે કહ્યું - ''હું જાણું છું.''

હવે શેઠાણી અકળાયા છે - ''બધું લૂંટીને ચોર ભાગી રહ્યા છે.''

શેઠ કહે - ''હું જાણું છું.''

શેઠાણીનું બધું જ લૂંટાઈ ગયું... એ બોલી ઉઠયા - **''ધૂળ પડી તમારા જાણવામાં.''** તમે હું જાણું છું... હું જાણું છું... કરતાં રહ્યા અને ચોરો બધું લઈને ચાલ્યા ગયા.

જ્ઞાનથી જાણવા છતાં પુરુષાર્થ - યોગ્ય ક્રિયા કરવામાં ન આવે તો બધુંજ ગુમાવવાનું છે... બધુંજ નિષ્ફળ છે. મોક્ષમાર્ગને જાણવા છતાં જો યોગ્ય ક્રિયા ન કરી તો જ્ઞાન તારક બનતું નથી. મોક્ષની મંઝિલે પહોંચાડી શકતું નથી.

## જ્ઞાન વિનાની ક્રિયા

ચાલ્યા ઘણું પરંતુ ક્યાં જવું એનું જ્ઞાન ન હોવાથી ઘાંચીના બળદની જેમ ફરતા જ રહ્યા. ક્રિયાઓ ઘણી જ કરી પરંતુ જ્ઞાન વિનાની કરી; લાભ કાંઈ જ ન થયો.. હાથમાં કશું જ ન આવ્યું.

## જ્ઞાન વિનાનો પુરુષાર્થ.

એક હતો મગન...

સાવ ગામડીયો... શહેર કદી જોયું જ ન હતું....

એનો બાળપણનો એક મિત્ર હતો એનું નામ હતું છગન...

પહેલા એ પણ ગામડામાં જ રહેતો હતો... પણ હવે શહેર નિવાસી હતો...

એકદાં છગન ગામડામાં આવ્યો... મગન સાથે રહ્યો...

બન્નેએ ઘણી વાતો કરી... બાળપણના દિવસો યાદ કર્યા...

છગને શહેરની અવનવી વાતો કરી...

મગનને શહેરમાં આવવા ઘણો આગ્રહ કર્યો...

મગને કહ્યું – ''હમણાં તો ખેતીનું કામ મૂકીને ન આવી શકાય....

થોડા દિવસ પછી આવીશ.''

છગન ફરીને આવવાનું આમંત્રણ આપી વિદાય થયો.

મગન ખેતીના કામમાંથી નવરો થયો....

અને એક દિવસ શહેરમાં જવાનો વિચાર આવ્યો...

તૈયારી કરીને સૂઈ ગયો... સવારના ઉઠીને શહેર ભણી ચાલવા લાગ્યો...

શહેરમાં પહોંચતા જ ત્યાંની ચમકદમક જોતાં આશ્ચર્ય પામ્યો...

પૂછપરછ કરતાં તે છગનના ઘરે પહોંચી ગયો...

છગને મગનને મીઠો આવકાર આપ્યો...

બનેં રાજી રાજી થઈ ગયા....

ઘણા સમય સુધી ગપ્પાં માર્યા પછી મગને કહ્યું –

''અરે છગન! હું તો આજે પહેલી વખત શહેરમાં આવ્યો છું. તું મને શહેર નહીં બતાવે?''

ત્યાં તો છગને કહ્યું – ''હજી હમણાં જ તો તું આવ્યો છે... થોડો થાક ઉતારી લે.... આરામ કરી લે પછી તને બધું જ બતાવીશ... તું ફરી ફરીને જોઈ – જોઈને થાકી જઈશ પણ હું નહિં થાકું.''

ચા પાણી પીને મગને થોડો આરામ કર્યો પછી જમીને બન્ને મિત્રો ફરવા નીકળ્યા...

આખો દિવસ શહેરમાં ફર્યા....

સાંજે જમવાનું પણ બહાર જ પતાવ્યું...

રાતે સિનેમા જોઈને મોડેથી ઘેર આવ્યા...

ગાદલા તૈયાર હતાં બન્નેએ સૂવાની તૈયારી કરી...

છગન બહુ જ થાકી ગયો હતો..

ગાદલામાં પડવાની સાથે જ ઘસઘસાટ ઉંઘી ગયો...

પણ લાઈટના પ્રકાશમાં મગનને ઉંઘ જ આવતી નથી...

થોડીવાર પડખા ફેર્યા પછી મગન ઉભો થયો લાઈટ બંધ કરવા....

એ તો પહોંચ્યો બલ્બ પાસે અને જોરજોરથી ફૂંકો મારવા લાગ્યો... ફૂંકો મારી મારીને થાકી ગયો પણ લાઈટ બંધ ન થઈ... અંતે થાકીને છગનને ઉઠાડયો... ઉઠ... ભાઈ ઉઠ... જો તો ખરો ! આ તારો દીવો બંધ જ થતો નથી...

છગન ઉંઘમાંથી ઉઠયો... એણે સ્વીચ દાબી અને દીવો બંધ થઈ ગયો...

છગન ફરી ઘસઘસાટ ઉંઘી ગયો...

મગન તો જોતો જ રહી ગયો... ''મેં તો ફોકટ મહેનત કરી ?''

હા બંધુઓ ! ઘણી મહેનત કરીએ... પ્રચંડ પુરુષાર્થ કરીએ પરંતુ સાચું જ્ઞાન ન હોય તો બધું જ વ્યર્થ છે... જે લાઈટ એક સ્વીચ દબાવવા માત્રથી બંધ થઈ જાય છે એને સો - સો ફૂંકો મારવાનો પુરુષાર્થ કરીએ તો પણ સફળતા ન મળે...

જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવી હોય તો એનો રાજમાર્ગ છે - **પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા...**

શું આપણે ધર્મક્ષેત્રમાં પણ એમ જ કરીએ છીએ ? પ્રથમ પ્રત્યેક ક્રિયાનું જ્ઞાન મેળવી લઈએ પછી સત્ ક્રિયાનો પુરુષાર્થ આદરીએ, તો આપણા જીવનમાં શાંતિ... મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્ગતિ નિશ્ચિત છે...

અનાદિથી આપણે કાં જડ ક્રિયાવાદિ બન્યા છીએ અથવા શુષ્ક જ્ઞાની બન્યા છીએ અને એના કારણે જ આજ દિવસ સુધી રખડી રહ્યા છીએ. વ્યવહારનયનેજ માનનારા જડક્રિયાવાદિ બને છે અને નિશ્ચયનયને માનનારા શુષ્કજ્ઞાની બને છે પરંતુ સ્યાદ્વાદને જાણનારા સમજનારા એકાંતનો ત્યાગ કરી બન્નેનો યોગ્ય સમન્વય કરે છે. વ્યવહાર અને નિશ્ચયનય તથા ક્રિયા અને

જ્ઞાન બન્નેનો સ્વીકાર કરી પોતાના જીવનરૂપી રથને સફળતાપૂર્વક ઈચ્છિત મોક્ષની મંઝિલે જ પહોંચાડે છે.

જ્ઞાન એકલું સિદ્ધિ ન આપી શકે...

ક્રિયા એકલી સિદ્ધિ ન આપી શકે...

પરંતુ બન્ને ભેગા થાય તો અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

એક નગરીમાં રાજાના ભયથી બધા નગરજનો નગર ખાલી કરીને જંગલમાં જઈ પહોંચ્યા. ત્યાં ધાડપાડૂઓ ત્રાટક્યા. ધાડપાડુઓના ભયથી વાહનો છોડીને બધા ભાગી ગયા. એમાં એક અંધ અને પંગુને અનાથજેવી હાલતમાં છોડી ગયા. ત્યાં ધાડપાડૂઓ ગયા ત્યાં લોકોએ સળગાવેલ અગ્નિના પવનથી દાવાનળ લાગ્યો. બન્ને અંધ અને પંગુ ભયભીત થયા. અંધ વ્યક્તિ ન જોઈ શકવાના કારણે અગ્નિ તરફ દોડવા લાગ્યો. પંગુએ જોર જોરથી બુમો પાડી એને ત્યાં આગ છે ત્યાં ન જવા જણાવ્યું. ત્યારે અંધ પૂછે છે – ''તો હું ક્યાં જાઉં ?''

પંગુએ કહ્યું – ''પગ ન હોવાથી હું તને લાંબે સુધી માર્ગ બતાવવા અસમર્થ છું પરંતુ તું જો મને ખભે બેસાડે તો તને માર્ગ બતાવી શકું. આપણે બન્ને સુખપૂર્વક નગરમાં પહોંચી જઈએ.''

અંધ વ્યક્તિએ પંગુનું વચન સ્વીકાર્યુ. ક્ષેમ-કુશળતાથી બન્ને જણા નગરમાં પહોંચી ગયા.

અંધ વ્યક્તિ જ્ઞાન રહિત છે પણ ક્રિયાશીલ છે.

પંગુ વ્યક્તિ ક્રિયા રહિત છે પણ જ્ઞાની છે.

બન્નેનો સંયોગ એટલે જ્ઞાન અને ક્રિયાનો સંયોગ છે, જેથી સિદ્ધિ – સફળતા પ્રાપ્ત થાય છે.

એક ચક્રવાળો રથજેમ પ્રયાણ ન કરી શકે ઈચ્છિત સ્થાને ન પહોંચી શકે તેમ જ્ઞાન કે ક્રિયા એકલા મોક્ષમાર્ગે આગળ ન જ વધી શકે. મોક્ષમાર્ગની સફળતા માટે જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમન્વય અતિ આવશ્યક જ નહિં પરંતુ અનિવાર્ય છે.

**ચારિત્ર વગરનું ઘણું પણ જ્ઞાન નકામું છે.**

सुबहुंपि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ।
अंधस्स जह पलित्ता, दिवसयसहस्सकोडीओ ।।५९।।

**અર્થ :-** જેમ સળગાવેલા ક્રોડો દીવાઓ પણ અંધને કાંઈ પ્રકાશ આપી શકતા નથી, તેમ

ચારિત્ર રહિત આત્માને તેણે ઘણું ઘણું મેળવ્યું હોય, તો પણ તે કંઈ પણ (લાભ) કરી શકતું નથી. ॥૫૯॥

દિવાળી આવે... ચારે બાજુ દીવા જ... દીવા...

સર્વત્ર રોશની છે... કરોડો દીવડા ઝગમગી રહ્યા છે...

પરંતુ આ બધું કોના માટે ? જેની પાસે આંખો છે એના માટે. જેની પાસે આંખો નથી એના માટે આ બધું નિરર્થક છે. કરોડો દીવડા પણ અંધને અજવાળું નથી કરી શકતા એના માટે તો સર્વત્ર અંધકારજ છે.

એવીજ રીતે જે ચારિત્ર રહિત છે એની પાસે ઘણું પણ શ્રુતજ્ઞાન હોય તો પણ તે જ્ઞાન લાભદાયી બની શકતું નથી.

જ્ઞાનનું ફળ શું છે ? **ज्ञानस्य फलं विरति।**

જ્ઞાનનું ફળ વિરતિ છે... ચારિત્ર છે.

ચારિત્ર રહિતનું જ્ઞાન પોતાના સ્વકાર્યને સાધતું નથી તેથી તે નિરર્થક છે.

ચારિત્રથી રહિત જ્ઞાન...

દર્શન-સમ્યક્ત્વથી રહિત વેષનો સ્વીકાર...

સંયમ વિના તપસ્યાનું આચરણ...

આ બધું જ નિષ્ફળ છે. એ માટે જેમ જેમ જ્ઞાન આવે તેમ વિરતિની પ્રાપ્તિ થવીજ જોઈએ.

પરમાત્માની એકદા વાણી સાંભળી અને ગજસુકુમાલ ચારિત્રધારી બન્યા...

સુધર્માસ્વામીના મુખે જિનવાણી સાંભળી અને જંબૂકુમાર સાધુ બન્યા...

પ્રભુ મહાવીરના મુખે ચંડકૌશિકે બુઝ...બુઝ ના શબ્દ સાંભળ્યા અને એમનો ક્રોધ શાંત થયો અને અણસણ સ્વીકારી આઠમા દેવલોકને પામ્યા...

આવું જે અદ્ભૂત શ્રુતજ્ઞાન છે એની પ્રાપ્તિ થાય પરંતુ ચારિત્ર ન હોય તો એના માટે બધું જ નિષ્ફળ થાય.. આત્મકલ્યાણ કરનારું ન બની શકે. આપણી પાસે જ્ઞાનને સફળ બનાવનાર ચારિત્ર છે કે કેમ ? એની વિચારણા કરવાની છે. ચારિત્ર આવે પછી જેમ જેમ જ્ઞાનની વૃદ્ધિ થાય છે તેમ તેમ ચારિત્રની વિશુદ્ધિ થતી જાય છે. ચારિત્ર વધુને વધુ નિર્મળતાને પામે છે. પરંતુ જ્યાં ચારિત્ર નથી ત્યાં ઘણું બધું પણ આગમ જ્ઞાન નિષ્ફળતાને પામે છે.

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે ''શ્રુતજ્ઞાનમાં તેમજ મતિજ્ઞાનમાં વર્તતો છતો પણ જે જીવ તપ-સંયમરૂપ યોગોને વહન કરી શકતો નથી તે મોક્ષ પામતો નથી.''

ફક્ત એકલું જ્ઞાન ઇચ્છિત અર્થ પ્રાપ્ત કરાવનાર થતું નથી. - સત્ક્રિયા રહિત હોવાથી જ્ઞાન પોતાના દેશને પ્રાપ્ત કરવા ઇચ્છતા, ગમનક્રિયા રહિત માર્ગ જાણનાર મનુષ્યની જેમ. માર્ગને જાણે છે એટલે જ્ઞાન છે પરંતુ સત્ક્રિયા નથી તેથી ચારિત્ર નથી. તેથી વ્યક્તિ સ્વસ્થાને પહોંચી ન શકે.

માર્ગને જાણનાર ખલાસી હોય પરંતુ જો ઇચ્છિત સ્થાને લઈ જનાર પવનની ક્રિયા રહિત હોય તો વહાણ યોગ્ય સ્થાને ન પહોંચે.

અત્યંત નિપુણ-હોશિયાર ખલાસીને પ્રાપ્ત કરનાર વહાણ સારા સુકાનીથી અધિષ્ઠત થયો હોવા છતાં અનુકુળ પવન વિના સાગરને તરીને વાણિયાઓના ઇષ્ટ ભૂમિને પ્રાપ્ત કરવા સમર્થ થઈ શકતું નથી. એવીજ રીતે શ્રુતજ્ઞાનરૂપી નિપુણ ખલાસીને - નિર્યામકને પામનાર જીવરૂપી વહાણ, સારી રીતે નિપુણ મતિજ્ઞાન કર્ણધારથી અધિષ્ઠિત હોવા છતાં પણ સંસાર સાગર તરીને સિદ્ધ પદને પામી શકતું નથી.

આ વિષયમાં નિર્યુક્તિકાર મહર્ષિ કહે છે કે

એક કાચબો છે. આ કાચબો ઘણાજ તૃણ પાંડદારૂપી છિદ્રવિનાના આવરણથી આચ્છાદિત થયેલા પાણીથી અંધકારવાળા મહાદ્રહમાં અનેક જલચર પ્રાણીઓથી ક્ષોભ વિગેરે સંકટોથી મનમાં પીડા પામતો પરિભ્રમણ કરે છે. ઘણા મુશ્કેલીઓથી એકદા પુણ્ય જાગૃત થતાં પાણી ઉપરના આવરણમાં છિદ્ર જોવા મળે છે. છિદ્ર મળતાંજ એમાંથી એ બહાર નિકળે છે. બહાર નિકળતાં શરદ્‌ઋતુના ચંદ્રના કિરણોના સ્પર્શથી અત્યંત સુખને અનુભવે છે. એ સુખને દેવલોકના સુખ તુલ્ય ગણે છે.

આવા સુખને અનુભવતાં એને પોતાનો પરિવાર યાદ આવે છે. મારા પરિવારને આવા દેવલોક સમાન મહા આનંદ - સુખકારી કાંઈક બતાવું. એમ વિચારી પરિવારના સ્નેહના કારણે ફરી પાણીમાં પ્રવેશ કરે છે. પછી એમાંથી બહાર નિકળવા છિદ્ર શોધતો કષ્ટ અનુભવે છે.

એવીજ રીતે આ જીવરૂપી કાચબો, અનાદિ કર્મ પરંપરાના આવરણના કારણે મિથ્યાત્વાદિ અંધકારમય અને વિવિધ પ્રકારના મન અને તનના રોગો એવં ઇષ્ટવિયોગ - અનિષ્ટ સંયોગરૂપી જળચરોથી ભરેલા સંસારરૂપી સાગરમાં પરિભ્રમણ કરતાં પુણ્યના ઉદયે મનુષ્યભવ સંવર્તનીય કર્મરૂપી છિદ્રને પામે છે અને મનુષ્યત્વની પ્રાપ્તિથી ઉંચા ચઢતાં જિન વચનરૂપી કિરણોના સ્પર્શથી બોધ પામે છે. આ કાંઈક દુર્લભ છે. એવું જાણે છે. પરંતુ ફરી પોતાના પરિવારના સ્નેહથી ખેંચાઈને વિષયોમાં રાગી બની ભવસાગરમાં ડૂબે છે.

કાચબો તિર્યંચ છે એ ડૂબે પરંતુ ખરેખર માનવ એમાં ન ડૂબવો જોઈએ. પરંતુ કહે છે કે ચારિત્ર રહિત હોય તે ઘણું જાણવા છતાં પણ ડૂબે છે.

## સદાચારીને થોડું પણ જ્ઞાન ઘણો ઉપકાર કરે છે.

अप्पंपि सुअमहीअं, पयासगं होइ चरणजुत्तस्स ।
इक्कोवि जह पईवो, सचक्खुअस्स पयासेइ ।।६०।।

અર્થ :- જેમ દેખતા મનુષ્યને માત્ર એક દિપક પણ પ્રકાશ આપે છે, તેમ ચારિત્રયુક્ત પુરુષનો થોડો પણ શ્રુતાભ્યાસ આત્મામાં પ્રકાશ કરે છે. ।। ૬૦ ।।

આંખમાં રોશની નથી તો કરોડો દીપકો પણ પ્રકાશ આપી શકતા નથી પરંતુ જેની પાસે આંખની રોશની છે એના માટે તો પ્રકાશ પાથરવા એક દીપક પણ ઘણો છે... એને ઘણા દીવડાઓની આવશ્યકતા હોતી નથી. આપણી રોશની આપણો દીવડો સર્વત્ર દિવાળી કરવા સમર્થ છે.

જેમ આંખોમાં રોશની જોઈએ તેમ જીવનમાં સદાચાર જોઈએ. સદાચારી જીવને થોડું પણ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થઈ જાય તો એ પોતના આત્મામાં પ્રકાશ પાથરી ભવસાગર તરવા સમર્થ બની જાય છે. બીજાના ભરોસે નહીં સ્વબળે આગળ આવવાનું છે. પારકી આશા સદા નિરાશા. મારૂં જ્ઞાન અને મારૂં ચારિત્ર જ મારા માટે તારક બનશે. બીજાનું જ્ઞાન કે બીજાનું ચારિત્ર મને ન જ તારી શકે.

એક હતા સંત... એમના દ્વારે એક અતિથિ આવ્યા...

સંતે અતિથિનો સત્કાર કર્યો... સમયાનુસાર પ્રેમથી જમાડયા...

આરામ કરવા માટે સુયોગ્ય સગવડ કરી આપી... બીજા દિવસે વહેલી સવારે અતિથિપ્રયાણ કરવા તૈયાર થયા.. સંત પણ ઉઠયા... પ્રેમથી અતિથિને વિદાય આપી... આશ્રમના દ્વાર સુધી મૂકવા ગયા...

આશ્રમના દ્વારને ખોલતાં જ સંતે પોતાનો દીવડો ઓલવી નાંખ્યો... અતિથીને સંતનું વર્તન ન સમજાયું. એમણે કહ્યું - ''મહારાજ થોડીવાર દીવાનો પ્રકાશ આવવા દીધો હોત તો હું આગળ જવાનો રસ્તો સારી રીતે જોઈ શક્યો હોત.''

સંતે કહ્યું - ''વત્સ ! તારો રસ્તો શોધવા માટે મારો દીવો કામ ન લાગે, એના માટે તારે તારો પોતાનો દીપક પ્રગટાવવો જોઈએ.''

તપાસી લો પોતાના અંતરને ! દીપક પ્રગટેલો છે કે બુઝાયેલો છે ?

બીજાના સહારે ક્યાં સુધી આગળ વધશો ? એમાં તમારી સલામતી કેટલી ?

દેવ અને ગુરુ પણ અમુક મંઝિલ સુધી જ સાથ આપી શકે છે. **અંતે આપણે આપણા દીપકના અને પ્રકાશના સહારે જ આગળ વધવાનું છે.** દેવ-ગુરુના સહારે અને સાનિધ્યે એકજ કામ કરવાનું છે અંદરમાં સમ્યગ્દર્શનનો દીવો પ્રગટાવવો છે. પછી મુક્તિની મંઝિલે પહોંચતા અટકાવવાની તાકાત દુનિયામાં કોઈની પણ નથી.

**આવો ! પ્રયત્ન આદરીએ. પ્રગટી જશે દીપક.. થઈ જશે દિવાળી.**

## પ્રતિમા વહન

મનુષ્ય ભવ... જિનશાસન... પુણ્યના ઉદયથી મળી ગયા...

શ્રાવક જીવનના બાર વ્રતોનો સ્વીકાર પણ કરી લીધો...

સાધુપણાના ભાવ હજી મજબૂત નથી... સંયમ માટેનું સત્વ હજી પ્રગટ્યું નથી તો આવા શ્રાવકોએ આરાધનાને પૂર્ણવિરામ આપવો ? બારવ્રતોના પાલનમાં સંતોષ માની લેવાનો? ના...ના... આવું નથી. બાર વ્રતોથી આગળ વધતા શ્રાવક અગિયાર પ્રતિમાઓને ભાવી... વહન કરી... પોતાને ભવિષ્યમાં સાધુતાના ગુણોને પ્રગટાવવારૂપ સત્વને વિકસિત કરે છે. આનંદાદિ શ્રાવકોએ આ પ્રતિમાઓ વહન કરી હતી. આપણે શ્રાવકના કર્તવ્યરૂપ અગિયાર પ્રતિમાઓનો પરિચય કરીશું.

**'પ્રતિમા એટલે અભિગ્રહ'** અથવા **'પ્રતિમા એટલે મૂર્તિ'**

મૂર્તિ નિશ્ચલ હોય છે એ ક્યારેય ચલાયમાન ન થાય. એવી રીતે જે **અભિગ્રહ પાલનમાં જીવ ચલાયમાન નથી થતો મૂર્તિની જેમ નિશ્ચલ-સ્થિર હોય છે તે પ્રતિમા કહેવાય છે.** સામાન્ય અભિગ્રહોમાં અપવાદ માર્ગે છૂટછાટ હોય છે પરંતુ આ પ્રતિમા પાલનમાં ક્યાંય કોઈ અપવાદ ન હોય. પ્રતિમાનું આરાધન શ્રાવક માટે પરંપરાએ મોક્ષનું સુખ આપનાર બને છે આ અગિયાર પ્રતિમા આ પ્રમાણે છે –

दंसण[१]–वय[२]–सामाइय[३]–पोसह[४]–पडिमा[५]–अबंभ[६]–सच्चित्ते[७] ।
आरंभ[८]–पेस[९]–उद्दिट्ठ[१०]–वज्जए समणभूए[११] य ॥६१॥

પ્રતિમાઓના નામ જણાવે છે -

(૧) દર્શન પ્રતિમા (૨) વ્રત પ્રતિમા (૩) સામાયિક પ્રતિમા (૪) પૌષધ પ્રતિમા (૫) પ્રતિમા પ્રતિમા (કાયોત્સર્ગ પ્રતિમા) (૬) બ્રહ્મચર્ય પ્રતિમા (૭) સચિત્ત ત્યાગ પ્રતિમા (૮) આરંભ વર્જન પ્રતિમા (૯) પ્રેષણ વર્જન પ્રતિમા (૧૦) ઉદ્દિષ્ટ વર્જન પ્રતિમા અને (૧૧) શ્રમણભૂત પ્રતિમા.

હવે આપણે આ પ્રતિમાઓને સંક્ષેપથી જાણીશું.

**(૧) દર્શન પ્રતિમા :-** દર્શન એટલે સમ્યગ્દર્શન - કોઈ પણ આગાર એટલે છૂટછાટ વગર સમ્યગ્દર્શનનો સ્વીકાર કરે. સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું અને કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું આવું તો સદા બોલતા આવ્યા છીએ એને કોઈ પણ અપવાદ વગર જીવનમાં ઉતારવાનો આ અવસર છે. આ પ્રતિમામાં સુદેવ-સુગુરુ-સુધર્મ સિવાય, વ્યવહારીક કાર્ય નિમિત્તે રાજા આદિને પણ નમસ્કાર ન કરે. શમ-સંવેગાદિ સમ્યક્ત્વના પાંચ લક્ષણો સુંદર રીતે વિકસાવે. શંકા-કાંક્ષાદિ કોઈ અતિચાર ન લગાડે. અપવાદ અને અતિચાર વિનાનું શુદ્ધ સમકિત એક મહિના માટે પચ્ચક્ખાણ સહિત સ્વીકારે તે પ્રથમ દર્શન પ્રતિમા છે. દેવાદિના ઉપસર્ગમાં પણ ચલાયમાન ન થાય એવી સત્વશાળી વ્યક્તિ જ આ અને આગળ જણાવેલી પ્રતિમા વહન કરી શકે.

**(૨) વ્રત પ્રતિમા -** વ્રત પ્રતિમામાં શ્રાવકના બારે બાર વ્રત સ્વીકારવાના હોય છે. તથા એ વ્રતોમાં ક્યાંય કોઈ છૂટ ન હોય. એમાં ક્યાંય અપવાદ માર્ગનું સેવન પણ ન થાય અને કોઈ વ્રતમાં અતિચાર પણ ન લાગવો જોઈએ. આવી રીતે પ્રથમ દર્શન પ્રતિમા સહિત વ્રત પ્રતિમાનું પાલન બે મહિના માટે કરવાનું હોય છે.

**(૩) સામાયિક પ્રતિમા -** સામાયિક પ્રતિમામાં કોઈ પણ અપવાદ અને અતિચાર વિના સવારના એક અને સાંજે એક એમ બે સામાયિક કરવાના હોય છે. પ્રથમ બે સમ્યક્ત્વ અને વ્રત પ્રતિમા સહિત આ સામાયિક પ્રતિમાનું પાલન ત્રણ મહિના સુધી કરવાનું હોય છે.

**(૪) પૌષધ પ્રતિમા -** આઠમ, પક્ખી (પુનમ-અમાસ) વિગેરે તિથિઓમાં અપવાદ અને અતિચાર રહિત શુદ્ધ પૌષધવ્રતની આરાધના કરે આ પૌષધ રાત-દિવસનો હોય છે. સંપૂર્ણ શુદ્ધ પૌષધ અને પ્રથમની ત્રણ પ્રતિમાઓ એનું પાલન અખંડપણે ચાર મહિના સુધી કરે.

**(૫) કાયોત્સર્ગ પ્રતિમા -** પ્રતિમાકલ્પ એટલે પ્રતિમાની વિધિ અને આચારને જાણનારો શ્રાવક પર્વતિથિએ પૌષધ કરે. રાતના ગામ બહાર સ્મશાનાદિ સ્થાને અથવા ખંડેર એવા ઘરોમાં રાતે કાયોત્સર્ગ ધ્યાને રહે. આવા સ્થાનોમાં નિર્ભય બનીને રહે. રાતે ભૂતાદિ વ્યંતરાદિનો

ઉપસર્ગ થાય તો પણ કાયોત્સર્ગમાંથી ચલાયમાન ન થાય. સર્વ પ્રકારના ઉપસર્ગોને સમતા પૂર્વક સહન કરે. આમાં ક્યાંય અપવાદ કે અતિચારનું સેવન ન કરે. આવા કાયોત્સર્ગ પ્રતિમા સહિત પૂર્વની ચાર પ્રતિમાઓનું પાંચ મહિના માટે પાલન કરે તે કાયોત્સર્ગ પ્રતિમા છે.

**(૬) બ્રહ્મચર્ય પ્રતિમા –** વ્રત પ્રતિમામાં શ્રાવક દિવસે બ્રહ્મચર્યનું પચ્ચક્ખાણ કરે છે. પરંતુ ત્યાં રાત્રે અમુક નિયમથી અબ્રહ્મચર્ય હતું. (સ્વદ્વારા સંતોષાદિ રૂપ) પરંતુ શ્રાવક જ્યારે આ બ્રહ્મચર્ય પ્રતિમાને વહન કરે છે ત્યારે દિવસ-રાતના સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતને કોઈ પણ અપવાદ કે અતિચાર વિના સંપૂર્ણ શુદ્ધિ પૂર્વક પાળે છે. આવા શુદ્ધ – સંપૂર્ણ બ્રહ્મચર્ય સાથે ઉપરોક્ત પાંચ પ્રતિમા છ મહિના સુધી વહન કરે છે.

**(૭) સચિત્ત ત્યાગ પ્રતિમા –** વ્રત પ્રતિમામાં સચિત્તની મર્યાદા કરવામાં આવે છે જ્યારે આ પ્રતિમામાં સચિત્તનો સર્વથા ત્યાગ હોય છે. અન્ય પણ સાવદ્યાહારનો અહીં ત્યાગ કરવામાં આવે છે. અપવાદ – અતિચાર વિના પૂર્વોક્ત છ પ્રતિમા સાથે સચિત્ત – સાવદ્ય આહારનો સર્વથા ત્યાગ તે સચિત્ત ત્યાગ પ્રતિમા છે.

**(૮) આરંભ કરણ ત્યાગ પ્રતિમા –** આરંભ એટલે જે કરતાં ઘણી હિંસા – જીવ વિરાધના થાય એવા કાર્ય. અહીં આરાધનામાં આગળ વધતો શ્રાવક પાપ ભીરુતા ના કારણે આરંભથી પાછો વળે છે. છતાં આ પ્રતિમામાં આરંભ સ્વયં ન કરે પરંતુ એ કાર્ય બીજા પાસેથી કરાવવાની છૂટ છે. ત્યાં નિયમ નથી. જે કરતો નથી અને બીજા પાસેથી ન છૂટકે કરાવવું પડે તો પણ એના અંતરમાં વેદના છે તેથી તેને અલ્પદોષ લાગે છે પરંતુ જો સ્વયં કરે તો નિર્ધ્વંસ પરિણામવાળો થાય છે. આ પ્રતિમા પણ ઉપરોક્ત સાત પ્રતિમાઓની સાથે આઠ મહિના સુધી કોઈ અપવાદ – અતિચાર વિના વહન કરવાની છે.

**(૯) આરંભ કરાવણ ત્યાગ પ્રતિમા –** આઠમી પ્રતિમામાં ફક્ત આરંભ કરવાનો ત્યાગ હતો પરંતુ કરાવવાનો આગાર હતો, પરંતુ અહીં નવમી પ્રતિમા પ્રથમની આઠ પ્રતિમા સાથે નવ મહિના સુધી વહન કરવાની છે. અપવાદ – અતિચાર રહિત આરંભ કરવા તથા કરાવવાનો એમાં ત્યાગ હોય છે. આવો શ્રાવક ઘરના સર્વ કાર્યોમાંથી મુક્ત થાય છે. ઘર-સંસારની જવાબદારી પુત્રને સોંપીને પોતે આરંભ કરવા અને કરાવવાનો ત્યાગ કરે છે.

**(૧૦) ઉદ્દિષ્ટ વર્જક પ્રતિમા –** ઉદ્દિષ્ટ એટલે ઉદ્દેશથી. સાધુને જેમ સાધુના નિમિત્તથી થયેલા આહારાદિ ન કલ્પે તેમ અહીં પણ આ પ્રતિમાધારીને એના ઉદ્દેશથી થયેલી કે પુત્રાદિએ કરેલી વસ્તુ કલ્પે નહીં આ પ્રતિમાધારી શ્રાવક પણ સાધુની જેમ ઘર-ઘરથી આહારાદિ વહોરીને

વાપરે. પરંતુ સ્વનિમિત્તનું કશું જ ઉપયોગ માં ન લે. મસ્તક મુંડન કરાવે અથવા એક માત્ર શીખા રાખે આ પ્રતિમા સાથે ઉપરોક્ત નવ પ્રતિમાઓને દસ મહિના સુધી વહન કરે.

**(૧૧) શ્રમણભૂત પ્રતિમા** - સાધુ જીવનનોજ સ્વીકાર કરાવતી આ પ્રતિમા છે. અહીં પ્રતિમા વહન કરનાર શ્રાવક સાધુ જેવુંજ આચરણ કરે છે.

* મસ્તકે મુંડન કરાવે અથવા સાધુની જેમ લોચ કરે.
* રજોહરણ - પાત્રા વિગેરે રાખી સાધુની જેમ વિચરે.
* સાધુ સમાન ક્રિયા - અનુષ્ઠાન કરે.
* પાંચ સમિતિ ત્રણ ગુપ્તિનું સુંદર પાલન કરે.
* ગોચરી માટે સાધુની જેમ ઘેર ઘેર જાય અને **''प्रतिमाप्रतिपन्न-श्रमणोपासकाय भिक्षां देहि''** એ પ્રમાણે કહીને ભિક્ષા માગે.
* કોઈ પૂછે તો એને પોતાનો પરિચય **પ્રતિમાપ્રતિપન્ન શ્રમણોપાસક** તરીકે આપે.
* એવી રીતે અગિયાર મહિના સુધી ગામ - નગર આદિમાં વિહાર કરતો વિચરે.
* વિહાર પણ માસકલ્પ અનુસાર કરે.
* સર્વ અગિયાર પ્રતિમાઓ અગિયાર મહિના સુધી વહન કરે.

એવી રીતે અગિયાર પ્રતિમાઓ ઉત્કૃષ્ટતાથી વહન કરતાં છાંસઠ મહિના થાય. એટલે પાંચ વરસ અને છ મહિના થાય.

પ્રથમ પ્રતિમાને એક માસ પહેલી - બીજી ને બે માસ, આ જે કાળ કહ્યો છે તે ઉત્કૃષ્ટ જાણવો. જઘન્યથી દરેક પ્રતિમા અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવી તે મરણ નજીક હોય ત્યારે સમજવી.

શ્રાવક જેમ જેમ પ્રતિમા વહન કરે છે તેમ - તેમ એનો આત્મ-વિશ્વાસ વધતો જાય છે. મમત્વ ભાવ ઘટીને સહન કરવાની શક્તિમાં વૃદ્ધિ થાય છે. સમતાની વૃદ્ધિ કર્મ નિર્જરા કરાવે છે અને આવતા કર્મોને અટકાવી સંવર ભાવમાં સ્થિરતા અપાવે છે.

પ્રતિમા વહન કરતો શ્રાવક શ્રમણોપાસકમાંથી શ્રમણ બને છે... અથવા ફરી સંસારમાં શુદ્ધ દેશવિરતિ શ્રાવક તરીકે સ્થિર થાય છે. આ અગિયાર પ્રતિમાઓ શ્રાવકને મોક્ષ આપનારી છે.

પ્રભુ મહાવીરના આનંદાદિ દસે દસ શ્રાવકોએ આત્મશુદ્ધિ માટે આ પ્રતિમાઓ વહન કરી હતી એ વાત ઉપાસક દશાંગમાં જણાવવામાં આવી છે. આપણે પણ યથાશક્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાનુસાર પ્રતિમા વહન કરીને સંવર અને નિર્જરાની સાધના કરવા યોગ્ય પુરૂષાર્થ આદરવા જેવો છે.

# મૈથુન

ઉત્કૃષ્ટ શ્રાવક સચિત્ત આહારનો ત્યાગ કરનાર... એકાસણે ભોજન કરનાર અને બ્રહ્મચારી હોય છે. મૈથુનમાં આસક્ત થયેલા સ્ત્રી પુરુષને ઉત્કૃષ્ટથી સૂક્ષ્મ નવ લાખ જીવોના વિનાશનું પાપ લાગે છે.

**મૈથુનમાં થતી જીવહિંસા જિનેશ્વરદેવોએ કહેલી છે.**

मेहुणसन्नारुढो, नवलक्ख हणेइ सुहुमजीवाणं ।
तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ।।६२।।

**અર્થ :-** મૈથુનસંજ્ઞાને વિષે આરુઢ થયેલો મનુષ્ય નવલાખ સૂક્ષ્મ જીવોને (મનુષ્યોને) હણે છે, એ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે તે શ્રદ્ધાથી માન્ય કરવું. ॥ ૬૨ ॥

શાસ્ત્રમાં કહેલું છે કે – એક જ વખતના મૈથુન સેવનથી સ્ત્રીની યોનિમાં નવલાખ ગર્ભજ અને અસંખ્યાતા સંમૂર્છિમ મનુષ્યો તથા લાખો બેઈન્દ્રિ જીવો ઊપજે છે, તેમાંથી એક યા બે ગર્ભજ મનુષ્યો ગર્ભરૂપે કોઈ વખત જ જીવતા રહી જન્મ લઈ શકે છે, બાકીના બધા ગર્ભજ સંમૂર્છિમ મનુષ્યો તથા બેઈન્દ્રિય જીવોનો નાશ થાય છે.

સર્વ કાળમાં... સર્વ જીવોને... ચાર સંજ્ઞાઓ સતાવે છે. આ ચાર સંજ્ઞા છે – (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા અને (૪) પરિગ્રહસંજ્ઞા. આ ચાર સંજ્ઞા ઓછા-વત્તા અંશે બધાને હેરાન કરે છે. એમના પાશમાં ફસાયેલો જીવ આત્મતત્વને સમજી કે આદરી શક્તો નથી. એટલા માટે જ તો તીર્થંકર પરમાત્મા ચાર પ્રકારના ધર્મની સ્થાપના કરે છે. આ ધર્મના ચાર પ્રકાર છે. (૧) દાન (૨) શીલ (૩) તપ અને (૪) ભાવ – જેમ જેમ ધર્મનો પ્રભાવ જીવનમાં વધતો જાય છે તેમ તેમ સંજ્ઞાઓનું જોર ઘટતું જાય છે.

દાન ધર્મ જીવનમાં પ્રવેશતાં પરિગ્રહ સંજ્ઞા ઘટતી જાય છે.

શીલ ધર્મ જીવનમાં પ્રવેશતાં મૈથુન સંજ્ઞા ઘટતી જાય છે.

તપ ધર્મ જીવનમાં પ્રેવશતાં આહાર સંજ્ઞા ઘટતી જાય છે.

શુભ ભાવ ધર્મ જીવનમાં પ્રવેશતાં ભય સંજ્ઞા ઘટતી જાય છે.

અહિં મૈથુન સંજ્ઞાની વાત જણાવતાં કહે છે કે અબ્રહ્મ સેવનમાં તત્પર થયેલ પુરુષ

ઉત્કૃષ્ટ થી નવ લાખ સૂક્ષ્મ જીવોને (કેવળીથી જાણી શકાય એવા) હણે છે. આગમ જણાવે છે કે-

**इत्थी जोणीए संभवंति बेइंदिया उ जे जीवा ।**

**इक्को व दो व तिन्नि व लक्खपहुत्तं च उक्कोसं ।।**

સ્ત્રી યોનિમાં જે બેઈંદ્રિય જીવો ઉત્પન્ન થાય છે, તે એક અથવા બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ (લાખ પૃથકત્વ) બે થી નવ લાખ ઉત્પન્ન થાય છે.

ભગવતી અંગના બીજા શતકના પાંચમા ઉદ્દેશમાં કહ્યું છે કે - પ્રશ્ન - ''મૈથુન સેવનારથી કેવો અસંયમ કરાય છે ?'' આ પ્રશ્ન નો જવાબ આપતાં પ્રભુ મહાવીર કહે છે - ગૌતમ! જેમ કોઈ પુરુષ રૂની ભરેલી વાંસની નળી અથવા બુર (બરૂની) નળીને તપાવેલા કનકવડે અથવા લોઢાવડે ખુબ ઘર્ષણ કરે, ગૌતમ! એવી રીતે મૈથુન સેવનારથી અસંયમ કરાય છે.''

એક નરથી ભોગવાયેલી નારીના ગર્ભમાં એક વારમાં ઉત્કૃષ્ટ નવ લાખ પંચેન્દ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. નવ લાખમાંથી એક અથવા બે ની અસ્તિતા થાય છે. અને બાકીના તો એમને એમજ વિનાશ પામે છે.

હવે સ્ત્રી પુરુષના સંયોગથી ઉત્પન્ન થતા અસંખ્યાતા સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યોની વાત જણાવે છે.

## શ્રી પન્નવણાસૂત્રની સાક્ષી

**असंखया थीनरमेहुणाओ, मुच्छंति पंचिंदिय माणुसाओ ।**
**निसेसअंगाणविभत्तिचंगे, भणई जिणो पन्नवणाउवंगे ।।६३।।**

**અર્થ :-** સ્ત્રી અને પુરુષના એક વખતના સંયોગથી અસંખ્યાતા સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. એમ સર્વ અંગસૂત્રોના અર્થનું જેમાં વિવરણ છે તે ઉત્તમ શ્રી પન્નવણા ઉપાંગને વિષે શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યું છે. ॥ ૬૩॥

પ્રજ્ઞાપના ઉપાંગમાં ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને પ્રશ્ન પૂછે છે - ''હે ભગવંત ! સંમૂચ્છિમ મનુષ્યો કેવી રીતે ઉત્પન્ન થાય છે ?''

પ્રભુ કહે છે - ''હે ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રમાં ૪૫ લાખ યોજન પ્રમાણ અઢીદ્વીપ સમુદ્રમાં, ૧૫ કર્મભૂમિમાં, ૩૦ અકર્મભૂમિમાં, ૫૬ અંતરદ્વીપમાં ગર્ભજ મનુષ્યોના જ

ઉચ્ચારમાં, વિષ્ટામાં, મૂત્રમાં, ખેલમાં, બડખામાં, નાકના મેલમાં, ઉલટીમાં, પિત્તમાં, વીર્યમાં, લોહીમાં, વીર્યના પુદ્‌ગલોના પરિશાટનમાં, વિકૃત કલેવરમાં, સ્ત્રી-પુરુષોના સંયોગોમાં ગામની ખાળ-ગટરોમાં, નગરની ગટરોમાં, સર્વ અશુચિસ્થાનોમાં અંગુલના અસંખ્યાતમાં ભાગમાત્ર અવગાહનાવડે સંમુચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તે અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્ત, અંતર્મુહૂર્ત આયુષ્ય વાળા થઈને જ કાળ કરે છે.

એવી રીતે મૈથુન સેવનમાં ગર્ભજ અને સંમૂચ્છિમ જીવોની મોટી સંખ્યામાં હાનિ થતી હોવાથી તે ઘોર મહાપાપના હેતુભૂત હોવાથી વર્જવા યોગ્ય છે. તેથી પ્રથમ પ્રાણાતિપાત વિરમણવ્રતની વિરાધના થાય છે.

કામી-વિષયાર્ત મનુષ્યોને સત્યવાદિ પણું સંભવતું નથી આ વાત લોકમાં પ્રસિદ્ધ છે. વાણિક, વેશ્યા, ચોર, જુગારી, પરસ્ત્રીલંપટ, દ્વારપાલ અને નાસ્તિક એ સાત અસત્યના મંદિર કહેવાયા છે. તેથી ત્યાં મૃષાવાદ વિરમણવ્રતની વિરાધના થાય છે.

મૈથુનથી પાંચે - પાંચ વ્રતોની વિરાધના જણાવે છે. ત્યારે પ્રશ્ન ઉભો કરવામાં આવે છે કે પતિ વિગેરેની અનુમતિથી પરણેલી પોતાની સ્ત્રી સાથે મૈથુન સેવનારને ત્રીજા વ્રતનો ભંગ કેવી રીતે સંભવી શકે ?

આ પ્રશ્નનો જવાબ આપતાં કહે છે કે - ગીતાર્થ ભગવંતોએ સ્વામિ - અદત્ત, જીવ-અદત્ત, તીર્થંકર-અદત્ત અને ગુરુ-અદત્ત એમ ચાર પ્રકારના અદત્તાદાન કહ્યા છે.

તીર્થંકર પરમાત્માએ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલા જીવોને મૈથુનનો સર્વથા નિષેધ કરેલો છે, તેથી મૈથુન તીર્થંકર અદત્ત છે.

સ્વામી એટલે દેશાધિપતિએ પણ અનુજ્ઞા ન આપેલ હોવાથી તે સ્વામિ અદત્ત છે.

તેથી અબ્રહ્મનું સેવન કરતાં તીર્થંકર અદત્ત અને સ્વામિઅદત્તના કારણે ત્રીજા અદત્તાદાન વિરમણવ્રતની પણ વિરાધના થાય છે.

અબ્રહ્મથી ચોથાવ્રતનો તો પ્રગટ ભંગ થાય જ છે.

સ્ત્રી એજ પરિગ્રહ છે. તેથી અપરિગ્રહનો ભંગ કર્યા વિના કામિની સંભવતી નથી.

તેથી એક મૈથુનથી પાંચે પાંચ વ્રતો વિનાશ પામે છે. જ્યાં મૈથુનનું સેવન છે ત્યાં આત્માની સંપૂર્ણ વિસ્મૃતિ છે. તેથી મૈથુન અને મોક્ષમાર્ગ બન્ને સાથે ચાલી શકવા અસમર્થ છે.

એવી રીતે આત્મ ઘાતક અને પાંચવ્રત વિરાધક મૈથુનનો તો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ.

જેવી રીતે મૈથુન જીવસંસક્તિમાં હેતુ છે, તેમ મધાદિમાં પણ જાણવું. તે જણાવતાં કહે છે -

## મદિરા, મધ, માંસ અને માખણ એ ચારમાં ઉત્પન્ન થતા જીવોનું વર્ણન

मज्जे महुंमि मंसमि, नवणीयंमि चउत्थए ।
उप्पज्झंतिअसंखा, तव्वन्ना तत्थ जंतुणो ।।६४।।

અર્થ :- મદિરામાં, મધમાં માંસમાં અને ચોથા માખણમાં તેના વર્ણ સરખા વર્ણ (રંગ) ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે. ॥ ૬ ૪ ॥

માંસ, મદિરા, મધ અને માખણ આ ચાર મહાવિગઈ છે એમાં ક્ષણે ક્ષણે અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે. એના ભક્ષણથી જીવ ક્રૂર પરિણામી થાય છે માટે જ એ ત્યાજય છે.

મદિરામાં... મધમાં... માંસમાં અને ચોથા માખણમાં તેના વર્ણ સરખા વર્ણના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે.

કાચા... પકાવેલા... અને પકાવાતા માંસના ટુકડાઓમાં સતત નિગોદના - અનંતકાય જીવોની ઉત્પત્તિ થાય છે.

આવા આ પદાર્થો જીવને દુઃખ અને દુર્ગતિના દ્વારમાં ધકેલે છે. આવા કોઈ પણ પદાર્થો ને ખાવાનો સદાને માટે ત્યાગ કરવો જોઈએ. આપણા અનંતકાળનાં સંસાર પરિભ્રમણનું કારણજ આહાર સંજ્ઞા છે. આહાર સંજ્ઞાની ગુલામી આપણને અભક્ષ્ય પદાર્થો તરફ લલચાવે છે. આહાર બગડે એના વિચાર બગડે અને વિચાર બગડે એનું વર્તન બગડે. આપણને જો ત્રણને શુદ્ધ રાખવા હોય તો નિર્દોષ આહારના સ્વામી બનવાનો પુરુષાર્થ કરવાનો છે.

મદિરાની ઉત્પત્તિમાં પણ અસંખ્ય જીવોનો વિનાશ છે. મદિરા પાનમાં શરીર શક્તિના નાશ સાથે બુદ્ધિની હાની થાય છે. મદિરાના નશાથી વિવેક નાશ પામે છે. હિતાહિત - કાર્યાકાર્યની સમજણ ન પડવાથી આવા જીવો અકાર્યો કરવા પ્રેરાય છે. જ્યાં ત્યાં ગટરાદિમાં આળોટે છે. એમના મોઢાદિમાં કુતરા વિગેરે અશુચિ કરે છે. લોકમાં હાંસી પાત્ર થાય છે. ઘરમાં કંકાસ - કલેશ કરનારા થાય છે. સત્તા - સંપત્તિ અને સજ્જતાનો નાશ કરનારા બને છે. આવા મદિરાનો ત્યાગ જીવનમાં અતિ આવશ્યક છે.

મ્લેચ્છ લોકોના મોઢામાંથી નિકળતી લાળ વડે દુષિત મધ ખાનાર નિર્લજ્જ - નિર્દય અને અપવિત્ર હોય છે. જે ઔષધિની ઇચ્છાથી અલ્પ પણ મધ ખાય છે તે ટૂંક સમયમાં દુઃખી થાય છે. જીવીતની આશાથી ખાધેલું ઝેર જેમ જલ્દી જ જીવિતનો નાશ કરે છે તેમજ મધ માટે

પણ સમજવાનું છે. માખીઓના મુખથી થુંકાયેલાં... લાખો જંતુઓના ક્ષયથી ઉત્પન્ન થયેલાં... નરકમાં લઈ જનારા મધનો બુદ્ધિમાન વ્યક્તિઓએ ત્યાગ કરવો જોઈએ.

અન્ય દર્શનોમાં પણ કહેવાય છે કે અગ્નિથી સાત ગામોને બાળી રાખરૂપ કરવામાં જે પાપ ઉત્પન્ન થાય, તે પાપ મધના એક બિંદુના ભક્ષણથી ઉત્પન્ન થાય છે.

માંસ પણ મહાપાપનું ઉપાદાન નિમિત્ત છે. જે માંસ ખાવા જીવોનો ઘાત કરે છે... માંસ ખાય છે... માંસ વેચે છે... લાવે છે... પકાવે છે તે બધાજ દુર્ગતિના ભાગી બને છે. જે મનુષ્ય કુર્મિઓના સમૂહથી વ્યાપ્ત, દુર્ગંધિ, લોહી, ચરબી વિગેરેથી મિશ્રિત માંસ ખાય છે, તે મનુષ્યોમાં કોઈપણ પ્રકારની તિર્યંચથી ઉચ્ચતા જોવામાં કે જાણવામાં આવતી નથી.

માખણ ! જેમાં સતત સૂક્ષ્મ શરીર ધરાવનારા વિવિધ જંતુઓ ઉત્પન્ન થાય છે... તેને ખાનારા પ્રાણીઓ પાપથી નરક ભેગા થાય છે. માખણમાં અંતર્મુહૂર્ત પછી ઘણાજ... અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે. આવું માખણ વિવેકી મનુષ્યોએ ખાવુંજ ન જોઈએ.

મદિરાદિ ચારમાં અનંત જંતુઓની ઉત્પત્તિની વાત જણાવ્યા પછી હવે માંસ માટે વિશેષતાથી જણાવે છે –

आमासु य पक्कासु य, विपच्चमाणासु मंसपेसीसु ।
सययं चिय उववाओ, भणिओ य निगोय जीवाणं ।।६५।।

કાચી, પાકી અને પકાવાતી માંસની પેશીઓમાં નિરંતર નિગોદિયા જીવોની ઉત્પત્તિ કહેલી છે.

અગ્નિથી ન સંસ્કારેલી... અગ્નિથી સંસ્કારેલી... અગ્નિથી સંસ્કારાતી... માંસની પેશીઓમાં નિરંતર નિગોદિયા જીવોની ઉત્પત્તિ તીર્થંકર પરમાત્માએ કહી છે.

યોગશાસ્ત્રમાં હેમચંદ્રાચાર્ય કહે છે કે –

सद्यः संमूर्छितानन्तजन्तुसन्तानदूषितम् ।
नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ।।

જંતુઓને મારતાની સાથે જ ઉત્પન્ન થતા અનંત નિગોદ રૂપ જંતુઓની વારંવાર ઉત્પત્તિથી દૂષિત તથા નરકના માર્ગના ભાતા સમાન માંસને ક્યો બુદ્ધિશાળી મનુષ્ય ખાય ?

પાણીમાં લીલ કે પાપડમાં ફુગની માફક માંસમાં તરત જ તદ્વર્ણીનિગોદ એટલેજ અનંતકાય ઉત્પન્ન થાય છે. માંસ કાચું હોય કે રંધાયેલું પણ જીવોત્પત્તિ એમાં સતત ચાલુ જ

હોય છે. તે સિવાય પણ એના રસથી ઉત્પન્ન થતાં બીજા ત્રસ જીવો પણ તેમાં હોય છે. એવી રીતે અનંતકાય અને અતિસૂક્ષ્મ ત્રસ જીવોથી માંસ ભરપૂર હોય છે.

આ બધા કારણોથી ચારે મહાવિગઈઓ અસંખ્ય સૂક્ષ્મ ત્રસ જીવોથી અને અનંતકાયરૂપી નિગોદથી વ્યાપ્ત હોવાથી ત્યાગ કરવા યોગ્ય અને અભક્ષ્ય છે. એમનું સેવન અનંત જીવોને અશાતા પહોંચાડનાર હોવાથી તીવ્ર અશાતા વેદનીય કર્મનો બંધ કરાવનાર તેમજ શરીરમાં અનેક રોગ નિર્માણ કરનાર અને અલ્પ આયુષ્ય આપનાર બને છે.

ચાર મહા વિગઈનું સેવન હૃદયને કઠોર અને નિષ્ઠુર બનાવી નિર્દયતા અપાવે છે. મહા વિગઈઓના સેવનથી જીવ ક્રૂર પરિણામી બને છે. એના જીવનમાંથી દયા અને કરુણા વિદાય લે છે. આવા જીવોમાં ધર્મ પ્રવેશી શકતો નથી અને જીવો ધર્મથી વિમુખ બનતા જાય છે.

जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ।।६६।।

જિનેશ્વરના પ્રવચનની વૃદ્ધિ કરનારા... જ્ઞાન-દર્શન વિગેરે ગુણોના પ્રભાવક જિનદ્રવ્યની વૃદ્ધિ કરનાર જીવ તીર્થંકરપણું પામે છે.

જિનદ્રવ્ય કેવું છે ? તેનો પરિચય કરાવતાં કહે છે કે જિનદ્રવ્ય જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર છે. જિનદ્રવ્યની જ્યાં વૃદ્ધિ છે ત્યાં જિનાલયમાં પૂજા-સત્કાર-આદિ વિશેષ હોય છે. આવા ક્ષેત્રમાં મુનિરાજોનું આવાગમન વધારે થાય છે. જ્યાં મુનિજનોનું આવાગમન વધારે હોય ત્યાં વાચના-વ્યાખ્યાનાદિની પ્રવૃત્તિ સવિશેષ થાય છે. જ્યાં વાચના-વ્યાખ્યાનાદિની પ્રવૃત્તિ વધારે હોય ત્યાં જિન પ્રવચનની વૃદ્ધિ થાય છે. તેથી જ્ઞાન ગુણની પ્રભાવના થાય છે.

પાંચમાં અંગ શ્રી ભગવતીજી સૂત્રમાં શ્રમણોપાસકોનું વર્ણન આવે છે, શ્રમણોપાસક કેવા હોય ? તે જણાવતાં કહ્યું છે **લદ્ધટ્ઠા, ગહિઅટ્ઠા, પુચ્છિઅટ્ઠા, વિનિચ્છિઅટ્ઠા** વિગેરે. દરરોજનિયમિત ત્યાગી ગુરૂદેવો સમક્ષ વિધિપૂર્વક શાસ્ત્ર શ્રવણ કરનારા, સૂત્ર-અર્થને જાણનારા, હૃદયમાં ધારી રાખનારા, તર્ક-વિતર્ક દ્વારા તત્વનો નિર્ણય કરનારા અને શંકાઓનું નિરસન કરી પૂર્ણ શ્રદ્ધા ધરાવનારા હતા. આવા શ્રમણોપાસકો ક્યારે તૈયાર થાય ? જ્યારે ક્ષેત્ર શ્રેષ્ઠ હોય સુંદર જિનાલય હોય... અન્ય વ્યવસ્થા હોય.. સાધુઓનું આવવાનું થાય... શ્રાવકોમાં તત્વની ભૂખ જાગે... તત્વ સાંભળે - સમજે. આ બધાના પાયામાં સુંદર જિનાલયનું હોવું અને વિશેષ જિનદ્રવ્યના કારણે ત્યાં પૂજા-અર્ચના-સત્કારાદિ ક્રિયાઓની વિશાળતા

હોવી તે છે.

સાધુ ભગવંતના આવવાથી જ્ઞાન અને દર્શન ગુણની પ્રભાવના થાય છે. જ્ઞાન વધે તેમ શ્રદ્ધા વધે... મિથ્યાત્વ જાય અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

આવા જિનદ્રવ્ય-દેવદ્રવ્યની વૃદ્ધિ અને રક્ષણ એ પણ શ્રાવકનું એક મહાન કર્તવ્ય છે. **જિનદ્રવ્યની રક્ષા અને વૃદ્ધિ કરનાર જીવ તીર્થંકર પણું પામે છે.** પરંતુ સાથે સાથે ટકોર કરતાં કહે છે કે દેવદ્રવ્યની વૃદ્ધિપણ જિનાજ્ઞા પ્રમાણે જ થવી જોઈએ... જિનાજ્ઞાને પડખે રાખીને કદાપિ દેવદ્રવ્યની વૃદ્ધિ ન જ કરાય.

जिणवर आणा रहिअं, श्रद्धारिंता वि के वि जिणदव्वं ।

बुड्डंति भवसमुद्दे, मूढा मोहेण अन्नाणी ।।

**જિનાજ્ઞા રહિતપણે જિનદ્રવ્યને વધારનારા, પણ મૂઢ મનુષ્યો ભવસાગરમાં ડૂબે છે.** જિનાજ્ઞા રહિતપણે દેવદ્રવ્યમાં વૃદ્ધિ કેવી રીતે થાય ? તે જણાવતાં કહે છે કે - શ્રાવક દેવદ્રવ્યની વૃદ્ધિ માટે દારૂ વેચનાર... માછલા પકડનાર - મારનાર, વેશ્યા, ચામડાના વેપારી વિગેરે લોકોને વ્યાજથી દેવદ્રવ્ય આપે. દેવદ્રવ્યથી અથવા ભાડા વગેરેના હેતુભૂત દેવદ્રવ્યની વૃદ્ધિ માટે જે દેવનિમિત્તે સ્થાવર વિગેરેની નિષ્પત્તિ કરવી દેવદ્રવ્યથી સસ્તા ધાન્યનો સંગ્રહ કરવો, દેરાસર માટે કૂવા, વાડી, ખેતર વિગેરે કરવું. અને એમાંથી રાજગ્રાહ્ય ભાગથી અધિક કર ઉત્પન્ન કરી એ દ્રવ્યથી દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરવી.

આજના કાળમાં દેવદ્રવ્ય બેંકમાં રાખી એનાં વ્યાજથી દેવદ્રવ્ય વૃદ્ધિ કરવામાં આવે છે.

અહીં જણાવે છે કે ધર્મને માટે ઉદ્યમ કરનારે કોઈને પણ અપ્રીતિ ઉત્પન્ન ન કરવી જોઈએ. આ વિષયમાં પ્રભુ મહાવીર સ્વયં ઉદાહરણ રૂપ છે. પ્રભુ મહાવીરસ્વામિ તાપસોની અપ્રીતિને પરમ અબોધિબીજ જાણી તે તાપસના આશ્રમમાંથી ચોમાસાના કાળમાં પણ ચાલ્યા ગયા હતા.

એવી રીતે જિનદ્રવ્ય વૃદ્ધિના સાચા માર્ગને જાણીને જિનાજ્ઞાપૂર્વક દેવદ્રવ્યની વૃદ્ધિ કરનાર સુશ્રાવકોની ઋદ્ધિ, કીર્તિ, સુખ અને બળ અત્યંત વૃદ્ધિ પામે છે. દેવદ્રવ્યની વૃદ્ધિ પમાડનારના પુત્રો ભક્ત, શૌર્યશાળી, બુદ્ધિમાન, સર્વ લક્ષણ સંપન્ન, સુશીલ અને જનસમુદાયમાં સમ્મત થાય છે.

દેવદ્રવ્યની વૃદ્ધિની જેમ દેવદ્રવ્યનું રક્ષણ કરવું એ પણ શ્રાવકનું પરમ કર્તવ્ય છે.

દેવદ્રવ્યની જેમજ સાધારણ દ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યાદિના રક્ષણ અને વૃદ્ધિમાં શ્રાવકોએ જાગૃતિ રાખવી અને પુરૂષાર્થ કરવો આવશ્યક છે.

जिणापवयण वुड्ढिकरं, पभावगं नाणदंसण गुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होई ।।६७।।

જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર, જ્ઞાન-દર્શન વિગેરે ગુણોના પ્રભાવક એવા જિનદ્રવ્યને ભક્ષણ કરનાર મનુષ્ય અનંત સંસારી થાય છે.

સામાન્ય સામાજીક સંસ્થાઓની કે કોઈની વ્યક્તિગત મિલ્કત પચાવી પાડવી એ અદત્તાદાન નામે પાપ છે. પરંતુ જ્યારે તમે પરમાત્મા પ્રત્યેની પરમ શ્રદ્ધાથી પરમાત્મા માટે પરમાત્માના ચરણે ધરવામાં... અર્પણ કરવામાં આવેલા દ્રવ્યનું ભક્ષણ કરો છો... એનો વિનાશ કરો છો ત્યારે તમે મહાપાપના ભાગી બનો છો. દેવદ્રવ્યનું ભક્ષણ એ કેવળ દેવદ્રવ્યનું ભક્ષણ નથી પરંતુ એ સાથે તે સાધારણ... જ્ઞાનદ્રવ્યાદિને પણ અસર કરનાર થાય છે.

જિનાલય અને જિનપ્રતિમા જિન શાસનના મુખ્ય ઘટક છે... પાયા સમાન છે... મુખ્ય આધારસ્તંભ છે. જિનાલય અને જિનપ્રતિમાના પાયા ઉપર આખું જિનશાસન રહેલું છે. જિનશાસનની જાહોજલાલી જિનાલય અને તીર્થોના કારણે છે. જિનાલય અને જિનપ્રતિમાની ભવ્યતા, દિવ્યતા જિનદ્રવ્ય પર આધારિત છે. જિનદ્રવ્ય જ્યાં મજબૂત છે ત્યાં જિનાલયો અપ્રતિમ સૌંદર્યથી દિપે છે. આવા જિનદ્રવ્યનું ભક્ષણ એટલે જિનશાસનને નબળું પાડવાનું કાર્ય છે. જે શ્રદ્ધાથી ભક્તોએ પોતાનું દ્રવ્ય જિનેશ્વર પરમાત્માને અર્પણ કર્યું છે. તેનો ગેર ઉપયોગ કરવાનો કોઈને અધિકાર નથી અને જે આવો અધિકાર પોતાના હાથમાં લે છે તે પરમાત્માનો મોટામાં મોટો ગુનેગાર છે. આવા ગુનાની સજા મોટી હોય એમાં ક્યાંય શંકાને સ્થાન નથી. દુનિયામાં મોટામાં મોટી સજા એટલે ફાંસી અથવા એક મોત જ્યારે જિનશાસન કે કર્મસત્તાની સજા છે દુઃખ અને દુર્ગતિમય સંસારમાં અનંત જન્મ મરણ - અનંત સંસારમાં અનંત કાળ સુધી રખડવાનું દુર્ભાગ્ય લલાટે લખાય છે.

भक्खेइ जो उवेक्खेइ, जिणदव्वं तु सावओ ।
पन्नाहीणो भवे जीवो, लिप्पइ पावकम्मुणा ।।६८।।

જે શ્રાવક ઉપર જણાવ્યું તેવા ઉપકારી દેવદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા તેનો નાશ થતો હોય ત્યારે ઉપેક્ષા કરે, તો તે જીવ પ્રજ્ઞા (બુદ્ધિ) હીન થાય અને પાપકર્મોથી લેપાય, ઘણાં દુષ્ટ

કર્મોને બાંધે છે. ॥ ૬૮॥

શ્રાવકના જીવનમાં દેવદ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ હોવીજ જોઈએ, અને એમ કરતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન સુધી જીવ પહોંચી શકે છે. એ વાત સમજાવ્યા પછી દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર અનંત સંસારી થાય છે એમ જણાવ્યું અને હવે એનાથી આગળ વધતાં કહે છે કે દેવદ્રવ્યનો નાશ થતો હોય એની જે જીવ ઉપેક્ષા કરે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને એ જીવ પણ મહા પાપકર્મનો બંધ કરે છે.

આજના જમાનામાં જીવોની વિચારધારા એવા પ્રકારની છે. કોઈ દેવદ્રવ્યનું ભક્ષણ કરે કે વિનાશ કરે એમાં આપણને શું ? આવી માનસિકતા તે ઉપેક્ષા ભાવ છે. પોતાના સંપત્તિનું રક્ષણ તો બધા જ જીવો કરે છે. પરંતુ જેના કારણે દેવ-ગુરુ અને ધર્મનું સાનિધ્ય પામી શકાય છે... જીવનમાં સંસ્કારોનું સિંચન થાય છે, એવા દેવદ્રવ્યનું ભક્ષણ... નાશ અથવા ઉપેક્ષા કરવાથી જીવ બુદ્ધિહીન થાય. દેવદ્રવ્યનું ભક્ષણાદિ તીવ્ર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનીય કર્મનો બંધ કરે છે. તેથી જીવ મંદબુદ્ધિવાળો, માનસિક નબળાઈઓવાળો બને છે. જીવનમાં સતત મુંઝવણ અનુભવે છે. જીવનનું એકે કાર્ય સરળતાથી કે સહજતાથી પાર પડતું નથી. હિતાહિત, કાર્યાકાર્યનો વિવેક ગુમાવે છે. આત્માના અહિત કરનારા અકાર્યો કરીને પોતે જ પોતાના પગ ઉપર કુહાડી મારવાનું દુષ્કાર્ય કરે છે.

દેવદ્રવ્ય જેના પેટમાં જાય એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે તેથી એના જીવનમાં પાપબંધની પરંપરા ચાલુ થઈ જાય. સતત પાપસ્થાનકોના સેવનથી પાપો દુઃખદાયી ફળો આપે છે. ઘરમાં કલેશ, શરીરમાં રોગો, ધંધામાં ધનનાશ આદિ અનેક કર્મ વિપાક ભોગવવા પડે છે. દુષ્ટ કર્મોના પરિણામે નરક-તિર્યંચાદિ ગતિઓમાં અનેક પ્રકારના ભયાનક દુઃખો ભોગવવા પડે છે.

જિનદ્રવ્ય... ચૈત્યદ્રવ્ય... દેવદ્રવ્ય...

બધા પર્યાયવાચી શબ્દો છે... બધાનો અર્થ એકજ છે દેવાધિદેવ સંબંધિ... એના નામથી મેળવેલું દ્રવ્ય... જિનાલયની વ્યવસ્થાના સર્વ દ્રવ્યોમાં એનું સ્થાન સહુથી ઉચું છે. આવા દેવદ્રવ્યનું ભક્ષણ નજ કરવું જોઈએ. જે કરે છે તે અનેક કટૂ વિપાકો ભોગવી અનંતા ભવો સુધી ભમે છે. અને દુર્લભબોધિ થાય છે. દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર સંકાશ શ્રાવકની જેમ મહા અનર્થભાગી થાય છે.

ગંધિલાવતી નગરી...

ત્યાં વસે છે સંકાશ નામે શ્રાવક....

સ્વભાવથીજ સંસાર તરફ વૈરાગ્યવાન છે....

શક્રાવતાર ચૈત્યમાં ઘર સંબંધિ વ્યાક્ષેપ વિગેરે કારણોથી તે દેવદ્રવ્યનો ઉપયોગ કરનારો થયો. સમય વીતવા છતાં પણ પોતાની અજ્ઞાન દશાના કારણે પોતે કોઈ ભૂલ કરી રહ્યો છે એવી સમજ સંકાશ ન પામ્યો. તેથી પ્રમાદથી એને કોઈ પશ્ચાતાપ પણ ન થયો અને એણે પોતાના પાપની કોઈ આલોચના પણ ન કરી. હવે પાપને પ્રતિક્રમ્યાવગર એનું આયુષ્ય પૂરું થતાં તે સંસારમાં ભમ્યો.

સંસારમાં પરિભ્રમણ કરતાં જ્યાં ગયો ત્યાં ભૂખ-તરસથી પીડિત થયો... પ્રત્યેક ભવમાં ભાલા-તલવારાદિથી છેદન-ભેદન પામ્યો... વાહન-લવણની ગાડી વિગેરે ખેંચવું... ચૂર્ણન્-મુદ્ગર વિગેરેથી કુટ્ટન એવા પ્રકારની ઘણી વેદનાઓ પામ્યો. વારંવાર દરિદ્ર કુળમાં ઉત્પન્ન થયો... ત્યાં સતત અપમાન-ધિક્કાર-અવર્ણવાદાદિ પામ્યો.

એવી રીતે ઘણા ભવોમાં ભમ્યા અને દુઃખ પામ્યા પછી એકદા તે તગરા નગરીમાં શેઠનો પુત્ર થયો. પરંતુ લાભાન્તરાય કર્મના ઉદયે ત્યાં પણ દારિદ્ર-નિર્ધનપણું, વાંછિતની અપ્રાપ્તિ અને વારંવાર હૃદયને ઉદ્વેગરૂપ ચિત્ત નિર્વેદને પામ્યો.

ભવોભવમાં ભોગવ્યા પછી કાંઈક કર્મ ક્ષીણ થતાં એકદા મહાન પુણ્યોદયે કેવળી ભગવંતનો યોગ પ્રાપ્ત થયો. કેવલી ભગવંતને એણે પ્રશ્ન પૂછ્યો - ''હે ભગવંત ! મેં ભવાંતરમાં એવું ક્યું કર્મ કર્યું છે જેથી હું અપૂર્ણ મનોરથવાળો થયો છું ?''

ત્યારે કેવળી ભગવંતે એને સંકાશના ભવમાં કરેલા દેવદ્રવ્યના ભક્ષણની અને તેથી ભવોભવમાં પામેલા દુઃખોની વાત જણાવી.

પોતાના પૂર્વભવોની વાતો સાંભળી ધ્રુજી ઉઠેલો આ સંકાશનો જીવ બોધિને - જિનધર્મને પામ્યો. તેથી તેને સંવેગ થયો. તેણે કેવલી ભગવંતને વંદના કરી ચૈત્યદ્રવ્યના ઉપયોગના કરેલા અપરાધની વારંવાર ક્ષમા યાચના કરી. પશ્ચાતાપ કરતાં કેવલી ભગવંતને પૂછ્યું - ''દેવદ્રવ્યના ભક્ષણના અપરાધી એવા મને હવે શું કરવું યોગ્ય છે... ઉચિત છે ?''

કેવળી ભગવંતે કહ્યું - ''ચૈત્યદ્રવ્યના ભક્ષણના દોષમુક્તિ માટે તારે જિનમંદિર... જિનબિંબની યાત્રા, સ્નાત્ર વિગેરે પ્રવૃત્તિ માટે હિરણ્ય વિગેરેની વૃદ્ધિ કરવી ઉચિત છે.''

કેવલી ભગવંતની વાણી સાંભળી સંકાશના જીવે ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે **''મારે ભોજન અને આચ્છાદન (વસ્ત્ર, શય્યા, ઘર) મૂકીને એનાથી અધિક જે કાંઈ વેપારમાં મળે તે દેવદ્રવ્યમાં આપવું, પરંતુ તે મારે ભોગવવું નહીં.''** આ અભિગ્રહ યાવજ્જીવ માટે ગ્રહણ કર્યો.

આવા મહા અભિગ્રહના કારણે જીવની શુભભાવમાં સવિશેષ પ્રવૃત્તિ થઈ... ચૈત્યદ્રવ્ય પાછા આપવાની અપૂર્વ ઈચ્છાથી જાગેલા ભાવોલ્લાસથી ઘણા બધા કર્મ ક્ષય પામ્યા... લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી ઘણા ધનાદિની પ્રાપ્તિ થઈ. ઘણી સંપત્તિ પ્રાપ્ત થવા છતાં સંકાશનો જીવ એ અભિગ્રહમાં મક્કમ રહ્યો. પ્રતિજ્ઞા પાલનમાં દઢ રહ્યો... પોતાના સંકલ્પથી જરા પણ ચલાયમાન ન થયો. સામાન્ય પણે કહેવાય છે કે લાભ વધે તેમ લોભ વધે પરંતુ આ ઉક્તિને ખોટી પાડીને આ મેળવેલા દ્રવ્યનો ઉપયોગ કરવાની સ્વપ્નમાં પણ ઈચ્છા ન કરી.

તગારા નગરીમાં એણે અતિ રમણીય એવું જિનમંદિર બનાવ્યું... પગ જોતાંજ અટકી જાય એવી અદ્ભૂત પ્રભુ પ્રતિમાની સ્થાપના કરી. ચૈત્ય નિર્માણ કરતી વખતે શાસ્ત્રમાં જણાવેલ બધી જ શુદ્ધિઓનું પાલન કર્યું. ફરીથી બોધિબીજ પામીને આત્મકલ્યાણ સાધ્યું. ભવભ્રમણ કરાવી દુઃખ-દુર્ભાગ્યના સ્વામિ બનાવનાર દેવદ્રવ્ય ભક્ષણથી સદા દૂર દૂર જ રહીએ.

## ચાર મોટાં પાપો અને એનું ફળ

चेइअदव्वविणासे, इसिघाए पवयणस्सउड्डाहे ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ।।६९।।

**અર્થ** - ઉપર કહ્યું તે દેવદ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી, જૈન શાસનનો-પ્રવચનનો ઉડ્ડાહ (અપકીર્તિ) કરવાથી અને સાધ્વીના ચતુર્થ વ્રતનો (બ્રહ્મચર્યનો) ભંગ કરવાથી તે જીવને સમકિતના લાભ (રૂપ વૃક્ષ) ના મૂળમાં અંગારો મૂકાય છે. ।। ૬૯ ।।

સંસાર!

જ્યાં ડગલેને પગલે પાપ કરવું પડે... પાપ થઈ જાય...

પાપ કરવાની ઈચ્છા ન હોય... પાપ ગમતું ન હોય....

પાપને છોડવા જેવું ત્યાજ્ય-હેય જાણતો ને માનતો હોય...

પાપભીરૂ હોય છતાં પાપ થઈ જતું હોય... કેવી વિચિત્ર દશા છે આપણી?

આવા પાપ અનેકાનેક પ્રકારના છે. એમનું વિવેચન પણ્ય શક્ય નથી. છતાં મહાપુરુષોએ આપણા ઉપર મહાકરુણા કરીને પાપના અઢાર સ્થાન બતાવ્યા. આ અઢાર સ્થાનોમાં બાંધેલા કર્મ મુખ્ય બ્યાસી (૮૨) પાપ પ્રકૃતિરૂપે આપણને ભોગવવા પડે છે એની સમજણ આપી. હવે આપણને આ બધા પ્રકારના પાપોમાંથી આપણી સમક્ષ ચાર મહાપાપ

જણાવે છે. જે પાપો કરવાથી સમકિતનો નાશ થાય છે સમકિતની પ્રાપ્તિ દુર્લભ બને છે. આવા પાપો જીવનમાં મહાકષ્ટો આપે છે. પ્રાયઃ આ જીવોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી. થાય તો અત્યંત કષ્ટ પૂર્વક ઘણા લાંબા કાળના ભવભ્રમણ પછી થાય છે.

દેવદ્રવ્યના ભક્ષણની દુષ્કરવાતો તો આપણે જાણી હવે અન્ય મહાપાપોને સમજીએ.

પાર્શ્વનાથભગવાનના દસ ભવમાં પાર્શ્વનાથભગવાનના જીવને કમઠનો જીવ મારે છે અને મારીને એ નરકમાં જાય છે જ્યારે પાર્શ્વનાથનો જીવ સમતા ધારણ કરીને દેવલોકમાં જાય છે. નરકમાં તીવ્ર વેદનાઓ ભોગવી તિર્યંચના અનેક ભવો કરીને ફરી સર્પરૂપે... ભીલ્લ બનીને એને મારે છે. આવા અનેક મહાપાપો કમઠ ભવભ્રમણ દરમ્યાન કરીને એના ફળ ભોગવે છે.

ગજસુકુમાલની હત્યા કરનાર સોમિલ બ્રાહ્મણ...

પાંચસો સાધુઓને ઘાણીમાં પીલનાર પાલક પાપી...

મુનિના મસ્તકે વાધર વીંટનાર સોની...

આવા તો કેટલાય દૃષ્ટાંતો શાસ્ત્રના પાને છે પરંતુ સાધુ મુનિરાજોનો વિવિધ પ્રકારે ઘાત કરનારા એકાંતે કષ્ટ પામ્યા છે... ભવભ્રમણ કરીને સમ્યગ્દર્શનને દુર્લભ બનાવે છે.

આવું પાપ સ્વપ્નમાં પણ ક્યારેય ન સેવાય એ માટે આપણે જાગૃતિ રાખવાની છે. આપણા સમ્યગ્દર્શનને સુલભ બનાવવાનું છે.

પ્રવચન!

પરમાત્મા તરફથી મળેલી... ગણધર ભગવંતે શબ્દરૂપે ગુંથેલી... આજ દિવસ સુધી થયેલા પૂર્વ મહાત્માઓએ સાચવેલી... જિન શાસનની અમુલ્ય મૂડી છે. એના ઉપર તો જિન શાસન ટકેલું છે. પ્રવચન નથી તો માર્ગ નથી... માર્ગદર્શન નથી... અને મંઝિલ પણ નથી. અનંત સંસારમાં ભટકી પડીશું... ક્યાં જશું? શું થશે આપણું?

જેના વિના આપણે અનાથ છીએ આવું શિરછત્ર છે પ્રવચન! આવા પ્રવચનનો ઉડ્ડાહ કરનાર... એની અપકીર્તિ કરનાર... એનો નાશ કરનાર... એના પ્રત્યેની શ્રદ્ધાને હણનાર સ્વયં ડૂબીને અનેકોને ડૂબાડનાર બને છે. આ પ્રવચન નાશ જેવું બીજું કોઈ મહાપાપ નથી. યોગીરાજ આનંદઘનજી મહારાજે પણ કહ્યું છે –

**પાપ નહિં કોઈ ઉત્સૂત્ર ભાષાણ જિશ્યું,**
**ધર્મ નહિં કોઈ જગ સૂત્ર સરખો.**

જાગી જઈએ! પ્રવચન ઉડ્ડાહ – જિન શાસન ઉડ્ડાહના પાપથી સત્વરે દૂર થઈ જઈએ.

શીલવ્રત!

સર્વ વ્રતોનો રાજા છે શીલવ્રત. એમાં પણ પૂજ્ય સાધ્વીજી ભગવંતના શીલવ્રત ઘાત કે ભંગ એ અત્યંત હલકી - વૃત્તિનું પાપ છે. આવું પાપ અત્યંત વિષયાસક્ત અને અત્યંત હીન પરિણામ ધરાવનાર નરાધમ જ કરી શકે. આવા પાપને મહાપાપ કહેવામાં આવે એમાં કોઈ આશ્ચર્ય નથી. આવા પાપ જીવને હલકીને હલકી ગતિઓમાં લઈ જાય છે. હલકી વૃત્તિ ઓના કારણે જીવ ફરી ફરીને પાપો કરીને પોતે પોતાના હાથે દુઃખ-દુર્ગતિ અને દુર્ભાગ્યની પરંપરાને ઉભી કરે છે. જે સાધ્વીરત્નાના દર્શનઅને હિતશિક્ષા પામી રહનેમિ જેવા સંયમભ્રષ્ટ જીવો પણ સંયમ માર્ગમાં સ્થિર બન્યા એવા જિન શાસનના મહા ગૌરવવંતા સાધ્વીજી ભગવંતો પ્રત્યે અયોગ્ય વિચાર પણ ઘાતક છે તો અયોગ્ય વર્તન આપણા બોધિબીજનો નાશ કરી આપણા માટે જિન શાસન અને ધર્મની પ્રાપ્તિ દુર્લભ બનાવશે.

આવા મહાપાપોથી સો ગજ દૂર રહીને આપણે પોતાના આત્માનું રક્ષણ કરીએ અને એને ઉચ્ચ સ્થાને સ્થાપિત કરીએ એમાં જ આપણા જીવનની સફળતા છે.

## શ્રી જિનેશ્વરની પૂજા કરવાની ભાવનાથી પણ મોટા લાભ છે.

सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।
पूआपणिहाणेणं, उप्पन्ना तियसलोगंमि ।।७०।।

અર્થ :- એમ સંભળાય છે કે, દરિદ્રી એવી એક સ્ત્રી સિંદુવારના (નગોડાના) પુષ્પોવડે પ્રભુની પૂજા કરવાના પ્રણિધાનથી-એકાગ્રતાથી (પણ) દેવલોકને વિષે ઉત્પન્ન થઈ. ॥ ૭૦ ॥

માનવભવ... જિનશાસન...

એક અતિ દુર્લભમાં દુર્લભ યોગ છે... કારણ ? આ મનુષ્યભવમાં જીવની પાસે ધારે તે કરવાની શક્તિ હોય છે. જેવો સંગ મળે તેવો રંગ લાગે. જો જીવને જિનશાસન મળે તો જિનનો... જિન ધર્મનો... જિનધર્મના આચાર વિચારનો રંગ લાગ્યા વગર નજ રહે. આ બધાનો રંગ લાગતાં કાયા પવિત્ર બને... વાણી નિર્વદ્ય બને... મન શુભ અને શુદ્ધ ભાવોમાં રમતું બને છે.

જિનેશ્વરની પ્રાપ્તિ પણ જીવનમાં કેવું પરિવર્તન લાવે છે ? એની અનોખી વાત અહિં જણાવી છે.

કાકંદી નગરી છે...       રાજા - પ્રજા ધર્મપ્રિય છે.... સુખી છે....

આ જ નગરીમાં એક દરિદ્ર ડોસી રહે છે. પૂર્વભવમાં ધર્મ નથી મળ્યો અને નથી કર્યો તેથી આ ભવમાં દરિદ્રતા છે પરંતુ આ ભવમાં ધર્મ પ્રત્યે કાંઈક રુચિ જાગૃત થઈ છે. જીવનમાં ધર્મ રુચિ જાગવી એ પુણ્યોદયની સૂચક છે. પોતાની શક્તિ અને ભાવના પ્રમાણે નાની-મોટી ધર્મ આરાધના કરી લે છે.

એકદા વીરપ્રભુ મહાવીરસ્વામી નગર બહાર સમવસર્યા છે એવા સમાચાર મળતાં ડોસીમાં અત્યંત ખુશ-ખુશાલ બની ગયા. જલ્દીથી ઉઠીને નદીએ ગયા. અંગ શુદ્ધિ કરી... વનમાંથી પુષ્પો ગ્રહણ કર્યા... રસોઈ બનાવવા મસ્તકે ભારો લીધો અને પ્રભુ મહાવીરની પુષ્પોથી પૂજા કરવાના ભાવમાં રમતા પ્રભુ પાસે પહોંચવા ઉતાવળે પગલા ભરવા લાગ્યા. મન-વચન-કાયાના સર્વ અશુભ ભાવો દૂર થયા છે. મન-વચન-કાયામાં શુભ ભાવો ભરેલા છે. એવામાં પ્રભુ પાસે જવાની ઉતાવળમાં સમવસરણની પ્રતોલીમાં સ્ખલના પામી... નીચે પડી ગઈ... આયુષ્ય પૂર્ણ થઈ ગયું પ્રભુ પૂજાના ભાવમાં પરલોકે પ્રયાણ થઈ ગયું.

ડોસીમાની પાછળ જ જિતારી રાજા આવી રહ્યા હતા. એમણે મૃત્યુ પામેલી ડોસીમાને જોઈને એમણે ડોસીમાના દેહનો અગ્નિસંસ્કારાદિ કરાવ્યો. પ્રભુ પાસે જઈ વંદનાદિ કરી... પ્રભુ દેશના સાંભળી... પ્રભુજીને પ્રશ્ન પૂછયો - ''હે ભગવંત! સમવસરણની પ્રતોલીમાં મૃત્યુ પામેલા ડોસીમાં ક્યાં ગયા ?''

વીર પ્રભુએ કહ્યું - ''હે રાજન્ ! મારી પૂજા કરવાના ભાવમાં આયુષ્ય પૂર્ણ કરી એ વૃદ્ધા સૌધર્મ દેવલોકમાં દેવ બની છે. આ જે સામે બેઠેલો દેવ છે તે જ ડોસીમાનો જીવ છે. તે અહિં દર્શન-વંદન અને જિનવાણી સાંભળવા આવ્યો છે. દેવલોકના સુખો ભોગવી મહાવિદેહ ક્ષેત્રમાં કનકપૂર નગરીનો કનકધ્વજ નામે રાજા થશે. ત્યાં એકદા એ રાજવીના દૃષ્ટિપથમાં એક વિચિત્ર દશ્ય આવશે તે દશ્ય જોઈને તેને વૈરાગ્ય થશે. આ રાજવી સર્પ વડે ગળતા દેડકાને... કુરરવડે ગળાતા તે સર્પને, અજગર વડે ગળાતા તે કુરરને જોઈને બોધ પામશે. ઉપ નયમાં - નિયોગિ - અધિકારી પુરૂષોવડે ઉપદ્રવ પમાડાતા માણસોને, રાજાઓ વડે ઉપદ્રવ પમાડતા તે અધિકારી પુરૂષોને અને મૃત્યુ વડે તે રાજાઓ ઉપદ્રવ પમાડતા છે. એમ વિચાર કરીને સંયમનો સ્વીકાર કરી મુક્તિની મંઝિલને પ્રાપ્ત કરશે.

કેવી અપૂર્વ શક્તિ છે માત્ર પ્રભુની પૂજાની ભાવના ભાવવામાં ? અશુભ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત કરીને આપણા મનને શુભ ભાવોમાં લઈ જવાની અદ્ભૂત શક્તિ પરમાત્મ પૂજામાં રહેલી છે. જીવનને શુભ અને શુદ્ધ ભાવોમાં લયલીન બનાવવા જિનેશ્વર પરમાત્માની વિવિધ પ્રકારની આરાધના ઓને સ્થાન આપવાની અતિ આવશ્યકતા છે.

# શ્રી જિન પૂજનનું ફળ

उवसमइ दूरीवग्गं, हरइ दुहं कुणइ सयलसुक्खाइं ।
चिंताईयंपि फलं, साहइ पूआ जिणिंदाणं ।।७१।।

અર્થ :- શ્રી જિનેશ્વરની પૂજા, પૂજા કરનારના પાપના સમૂહનો નાશ કરે છે, સઘળાં દુઃખોને હરે છે, સઘળી જાતિના સુખ આપે છે, અને અંતે ચિંતવ્યું પણ ન હોય તેવું સર્વોત્કૃષ્ટ (મોક્ષરૂપી) ફળ આપે છે. ॥ ૭૧ ॥

પરમાત્માની પૂજા દુઃખ નાશીની અને સુખ દાયીની છે. સંસાર અને ભવભ્રમણમાંથી બહાર કાઢનાર અને મુક્તિના સુખમાં પહોંચાડનાર છે. આવી પ્રભુ પૂજા કરવાની આપણને મળેલી તકને પ્રમાદમાં આપણે હારી ન જઈએ, એ માટે આપણી સમક્ષ પૂજાના ફળો જણાવતાં કહે છે -

* પાપ સમૂહનો નાશ કરનાર છે.
* સઘળા દુઃખોને હરનાર છે.
* સઘળા પ્રકારના સુખોને આપનાર છે.
* અંતે અણચિંતવ્યા મોક્ષસુખને આપે છે.

પરમાત્માના દર્શનમાત્રથી અશુભ વિચારોનો પ્રવાહ શુભ ભાવો તરફ વળી જાય છે. પરમાત્માના દર્શન-પૂજનમાં જેમ આગળ વધીએ તેમ ક્ષણે ક્ષણે ભાવ ધારા ઉંચી ને ઉંચી ચઢતી જાય છે. ઉંચી ચઢતી ભાવધારામાં કર્મના ઢગલા ને ઢગલા નાશ પામતા જાય છે. અગ્નિની એક ચિનગારી કચરાના ઢગલાને જેમ ક્ષણવારમાં બાળીને રાખ કરે છે તેમ પરમાત્મ પૂજામાંથી પ્રગટતી નિર્જરાની ચિનગારી ભવોભવમાં ભેગા કરેલા સંચિત પાપકર્મના સમૂહનો નાશ કરે છે.

દુઃખ એ પાપમાંથી પ્રગટેલી અવસ્થા છે. જો પાપ હોય તો દુઃખ આવે પાપ જાય તો દુઃખને જવુંજ પડે છે. આપણે અનાદિ કાળથી પાપને ભેગા કરવાનું કાર્ય કર્યુ છે તેથી દુઃખ આપણને છોડતું નથી. આપણને જો દુઃખમાંથી મુક્તિ જોઈતી હોય તો આપણે પાપ કરવાનું છોડવું પડે. જીવ જેમ જેમ પરમાત્માની પૂજા તરફ વળે છે પાપથી એ દૂર થતો જાય છે. અશુભ ભાવો એને છોડતા જાય છે. મનમાં પ્રભુ ભક્તિના શુભ ભાવોનું મંડાણ થાય છે. પાપ દૂર

થાય... પુણ્ય બંધાય એટલે સ્વયંમેવ દુઃખ દૂર થાય છે તેથી જ કહ્યું કે પ્રભુ પૂજા સર્વ દુઃખોને હરનાર છે.

પુણ્ય એ સુખની જનની છે. જ્યાં પુણ્ય છે ત્યાં સુખ છે. પુણ્ય વિના સુખની પ્રાપ્તિ કેમ સંભવી શકે ? પ્રભુ પૂજા અઢળક પુણ્યનો બંધ કરનાર હોવાથી પ્રભુ પૂજા પુણ્યની કમાણી કરી આપે અને એજ પુણ્ય મારા જીવનમાં સર્વ પ્રકારના સુખોને લઈ આવે છે. મનનું સુખ.. વચનનું સુખ... કાયાનું સુખ... અનુકૂળતાનું સુખ... આ બધા પ્રકારના સુખો પ્રભુ પૂજાના ફળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે.

આ તો થઈ પાપ ક્ષય અને પુણ્યબંધના કારણે ક્ષય પામતા દુઃખ અને પ્રાપ્ત થતા સુખોની વાત. પરંતુ આવી ભૌતિક સામગ્રી પામીને ન તો સાધક રાજી થાય ન તો પ્રભુ પૂજા એ ફળ આપી અટકી જાય. પરંતુ વીતરાગ પરમાત્માની પૂજા તો વીતરાગ બનવા માટેની છે. એટલે એમાં ક્યાંય અટકી ન જવાય... અટકે તો લક્ષ્ય ન પામી શકે. ભૌતિક સુખ સામગ્રીની વચ્ચે પણ સાચા ભક્તને પોતાનાં લક્ષ્યનું બરાબર સ્મરણ હોય છે.

મુંજ નામની નગરી... હરિ નામે ગરીબ ગૃહસ્થ હતો...

સરળ અને ધર્મ ભાવનાવાળો હતો...

નગરમાં એક ભવ્ય શિખરબંધી જિનાલય હતું.... પુણ્યાત્માઓ આવે વિવિધ પ્રકારે પ્રભુની ભક્તિ કરી આનંદ માને. મંદિરની બાજુમાંજ એક માલણ પુષ્પ વેંચવા બેસતી. બધા એની પાસેથી છૂટા પુષ્પ... પુષ્પમાળાઓ ખરીદતા અને પ્રભુજીને ચઢાવી આનંદ માનતા.

હરિપણ આજ જિનાલયમાં નિત્ય ભક્તિ કરવા આવે... સુંદર ભક્તિ કરી પ્રસન્નતા અનુભવે. હરિ પાસે પુષ્પાદિ સામગ્રી લેવા પૈસા ન હતા પરંતુ ભક્તિના ભાવ અદ્ભૂત હતા. એકદા એણે એક દોકડામાં એક પુષ્પમાળા લીધી. શેઠ - સાવકારોની દૃષ્ટિમાં તે હાસ્યપાત્ર હતો. પરંતુ એને પોતાને સંતોષ હતો. એણે અપૂર્વ ભાવોલ્લાસ સાથે ભગવાનના કંઠમાં પુષ્પમાળા પહેરાવી અને સુંદર ભાવ ભાવવા લાગ્યો.

પુષ્પમાળાથી કરેલી પ્રભુજીની પુષ્પપૂજાથી હરિએ અલૌકિક પુણ્ય ઉપાર્જન કર્યુ. ઇન્દ્રપણ જો પોતાની ઋદ્ધિ એની આગળ મુકી દે તો એ ઓછી થાય... પુષ્પપૂજાનું ફળ અધુરું રહી જાય. પુષ્પ પૂજાથી પુણ્યવૃદ્ધિ થઈ, પુણ્ય વૃદ્ધિથી ધનવૃદ્ધિ થાય એટલે સામાન્યતાએ પાછલા દરવાજે થી ધર્મવિદાય લે છે. પરંતુ હરિના જીવનમાં આવું ન બન્યું. ધનની વૃદ્ધિ થવા છતાં એણે ધર્મ ન છોડયો. એ તો વિશેષને વિશેષ ધર્મ કરવા લાગ્યો. દીન-દુઃખીયાઓના દુઃખ

ભાંગવા લાગ્યો... સાધર્મિકોની વિવિધ પ્રકારે ભક્તિ કરવા લાગ્યો... સાતક્ષેત્રમાં ધનનો વ્યય કરી વધુને વધુ પુણ્ય કમાવતો રહ્યો.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી પ્રભુ ભક્તિ-પૂજા એવં ધર્મ પ્રભાવે તે અવંતિનગરીમાં રાજકુમાર થયો... એવી રીતે સાત - સાત ભવમાં રાજકુમાર થઈ, ઉત્તરોત્તર વધુને વધુ પ્રભુ પૂજા ભક્તિ કરી અંતે મોક્ષના શાશ્વત સુખને પામશે.

આવી છે દુઃખ નાશક, સુખદાયક અને અંતે મુક્તિ નગરીમાં પહોંચાડનારી જિનેશ્વર પરમાત્માની ભક્તિ. એટલેજ ભક્તિને મુક્તિની દુતી કહેવામાં આવી છે.

કરીએ ભક્તિ પામીએ મુક્તિ.

## ગુરુવંદનનું ફળ

**तित्थयरत्तं सम्मत्त-खाइयं सत्तमीइ तईयाए ।**
**साहुण वंदणेणं, बद्धं च दसारसीहेणं ।।७२।।**

અર્થ :- ૧૮૦૦૦ સાધુઓને વંદન કરવાથી શ્રી કૃષ્ણ વાસુદેવે તીર્થંકરપણું ક્ષાયિક સમકિત અને સાતમી નરકના બદલે ત્રીજીના આયુષ્યનો બંધ, એ ત્રણ લાભો મેળવ્યા. ।।૭૨।।

દેવાધિદેવ અરિહંત પરમાત્માની પૂજા ભક્તિનું ફળ જણાવ્યા પછી અહીં ગુરૂવંદનનું ફળ જણાવે છે. કૃષ્ણ વાસુદેવના દ્દષ્ટાંતથી આપણને ગુરૂવંદનનું મહત્વ સમજાવે છે.

ગુરૂ ભગવંત પ્રત્યેના માન-સન્માન અને બહુમાન વિના કરાતા ગુરૂવંદનનું કોઈ મહત્વ નથી. આવા દ્રવ્ય વંદન આત્મામાં વિનય-નમ્રતાના ગુણને લાવી શકતા નથી. દ્રવ્ય અને ભાવ બન્ને વંદન સાથે હોય તોજ એ સફળ થાય છે, શ્રીકૃષ્ણ વાસુદેવને અહીં દશાર્હસિંહ કહ્યા છે. તે સમજાવતાં કહે છે કે દશાર્હ એટલે સમસ્ત યદુવંશમાં પૂજ્ય સમુદ્રવિજય વિગેરે દસ ભાઈઓ કહ્યા છે - (૧) સમુદ્રવિજય (૨) અક્ષોભ્ય (૩) સ્મિતિત (૪) સાગર (૫) હિમવાન (૬) અચલ (૭) ધરણ (૮) પૂરણ (૯) અભિચંદ્ર અને (૧૦) વસુદેવ.

દશાર્હ કુળમાં શૌર્ય વિગેરે અતિશયોથી સિંહ સમાન તે દશાર્હસિંહ એટલે શ્રીકૃષ્ણ વાસુદેવ દશાર્હસિંહ કહેવાયા.

શ્રી કૃષ્ણ વાસુદેવ એકદા રાજ્ય સિંહાસન પર બિરાજમાન હતા. એવા સમયે ઉદ્યાન

પાલકે વધાઈ આપી કે શ્રી અરિષ્ટનેમિ ભગવંત નગર બહાર ઉદ્યાનમાં સમવસર્યા છે.

રાજા પ્રભુને વંદન કરવા નીકળ્યા. પ્રભુને વંદના કરી સર્વ ૧૮,૦૦૦ સાધુઓને વંદન કર્યા. રાજાઓ થાકી ગયા. શ્રીકૃષ્ણ ભાવોલ્લાસ સાથે વંદન કરતા રહ્યા બધાને વંદન કરતા પરસેવો થઈ ગયો. બધાને વંદના કરી ભગવાન પાસે બેસતાં કહ્યું – ''હે ભગવાન ! ત્રણસો ને સાઠ સંગ્રામ (યુદ્ધો) કરવાથી આવો થાક્યો ન હતો જેટલો આજે થાક્યો છું.''

ભગવંતે કહ્યું – ''તમે તો આજે ભવોભવનો થાક ઉતાર્યો છે. કૃષ્ણ! ક્ષાયિક સમ્યક્ત્વ, તીર્થંકર નામ કર્મ બાધ્યું છે અને સાતમી નારકીના ભેગા કરેલા આયુષ્યના દળિયા ત્રીજી નારકીના કર્યા છે.''

એથી સમજી શકાય છે કે ભાવ પૂર્વક ગુરૂવંદનાથી જીવ મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. જો ગુરૂવંદનમાં ઉચ્ચ કોટીના ભાવ હોય તો જીવ દર્શન સપ્તકનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પણ પ્રાપ્ત કરી શકે છે.

મિથ્યાત્વના નાશથી અનેક દોષો અને દુર્ગુણો નાશ પામે છે તેમજ સમ્યગ્દર્શનના પ્રભાવથી અનેક ગુણોનો જીવનમાં ઉદય થાય છે.

તીર્થંકર નામકર્મ એ સર્વ શુભ પ્રકૃતિઓમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રકૃતિ છે. એનો અર્થ એવો જ થયો કે ગુરૂવંદના દ્વારા જીવ સર્વ પ્રકારના નીચ ગોત્ર કર્મનો નાશ કરી ઉચ્ચ ગોત્રકર્મ ઉપાર્જન કરે છે. તેમજ પાપનો ક્ષય કરી શ્રેષ્ઠ પુણ્ય પ્રકૃતિ સ્વરૂપ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી અનેકોના તારણ હાર બને છે.

સાતમી નારકીના દળિયા ઘટાવી ત્રીજી નારકીના કરે છે એટલે પોતાના ભાવવંદન દ્વારા તીવ્ર ભેગા કરેલા પાપના દળિયાને શિથીલ કરી અલ્પ સામર્થ્યવાળા બનાવે છે. ગુરૂવંદનથી પાપનો નાશ અને એના કારણે દુઃખનો નાશ પણ સંભવિત બને છે.

ગુરૂવંદનથી જીવનમાં વિનય-નમ્રતાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. ગુરૂ સાનિધ્યે જ્ઞાનાદિની પ્રાપ્તિ-વૃદ્ધિ થાય છે. ગુણોનો વિકાસ અને વ્રતાદિ પ્રત્યે રાગ જાગવાથી જીવ વ્રતધારી શ્રાવક કે મહાવ્રતધારી સંયમી બનીને આત્મકલ્યાણ સાધી લે છે.

આવા ગુરૂવંદનના મહા પ્રભાવને જાણીને આત્માને ગુરૂવંદનાદિ આરાધનામાં જોડી જીવનને સફળ બનાવવા પુરુષાર્થ આદરવાનો છે.

# પૌષધનું ફળ

पोसेइ सुहे भावे, असुहाइ खवेइ नत्थि संदेहो ।
छिंदइ नरयतिरियगइ, पोसहविहिअप्पमत्तो य ।।७३।।

અર્થ :- પૌષધ કરવાથી જ્ઞાનાદિ ગુણોનું પોષણ કરે છે, અશુભનો (મોહાદિનો) ક્ષય કરે છે અને નરકતિર્યંચની દુર્ગતિનો છેદ કરે છે, ત્યાં ઉપજતો નથી, એમાં સંદેહ નથી. ॥ ૭૩ ॥

ઉનાળામાં ઉગ્ર સૂર્ય તાપથી ત્રસ્ત મુસાફર ઘટાદાર વૃક્ષની છાયા શોધે છે અને મળે તો ઘડીભર વિશ્રામ કરીને શાતાનો અનુભવ કરે છે. તેવી જ રીતે સંસારના ત્રિવિધ તાપમાં તપતા અને સંતાપ પામતા જીવોને વિશ્રામ કરવાની ઈચ્છા થાય તો ક્યાં જાય? તે જણાવતાં કહે છે -

**શીતળ નહીં છાયા રે આ સંસારની, કુડી છે માયા રે આ સંસારની;**
**કાચની કાયા રે છેવટ છારની, સાચી એક માયા રે જિન અણગારની.**

સંસારના તાપથી બચવા લેવા જેવું તો સંયમ જ છે. પરંતુ જે સંયમ ન સ્વીકારી શકે તે પર્વતિથીએ સાધુપદના સુખનું આસ્વાદન કરાવતા એવા પૌષધનો સ્વીકાર કરે. હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં જણાવે છે -

चतुष्पर्व्यां चतुर्थादि, कुव्यापार निषेधनम् ।
ब्रह्मचर्यमक्रिया स्नानादि त्याग: पौषधव्रतम् ।।

ચાર પર્વમાં (આઠમ, ચૌદસ, પુનમ, અમાસ) ઉપવાસાદિ તપ કરવો. પાપવાળા સદોષ વ્યાપારનો ત્યાગ કરવો. બ્રહ્મચર્ય પાળવું, સ્નાનાદિ શરીરની શોભાનો ત્યાગ કરવો એમ પૌષધ વ્રત ચાર પ્રકારનું છે.

**પ્રકર્ષેણ ઔષધ ઈતિ પૌષધ**
**જેનાથી ધર્મની સવિશેષ પુષ્ટિ થાય તે પૌષધ કહેવાય.**

કર્મરોગ કે ભવરોગના નિવારણ માટેનું વિશિષ્ટ... શ્રેષ્ઠ ઔષધ તે પૌષધ છે. પૌષધ ધર્મની સાધનાથી અનેકાનેક આત્માઓ તર્યા છે. સંસાર સાગરનો પાર પામે છે.

પૌષધ કરવાથી શરીરને તપ ધ્યાનનો અભ્યાસ થાય છે. પ્રતિકુળતા કે કષ્ટોને સહન કરવાની શક્તિ વિકાસ પામે છે. સાધુ જીવનનો અભ્યાસ થાય છે. રાગ-દ્વેષ કષાયો મંદ પરિણામી બને છે. સંસાર, પરિવાર, ઘર, દેહાદિ ઉપરથી આસક્તિ મારાપણું ઘટે છે. આવું પૌષધવ્રત શ્રાવક જીવનના આભુષણ સમાન છે.

શ્રાવકનું જીવન ગમે તેટલી ધર્મ આરાધનાથી ભરપૂર હોય છતાં શ્રાવકની દયા સવા વસો જ હોય જ્યારે સાધુની દયા વીસવસા હોય. તેથી જ તો છ કાય જીવોને અભયદાન આપવા એ એક જ મનોરથ સેવતો હોય કે આવો ધન્ય દિવસ ક્યારે આવશે જ્યારે મને પરમાત્મા શાસનના સાધુ બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થશે ?

**ધન ધન તે દિન મુજ કદી હોંશે, હું પામીશ સંયમ સૂધોજી ;**
**પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુવચને પ્રતિબુધોજી.**

પણ જ્યાં સુધી આ અભિલાષા પુરી ન થાય ત્યાં સુધી શું કરવાનું ? આત્મ સાધનાના આવા પિપાસુ આત્માઓ માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ પર્વ તિથીએ પૌષધની આરાધના કરી સાધુ જીવનનું આસ્વાદન લેવાની વાત જણાવી.

જન્મ - મરણના રોગને મટાડનાર ઉત્કૃષ્ટ ઔષધ એટલે પૌષધ. જે પૌષધમાં શ્રાવક સાધુ જેવા બની જાય છે. શ્રાવક પર્વ તિથીએ પૌષધ કરી શ્રેષ્ઠ આરાધનાનો સ્વામી બને છે. પૌષધમાં ચાર પ્રકારનો ત્યાગ આદરે. ( ૧ ) આહારનો સર્વથા અથવા દેશથી ત્યાગ કરે. થાય તો ચોવિહારો ઉપવાસ જ કરે. ન થાય તો તિવિહારો ઉપવાસ કરે. વર્તમાનમાં એકાસણાથી પૌષધ કરવાનો વ્યવહાર જોવા મળે છે. ( ૨ ) શરીર સત્કારનો ત્યાગ કરે. આત્માના સાધકને શરીરની ટાપટીપ કરવી પાલવે નહીં. શરીરનું દુર્લક્ષ કરે તે જ આત્મા સાધનામાં એકતાન બની શકે. શરીરના સુખ અને શણગારને ભૂલી સાધક ધર્મધ્યાનમાં આત્માને જોડી દે છે. (૩) સર્વ પ્રકારના ભોગોપભોગનો ત્યાગ કરનારો સાધક નિર્મળ બ્રહ્મચર્યનું મન-વચન-કાયાથી પાલન કરે છે. નવવાડ પૂર્વક અત્યંત કઠોરતાથી આ વ્રતમાં સાવધાન રહે છે. ( ૪ ) આત્મા ક્યાંક પાપથી લેપાઈ જાય એવો વ્યવહાર ન થાય એ માટે સાધક જાગૃત હોય છે. અવ્યવહારનો એટલે જ પૌષધમાં અયોગ્ય - અશોભનીય વ્યવહાર ન થાય એ માટે એ સતત જાગતો રહે છે. આત્માને આવી પ્રવૃત્તિઓથી પાછો વાળે છે.

આવી સાધનાની કેડીએ પૂર્વના અનેક મહાપુરૂષો ચાલ્યા છે. વર્તમાનમાં ચાલે છે...

ભવિષ્યકાળમાં ચાલશે...

આ પૌષધ આરાધવાથી મુખ્ય ત્રણ લાભ અહિં જણાવે છે -

- શુભ ભાવોનું એટલેજ સ્વયંના જ્ઞાનાદિ ગુણોનું પોષણ કરે છે.
- અશુભ ભાવોનો એટલેજ મોહાદિ ભાવોનો ક્ષય કરે છે.
- નરક-તિર્યંચાદિ દુર્ગતિઓનો છેદ-નાશ કરે છે.

શ્રાવક પૌષધ કરે એટલે સંસાર... સંસારની પ્રવૃત્તિ અને માયા-વિષય-કષાયથી દૂર જાય છે. સંસારમાં ડગલેને પગલે એને જે અશુભ ભાવો માટેના નિમિત્ત મળતા હતા તે દૂર રહી જાય છે. આત્મા અશુભ કર્મ બંધથી વિરામ પામે છે. સંસારમાં સતત મુંઝાવતો મોહ એનાથી દૂર થઈ જાય છે. પોતાના જ્ઞાનાદિ ગુણોનો પરિચય થાય છે. આ જ્ઞાનાદિ ગુણો પામવા માટેની પ્રવૃત્તિ થાય છે તેથી તેના જ્ઞાનાદિ ગુણો વિકાસ પામે છે.

સંસારથી દૂર થતાં અશુભ ભાવો દૂર થાય છે. જ્યાં પ્રમત્તદશા છે ત્યાંજ મોહ છે. જ્યાં અપ્રમત્ત દશા આવે એટલે સ્વયંમેવ મોહને દૂર ભાગવું પડે. મોહનો ક્ષય થતાં આત્માની મલિનતા દૂર થાય છે. અશુભ ભાવોનું સામર્થ્ય તૂટે છે.

જ્યાં અશુભ ભાવ દૂર થાય... શુભ ભાવોનો ઉદય અને વૃદ્ધિ થાય ત્યાં સ્વયંમેવ દુર્ગતિ દૂર થઈ જીવ સદ્‌ગતિ પ્રતિ પ્રયાણ કરે છે.

આવી અપૂર્વ શક્તિ શ્રાવકના અગિયારમાં પૌષધવ્રતમાં છે.

પ્રભુ મહાવીર સ્વામીએ ઉપદેશેલી અને આનંદ - કામદેવાદિ શ્રાવકોએ પર્વતિથિના પોતાના જીવનમાં આદરેલી આ અતિ અપ્રમત્તદશાના સ્વામિ બનાવતી અદ્‌ભૂત આરાધના છે. આ આરાધનાને જીવનમાં ઉત્કૃષ્ટ સ્થાન આપી જીવનને ઉર્ધ્વગામી બનાવવા પુરૂષાર્થ આદરીએ.

# ઉપસંહાર

संवेगमणो संबोह-सत्तरिंजो पढेइ भव्वजीवो ।
सिरिजयसेहरठाणं, सो लहइ नत्थि संदेहो ।।७४।।

અર્થ :- જેનું મન સંવેગથી રંગાયેલું છે, તેવો જ ભવ્ય જીવ આ સંબોધસત્તરી પ્રકરણને ભણે છે, નિઃસંદેહ તે શ્રી જયશેખર એટલે (જ્યાં આત્મલક્ષ્મીનો સંપૂર્ણ જય છે તે મોક્ષરૂપી સ્થાનને પામે છે. ॥ ૭૪ ॥

સંવેગ રંગમાં રંગાયેલો જીવ... સંવેગને જ ઈચ્છતો - માણતો જીવ... ભવ્ય જ હોય એમાં શંકા નથી. આવો ભવ્ય જીવને મહત પુણ્યના ઉદયે સંબોધ-સત્તરી ગ્રંથમળી જાય... ભણે.. એનું ચિંતન મનન કરે તો એ એને અવશ્ય આત્મલક્ષ્મીનો જ્યાં સંપૂર્ણ જય છે તે મોક્ષ-રૂપી સ્થાનની પ્રાપ્તિ થાય છે એવું જયશેખરસૂરિ કહે છે.

વિશ્વમાં બધા જ વસ્તુઓની... સ્થાનની પ્રાપ્તિ સુલભ છે. પરંતુ મોક્ષરૂપી અનંત સુખથી ભરેલા સ્થાનની પ્રાપ્તિ આત્મા માટે દુર્લભમાં દુર્લભ છે. આવા મોક્ષસુખની ચાવી આ સંબોધ સત્તરી ગ્રંથમાં રહેલી છે છુપાયેલી છે. ગુરૂગમથી એના રહસ્ય જે જાણશે એજ એને આત્મસાત્ કરી માણી શકશે.

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. **શ્રી વીરબાઈ પાઠશાલા, નાની શાકમાર્કેટ પાસે, પાલીતાણા.**

શુભાશીર્વાદ -
અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.
દિવ્ય કૃપા -
આગમ આરાધિકા બા. બ્ર. પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ. સા. જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

★ મળેલા માનવભવને સફળ કરવા...
★ મળી ગયેલા જિન શાસનને જાણવા...સમજાવવા...
★ જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા...
★ સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા...
★ જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

## શ્રી શત્રુંજય-મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમમાં

# જોડાવવા હાર્દિક આમંત્રણ

**વધુ વિગત માટે જુઓ www.achalgach.com વેબસાઈટ પર.**

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને **"સમ્યગ્ જ્ઞાન પ્રવેશિકા"**, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને **'સમ્યગ્ જ્ઞાન પરિચય'**, ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને **'સમ્યગ્ જ્ઞાન વિશારદ'**, (B.J.) ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainsism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

## :: સંપર્ક સૂત્ર ::

**સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા**
શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ
મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧.
ફોન - ૦૨૪૦ ૨૩૩૬૪૭૫.

**SHILPA AJANI**
For a Lasting Gempression,
309, Sunshine Bldg, No. T-39,
Opp Shastri Nagar,
ANDHERI (W) MUMBAI-400 053
Mo. 9821113338